[illegible]

નારાયણી

[illegible]

॥ ॐ ॥

स्व० त्र्यंबक स्मारक ग्रंथमाला

वर्ष २ जु   पुस्तक १ मुं.

નારાયણી

(બળવાના વખતની ઐતિહાસિક નવલકથા.)

અનુવાદક —

મહાશંકર ઈંદ્રજી દવે.

વ્યવસ્થાપક —

લાભશંકર જીવરાજ જોશી

પ્રકાશક.—

" સ્વ૦ ત્ર્યંબક સ્મારક ગ્રંથમાળા. "

ખાડિયા, દેસાઈની પોળ

અમદાવાદ.

સંવત ૧૯૮૦]   [ઈ સ. ૧૯૨૪

છૂટક મૂલ્ય ૨-૦-૦

આવૃત્તિ ૧ લી] [પ્રત ૧૧૦૦

ગુજરાતના સોલ એજન્ટ
ગુજરાત સાહિત્ય મંદિર
રીચીરોડ-અમદાવાદ

વસંત મુદ્રણાલયમાં, ચીમનલાલ ઇશ્વરલાલ મહેતાએ છાપ્યું
સિવિલ ઇસ્પીતાલ સામે-અમદાવાદ.

નિવેદન.

ઇશ્વરકૃપાથી ત્ર્યબક સ્મારક ગ્રથમાળાનુ ત્રીજુ વર્ષ આ પુસ્તક સાદર કરતા પુરૂ થાય છે આ વર્ષના દરેક પુસ્તકોના ઉપાડથી અમને પુરતો સતોષ થયો છે હવે પછીના પુસ્તકથી માળા ચોથા વર્ષમા પ્રવેશ કરે છે.

આ પુસ્તક બળવાના વખતની ઐતિહાસિક નવલકથા છે તેની પસંદગી આજથી ત્રણ વર્ષ પહેલા કરવામા આવેલી, પરતુ બળવાના ઇતિહાસ પછી સમયાનુકૂળ લાગવાથી માળામા અપાય છે. આવી રીતના ઐતિહાસિક વિષયને ગ્રાહકો તરફથી અમને વખતોવખત મળતુ પ્રોત્સાહન ચાલુ રહેશે તો દિવાળી પછી માળાના પુસ્તકો ઉપરાત બીજા છૂટક પુસ્તકો દર માસે આપવામા આવશે

દરેક બહાર પડતા પુસ્તકો ખરીદવા ઇચ્છનાર પ્રથમથી નામ નોધાવી પોતાની પસંદગી દર્શાવશે તો તેઓને છાપેલી કિમતમાથી ૧૨ાા ટકા કમિશન આપવામા આવશે વી પી ખર્ચ જૂદુ પડશે તે સાથે ખાત્રી આપવામા આવે છે કે પુસ્તકોપર કિંમત એકદમ ઓછી રહેશે

ગ્રાહક રહેવા ઇચ્છનારે કાર્ડથી ખબર આપતા તેનુ નામ ગ્રાહક તરીકે નોધવામા આવશે

ચોથા વર્ષનુ પહેલુ પુસ્તક ફેબ્રુઆરીની આખર સુધીમા બહાર પડશે. ગ્રાહકોએ લવાજમના રૂ ૫–૪–૦ મનીઑર્ડરથી મોકલી આપવા તસ્દી લેવી નહિતર બહાર પડતા પાચ રૂપીઆ બાર આનાનુ વી. પી. કરવામા આવશે.

ગ્રાહક રહેવા ન ઇચ્છનારે ૩૧ મી જાન્યુઆરી સુધીમા પોષ્ટ કાર્ડથી ખબર આપવી.

ભાદરવા વદ ૬
તા ૧૯–૯–૨૪
અમદાવાદ.

વિનીત

લાભશંકર જીવરાજ જોશી.

પ્રસ્તાવના.

બંગાળી ભાષા જાણનાર ક્ષિરોદપ્રસાદ વિદ્યાવિનોદ એમ, એ ના પુસ્તકોથી તો અજાણ્યા ન જ હોય. એ સાહિત્યના મહારથીએ નવલકથા અને નાટકોના ઘણા પુસ્તકો લખી બંગાળી ભાષાને સમૃદ્ધ બનાવી છે એ કીર્તિમાન લેખકની સર્વશ્રેષ્ઠ નવલકથાનુ આ ભાષાંતર ગુજરાતી વાચકોને રૂચશે એમા સદેહ નથી

પુસ્તકની વિશેષતા એ છે કે શરૂઆતથી તે છેલ્લે સુધી કોઇ સ્વર્ગીય વાતાવરણમા વિહાર કરતા ન હોઇએ, સસારના ગલિચ સુખદુ ખોથી પર થઇ કોઈ અગમ્ય ઉત્સાહમા તણાતા ન હોઇએ એવો ભાસ થાય છે વાર્તાનુ હલકામા હલકુ પાત્ર પણ દુનિયાની કાનમાથી કીડા ખરી પડે તેવી વાતોથી દુષિત બન્યુ નથી. નવલકથાકારમા પાત્રને સજીવ બનાવવાની શક્તિ ઉત્કૃષ્ટ હોવાથી વાર્તામાના પાત્રો લાબા કાળ સુધી અત કરણ પર છાપ પાડી રહે છે. મૂળ વસ્તુમા કઇ ફેરફાર કર્યો નથી જેવુ મૂળમા છે તેવુ જ ગુજરાતી ભાષામા રજુ કર્યુ છે નવલકથાનુ નામ સાભળતા જેને ડમકમા આવતા હોય તેને આ પુસ્તક વાચવાની ભલામણ કરૂ છુ.

વૈશાખ વદ ૧૦ સ ૧૯૮૦
અમદાવાદ

મહાશંકર ઇંદ્રજી દવે.

અનુક્રમણિકા.

ખંડ ૧ લો

ખંડ ૨ જો

ખંડ ૩ જો

ખંડ ૪ થો

ખંડ ૫ મો

ॐ तत्सत् परमात्मने नम

स्व० त्र्यंबक स्मारक ग्रंथमाळा

वर्ष ३ जुं   पुस्तक ९ मुं

નારાયણી

નારાયણી

અવતરણ

છોટાનાગપુરના પ્રદેશમા જનાનુ જગલ બહુ પ્રસિદ્ધ છે કલકત્તાથી પુરૂલિયાને રસ્તે રાચી જતા આ જગલની બાજુએથી પસાર થવુ પડે છે અગાઉ આ રસ્તો વાઘના ભયથી સુરક્ષિત નહોતો જો કે અત્યારે તો એ ભય લગભગ નષ્ટ થયો છે, છતા કોઇ કોઇ વખતે એ ઉપદ્રવની ઉડતી વાતો હજુ પણ ત્યાના લોકોને મુખે સાભળવામા આવે છે લગભગ ત્રીશેક વર્ષ પહેલા ત્યા એવો એક ઉપદ્રવ મચ્યો હતો એક વિકરાળ વાઘના ત્રાસથી મુસાફરો એ રસ્તે આવ જા કરી શકતા નહિ રાચીના એક હાકેમે એ ત્રાસ દૂર કરવાનુ પણ લીધુ તે કેટલાક કોલ જાતિના નોકરો અને થોડા શિકારી કુતરા લઈ જનાના જગલમા પેઠો

જંગલમા પ્રવેશ કરી સુવર્ણરેખા નદીને કિનારે આવેલા એક સ્થળ આગળ આવી પહોચતા એકાએક સાહેબના શિકારી કુતરાઓ ભસવા લાગ્યા વાઘ પાસેજ હશે એવુ અનુમાન કરી સાહેબે પોતાના નોકરોને કુતરાના ભસવાનુ કારણ તપાસવાનો હુકમ કર્યો તપાસ કરવા જતા સોમરો કોલ વિકટ ચીસ પાડી મૂર્છા ખાઈ પડયો લછુયો પાગલ જેવા ચાળા કરવા લાગ્યો, અને કુરયો થોડા વખતને માટે મુગોમતંગ બની ગયો સાહેબ હાથી પર બેઠો હતો, હાથી પણ એકાએક ખચકાઈ ઉભો ! તે માવતના અંકુશના પ્રહારને ન ગણકારતા સ્થિર થઇ ઉભો અને સૂંઢ ઉચી કરી અંકુશના પ્રહારથી પોતાને ઉત્પન્ન થતુ દુ ખ દર્શાવવા લાગ્યો

પણ થયુ શુ ? જો વાઘ નજરે આવ્યો હોય તો તે નજરે તો પડવો જ જોઇએ વાઘ તો નજરે પડતો નહોતો સામે સુવર્ણ-રેખાનુ પાણી ખળખળ કરતુ વહી જતુ હતુ વાઘ ક્યા ? જ્યા સુધી નજર પહોચી ત્યા સુધી જોયુ પણ વાઘ ન જણાયો કેવળ આડાઅવળા ગોઠવાઇ ગયેલા, સુવર્ણરેખા નદીના કાઠાને શોભાવતા શાલવૃક્ષો સિવાય બીજુ કઇ ન જણાયુ આસપાસ વાઘ હોય એવા ચિહ્નો જણાયા નહિ

સાહેબ નવાઇ પામ્યા, સાથે થોડો વહેમ ગભરાયો પણ ખરો કુતરાઓ તો હજુ એક જ અવાજે ભસ્યા કરતા હતા હાથી સૂંઢ ઉલાળ્યા કરતો હતો સોમરો નછિત થઈ પડયો હતો, કુરયાની જીભ હજુ ઉપડતી નહોતી લછુયાના સ્વભાવમા કઇ ફેરફાર થયો નહોતો સાહેબે બધી ધાધલનુ કારણ જાણવા માટે બંદુકનો અવાજ કર્યો બંદુકના અવાજથી સોમરાને ભાન આવ્યુ

સાહેબે તેને બેભાન બની જવાનુ કારણ પૂછ્યુ તેણે કઇપણ જવાબ ન આપતા આગળીના ઇસારાથી એક પ્રચડ વૃક્ષ બતાવ્યુ. સાહેબે જોયુ કે ઝાડની ટોચપર, ડાળીઓની વચ્ચોવચ, પાદડાઓના જથામા કેટલાક શબો લટકે છે તેમ કેવળ હાડપિંજર જેવા બની ગયા છે

આ બધી ગડમથલનુ કારણ સમજાતા સાહેબે પ્રફુલ્લતાના ચિહ્નો દર્શાવ્યા અર્થાત્ એક ભયાનક હાસ્ય અને એ હાસ્યના અવાજથી પણ અતિ વિકટ તેના પ્રતિધ્વનિથી અકસ્માત્ એ વનપ્રદેશ કપી ઉઠ્યો કુતરા એક ક્ષણમા મુગા બની ગયા, હાથીની સૂઢ સ્થિર બની ગઇ

અભાગિઆ કોલ લોકોની પીડ માલિકના આ આનદના ઉમ-ગથી વચિત રહી નહિ સાહેબે હાથી પરથી ઉતરી તેઓને સોટીથી ફટકાવી કાઢયા પ્રહાર કરી મદિરાથી મસ્ત બની તેઓ પેલા ઝાડ-પર ચઢવા લાગ્યા

પરતુ પુષ્કળ પ્રયત્ન કર્યા છતા તેઓ એ હાડપિંજરોને નીચે ઉતારી શકયા નહિ છેવટે સાહેબ પોતે ઝાડપર ચઢયો તેનો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો સાહેબને જણાયુ કે લૂટારાઓના ભયથી ઝાડે એ શબોને પોતાની ડાળીઓ રૂપી બાહુવડે દઢ રૂપે બાધી રાખ્યા છે

ઝાડની ડાળીઓ કાપવાના હથીઆરો સાથે જ હતા તે વડે કેટલીક ડાળો કાપી નાખવામા આવી અને હાડપિંજરોને ઝાડથી જુદા પાડી નીચે આણવામા આવ્યા

ત્રણ હાડપિંજરોમાના બે એકબીજાને એવી રીતે વળગી રહ્યા હતા કે સાહેબે પુષ્કળ મહેનત કરી છતા તે છુટા થઈ શકયાં

નહિ જે હાડપિંજર જુદુ હતુ તેની કેડ પર એક ઝીણી સોનાની સાકળ સાથે એક નાની રૂપાની દાબડી બાંધેલી હતી સાહેબે આશ્ચર્ય પામી આ દાબડી ઉઘાડી તેમાથી અફીણની ગંધ ચોતરફ પસરી ગઈ

સાહેબ તો ભારે વિસ્મય પામ્યા તેણે આનુ બીજુ કઈ મળે છે કે નહિ તે બાબત સભાળભરી તપાસ ચલાવી તપાસ કરતા જણાયુ કે એક હાડપિંજરના ગળામા મૂલ્યવાન રત્નનો હાર છે, એ અપૂર્વ હારની વચ્ચે આવેલો હીરો અત્યારે પણ ચકચક્યા કરતો હતો બીજા હાડપિંજરના શરીરપર એવુ કઈ નહોતુ, છતા તેના હાથની એક આગળીપર એક સુવર્ણની વીંટી અને બીજા હાથની બે આગળીઓ વચ્ચે એક જીર્ણ થઇ ગયેલ કાગળનો ટુકડો હજુ પણ તે શબ છોડી દેવાની ઇચ્છા ન રાખતુ હોય એમ જણાતુ હતુ

સાહેબે વિચાર્યુ, આ કેવો ચમત્કાર ! તેની આખો આગળ અરેબિઅન નાઇટ્સની વાર્તા, સીનેમાની ફિલમની પેઠે પસાર થવા લાગી તેણે પેલા હાડપિંજર પરની બધી ચીજો જ્યા હતી ત્યાની સા ગો'ની દીધી એ હાડપિંજરોને પોતાને મુકામે આણી સભાળ-પૂર્વક ગોઠવી દીધા

એ ત્રણ હાડપિંજરોએ તો ગચીને માથે ચઢાવ્યુ ! કમિશનર સાહેબના હાથીએ એ ત્રણમાના એક હાડપિંજરને સુધી ભયકર બરાડા પાડી પ્રાણ તજ્યા બધા માણસોએ આ વાત સાભળી માણસો જુદી જુદી વાતો કરવા લાગ્યા કમિશનર સાહેબથી માડીને રસ્તામા રખડતા ભિખારી સુધીના બધા આ સબધમા કઇને કઇ કહેવા લાગ્યા કોઈ હસવા લાગ્યા, કોઇ રડવા લાગ્યા કોઇ હાડપિં

જરને પગે લાગવા લાગ્યા, કોઇ પોત પોતાની મેળે એ ચાર ભૂતની વાતો ઉપજાવી કાઢી મનને આ રહસ્યનુ કારણ સમજાવવા લાગ્યા

ગચીમા આ શી ધમાલ હતી ? એ ત્રણે હાડપિંજરો કોના હતા ? એ શબ્દોમા એવી કઇ વિદ્યુતશક્તિ હતી કે તેથી આખુ શહેર હલમલી ગયુ હતુ ?

કેટલાક ઇતિહાસકારો એ વખતે કોલ જાતિના આદિપુરુષનો નિર્ણય કરવા છોટાનાગપુર ગયા હતા તેઓએ ગમગઢના પહાડ પરથી એક મોટી શિલા શોધી કાઢી હતી અને તેને જ કાલજાતિના આદિ પુરુષને ભગ્નાવશેષ માની તેના પર હથોડા ઠોકતા હતા તેઓ જોતા હતા કે આ પત્થરમા જીવનવહ્નિનો એકાદ તણખો નીકળે છે કે નહિ, પણ બધા હતાશ થઇ ગયા હતા, બરાબર એજ વખતે આ હાડપિંજરની ગધે તેમના નાકોમા પ્રવેશ કર્યો તેઓ આનદ પામી ગચી તરફ રવાના થયા

તપાસ ચાલવા લાગી, કોઇને હાડપિંજરોના હૃદયના ભાગમા ગાયન થતુ સભળાયુ, કોઇને હાડકાના અણુસમહોની ગતિ લબભાવે નહિ પણ આડી રીતે થતી જણાઇ. આ પરથી તેણે સિદ્ધાત કર્યો કે હૃદયના ઊંડા ભાગમાથી સભળાતુ મદ ગાયન એ કઇ ગાયન નથી પણ આદિ કોલની પ્રતિભાનો પ્રકાશ છે કોઈ કોઇ મહાત્મા તો બરફ સમાન હાડકા પર કાળા રગની છાયા નિહાળી શકયા

છેવટે નક્કી કરવામા આવ્યુ કે જે હાડપિંજર જુદુ છે તે કોલજાતિના આદિ પુરુષનુ છે સોનાની સાકળે બાધેલી ચાદીની દાબડીમાથી અફીણની ગધ કેમ આવે ? હાડપિંજર જમીનમાથી ઝાડ પર શાથી લટકયા ? આ પ્રશ્નોના જવાબ ન આપે તો પછી

ઐતિહાસિક શોધખોળ શાની? છોટાનાગપુરની સોનાની ખાણો હાડપિંજરના શરીરે અડકી કોઇ રસાયનિક પ્રક્રિયાને લીધે સાકળ બની ગઇ, દૈવયોગે આ સાગના વૃક્ષના બીજ વેરાયા હતા એ બીજમાથી ધીમે ધીમે વૃક્ષ ઉગ્યુ વધવા લાગ્યુ, વૃક્ષની સાથે પેલા હાડપિંજરો પણ ઉંચા ચટવા લાગ્યા બધા પડિતોએ એ મત કબૂલ્યો બધાયે આ બનાવ જાણે નજરોનજર નિહાળ્યો હોય એ પ્રમાણે વાત કરી, પરતુ જો કોઇ મૂર્ખ ત્યા હાજર રહ્યો હોત તો તે એ પણ જોઇ શકત કે હાડકાપર ગ્રો ઉગેલી છે

થોડા દિવસ પછી કલકત્તાના એક પ્રસિદ્ધ અગ્રેજી વર્તમાનપત્રમા એક નવાઇ જેવી વાત જાહેર થઇ અમે તેનુ ભાષાન્તર નીચે આપીએ છીએ

"આટલા દિવસો પછી અનતપુરના બળવાખોર રાજા વીરચદ્ર શાર્દૂલદેવનુ હાડપિંજર મળી આવ્યુ છે જનાના ભયકર જગલમા એક પ્રચડ સાગના વૃક્ષની એક ડાળે એ લટકતુ હતુ રાચીના જ સાહેબ શિકાર કરવા ગયા હતા, ત્યા તેમની નજર એ હાડપિંજર પડયુ એ અભાગીઆના મુખ પર નિષ્ઠુરતાના ચિહ્નો હજુ વિદ્યમાન છે પાપિષ્ઠના હાથની આગળિઓના હાડકા પરથી લોહીના ડાઘ હજુ સુધી સંપૂર્ણ ગયા નથી ત્રીસ ચોમાસા ગયા છતા એ ડાઘ હજુ ભૂસાઇ ગયા નથી તેના વિકૃત વદનના વિકૃત દતભગી નીરખી સાહસિક શોધકને પણ ડર લાગ્યો હતો એ દુષ્ટે થોડા દિવસો તો ખૂબ ત્રાસ મચાવ્યો હતો. છોટાનાગપુરમા વસતા અગ્રેજ સ્ત્રી પુરુષોના પ્રાણમા અશાન્તિની આગ ફેલાવી છેવટે તે પોતે પ્રગટાવેલી આગમા પોતેજ ઝપલાઇ પડયો હતો

"એ માથે બીજા બે હાડપિંજરો મળી આવ્યા છે નવાઇની વાત તો એ છે કે એ બને હાડપિંજરો એક બીજા સાથે વળગી ગયા છે! એક હાડપિંજર સ્ત્રીનું હોય એમ જણાય છે! બીજું પુરુષનું છે પરંતુ તે 'નેટિવ' નું નથી તેની આગળી પર એક વીંટી છે, તે પર અંગ્રેજી અક્ષરો લખેલા છે પહેલો અક્ષર 'સી' છે તે પરથી જણાય છે કે તેનું નામ ચાર્લ્સ હોવું જોઇએ બીજો અક્ષર બરાબર ઉકેલી શકાતો નથી તેથી પૂરેપૂરૂં રહસ્ય જાણી શકાતું નથી કોઇ કોઇ એવું જણાવે છે કે એ હાડપિંજર ઘણા સમય પહેલા ગુમ થઇ ગયેલા ચાર્લ્સ બ્રાઉનનું છે બ્રાઉન વિલાયતના પ્રસિદ્ધ ઉમરાવ લોર્ડ નો ભાણેજ હતો બળવાના ઇતિહાસની હકીકત એકઠી કરવા માટે તે હિંદમા આવ્યો હતો તેનો કાકો . બ્રાઉન તે વખતે છોટાનાગપુરનો કમિશનર હતો તેથી બ્રાઉન પોતાના કાકાને ઘેર જ ઉતર્યો હતો, એક દિવસ તે ઓચિંતો ગુમ થયો, તેનો પત્તોજ ન મળ્યો, અમને લાગે છે કે આટલે દિવસે એ અભાગી માણસનો પત્તો મળ્યો છે પરંતુ બ્રાઉન એક સ્ત્રીના આલિંગનપાશમા બંધાઇ ઝાડે શી રીતે ચઢ્યો? આ એક બહુ નવાઇ જેવી સમસ્યા છે"

અને બીજા વર્તમાનપત્રમા એવા સમાચાર પ્રગટ થયા કે—

"પ્રેમ, તને ધન્ય છે! ધન્ય છે તારા મહિમાને! તું માણસને કેટલો બધો ઉચ્ચ બનાવી શકે છે! તારી કૃપાથી મહાત્મા બ્રાઉનનું શરીર જમીન તજી ત્રીશ હાથ ઉંચે ચડયું ઝાડની ડાળી આડી ન આવી હોત તો અત્યાર સુધીમા તે કેટલું ઉંચું ચઢત તે કોણ કહી શકે તેમ છે?" ઈત્યાદિ

એક ત્રીજા વર્તમાનપત્રમા આ પ્રમાણે છપાયુ કે—

" સ્ત્રી ! તારા પ્રેમનુ શુ આટલુ બધુ આકર્ષણ છે કે તારા પ્રેમ ખાતર એક વીર પુરુષ હાડપિંજર બન્યા છતા ત્રીસ વર્ષ સુધી એક ઝાડની ડાળે લટકયો ? પરતુ આ સ્ત્રી તે કોણ ? એટલી વાત તો નિઃસદેહ છે કે તે કોઇ આબરૂદાર વશની હોવી જોઇએ કારણ કે તેની ડોકમા રત્નમય હાર હતો સ્ત્રીના પ્રેમમા શુ એટલી બધી ગરમી હોય છે કે એ રત્નમય હારના હીરા ત્રીસ વર્ષની અદર કાળા કોયલા બની ગયા છે જૂના દેશી લોકો કદાચ આ વાતમા વિશ્વાસ રાખશે નહિ તેઓ કદાપિ એમ કહેશે કે આ હાડપિંજરના શોધકે ખરો હાર છુપાવી રાખ્યો છે ઇશ્વર એ જૂના લોકોને ક્ષમા કરો "

અમે આ બનાવ વિષે એક વાત સાભળી છે ને આજે વાચક-વર્ગને કહી સભળાવીએ છીએ

નારાયણી

ખંડ ૧ લો

પ્રકરણ ૧ લું

દગલબાજી

દૂધ પાશો સર્પને પણ ઝેર તેનું તો થશે,
લાડ કરશો શ્વાનને પણ આખરે ભમવા ધસે,
ઉપકાર કરશો નીચ પર અપકાર બદલો આપશે,
છે ઈશ્વરી એ કાયદો સહુ જાત પર અંતે જશે

(સુભાષિત)

છોટાનાગપુરના પ્રદેશમા અનતપુર નામનુ એક આજુબાજુ ડુંગરોથી વીંટળાએલુ ગામ આવેલુ છે એ ગામમા વીરચંદ્ર શાહદેવ નામનો એક મોટો જમીનદાર વસતો હતો તેની જમીનદારી વર્ષ દહાડે ત્રણ લાખ રૂપીઆની આવક આપતી હતી વીરચંદ્ર અગાઉ નાગપુરના મરાઠા રાજા ભોંસલેનો એક માંડલિક રાજા ગણાતો હતો. લડાઈ વખતે તેને નાગપુરના રાજાને સૈન્ય અને બીજી સામગ્રી

પૂરી પાડવી પડતી હતી તેના બદલામા તે પોતાની જમીનદારીમા પૂરેપૂરી છૂટ ભોગવતો હતો, આથી જમીનદાર ગણાતો હતો છતા તે બગાળાના જમીનદારોની પેઠે સત્તાહીન નહોતો

બીનવારસી રાજ્યો ખાલસા કરવાની રાજનીતિને અનુસરી નાગપુરનુ રાજ્ય કપનિ બહાદુરે ખાલસા કર્યુ એટલે વીરચદ્રને પણ અગ્રેજી આણ તળે આવવુ પડ્યુ, અગ્રેજોના અધિકાર નીચે આવતા તેની સત્તાનો ઘણોખરો ભાગ લઈ લેવાયો, અગ્રેજોએ તેના હાથમાથી કારોબારી સત્તા લઈ લીધી કેવળ થોડુ લશ્કર રાખવા દેવાની સત્તા રહેવા દેવામા આવી

વીરચદ્રને એક જ પુત્ર હતો તેનુ નામ રામચદ્ર હતુ કપનિ બહાદુરે સત્તા છીનવી લીધી એટલે વીરચદ્ર જમીનદારીનો ભાર રામચદ્ર પર નાખી પોતે પ્રભુ ભજનમા દિવસો વિતાડવા લાગ્યો

આનદદેવ નામના એક કુટુબીને તેણે રામચદ્રને મદદ કરવા રાખ્યો આનદદેવના પ્રયત્નથી રામચદ્રને ઘણા અગ્રેજો સાથે મિત્રતા થઇ અને એ મિત્રતાને પરિણામે અણુવડ રામચદ્ર ઝપાટાબધ સસ્કૃતિના શિખરે ચઢી ગયો.

થોડા સમયમા આવક કરતા ખર્ચ વધુ થવા લાગ્યુ ધીમે ધીમે એ પરિમાણ વધતુજ ગયુ નાચ, ભોજનસમારભ, મૃગયા, ઇત્યાદિ નાના પ્રકારના બહાના તળે વીરચદ્ર તર કરેલો ખજાનો રામચદ્ર ઉડાવી દીધો વીરચદ્ર તો પોતાનો બધો કારભાર પુત્રને સોપી દીધો હોવાથી તેને આ બાબતની ખબર પડી નહિ તે ફક્ત પુત્રને યુરોપિઅનોના સહવાસમા વસતો જોઇ, ધીમે ધીમે તેઓના રગ પોતાના જીવનમા ઉતારતો જોઇ એકાતમા બોલાવી ધમકાવતો પરતુ પોતાના કુલદીપકે ભરપૂર ખજાનો તલિઆઝાટક કરી નાખ્યો

છે, એ વાત તેને જરાએ ન સૂઝી જ્યારે તેને આ બાબતની પાકી બાતમી મળી ત્યારે તો પોતાની જમીનદારી લેણદારોના પંજામા સપડાઈ ચૂકી હતી પુત્ર મરણપથારીએ પડ્યો હતો, ચોતરફ દીનદશાના આવરણો ગાઢ બની ગયા હતા, છેવટે વૃદ્ધ માતપિતાને શોકસાગરમા ડૂબતા મૂકી કેવળ એક દીકરી વૃદ્ધ પિતાને સોપી રામચંદ્ર ગત થયો પોતાના પતિના આચરણથી લજવાઈ તેની પતિવ્રતા પત્નીએ તો અગાઉથી પરલોકનો માર્ગ લીધો હતો

છેવટે વીરચંદ્રને જમીનદારીનુ કાર્ય હાથમા લેવુ પડ્યુ આનદદેવજ આ બધા સત્યાનાશનુ મૂળ છે એમ માની તેણે મા પહેલા તેને બરતરફ કર્યો આનદદેવના પુત્ર મુકુદદેવ સાથે પોતાની પૌત્રી નારાયણીનો વિવાહ કરવાનો તેનો વિચાર હતો પણ આ વિચાર હવે તેણે છોડી દીધો પિતા પુત્રને અનતપુરમાથી હાકી કાઢવામા આવ્યા વીરચદ્ર પૌત્રીને માટે બીજો કોઈ લાયક વર ખોળવા લાગ્યો કારણ કે પુત્રનો અભાવ પૂરવા માટે પુત્રને સ્થળે રહી શકે તેવા એક યુવકની બહુ જરૂર હતી પોતે વૃદ્ધ હતો. પુત્ર શોકથી પિડાતો હતો, હવે કેટલા દિવસ જીવવાનો હતો ? પોતાના મરણ પછી નારાયણીનુ શુ થાય ? પોતાની અગાધ સપત્તિનુ શુ થાય ? પોતાના જીવતાજ બધી વ્યવસ્થા થઈ જાય તો ઠીક, લાગબાદ મારૂ વળી પ્રભુ ભજનમા ધ્યાન પરોવાશે આવા વિચારથી તેણે કોઈ સુયોગ્ય યુવક શોધી કાઢવા માટે પોતાના વિશ્વાસુ સહચર રતનને કહ્યુ, રતને એ કાર્ય પાર પાડવા માટે જેમ બને તેમ જલદી અનતપુર છોડ્યુ

વીરચદ્ર અતિ સાવચેતીથી જમીનદારીનુ કાર્ય કરવા લાગ્યા દેવુ ઓછુ કરવા ખાતર તેને ચોતરફથી ખર્ચ ઘટાડવુ પડ્યુ, એ

આગ સિપાહીઓ રાખી બીજા બધાને રજા આપવી પડી, અને ગોરા લોકોને આદરમાન આપવાનું ખરચાળ કાર્ય તો તદ્દન કાઢી નાખવું પડ્યું.

રામચંદ્રના મરણને એક વર્ષ વીતી ગયું છે. રાજા પણ દેવામાથી છૂટવાની અણી પર આવ્યો છે. રતન પણ કોઈ લાયક યુવક શોધી પાછો અનંતપુર આવ્યો છે. દેવામાં ડૂબેલો રાજા કેવળ ક્યારે દેવામાથી મુક્ત થાઉં એ વિચારમાં તલ્લીન થઈ ગયો છે. જ્યારે દેવું સંપૂર્ણ વળી જાય એટલે નારાયણીનો વિવાહ કરવો એ આશાથી તે એ શુભદિનની રાહ જોતો બેઠો છે. એ દરમિઆન એક દિવસ સવારમાં પથારીમાંથી ઉઠતાવેંત તેણે સાંભળ્યું કે તમે તો ગાંડા છો, માટે જમીનદારી સાચવવાને નાલાયક ઠર્યા છો. રાંચિથી કેટલાક શાંતિરક્ષક સિપાહીઓ સાથે કમિશનર જાતે અનંતપુર આવ્યો. વીરચંદ્રના હાથમાંથી કારભાર લઈ લેવામાં આવ્યો, અને આનંદદેવના હાથમાં રાજ્યની લગામ મૂકવામાં આવી. વીરચંદ્ર આ આકસ્મિક વિપત્તિથી દિઙ્મૂઢ બની ગયો. તેણે પોતાની શક્તિ મુજબ વાંધો દર્શાવ્યો. કોઈ ખટપટિઆએ આ બધી ખટપટ કરી છે એવું કહ્યું, પણ બધું નકામું ગયું. રાંચિના કલેકટર ગ્રિડ સાહેબે પોતે છૂપી રીતે આવી રાજાની ગાંડાઈ નજરોનજર નિહાળી છે. એક દિવસે રાજા સુવર્ણરેખાને કિનારે બેસી આખા શરીરપર માટી લીંપી ગાંડાની માફક ચાળા કરતા કરતા અર્થહીન વાક્યો બબડતા હતા અને ગાલો બજાવતા હતા, આ તેમણે નજરોનજર નિહાળ્યું છે. માટે વાંધો હવામાં ઉડી ગયો. આનંદદેવ અનંતપુરનો કર્તાહર્તા બન્યો. પોતાના પુત્ર સાથે તે પાછો ગામમાં પેઠો. ઉપરિ સત્તાવાળા સિવાય તેના કાર્ય સામે વાંધો ઉઠાવનાર હવે કોઈ ન રહ્યું.

પ્રકરણ ૨ જું

બાળલીલા

વૃદ્ધ વીરચંદ્રના મિત્રોમા સૌથી મુખ્ય હતો રતન બંગાળા તરફનો બ્રાહ્મણ હતો બંગાળાના કોઇ ગામડામા તેનો જન્મ થયો હતો પણ છોટાનાગપુર જ તેની કર્મભૂમિ હતી, તેથી તેના જન્મ-સ્થાનનો ઇતિહાસ જાણવાની આપણને જરૂર નથી

દૈવયોગે આકર્ષાઈ વીરચંદ્રની સાથે તે મિત્રતાના સબંધથી જોડાયો હતો એક વખત વીરચંદ્ર જગન્નાથપુરીની જાત્રાએ ગયો હતો ત્યા રતનને તેની સાથે મુલાકાત થઇ, પહેલીજ મુલાકાતે તેઓને મિત્ર બનાવ્યા ત્યાર બાદ રતન દેશમા ગયોજ નહિ રાજાની મરજી મુજબ તેણે અનતપુરમાજ વાસ કર્યો તેના કુટુબમા અત્યારે કોઈ નહોતુ

જ્યારે તે અનતપુર આવ્યો હતો ત્યારે યુવાન હતો, અત્યારે તેની ઉમર સાઠ વર્ષની છે આટલી ઉમર દરમિઆન તેણે રામચદ્રને ઉછેરી મોટો કર્યો હતો પોતાને મનગમતી કન્યા મેળવી તેની સાથે રામચદ્રનો વિવાહ કર્યો હતો અત્યારે માતાપિતાથી વિખુટી પડેલી નારાયણીને ઉછેરવાનો ભાર પણ તેનાપર હતો

એક દરિદ્ર બ્રાહ્મણ એક કરોડપતિની મિત્રતા મેળવવાને શી રીતે ભાગ્યશાળી થયો એ રહસ્ય સમજાવવાની શક્તિ અમારામા નથી એ રહસ્ય હમેશા રહસ્ય રૂપેજ રહેશે જગતમા એવા ઉદાહ-રણો દુર્લભ નથી

વીરચંદ્રના અંતઃપુરમાં જવા આવવાની રતનને સંપૂર્ણ છૂટ હતી રાણી મધુમતી તેને પિતા સમાન ગણતી હતી ધર્મકાર્યમાં સલાહની જરૂર પડતી તો તે રતનપાસે રાજાની પેઠે ઉપદેશ ગ્રહણ કરતી ટુંકામાં સહોદર જેવા વીરચંદ્ર અને તેના કુટુંબ સાથે રતને અનંતપુરમાં એક નવીન સંસાર જમાવ્યો હતો

માના મરણ પછી નારાયણી વધો સમય રતન સાથેજ ગુજારતી હતી પુત્રના શોકથી દિગ્મૂઢ બનેલી મધુમતી નારાયણીને પોતાની પાસે રાખી શકતી નહિ, તેમ કરવાનું તે સાહસ પણ કરી શકતી નહિ તેને ખાત્રી હતી કે નારાયણીને પારકું ધન કરી રાખીશ તોજ તે જીવતી રહેશે આવી આશાથી તેણે દરિદ્ર બ્રાહ્મણ રતનપર નારાયણીને ઉછેરવાનો ભાર નાખ્યો હતો

બ્રાહ્મણને પણ પોતાનું ગણવા યોગ્ય બીજું કોઇ નહોતું આથી ઇર્ષ્યાખોર વિધાતાએ નિશ્ચિંત બ્રાહ્મણને વૃદ્ધ ઉંમરે એક અમૂલ્ય રમકડું આપી તેના જીવનની સ્વતંત્રતાપર હાથ નાખ્યો હતો રતનનો જપ, તપ, હોમ, યાગ વગેરે બધું અત્યારે આ કુસુમસમાન કોમલ નારાયણી હતું

જ્યારે પોલિસ કમિશનરે અનંતપુર આવી રાજાનો કારોબાર લઇ લીધો, ત્યારે રતન નારાયણી સાથે વીરચંદ્રના મહેલની જોડાજોડ આવેલા બગીચામાં એક ફાલેલા આંબા નીચે ઉભો ઉભો એક હરણના બચ્ચા સાથે રમતો હતો

થોડીવાર પહેલાં નારાયણીએ પોતાની દાદીપર રીસ કરી હતી દાદીપરની રીસ ઘણી વેળા રતનની પીઠપર જ ઉતરતી હતી એ ચાર ધોળા નિમાળા એ રીસ ઉતારતા સ્થાન તજી પૃથ્વીપર પડતા હતા

પણ પિતાના મરણ પછી નારાયણી બહુ શાંત બની ગઈ હતી. અત્યારે જ્યારે તેને રીસ ચઢતી ત્યારે આંખોમાંથી શ્રાવણ ભાદરવો રેલતો બાલિકા બિચારી ડુસકાં ખાઇ રડતી, બોલતી નહિ, ચાલતી નહિ, કેવળ રડતી !

પણ આ રતનથી સહન થતું નહિ તેથી આજે વૃદ્ધ, નારાયણીને પોતાની કસરતની કુનેહ બતાવવા માટે બગીચામાં લાવ્યો હતો

તેણે નારાયણીને એક જગ્યાએ બેસાડી પોતે મોટામોટા પત્થરો કૂદવા લાગ્યો, મોટા મોટા ઝાડોની ડાળીઓ તોડી નાખવા લાગ્યો, કાલિઆટ સાથે મલ્લયુદ્ધ કરવા લાગ્યો, છતાં નારાયણીની રીસ ન જ ઉતરી

છેવટે પેલા હરણે આવી રતનને ખૂબ મદદ કરી

એક હાથમાં ઘડો અને બીજા હાથમાં આંબાની મંજરી લઈ નારાયણી દૂરથી હરણની રમત જોતી હતી. હરણ નારાયણીને બહુ ચાહતું હતું, તેને જોતાજ દૂરથી દોડયું આવતું હતું, તેની પાસે આવી લાડ કરતું હતું, તેના ગાલ ચાટતું હતું આવા આવા કારણોથી નારાયણીને એ હરણનું બચ્ચું પાસે આવે એ ગમતું નહોતું તેથી તે આજે પણ દૂરથી તેની રમત જોયા કરતી હતી તેના શીસથી નીચા નમેલા વદનકમલ પર અર્ધ સુકાએલા આંસુઓ, અરૂણના કિરણને સ્પર્શ કરતા, સવારના વાયુથી ફરકતા ઝાકળના બિન્દુ સમાન શોભતા હતા

પરંતુ વૃદ્ધ બાલિકાને લોભાવવા જતાં પોતેજ લોભાયો હતો. હરણની સાથે ગમત કરતો કરતો તે પોતાના ધોળા વાળ અને કરચલી ભરેલું શરીર વીસરી ગયો હતો તે એક પછી એક આંબાની

ડાળીઓ પકડી હરણના મુખ આગળ ધરતો હતો વ્યગ્રતાપૂર્વક આમ્રમંજરી મૃગશિશુના મ્હોમા મકી ડાળી છોડી દેતો હતો આબાનો મોર ચોતરફ પથરાઇ પડતો હતો આ પ્રમાણે બાલોચિત રમતમા રતન મશગુલ બની ગયો હતો તેને નારાયણી પાસે ઉભી છે તેનુ ભાન રહ્યુ નહોતુ

હરણ તરફ જોતી જોતી નારાયણી ચોતરફ આંખો ફેરવતી હતી તેની નજરને લલચાવનારી અનેક ચીજો આ બાગમા હયાત હતી

આમતેમ મ્હો ફેરવતા, તરૂલતા પુષ્પવનનુ નિરીક્ષણ કરતા કરતા બાળાએ જોયુ કે દૂર કુજના દરવાજા આગળ એક વૃક્ષ નીચે ઉભો ઉભો એક બાળક આ બધી રમત જોઇ રહ્યો છે નારાયણીએ આંખો ફાડી તે તરફ જોયુ બાળક પણ તરત એક ઝાડની આડમા છુપાઈ ગયો બાળા એ તરફ દોડી

બાળક શુ કરવુ તે નક્કી કરી શકયો નહિ. નાસવુ કે આગળ વધવુ એ પ્રશ્નનો નિર્ણય કરે તે દરમિઆન તો નારાયણી આવી પહોચી

નારાયણીએ કહ્યુ "મુકુ"—

બાળક આનંદદેવનો પુત્ર મુકુન્દ હતો પિતાની સાથે તે આજે જ અનંતપુર આવી પહોચ્યો છે પોતે કેવી સ્થિતિમા આવ્યો છે તે પણ કઈક સમજ્યો છે તે અત્યારે ૧૭ વર્ષનો છે આથી પોતાના પિતા સાથે રાજાને કેવી જાતનો સબધ છે તે જાણવાની શક્તિ પણ તેનામા આવી છે આમ હોવાથી નારાયણીના પ્રશ્નનો શો જવાબ આપવો તે તેને ન સૂઝયુ તે મુગો મુગો ઉભો રહ્યો

નારાયણી સાથે મુકુન્દ બાળપણમા રમ્યો હતો ત્યાર પછી જ્યારે તેણે સાભળ્યુ કે તેની સાથે મારો વિવાહ થવાનો છે ત્યારે

તે શરમનો માર્યો નાગયણી પાસે આવવા ઇચ્છતો નહિ કારણ કે લોકો તેને સાથે રમતા જોઇ મશ્કરી કરતા નાગયણી એ મશ્કરી સમજી શકતી નહિ, પણ મુકુંદ તો તેનાથી મોટો હોવાથી ઘણુ ખૂબ સમજી શકતો

એ નાગયણી ઘણે દિવસે તેની સમક્ષ ઉભી છે તેની બાલ્યાવસ્થા પૂર્ણ થવાની અણીપર આવેલી છે એક વર્ષમા તો તેના દેહની સુંદરતામા ઉથલપાથલ થઈ ગઇ છે મુકુંદ પણ કિશોર મટી યુવાન બન્યો છે, તેની માનસિક વૃત્તિઓ વિકસવા લાગી છે આંખો અંધકારમા કપના દેખાવ જુએ છે કાન કોઈ દૂર દેશના મુકકની સૂક્ષ્મ સ્વરસુધા પીએ છે નાક પારિજાતકની વાસ સુંઘે છે શરીર પાણીના ભારથી લદાએલા નવા વાદળાના સ્પર્શનુ સુખ અનુભવે છે

નાગયણીને જોતાજ કોણ જાણે કોણે હૃદયની અંદરથી મુકુંદના નાક, મુખ આંખો બંધ કરી દીધી મુકુંદ નાગયણીના પ્રશ્નનો જવાબ ન આપી શક્યો

બાળાએ જમણા હાથમાની આંબાની મંજરી ઘડામા ખોસી તે ધીરે ધીરે આગળ વધી મુકુંદનો હાથ પકડી તેને તાણવા લાગી

હવે મુકુંદને વાતચીત કરવી પડી, પોતાનો ભુજનો હાથ નાગયણીના હાથમાથી ખેંચી લઇ અર્ધો ખીજાએલા સુરે મુકુંદે કહ્યું—

‘ હુ નહિ આવુ. ”

“ આવ હીંડોળે હીંચીએ ”

“ ના—”

“હરણ સાથે રમીએ ”

‘ ના—”

' ત્યારે ચાલ મોટા ભાઈ પાસે જઈએ "

બાળાએ ઘડો ફેંકી દીધો તે બન્ને હાથે મુકુંદને ખેંચવા લાગી મુકુંદે કહ્યું, ' મને છોડી દો ' નારાયણીએ કહ્યું ' ના કદી નહિ "

એ દરમિઆન વૃદ્ધનું સુખસ્વપ્ન ભાગી પડયું તે ડાળી છોડી પાછું વાળી આ તરફ જોવા લાગ્યો તેણે જોયું, કે નારાયણી તો નથી ચોતરફ નજર ફેરવી પણ પત્તો ન મળ્યો તેણે પોકાર કર્યો–' નાગ-યણી !" નારાયણીએ પાછળ જોતા જવાબ આપ્યો–"શું '"

વૃધ્ધે જોયું કે નારાયણી આનંદદેવના પુત્રનો હાથ પકડી ઉભી છે ! મુકુંદને જોતા તે વૃદ્ધની આંખો લાલચોળ થઈ ગઈ તેણે ગભીર અવાજે પોકાર કર્યો " નારાયણી "

વૃદ્ધના ગભીર સ્વરનો ઝંકાર આખા બાગને કપાવવા લાગ્યો બાળક બીનો તેના હાથનું મજબુત બંધન—નારાયણીની કોમળ આગ-ળીઓ રૂપી બેડી—છૂટી ગયું રતને માર કર્યો–"આવતી રહે" મુકુન્દની સામું જોઈ તે બોલ્યો–" તને અહીં આવવાનું કોણે કહ્યું ' "

બીકથી મુકુન્દનું મ્હો સુકાઈ ગયું

એ વખતે પાછળથી વીરચંદ્રે બાગમા પ્રવેશ કર્યો મુકુન્દને દિગ્મૂઢ જોઈ તેણે રતનને કહ્યું " એ બાળકનો તિરસ્કાર કરીશ નહિ હવેથી આ બાગ—આ બાગ કેમ–આ મહેલ, રાજ્ય, આ બધું બાળકના પિતાનું છે, મારૂ નથી. "

રતને કહ્યું, ' કેમ? "

વીરચંદ રતનને બધી વાત કહી, એ દરમિયાન મુકુન્દ છુપાતો છુપાતો નાઠો

નારાયણી પણ પોતાના દાદી પાસે ચાલી ગઈ

પ્રકરણ ૩ જું

આનંદ દેવ

આનદદેવ વીરચદ્રનો સગો હતો પરતુ તે સગપણ એટલુ બધુ દૂર હતુ કે તે અનતપુરનો રહેવાસી પણ રહ્યો નહોતો અનતપુરથી પાચગાઉ દૂર આવેલા મથુરાપુરમા તે રહેતો હતો. પૌત્રીની સાથે તેના પુત્રનો વિવાહ કરવાના ઈરાદાથી રાજા વીરચદ્રે તેને અનતપુર તેડાવી આશ્રય આપ્યો હતો અનતપુર આવ્યા બાદ થોડા દિવસમા તે આબરૂદાર બની ગયો પ્રથમ તેને દફતર સાચવવાનુ કામ મળ્યુ પણ આગળ જતા તેણે પોતાની હોશિયારીથી રાજાને એટલો બધો સતોષ્યો કે ઉત્તરોત્તર ઉન્નતિ થતી જ ગઈ તે એટલે સુધી કે અગ્રેજોના રક્ષણ નીચે આવ્યા બાદ રાજા વીરચદ્ર પોતાની જમીનદારીનો બધો કારભાર પોતાના પુત્ર રામચદ્રને સોપ્યો ત્યારે તેની મદદમા આનદદેવને રાખ્યો.

રામચદ્ર વિલાસી હતો, રાજનુ કાર્ય જોવા જેટલી તેને ફુરસદ નહોતી આથી આનદદેવ અનતપુરમા કર્તાહર્તા થઈ પડયો તેની સામે પડે તેવો માણસ અનતપુરમા એકે ન રહ્યો.

આવી સગવડ મળે ત્યારે લાલચને વશ ન થાય એવા માણસો તો વીરલાજ હોય થોડા દિવસોમાં વીરચદ્રનો ખજાનો આનદદેવના દ્વારમા જઈ ભરાયો. પોતાની સત્તા ટકાવી રાખવા માટે તે રામચંદ્રની વિલાસિતાને ઉત્તેજન આપવા લાગ્યો અને સાહેબોને સતોષી ભવિષ્યનો માર્ગ મોકળો કરવાના ઉપાયો અગાઉથી યોજવા લાગ્યો.

તેને પદભ્રષ્ટ કરતી વેળા વીરચંદ્ર સમજી ગયો કે મારા કરતા માગ દિવાનની શક્તિ અધિક છે પરિણામે તેને પદચ્યુત કરી છેવટે પોતા-નેજ પદચ્યુત થવું પડયું

આનંદદેવને કોઈ ઓળખી શકયું નહોતું કેવળ રતનજ તેને બરાબર ઓળખી ગયો હતો રતનમાં અસાધારણ શક્તિ હતી તેથી તેણે આનંદદેવને ઓળખી લીધો હતો એમ કહેવાનો અમારો ઇરાદો નથી. તેણે તો ફક્ત એક શારીરિક ચિહ્ન પરથી આનંદદેવનો સ્વભાવ જાણી લીધો હતો તેના આગળના બે દાંતોપર એક બીજો દાંત હતો.

વીરચંદ્ર રતન પાસે આનંદદેવના સબંધમાં કંઈ વાતચીત કરતો કે તરત રતન કહેતો કે, " ટેડા માણસોમાં હજારો દોષ હોય છે, ખુંધામાં તો અસંખ્ય દોષો હોય છે, પણ એથીએ વધારે દોષો જેના દાંત ઉપર દાંત હોય તેનામાં હોય છે " રાજા સરલ હૃદયવાળા બ્રાહ્મણની વાત સાંભળી હસતો આવા અનુભવ પર કોને હસવું ન આવે ? પણ રતન તે હાસ્યને લેખવતો નહિ આનંદદેવના ચરિત્ર પર તેને જે સંદેહ આવતો હતો તે કેમે કર્યો દૂર થતો નહતો તે જે કંઈ કરતો તેની બ્રાહ્મણ પ્રશંસા કરી શકતો નહિ તે કહેતો કે ઘણા જૂના સમયથી, ઘણા દૃષ્ટાંતો પરથી, લાંબા અનુભવને પરિણામે આ કહેવત રચાઇ છે એમાં અવિશ્વાસ રાખવા જેવું કંઇ નથી આનંદદેવ ગમે તે કરે છતાં હું તેની હોશિયારીના વખાણ કરી શકું તેમ નથી

આનંદદેવને નીમતીવેળા રતને વાંધો ઉઠાવ્યો હતો રાજ્યનો દિવાન નીમતી વેળા પણ વાંધો ઉઠાવ્યો હતો તે કહેતો કે "તમારો કુટુંબી હોય, તો તેને જમીન આપો, બંગલો આપો, આદરમાન આપો પરંતુ રાજ્યના કારોબારમાં માથું મારવાની તક ન આપો.

વીરચંદ્ર તેનો ઉપદેશ ન માન્યો. તેણે એમ માની લીધું કે દૈવયોગે આનંદદેવ રતનની આંખની કણી થઈ પડયો છે આથી રતનનો અનુભવ રતન પાસેજ રહ્યો તેનુ ફળ આનંદદેવના સ્વાર્થને કદી સ્પર્શી શકયુ નહિ તેના અનુભવ મુજબ રાજાએ કંઇ કાર્ય કર્યુ નહિ ઉલટો રાજાતો આનંદદેવની હોશિયારીથી એટલો બધો મુગ્ધ બની ગયો કે તેને રાજ્યનો દિવાન બનાવ્યો.

અત્યારે વીરચંદ્ર પોતાની મૂર્ખતા અને મૂર્ખ બ્રાહ્મણની સર્વજ્ઞતા સમજી શકયો આનંદદેવના હાથમાંથી કારભાર પાછો કેમ મેળવાય તેની મસલત કરવા તે રતન પાસે આવ્યો તેને બીક લાગી કે કદાપિ નારાયણી પણ આ બધી મિલ્કતની નાવારસ કરે તો!

રતન સમજી ગયો હતો કે રાજ્યસત્તા પાછી મળે એવો સંભવ નથી રાજાને રાજ્ય પાછુ આપવુ એ આનંદદેવની પણ શક્તિ બહાર છે તેણે કહ્યું કે "સત્તાતો નહિજ મળે ઉલટા પ્રતિકાર કરવા જતા છે તેટલી સત્તા પણ ગુમાવશુ" વીરચંદ્ર પણ એ વાત સમજી ગયો તે એ તરફ અંધકાર નિહાળવા લાગ્યો

રતને અનુભવીને લાયક ઉપદેશ આપ્યો સંસારની અનિત્યતા સમજાવી તેણે રાજાને વર્ત્તમાન સ્થિતિમાં સંતુષ્ટ રહેવાનો ઉપદેશ આપ્યો તેણે કહ્યું કે "હવે શા માટે ? ઉંમર વીતવા આવી છે પુત્ર ગયો છે, ત્યારે પછી રત્ન ગુમાવી કાચના ટુકડાની લાલચ શા માટે રાખવી ?" જો કે આ વચનો રાજાને ગમ્યા નહિ પણ આવી વાતોથી કોણ કયારે સંતુષ્ટ થયુ છે ? પામર બ્રાહ્મણના ઉપદેશથી રાજાનુ મન શાંત ન થયુ

પ્રકરણ ૪ થું

આશાભંગ

આ પ્રમાણે થોડા દિવસો વીત્યા આનંદદેવે થોડા રોજમા પોતાની સત્તા મજબુત કરી લીધી રાજાની જે કઇ થોડી ઘણી સ્વતંત્રતા હતી તે પણ ધીમે ધીમે લઈ લીધી અત્યારે વીરચદ્ર પોતાનાજ મહેલમા બદી થઇ રહ્યો, ધીમે ધીમે રતન પાસે આવવાનુ પણ બધ થયુ પોતાના મહેલમા કેદી બનેલો વીરચદ્ર જોવા લાગ્યો કે મહેલની આજુબાજુના વિશાળ મેદાનો અત્યારે કિંડબલગ, ક્રેડલી બુચર વગેરે મહાપ્રભુઓની ક્રીડાભૂમિ બન્યા છે જે ઘરમા બેસી પોતે રતનની સાથે શાસ્ત્રાલાપ કરતો હતો તે ઘર અત્યારે સાહેબના પૈશાચિક ભોજનોને માટે વપરાય છે

વીરચદ્રની આખે અધારા આવવા લાગ્યા જે આદરમાન નારાયણીને મળવુ જોઈતુ હતુ તે અત્યારે મુકુદ ભોગવી રહ્યો છે નારાયણીને પુત્રવધૂ બનાવવી એ પણ અત્યારે આનદદેવની કૃપાપર આધાર રાખે છે જો તેમ બન્યુ હોત તો પણ કદાચ વીરચદ્ર પોતાને ભાગ્યશાળી માનત

પરતુ આનદદેવે તેમ ન કર્યુ તેણે વીરચદ્રના એક બીજા સગાની કન્યા સાથે મુકુદનો વિવાહ કર્યો ભારે ધામધૂમ સાથે વિવાહ થઇ ગયો

વીરચદ્રનુ મગજ ભમી ગયુ આ વખતે રાણી મધુમતીએ તેને બહુ આશ્વાસન આપ્યુ. અવસ્થા કરવાને લીધે નારાયણીનો

સ્વભાવ પણ મંદ્લાયો હતો તે હવે દાદી પર ગુસ્સો કરતી નહિ, રતનપર પણ રીસ કરતી નહિ નારાયણી બીજુ કંઇ ન સમજી શકે એ સ્વાભાવિક છે, પણ એટલુ તો સમજી શકતી હતી કે ઘરમા કંઇ ગડબડ મચી છે

તે રતન પાસે હોય તો તેની પૂજાના વાસણકુસણ માજી આપતી. પણ દાદી પાસે તો તેનાથી એવુ કંઇ કામ થઇ શકતુ નહિ કારણકે દાદાનુ મુખ જોતા તેના દિલમા કંઇનુ કંઇ થઇ જતુ તેની આખમા આસુ ઉભરાતા, માબાપ સાભરી આવતા, હૃદય ચુ થાઇ જતુ

મનના વિચારો છુપાવવાના પ્રયત્નો પણ નારાયણીના હૃદયમા પેઠા હતા પિતામહની પાસે બેઠી હોય ત્યારે તેના હૃદયમા અવનવા ભાવો ઉઠતા, તે છુપાવવા માટે તે ઘરમાનો સરસામાન આમનેમ ઉચો નીચો કરતી

હવે મુકુદની સાથે મળવા હળવાનુ તેને પસદ પડતુ નહિ જો ઘટનાયોગે મુલાકાત થઇ જતી તોપણ નારાયણી તેની સાથે પીઢ માણસની પેઠે વાતચીત કરતી હતી એટલુજ નહિ પણ બનતા સુધી વાતચીત ન કરવી પડે તેવી યુક્તિ કરતી તેને જોતાજ દૂરથી નાસી જતી, કદાચ પાસે આવી પડાતુ તો નીચુ મ્હો કરી ઉભી રહેતી મુકુદ પણ યાચકભાવે તેની સાથે વાતચીત કરવા માગતો નહોતો આથી મુકુદના વિવાહબાદ એ બનેની મુલાકાત થઇ નહોતી

વિવાહબાદ નવવધૂને સાથે લઇ મુકુન્દ ઘેર આવ્યો ત્યારે નારાયણીને તે બન્નેની મુલાકાત લેવાનો લોભ લાગ્યો હતો નવવધૂ સાથે તેને સહીપણા હતા બાલિકાનુ પિયેર અનતપુરની પાસેજ હતુ. તેનો પિતા સામાન્ય તાલુકદાર હતો. એ ત્રણ ગામનો માલીક હતો. એ ગામો રાજા વીરચદ્ર આપેલા હતા આ સબધને લીધે જાનકી

કોઇ કોઈ વખતે નારાયણીને મળવા આવતી આથી તેની સાથે નારાણીને સબંધ બધાયો હતો જાનકી ઘણા દિવસો થયા અનતપુર આવી ન હોતી તેનો પિતા પરમાનંદસિંહ રામચંદ્રનુ સત્યાનાશ વાળવામા આનંદ દેવનો મદદગાર થયો હતો વીરચંદ્રને તપાસ કરતા જણાયુ હતુ કે પોતાને થયેલા અન્યાયમા એ ભાઇ સાહેબનો પણ હાથ હતો

ઘણા દિવસથી મળી નહોતી, તેથી નારાયણીને જાનકીને મલવાનુ મન થયુ પરતુ દાદીની ખાતર તે તેમ કરી શકી નહિ હમણા નારાયણી ઘરમાથી બહાર નીકળતી નહિ

પ્રકરણ ૫ મું

રતન

આનંદદેવની એવી ઇચ્છા હતી કે રતન અનતપુરમા ન રહી શકે તો સારૂ, એ માટે તેણે પ્રથમ રાજાને રતનથી જુદો પાડવાના પ્રયત્નો કર્યા રતન સિવાય બીજા કોઈ સોબતીની સોબત રાજા સ્વીકારે તેમા તેને કઇ વાંધો નહોતો, પરતુ તેની ઇચ્છા પાર પડી નહિ પોલિસ કમિશનરે રતનને ઘણીવાર જોયો હતો તેનાથી કઇ ભય આવી પડે તે વાત તેના મગજમા કેમે કરી ઉતરતી નહોતી આથી આનંદદેવની માગણી તેણે નાકબુલ કરી જોકે આનંદદેવે રતનને રાજાથી જુદોતો પાડયો હતો પણ અનતપુરમાથી હાંકી કાઢવાનુ સાહસ તેનાથી થઇ શકતુ નહોતુ

એ સિવાય જ્યારે રતનને મળવા જવાની ઇચ્છા થતી હતી ત્યારે તેને કોઇ પણ માણસ તેમ કરતો અટકાવી શકતુ નહિ

રતનની આટલી બધી બીક કેમ ? પોતાના રાજ્યમા હજારો નોકર ચાકરોથી વીંટળાએલા રાજપ્રતિનિધિને એક સામાન્ય બ્રાહ્મણની આટલી બધી બીક શા માટે લાગતી હતી ?

બીક લાગવાના કારણો ઘણા હતા પહેલુ તો એ કે રતન નિષ્ઠાવાન બ્રાહ્મણ હતો તે નિર્લોભ, મીઠો, અને આનદી પુરુષ હતો. અનતપુરના બધા માણસો તેનાપર શ્રદ્ધા રાખતા હતા, તેણે પોતાનુ જીવન સદા પરોપકારમાજ પસાર કર્યું હતુ બીજુ એ કે બ્રાહ્મણનુ બળ પણ અસાધારણ મનાતુ અનતપુરના ઘણાખરા સિપાહીઓને યુદ્ધકળા શીખવનાર એ હતો જેઓ નવા આવ્યા હતા, તેઓ પણ તેની કાર્યપદ્ધતિ જોઇ, સાભળી તેના તરફ ભક્તિ દર્શાવતા હતા આથી તેના શરીરપર હાથ ઉપાડવાને કોણ તૈયાર થાય ? ત્રીજુ કારણ એ હતુ કે એ બ્રાહ્મણ શુભેચ્છાથી જે કઇ કાર્ય ઉપાડતો તે પર્વત સમાન અડચણો છતા મકી દેતો નહિ હૃદયમા ઇશ્વર પરની દૃઢ શ્રદ્ધા, વિષયોપર સપૂર્ણ અનાસક્તિ, રડનાર કે રડાવનાર લોકનો અભાવ અને મૃત્યુભય ન હોવાથી બ્રાહ્મણ રતન અનતપુરમા નિશ્ચિતચિત્ત રહેતો હતો

આ પરથી એમ સમજવાનુ નથી કે રતનમા બિલકુલ ક્રોધ નહોતો. કોઇ કોઇ વખતે ખાસ કારણોને લીધે તે ગુસ્સે થતો હતો ખરો આનદદેવે જાતે જોયુ હતુ કે એક વખતે એક વિપત્તિમા આવી પડેલ માણસને બચાવવા જતા તેણે સો કરતાવધારે માણસોને હરકત કરી હતી ગુસ્સે થતો ત્યારે નખથી તે મુખ સુધીના બધા અગો બ્રાહ્મણના હથિયારો બનતા હતા આનદદેવે એ પણ જોયુ હતુ કે તે એક વખત ગુસ્સે થતો તો પછી તેનો ક્રોધ કેમે કર્યો ઉતરતો નહિ તેની લાતથી એક વખત એક મોટો વાઘ

મરણ પામ્યો હતો એવી વાત અંતઃપુરના લોકો કરતા હતા આથી આવા સાહસિક બ્રાહ્મણનું અનિષ્ટ કરવાનું સાહસ બીજું દિવાન કરી શકતો નહિ પરંતુ રતન સમજી ગયો હતો કે હવે અહિં વધારે દિવસો ગાળી શકાશે નહિ અંતઃપુરની દશા પલટાઈ ગઈ છે અગાઉ જેવી સ્થિતિ પાછી થાય એવી સંભાવના તેને તો જણાતીજ નહોતી

રાજમહેલના પાછલા ભાગમાં એક નાનો બાગ હતો તે બાગમાં નાની સરખી ઝુંપડી બાંધી રતન રહેતો હતો રાજા તેને એક પાકું મકાન બંધાવી આપવા પચીસ વર્ષથી આગ્રહ કરતો હતો પરંતુ રતને એ વાત નાકબુલ કરી હતી ઝુંપડી નાની છતાં સ્વચ્છતા અને સુંદરતામાં રાજમહેલથી કોઈપણ રીતે ઉતરે તેવી નહોતી જોનારને તો એ સિદ્ધાશ્રમ જેવી જણાતી હતી

રતન એકલો હતો પરંતુ તેનું ઘર સર્વદા માણસોથી ભરપુર રહેતું ગામના બાળકો, યુવાનો, વૃદ્ધો બધા રતનની ઝુંપડીએ આવજાવ કરતા હતા શાસ્ત્રાલાપ, સંગીત, અને હાસ્યકોલાહલથી રતનની પર્ણ-કુટી સર્વદા સજીવતાની ઓળખાણ કરાવી રહી હતી

બાળકો આવી રતનની ઝુંપડી આગળ કુસ્તી શીખતા હતા. રતનના શિષ્યો તેને કુસ્તી શીખવતા હતા રતન એક આસન પર તમાકુ પીતો પીતો તેમની કુસ્તી જોયા કરતો અને જરૂર પડતા એકાદ બે પટ્ટા ખેલવાની યુક્તિઓ બતાવી દેતો ખાસ જરૂર પડતી તો તે જાતે કુસ્તીમાં ઉતરતો હતો

રતનના આશ્રમ પાસે થઈને સુવર્ણરેખા વહી જતી હતી રાજાએ તેની પર્ણકુટી પાસે સુવર્ણરેખામાં મોટો ખાડો ખોદાવ્યો હતો

કુસ્તી કર્યા પછી બધા ત્યા નહાતા નહાતી વખતે તેઓની પ્રફુલ્લતા જોવા દેવોને પણ પૃથ્વી પર આવવાનુ મન થતુ

રતન પણ તેઓની સાથે નહાતો એ કાર્ય કલાકોના કલાકો સુધી ચાલતુ દસ પદર બાળકો રતનના શરીર પર મુઠીઓ મારતા તેઓની મુઠી મજબૂત થાય એવા ઉદ્દેશથી રતન આમ કરતો હતો. કોઈ એ કાર્ય કરવામા શિથિલતા દર્શાવતુ તો તેને રતન ધમકાવતો હતો બાળકો પણ સમજતા હતા કે થોડીવાર આ પહાડ માથે કુસ્તી કર્યા સિવાય છૂટકો નથી પ્રથમ તો બાળકોને બહુ દુ ખ વેઠવુ પડતું. તેઓના હાથ દુ ખતા, પણ ધીમે ધીમે એ બધુ સહન થઈ જતુ. જ્યારે તેઓને કઈ પીડા ન થતી ત્યારે તેઓ જાણતા કે હવે અમારી મુઠી પર્વતને પણ ચૂર્ણ કરવા શક્તિમાન છે વાઘ વગેરે પશુઓની સામે બચાવ તરીકે તેઓની મુઠી જ હથિયારનુ કામ કરતી હતી

નાહી લીધા પછી રતન દરેકને ગોળ અને ચણાનો નાસ્તો આપતો નાસ્તો કર્યાબાદ બધા પોતપોતાને ઘેર ચાલ્યા જતા રતન તે વખતે પૂજાપાઠ કરી રાધતો રાજમહેલમાથી દરરોજ વીસ જણને પુરૂ પડે તેટલુ સીધુ આવતુ રતન એકલો પાચ છ જણને જોઈએ તેટલો ખોરાક પોતે ખાતો એક નોકર ને એક દાસી તેની સેવામા હાજર રહેતા કેટલાક સાગરીદો પણ ગુરૂનો પ્રસાદ મેળવવા હાજર રહેતા કોઈ વખતે વધારે જરૂર પડતી તો સીધાના સામાનમા વધારો થતો હતો

સાજરે તેના સહચરો ભાગ વાટતા અને સીતારામના નિનાદ કરતા કરતા સુવર્ણરેખાની તટભૂમિ ગજાવી મૂકતા એ વખતે ગામના ઘરડા લોકો વિશેષ પ્રમાણમા એકત્ર થતા હતા તેઓ રતન પાસે આવી કથાલાપ કરતા. કોઈ કોઈ મજેની વાતો કરતા

હવે કોઇ આવતુ નહિ આવવાનુ સાહસ કરતુ નહિ આનંદદેવને ખબર પડે તો કોણ જાણે શુ થાય એવી બીકથી કોઇ રતનની પર્ણકુટી પાવન કરતુ નહિ બધા જાણતા હતા કે રતન આનંદદેવને સારી નજરે જોઇ શકતો નથી આથી રતન કંઈ કરી શકે કે ન કરી શકે તો પણ તેની સાથે સારાસારી રાખનારને આનંદદેવ પાયમાલ કરશે એવો સંદેહ બધાને હતો વળી રતન પણ કોઇને સંદેહભાજન કરવા માગતો નહતો તેથી કોઇ આવતુ તો પણ તે તેને વિદાય કરી દેતો હતો

તેના કુસ્તીના અખાડામા લાબુ લાબુ ઘાસ ઉગ્યુ હતુ ભાગ પીવાની જગા પર વાસ પથરાઇ ગયુ હતુ-બહારથી નજર કરતા અહીં કોઈ ન રહેતુ હોય એવુ જણાતુ હતુ સુવર્ણરેખા સાબતી વગરની બની ઉદાસ દિલે મંદ મંદ અવાજ કરતી ચાલી જતી હતી હવે રતનની પર્ણકુટીમા દસવીસ જણાને પુરૂ પડે તેટલુ સીધુ આવતુ નહિ આનંદદેવ તેને સીધુ મોકલતો હતો ખરો, પણ તે કેટલીક વેળા તો ખુદ રતનને પણ પુરૂ થતુ નહિ કોઇ કોઇ વેળા તો સમયસર સીધુ આવતુ નહિ આથી એ ચાર દિવસ લાંઘણો કરવી પડતી

રાણી મધુમતીને પ્રથમ તો રતનની સભાળ લેવા જેટલો અવકાશ મળતો નહિ આનંદદેવના વિશ્વાસઘાતથી તેના મનની સ્થિતિ નાજુક બની ગઈ હતી પણ એક દિવસ નારાયણીને મોઢાએ રતનની ખરાબ સ્થિતિના સમાચાર સાભળ્યા, એટલે તેણે તેની સભાળ લેવાનુ શરૂ કર્યું સરકારી સીધાની રાહ ન જોતા પોતાના ઘરમાથી રસોઇ મોકલવાનો બદોબસ્ત કર્યો નારાયણી જાતે રતનને જમાડવાનો બદોબસ્ત કરવા લાગી

રતને વિચાર કર્યો કે આમ તે કયા સૂધી ચાલશે રાણી પોતે ભૂખી રહી મને અન્ન પૂરૂ પાડે છે એવો તેને સરાય આવ્યો. નાગ-યણીને પછના તે કઈ જવાબ આપતી નહિ રાણી પાસેથી તે બાબતમા કશી બાતમી મળે તેમ નહોતુ આનદી રતનના ચહેરા પર ધીમે ધીમે વિષાદની છાયા છવાવા લાગી અનતપુરનો વાયુ હવે તેને અસહ્ય થઈ પડયો

ઘણા દિવસે રતનને અનતપુર છોડવાની ઇચ્છા થઇ બાર વર્ષ થયા તેણે આ શહેર છોડયુ નહોતુ જો કે એકાદ બે દિવસ બહારગામ જવાનુ થતુ પણ અનંતપુર તજી બીજે જઇ વસવાનુ તેને સ્વપ્ન પણ આવ્યુ નહોતુ અત્યારે તેને પોતાની પ્રિય પર્ણકુટી તજી જવાની ઇચ્છા થઈ

પણ જવુ શી રીતે? દીકરી ગણો, ભગિની ગણો કે રમકડુ ગણો જે ગણો તે હતી નારાયણી! તેને કેવી રીતે છોડવી? નારાયણીને મુકી જવાની કલ્પનાથી બ્રાહ્મણ કપી ઉઠતો નારાયણીને પરણાવી હત તો અવશ્ય રતન શાતિથી અનતપુર છોડી શકત પરતુ નારા-યણીનો વિવાહ થાય તેવો સભવ નહતો તેને પરણાવવાની તૈયારી કરે કોણ? રાજાની સાથે વાતચીત કરતા તેને જણાયુ હતુ કે ગાડામા ને તેનામા કઇ ફેર નથી નારાયણીનુ ભવિષ્ય જોઇ તે ચો-તરફ અધકાર દેખવા લાગ્યો પરતુ અનતપુર રહેવુ એ વધારે મુદ્દત ચાલે તેમ નથી પોતાની ઇચ્છા હોય કે ન હોય પણ અનત-પુર છોડયા સિવાય છૂટકો નથી એ રતનના સમજવામા આવી ગયુ હતુ

પ્રકરણ ૬ ઠું

વિદાય

થોડા દિવસ વિચાર કર્યા બાદ છેવટે રતને રાણી મધુમતીને આ વાત કહી. તેણે કહ્યુ કે "આજકાલ કરતા હવે મરણ સમીપ આવ્યુ છે, માટે કોઇ તીર્થમા જઇ છેવટના દિવસો ગાળવા એવો મારો વિચાર છે" મધુમતી આ સાભળી દિગ્મૂઢ બની ગઈ બ્રાહ્મણ શા માટે અનતપુર છોડી જાય છે તે તેના લક્ષમા આવી ગયુ તે કઇ જવાબ આપી શકી નહિ શુ બોલે? હિતાકાક્ષી બ્રાહ્મણની વર્ત્તમાન સ્થિતિથી તે બરાબર જાણીતી હતી તે શુ મ્હો લઇને અહીં રહેવાનો આગ્રહ કરે? વળી બ્રાહ્મણને દુ ખી શા માટે કરવા એવો પણ વિચાર તેના મગજમા આવ્યો પરતુ જો રતન અનતપુરમા ન રહે તો પછી ગામમા પોતાનુ હિતસ્વી કોણ?

રાણીએ રતનને થોડી રાહ જોવા કહ્યુ તેણે કહ્યુ, "આપ બેસો હું રાજાને પૂછી આવુ"

રાણી ગઈ રતનના હૃદયમા વાવાઝોડુ ફુકાવા લાગ્યુ સસાર-વિરાગી બ્રાહ્મણ જીવનમા કદી આટલો બધો મુઝાયો નહોતો તેના મનોરાજ્યમા એક ક્ષણમા પ્રબળ ઝ ઝાવાત ફુકાઈ રહ્યો તે વિચારવા લાગ્યો "આ શુ કયુ? રાણીની પાસે મનની વાત પ્રગટ કરી એ શુ ડહાપણનુ કામ કયુ છે? મારી પોતાની શક્તિપર શુ મને વિશ્વાસ છે ખરો? હું શુ નારાયણીને છોડી કયાએ રહી શકીશ?"

રાણીએ વીરચદ્રને બધી વાત કહી રાજાએ જવાબ આપ્યો-"એ દેવ જેવા બ્રાહ્મણને હવે વધારે મુઝવશો નહિ"

રાણી પાછી આવી આવતી વેળા નારાયણીને સાથે લાવી. નારાયણી ઉંઘતી હતી તેને બ્રાહ્મણની પાસે બેસાડી તે પાછી ઘરમા ગઇ થોડી વારમા એક રૂપાના વાસણમા સોના મહોરો ભરી પાછી આવી સુવર્ણમુદ્રા બ્રાહ્મણના પગ આગળ મૂકી તેણે દડવત પ્રણામ કર્યા નારાયણીને પણ નમસ્કાર કરવાનુ કહ્યુ

રતનને નમસ્કાર કરવાની નારાયણીને કદી પણ ટેવ નહોતી ઉલટી તે તો તેને ખભે ચઢવામાજ આનદ માનતી તે આ વખતે બહુ ગભરાઇ ગઇ રતનને આટલુ બધુ માન આપતા તેણે કોઇને કદી જોયુ નહોતુ નાના પ્રકારની મુઝવણ વેઠયાબાદ તેણે છેવટે દાદીના કહેવા પ્રમાણે નમસ્કાર કર્યા થોડી વાર પછી રાજા પણ આવી પહોચ્યો તેણે પણ રતનને પ્રણામ કર્યા.

રતને કહ્યુ ' આ શુ ! આટલી બધી સોના મહોરો શા માટે ? અને હુ શુ કરૂ ? ”

રાજાએ કહ્યુ," મનમા જરા પણ કચવાશો નહિ અમે આપના મતાન છીએ સ્વીકાર નહિ કરો તો અમે બહુ દિલગીર થઇશુ તીર્થમા પૈસાની જરૂર પડશે. માટે અમારી ભેટ નાકબુલ કરશો નહિ ” બોલતા બોલતા વીરચદ્ર રડી પડયો તેનુ શરીર થરથર કપવા લાગ્યુ

રતન અત્યાર સુધી કઇક ધૈર્ય રાખી રહ્યો હતો હવે તે બાળકની માફક રડી પડયો તે બોલ્યો—“ મહારાજ ? તમે મને જેવો ધારો છો તેવો હુ નથી હુ આપને અત્યાર સુધી ઓળખી શક્યો નહિ, હુ સ્ત્રી કરતા પણ અધમ છુ મારામા સયમનો છાટો પણ નથી, હુ નારાયણીને તજી રહી શકીશ નહિ તો પણ તીર્થ

કરવા જવાનુ મન થયુ છે એટલે થોડા દિવસ ભટકી આવુ, એવો વિચાર થયો છે "

નારાયણી અત્યાર સૂધી ચુપ હતી બિના શી છે તે તેની સમજમા ઉતરતુ નહોતુ હવે તે સમજી કે મોટાભાઇ તો મને છોડી જાય છે તે આવેશમા આવી બોલી ઉઠી– " મોટાભાઈ મને કોની પાસે રાખી જશો ?"

નારાયણીના પ્રશ્ન પરથી અને રાજા તથા રાણીની વાતચીત પરથી રતન સમજી ગયો કે પાખડી આનદદેવે રાજાની સેવા માટે એક પણ દાસી રાખી નથી

બ્રાહ્મણનો શોક એક ક્ષણમા ગુસ્સાના રૂપમા ફેરવાઇ ગયો. તે બોલ્યો, હુ ઘરડો થયો છુ, હવે કેટલાક દિવસ જીવવાનો છુ ? માટે સામે મ્હોએ લડતા મરી પરવારૂ તો ભલે પણ આ બાબતનો નિવેડો અનતપુર છોડતા પહેલા કરી જઇશ "

રાજા અને રાણીએ તેને ઉશ્કેરાઇ જવાની મના કરી બ્રાહ્મણે તે તરફ લક્ષ ન આપ્યુ રાણીએ આપેલી ભેટ લઇ તેણે તરતજ તે સ્થાન છોડયુ પાછુ વાળી જોયુ નહિ

પ્રકરણ ૭ મુ

ગૃહત્યાગ

બીજે દિવસે પરોઢિઆમા રતન ઘર છોડવા તૈયાર થયો તેણે વિચાર કર્યો કે જેમ જેમ વાર લગાડીશ તેમ તેમ ઘરની માયા તજવી મુશ્કેલ થઇ પડશે રતને રાણીએ આપેલી મહોરો ગણી જોઇ પાચસો સોનામહોરો જોઇ તેના મ્હો પર હાસ્ય ફરકયુ,

તે બડબડ્યો કે "મૃત્યુના મહેલના દરવાજા આગળ આવતા રાણીની કૃપાથી હુ ધનવાન થયો "

વાસ્તવિક રીતે રતનને આટલા બધા પૈસાની જરૂરજ નહોતી. રસ્તામા આ પૈસાનો મોમોભાગ પણ તેના ઉપયોગમા આવે તેમ નહોતો

તે જમાનોજ જુદો હતો તીર્થોમા બ્રાહ્મણ અતિથિને કદી ભૂખ્યા તરફડવુ પડતુ નહિ એક વાર '**भिक्षां देहि**' કોઇ પણ હિંદુગૃહસ્થને ઘેર જતાજ તેની સેવામા બધુ આવી પડતુ જો અન્નને માટે પૈસાની જરૂર પડતી તો તેપણ થોડામા પતી જતુ તે વખતે અનાજની મોઘવારી આજના જેવી નહોતી

રતને કોથળીમાની પચીસ મહોરો બહાર રાખી બાકીની પાછી કોથળીમા નાખી કોથળીનુ મ્હો બાધી દીધુ પછી તેણે જુનિયાની માને બોલાવી જુનિયાની મા રતનની ઝુપડીમા કામકાજ કરતી હતી બધા જતા રહ્યા હતા પણ આ બાઇ આવા ખરાબ સમયમા પણ રતનની સેવા આનન્દપૂર્વક કરતી હતી.

જુનિયાની મા આવી એટલે રતને કોથળી તેના હાથમા આપતા કહ્યુ "આ તારી પાસે રાખ" રતન બહુ મશ્કરીખોર હતો મશ્કરી કરવાનો વખત તે કદી ગુમાવતો નહિ

જુનિયાની મા કોથળીના દિદાર જોઇ કચવાતા મને લેવા જતી હતી એ દરમિયાન કોથળી માટી પર પડી ડોસી બ્રાહ્મણના મ્હો તરફ તાકી રહી

રતને હસતા હસતા કહ્યુ "એની અદર મહોરો છે, તુ સાચવીને રાખજે હું તીર્થયાત્રા કરવા જાઉ છુ જો પાછો ફરૂં,

તો મને એ કોથળી પાછી સોપજે જો ન આવુ તો એ બધુ ધન તારૂ જ સમજજે ”

આ વચનો સાભળતાજ ડોસીના માથાપર આકાશ તુટી પડ્યુ ‘પાછો ન આવુ તો’ એ વાક્ય બ્રાહ્મણના મુખમાથી બહાર પડતુ તેણે કદી સાભળ્યુ નહોતુ તેમ એ વાક્ય સાભળવાની તેણે આશા પણ રાખી નહોતી. તેણે ઘણીવાર રતનને પરગામ જતો જોયો હતો પણ તે જાણુતી હતી કે આપેલી મુદ્દત કરતા વહેલુ અવાય તેમ હોય તો તે સેકડો લાલચોને હડસેલી મકી વહેલોજ આવતો રતનને પોતાની ઝુપડી પર કેટલુ બધુ હેત હતુ તે આ ડોસી બહુ સારી રીતે સમજતી હતી

વળી તેને રતન પર બહુ વિશ્વાસ હતો પૈસાની લાલચથી તે અહી નોકરી કરતી નહોતી બે વખત એક મુઠી અન્ન તેને પુરતુ હતુ

જમ્યાપછી એકાતમા બેસી રતન શાસ્ત્ર વાચતો, તે વખતે કેવળ જુનિયાની મા તેની પાસે હાથ જોડી બેસતી અને ગળગળાબની મુગીમુગી આન્સુઓ રેડતી આવી મમતાળુ ડોસીએ બ્રાહ્મણને મ્હોએ પ્રથમવાર ‘પાછો ન આવુ તો’ એવા વચનો સાભળ્યા

પગ આગળ સોના મહોરોથી ભરપુર કોથળી પડી હતી ગરીબ ડોસીનુ તે તરફ ધ્યાન ન રહ્યુ તે ચકિત નજરે બોલી કે “ તમે પાછા નહિ આવો ? ”

રતન—જીવતો રહીશ તો આવીશ

ડોસી—મને લાગે છે કે તમે પાછા આવવાના નથી

રતન—મને પણ લાગે છે કે કદાચ પાછુ નહિ અવાય

ડોસી—તો પછી મારી શી સ્થિતિ થશે ?

રતને કોથળી ઉઘાડી ડોસીને સોના મહોરો બતાવી કહ્યું ' આ દોલત તારી જ છે ને, તું તેનો ઇચ્છામાં આવે તેવો ઉપયોગ કરજે."

સોના મહોરો જોઈ ડોસી બધો શોક વિસરી ગઇ કોથળીમાથી થોડી મહોરો બહાર કાઢી તેણે બરાબર તપાસી જોઇ

એક ક્ષણમા ડોસી પોતાની સ્થિતિમાં થયેલો ફેરફાર સમજી ગઇ એક ક્ષણમા તેની જીવવાની ઇચ્છા બલવત્તર બની ગઇ તેણે વિચાર્યું કે "પડિતજી તો ઘર છોડી જાય છે, પણ હું તેને કરી રાકીશ નહિ તો પછી આ સ્થળે જીવુ ત્યા સુધી રહુ એવી કંઇ વ્યવસ્થા કરી લઉં તો સારૂ" આવો વિચાર કરી તેણે કહ્યું પૈસા તો આવ્યા પરંતુ રહેવાનું સ્થાન ક્યા ?"

રતન તેના મનની વાત સમજી ગયો તેણે કહ્યું કે ' કેમ, આ ઘરમા જ રહેજો હુ અહી જે કંઇ મૂકી જાઉં છુ તે બધું તારૂ જ સમજજે"

ડોશી—ખાઇશ શું ?

રતન—તને ખાવાપીવાની ચિંતામા મૂકી જવાનો હોત તો આટલી બધી સોના મહોરો શા માટે આપી જાત ? જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે એ સોનામહોરો વટાવી ખુશીથી ગુજરાન ચલાવજે

ડોસી અવાક બની રતન સામુ જોઇ રહી બ્રાહ્મણ શુ બોલે છે ? એકાદ બે મુઠી અનાજ માટે સોના મહોરો વટાવવી ? ડોસીએ નિશ્ચય કરી લીધો કે પંડિતજી ગાડા બની ગયા છે.

તેણે પોતાની જિંદગીમા ઘણા ગાડા જોયા હતા માણસ ગાડુ બની જાય એટલે તેનુ મ્હો અને આંખો કેવી બની જાય છે તે તેણે બરાબર તપાસ્યુ હતુ. તેથી તે શાંતચિત્તે પંડિતજીનુ મ્હો અને આંખો પર ગાડાઇના ચિહ્નો તપાસવા લાગી.

રતન ડોસીના મ્હોંનો ભાવ જોઇ હસ્યો તે સમજી ગયો કે ડોસીમા આટલુ બધુ દ્રવ્ય જોઈ વિમાસણમા પડયા છે તેણે હસતા હસતા પૃછયુ," મો ફાડીને મારા સામુ શુ જોઇ રહી છો ? "

ડોસી તો રતનના મ્હો પર ગાડાઇના ચિહ્નો તપાસવામા મશગુલ બની ગઇ હતી તેને ગાડાઇનુ એક પણ ચિહ્ન મળતુ નહોતુ જે હાસ્ય, જે વાતચીત ડોશીના અશાત મનને ઘણી વેળા પ્રફુલ્લ કરતા હતા, આજ પણ તેજ હાસ્ય અને તેજ વાતચીત સાભળી ડોસી બિચારી રડી પડી તેણે કહ્યુ, " તમે શુ ખરેખર પાછા નહિ જ આવો ? "

રતન—પાછા આવવાની ઇચ્છા તો છે પણ અનેક તીર્થોમા ભટકતા ભટકતા કદાચ મરી જાઉ તો !

પડિતજીના મરણની વાત સાભળી જુનિયાની માનુ હૃદય રડી ઉઠ્યુ તે બોલી કે " ગમે તેમ થાય પણ પાછા આવજો. "

રતન—એ વાત પછી હમણા તો તુ આ બધી મહોરો સાચવીને મૂકી દે આ બધુ તારૂ જ છે એમ માનજે જ્યારે મરજી થાય ત્યારે વાપરજે.

ડોસી—તમે ક્યારે જવાના છો ?

રતન—ક્યારે શુ ? આજેજ-હમણા જ

એમ કહી રતન ઝુપડીમા ગયો ડોસી મહોરોની કોથળી છુપાવવા ચાલી

રતન પાછો બહાર આવ્યો. તેણે જોયુ કે ડોસી ચાલી ગઇ છે ઘરની સભાળ માટે કેટલીક ભલામણો કરવાની હોવાથી તેણે ડોસીને ઘાટો પાડી બોલાવી પરતુ જવાબ ન મળ્યો આગણું જનશૂન્ય જણાયુ રતને ડોસીની રાહ ન જોઈ.

બ્રાહ્મણે થોડી મહોરો વાસળીમા ભરી કમરે લપેટી લીધી. એક નાની પોટલીમા જોઇતા વસ્ત્રો લઈ લીધા, એક કમડલ, એક મૃગચર્મ અને એક વાસની મજબુત લાકડી લઇ શ્રીહરિનુ નામ લેતો લેતો તે પોતાની પ્રિય ઝુપડી જાણે જિદગી પર્યંત છોડી જતો હોય તેમ ઉડો નિશ્વાસ નાખી ચાલ્યો!

પ્રકરણ ૮ મું

લક્ષ્મીના સંતાપ.

રતન ઘરમા ગયો એટલે ડોસીએ વિચાર્યુ કે "હવે આ મહોરો છુપાવી આવુ તો ઠીક" તેનો એવો વિચાર હતો કે થોડે દૂર સુધી બ્રાહ્મણને વળાવી આવવો એક તરફથી ધનનો ટગલો મળ્યો છે, બીજી તરફથી અમુલ્ય રત્ન સમાન પડિતજી કાયમને માટે વિદાય થવા ઇચ્છે છે રડવુ કે હસવુ એ બાબતનો નિર્ણય તે કરી શકી નહિ છેવટે તેણે એવુ ધાર્યું કે તુરતમા તો આ મહોરો કોઈ સુરક્ષિત સ્થળે મુકી દેવી, અને પછી પડિતજી સાથે થોડે દૂર સુધી જવુ પાછા ફર્યા બાદ દેવો પણ ન જાણી શકે તેવા અગોચર સ્થાને દ્રવ્ય છુપાવી દેવુ

પણ ડોસીમાનો સકલ્પ અમલમા ન મુકાયો મહોરો છુપાવવાનુ કામ તેણે જેટલુ સહેલુ ધાર્યું હતુ તેટલુ સહેલુ નહોતુ પ્રથમ તે ઘરમા ગઇ, પરતુ મહોરો મુકવા જેવી જગા ક્યા? ઘરના ખુણામા એક માટલુ પડ્યુ હતુ, તે માટલામા જે કઇ હતુ તે બહાર કાઢી તેમા કોથળી મૂકી કીડીની પણ નજર ન પડે તેટલી

સાવચેતીથી તેણે તે પર ઢાકણી ઢાકી પરતુ તેનુ મન ન માન્યુ તેને લાગ્યુ કે હજુ મહોરો દેખાય છે તેણે આખો મીચી જોયુ અધકારમા પણ તેની નજર આગળ મહોરો ચકચકતી જણાઇ.

એ વખતે પડિતજીની બૂમ તેના કાન પર અથડાઇ શુ કરવુ તે નક્કી ન કરી શકવાથી તેણે ઘરમા ચોતરફ નજર ફેરવી છેવટે લુગડાના ડુચા, કોથળાઓ, મૃગચર્મ ઇત્યાદિ જે કઇ નજરે પડયુ તે લઇ પેલા માટલા પર ખડકવા લાગી પરતુ જેમ જેમ ઢગ વધતો ગયો તેમ તેમ મહોરો વધારે વધારે ચળકવા લાગી

ધીમે ધીમે જાળીઓ, દિવાલ, દરવાજો, છાપરૂ વગેરે બધુ ડોસીમાને ઉઘાડુ જણાવા લાગ્યુ બીકની મારી ડોસીએ મહોરો બહાર કાઢી બંને હાથે કોથળી છાતી સાથે ચાપી તે બહાર આવી બહાર આવીને જોયુ તો જણાયુ કે પડિતજીતો ચાલ્યા ગયા છે.

શક દૂર કરવા માટે તેણે "પડિતજી, પડિતજી" કહી બે વાર બૂમ પાડી પણ જવાબ ન મળ્યો ઘર ખુદી વળી પણ રતનનો પત્તો ન જ મળ્યો ધીમે ધીમે અવાજ ન થાય તેમ ચાલી દરવાજા સુધી ગઇ કેવળ મુખ જ બહાર દેખાય તેવી રીતે ઉભા રહી બહાર નજર કરી સુવર્ણરેખાનો કિનારો જનશૂન્ય હતો ડોશી માએ બારણુ બધ કર્યું પાછા ઘરમા આવી મહોરોની ચિતામા પડયા

પ્રથમ કરતા હવે ડોશી કઇક નિશ્ચિત થઈ તેણે ધાર્યું કે હવે નિરાતે કઇ નિવેડો આણીશ રતનની ઝુપડી સામે એક તુલસીનો ક્યારો હતો તેની આજુબાજુનો ભાગ પત્થરથી બાંધેલો હતો ત્યા બેઠા બેઠા ઝુપડીનો અધો ભાગ નજરે પડતો હતો ડોસી મહોરો રતનની ઝુપડીમા રાખી તે તુલસી ક્યારા પર આવી બેઠી બેઠી બેઠી રડવાની તૈયારી કરવા લાગી

ડોશીની આગળ પાછળ કોઇ નહોતું એક પુત્રી હતી પણ તે વીશ વર્ષ પહેલા મરી ગઈ હતી આટલો બધો પૈસો ક્યા નાખવો ? આજે વીશ વર્ષ પછી તેને પોતાની પુત્રીનો અભાવ જણાયો જો તે જીવતી હોત તો આટલી બધી મહોરો જોઇ શકત મહોરોને જોવામા જ ડોશીનુ બધુ સુખ સમાએલુ હતુ કદાચ તેની દીકરી જીવતી હોત તો તે તેને પણ મહોરોનો સ્પર્શ કરવા દેત નહિ તો પણ તેને આ વખતે પુત્રી યાદ આવી તેથી બે ચાર આંસુ પાડી પુત્રીની સ્મૃતિ તાજી કરી પાસે એક ખાટલી પડી હતી તે ઢાળી ડોશીમા બેઠા

પરંતુ પ્રભુએ તેને રડવા એ ન દીધી રડવાની તૈયારી થતી હતી, ત્યા તેને જણાયુ કે કોઈ દરવાજાની સાકળ ઠોકે છે ડોશી ચુપકીદી ધારણ કરી એક ચિત્તે અવાજ સાભળવા લાગી, પણ કઇ ન મભળાયુ તેણે માની લીધુ કે એ કાર્ય પવનનુ જ છે. વખત વિચાર્યા વિના મશ્કરી કરવા ખાતર પવનને બે ચાર ગાળો ખાવી પડી ત્યાર બાદ ડોશી નિરાતે રડવાની શરૂઆત કરવા લાગી આ વખતે બરાડા પાડીને રડવાનુ યોગ્ય નહોતુ, માટે ડોશીએ કંઠમાથી અવાજ કાઢવો જરૂરનો ધાર્યો નહિ કોઇ વેળા અવાજ નીકળી જતો તો ડોશી મા તરત જ મ્હો આડો હાથ દઇ અવાજ બહાર પડતો અટકાવતા. તેને બીક હતી કે કોઇ મારૂ રૂદન સાભળી ઘરમા આવી તેમ કરવાનુ કારણ પૂછે તો ?

બહુ જ છુપી રીતે ડોશીએ રૂદન પૂર્ણ કર્યું ત્યાર બાદ વળી કોથળી બગલમા મારી વિચારવા બેઠી મહોરો ક્યા છુપાવવી તે બાબત બહુ વિચાર કર્યો પણ બધુ નકામુ ગયુ છેવટે તેને વિચાર

સૂઝયો કે આવી ને આવી સ્થિતિમા દિવસ વિતાડી નાખુ, રાત્રે કઇ વ્યવસ્થા કરીશ.

તેવામા એકાએક કોલાહલ સભળાયો ડોશીએ કાન માડયા કચેરી તરફ ભૂમરાણ થતી સભળાઇ ડોશીએ માની લીધુ કે આ ગડબડ બીજા કશાની નથી પણ પડિતજી ઘેર નથી એ વાત જાણી સિપાહીઓને મહોરોની ગધ આવી છે અને તેઓ મને લુટી લેવા ચાલ્યા આવે છે તે ઉઠી ઉભી થઇ દરવાજાના કમાડ પાછળ પથરાઓનો ટગ કરવા લાગી કે જેથી કમાડ ઉઘાડી સિપાહીઓ ઘરમા ન આવી શકે આ તરફ કોલાહલથી રાજમહેલનુ અત પુર હલમલી રહ્યુ ડોશીએ જોયુ કે રાજા, રાણી અને રાજકુમારી ત્રણે જણા અગાસી પર ચટી કઇ જોઈ રહ્યા છે

ડોશી બધુ સમજી ગઇ તે કોથળી બગલમા ચાપી રતનની ઝુપડીમા ગઈ બારણા વાસ્યા એને કોથળી છાતી સાથે ચાપી પોતાની જિદગીમા પ્રથમ સ્વેચ્છાપૂર્વક ઉપવાસ કરવાનુ વ્રત લઇ સતી

ખરેખર ! રતને થોડી મહોરો આપી વફાદાર ડોશીનુ સત્યાનાશ વાળ્યુ હતુ

પ્રકરણ ૯ મું

બ્રાહ્મણ વિફર્યો

ઘર બહાર નીકળી રતને વિચાર્યું કે એક વાર દુષ્ટ દિવાનની ખબર લેતો જાઉ એવા વિચારથી તે કચેરી તરફ જવા લાગ્યો અગ્રેજોના તાબામા આવ્યા બાદ અતિથિ અગ્રેજોના અભ્યર્થના કરવા ખાતર રાજાએ યુરોપિઅન ઢબ મુજબ એક બગલો બધાવ્યો

હતો અત્યારે એ બંગલાના ઉપલા ભાગમા આનંદદેવ રહેતો હતો, અને નીચેના ભાગમા કચેરી રાખવામા આવી હતી સાહેબોને માટે એક જુદો જ બંગલો બંધાવવામા આવ્યો હતો કચેરીની પૂર્વ બાજુએ એક તળાવ હતુ તેની સામી બાજુએ રામબાગ નામનો બગીચો હતો એ બગીચામા એક બંગલો બંધાવેલો હતો સાહેબ લોકો અત્યારે એ સ્થળે આવી ઉતરતા હતા

કચેરીથી પશ્ચિમ બાજુએ લગભગ બે નાડાવા દૂર સુવર્ણ-રેખાને કિનારે રાજમહેલ આવેલો હતો રતનનુ ઘર રાજમહેલની પડખે આવેલા એક નાના સરખા બગીચાની પાછળ આવેલુ હતુ તેની ઝુંપડી તરફ આવેલી દિવાલ પર એક દરવાજો હતો તે દર-વાજા વાટે રતન રાજાને મળવા જતો અગર કચેરીમા જવુ હોય ત્યારે કચેરીમા જતો તે વખતે કચેરી તેને બહુ પાસે થઇ પડતી, પરંતુ હવે એ રસ્તો બંધ થયો છે આનંદદેવે એ દરવાજો પુરાવી દીધો હતો

હમણા તેને રાજમહેલમા સુવર્ણરેખાને કિનારે આવેલા રસ્તા પર થઈ, રામબાગને ચકરાવો લઇ જવુ પડતુ પહેલા તો રતન અંતઃપુરના દરવાજા વાટે રાજમહેલમા પ્રવેશ કરી શકતો અત્યારે મુખ્ય દરવાજા સિવાય રાજમહેલમા જવાનો બીજો એકેય રસ્તો નહોતો, મુખ્ય દરવાજા પર જે પહેરીગીરો હતા તે આનંદદેવના જાસુસો હતા

આથી ગઈ રાતે રતન મહેલમા આવ્યો હતો અને ઘણીવાર સુધી ત્યા રહ્યો હતો, તે આનંદદેવના જાણવામા આવ્યુ હતુ આનં-દદેવ એ પણ જાણ્યુ હતુ કે એક કોથળીમા કંઇક લઇ તે બહાર નીકળ્યો હતો

આનંદદેવને આખી રાત ઉંઘ ન આવી. તે રતનથી બીતો હતો છતાં તેને ધિક્કારવાનું સાહસ કરી શકતો નહોતો. રતનની નિઃસ્પૃહતાથી તે બરાબર વાકેફ હતો. પ્રયોજન સાધવા માટે તેણે પોતે તેને ઘણીવાર કસી જોયો હતો. પૈસા વડે વશ કરવા તેણે સેંકડો યુક્તિઓ અજમાવી જોઇ હતી, પરંતુ સફળતા મળી નહોતી. આવા નિર્લોભી બ્રાહ્મણે કોથળીમાં ભરી શું આપ્યું હશે? 'પૈસા' પૈસાની વિદ્યુત્ શક્તિથી આનંદદેવ અજાણ્યો નહોતો. તે જાણતો હતો કે પૈસાની મદદથી જ હું ભિખારી દશામાંથી રાજા બન્યો છું, તો પછી બુદ્ધિમાન બ્રાહ્મણ પૈસાની મદદથી શું ન કરી શકે? તેમાં પણ અગાઉથી કંઇ ખબર આપ્યા વિના રાત્રિથી જોઇન્ટ સાહેબ એક મિત્ર સાથે ગઇ રાત્રે અંતઃપુર આવ્યા હતા. જો કે જાસુસો મારફત આનંદદેવને ખબર મળી હતી કે—સાહેબ સાથે રતનની મુલાકાત થઇ નથી. તો પણ દિવાન વીંછીના ડંખની વેદના અનુભવતો પથારી પર તરફડિયા મારતો હતો.

છેવટે જ્યારે સવારના પહોરમાં મુકુંદે આવી સમાચાર આપ્યા કે સાહેબો શિકાર માટે આવ્યા છે, ત્યારે તેને જરા શાંતિ વળી. આખી રાત ઉંઘ ન આવી હોવાથી તે હવે ગુલાબી નિદ્રામાં પડ્યો. બરાબર એજ વખતે બહાર ભયંકર કોલાહલ મચી રહ્યો. દિવાન સાહેબની નિદ્રા ઉડી ગઈ.

બીકનો માર્યો આનંદદેવ ઉઠી ઉભો થયો. ગડબડનું કારણ જાણવા માટે બારી પાસે ગયો, પણ કંઇ દેખાયું નહિ. મુકુંદને બોલાવ્યો પણ જવાબ ન મળ્યો. બીજા ઓરડામાં જઇ મુકુંદની તપાસ કરી પણ મુકુંદ નહોતો. નોકરોને બૂમ પાડી, પણ કોઇએ જવાબ ન દીધો. આનંદદેવને જણાયું કે અંતઃપુરનું આકાશ કોઈ

અલૌકિક ભયંકર નાદથી ગાજી રહ્યું છે તે ફરીથી બારી પાસે ગયો જોયું તો જણાયું કે સુવર્ણરેખાને કિનારે આવેલા રસ્તા તરફ માણસોના ટોળેટોળા ધસ્યા જાય છે તે બ્હીકનો માર્યો બારીના બારણા બંધ કરવા લાગ્યો એવામાં તેની સ્ત્રી અને દીકરાની વહુ દોડતા દોડતા આવી પહોચ્યા

સ્ત્રીને ધ્રુજતી જોઈ આનંદદેવે પૂછ્યુ, "પણ છે શું ?"

સ્ત્રીએ કહ્યું, "સત્યાનાશ વળ્યું, મુકુંદ ગયો"

પુત્રવધૂ જાનકી મોટે સાદે રડી પડી

સ્ત્રીએ કહ્યું, "રતને તેને મારી નાખ્યો છે"

આનંદદેવ બેભાન જેવો બની જમીનપર બેસી ગયો એ દરમિઆન એક નોકરે દોડતા આવી કહ્યું કે હમણા ને હમણા ઘર છોડી નાસો નહિ તો માર્યા ગયા સમજજો રતન આ તરફ આવે છે"

મરણના ભયથી દિવાન ઉઠી ઉભો થયો માલીકને સાવચેત કરી નોકર જવા લાગ્યો તેને જતો જોઇ આનંદે પૂછ્યુ, 'મુકુંદ–"

નોકરે કહ્યું, 'સાહેબ લોકોએ તેમને બચાવ્યા છે!"

આટલું કહી તે પોતાનો બચાવ કરવા માટે જતો રહ્યો

આ તરફ કોલાહલ તો કચેરી પાસે આવતો જતો હતો આનંદદેવની પત્નીએ કહ્યું "સ્થિતિ સમજતા નથી ? નાસો"

આનંદદેવની પત્ની, પુત્રવધૂનો હાથ પકડી અંતપુર તરફ નાઠી પોતાના પતિનુ શુ થશે તે તેના લક્ષમા રહ્યું નહિ

આનંદદેવને લાગ્યુ કે મારૂં ખૂન કરવા માટે ચોતરફથી યમદૂતો દોડયા આવે છે આવી સ્થિતિમા નાસી જવા સિવાય બીજો એકેય ઉપાય નથી બહાર જવા નીકળ્યો કે તરત તેના કાને અસંખ્ય માણસોનો પગરવ સંભળાયો તેના હાથ પગ અવશ બની ગયા

તેને લાગ્યુ કે હવે હમણા સપડાયો તે ભાન ભૂલ્યો પોતાના પલગ તળે જઇ છુપાયો શયનગૃહનુ બારણુ બધ કરવા જેટલી તાકાત પણ તેનામા ન રહી

ભયથી દિગ્મૂઢ બનેલો આનદદેવ ભાન ભૂલ્યો હતો, પોતાના દેહની સ્થૂલતા તરફ તેનુ લક્ષ નહોતુ. તે ભૂલી ગયો હતો કે મારા શરીરના બધા ભાગો કઈ એક સરખા નથી. કોઈ કોઇ જગાએ એટલો બધો મેદ જામ્યો છે કે પલગ નીચે જઇ ભરાવાનુ મુશ્કેલ છે તેનુ શરીર ગમે તેટલુ સકોચાય છતા ખાટલા તળે તો રહી નજ શકે તેવુ હતુ

જે બનવાનુ હતુ તે બન્યુ અર્થાત્ પલગ નીચે ભરાવા જતા આનદદેવનુ માથુ ને ગરદન માત્ર છુપાયા શરીરનો બીજો ભાગ રહ્યો બહાર

આવી સ્થિતિમા આખો મીચી આનદદેવ પોતાને નિર્ભય માની બેઠો

પ્રકરણ ૧૦ મુ

મુકુંદ સપડાયો

બે સાહેબોમાનો એક રાચિનો જોઇન્ટ મેજિસ્ટ્રેટ હાર્લિ હતો, તેના મિત્રનુ નામ હતુ બ્રાઉન હાર્લિ આ દેશમા પાચ વરસ થયા આવ્યો હતો, બ્રાઉન હજુ હમણા જ આવ્યો હતો તે કુળ-વાન હતો. વિલાયતના એક ઉમરાવનો ભાણેજ અને વારસ હતો તેના કાકા આ વખતે છોટાનાગપુરના કમિશનર હતા. હિદમા

મુસાફરી કરવા માટે તે થોડા રોજ થયા આ પ્રદેશમા આવ્યો હતો તે તેના કાકાને ઘેર ઉતર્યો હતો. શિકાર કરવા માટે હાર્લિ સાથે અનતપુર આવ્યો હતો

જે વખતે રતન ઝુપડી છોડી કચેરી તરફ આવતો હતો, ત્યાર પહેલા થોડીવારે બ્રાઉન પથારી તજી ઉઠ્યો હતો હાર્લિ હજુ ઉઘતો હતો

બ્રાઉન પથારી તજી બગલાની પાસે આવેલા બાગમા ફરતો હતો, ત્યાથી સુવર્ણરેખાના કિનારા સુધી એક વિશાળ મેદાન હતુ વચ્ચે કેવળ એક જ વડનુ ઝાડ હતુ

સુવર્ણરેખાને પેલે પાર, અનતપુરથી લગભગ એકાદ ગાઉ દૂર એક ઉચ્ચભૂમિ આવેલી હતી, અને ત્યાથી ઘણા માઇલોના વિસ્તારમા જનારુ જગલ શરૂ થતુ હતુ નાના મોટા વૃક્ષો છાતી-પર લઈ, ક્રમેક્રમે ઉન્નત બનતુ એ જગલ સ્થિર મોજાવાળા મહા-સાગરની માફક અનત આકાશની કાળાશને ભેટતુ હતુ વચ્ચે વચ્ચે બે ચાર પહાડો લગર કરેલા ધુમાડિઆ રગના વહાણોની માફક નીલ સમુદ્રમા તરતા ઉભા હોય એમ જણાતુ હતુ બગીચામા ફરતો ફરતો બ્રાઉન આ અલૌકિક સૌદર્ય નિહાળી રહ્યો હતો

તે વખતે રતન સુવર્ણરેખાને કિનારેથી મેદાન તરફ આવવા નીકળ્યો. તેના માથા પર પાઘડી હતી, શરીરપર અગરખુ હતું, સફેદ બગલાની પાખ જેવુ ધોતિયુ પહેર્યું હતુ પગમા ચમ-ચમાટી કરતા જોડા ગાજી રહ્યા હતા. હાથમા તેલમા બોળી રાખેલી વાસની લાકડી શોભતી હતી. ઘણા વરસો હિદુસ્થાની લોકો સાથે ગાળ્યા હોવાથી તેની રીતભાત હિદુસ્થાની લોકો જેવી થઈ ગઇ

હતી સાફસુફ રહેવુ તેને બહુ ગમતુ ઘેર પણ મેલા વસ્ત્ર પહેરવા ગમતા નહિ

મેદાન પર આવ્યાબાદ રતન વડ તરફ વળ્યો તેની એક ડાળીપર તેણે પોતાનુ કમડલ, મૃગચર્મ લુગડાની પોટલી અને લાકડી ભગાવી દીધી પછી તે ખાલી હાથે તળાવ તરફ ચાલવા લાગ્યો કચેરીમા જવા માટે પૂર્વ તરફ જઇ તળાવને કિનાર થઈ બગલાને પાછળ રાખી વળી પશ્ચિમ તરફ વળવાનુ હતુ

પૂર્વ તરફ જતા રતનના મ્હો પર સૂર્યના કિરણો પડવા લાગ્યા તેનો સુવર્ણસમાન રગ ઉમરના વધારા સાથે ગાઢ બની ગયો હતો તેની વિશાળ છાતી, મધ્યમ બાધણીનો દેહ, સૌમ્ય અને વીરત્વદર્શક મુખશ્રી, ધોળા વાળથી શોભતું માથુ એક ક્ષણમા બ્રાઉનની નજરે પડયુ મેદાનમા ચાલતો મથરગામી વૃદ્ધ, સફેદ વસ્ત્રો પર સૂર્યકિરણ પ્રતિફલિત થવાથી ગતિશીલ કાચનજઘાની માફક શોભતો હતો

જનાનુ જગલ જોતા જોતા બ્રાઉનના હૃદયમા એક પ્રબળ મોજુ ઉછળ્યુ હતુ અરણ્યના વિશાલતામા પોતાને ડુબાવી દઇ તન્મય યુવક દૂરદેશથી ધ્યાનમગ્ન યોગીની માફક આત્મવિસ્મૃતિના સુખમા વારવાર ઉછળતો હતો જીવન સ્વપ્નરૂપી ધૂમસથી વીટળા-એલા ફુલોની માફક તેના આતરચક્ષુપર થઇ પસાર થતુ હતુ એવામા રતનની દિવ્યમૂર્તિ, ફુલદાનીમા ગોઠવાએલા ફુલોની માફક તેની સ્વમાવિષ્ટ નજર પર ફુટી નીકળી બ્રાઉનને જણાવ્યુ કે પશ્ચિમાકાશમાથી જમીન પર ઉતરી આવેલો કોઇ દેવદૂત સવારના સૂર્યના કિરણોમા સ્નાન કરતો કરતો મેદાન પર ફરે છે તે નવાઇ પામ્યો

તેણે હાર્લિને બોલાવ્યો તે હજુ ઉંઘતો હતો ઉંઘમા એક વૃદ્ધ બ્રાહ્મણને કેવળ તેની બલિષ્ટતાના અપરાધ ખાતર જેલમા મોકલવાનો ચુકાદો આપી રહ્યો હતો એ વખતે બ્રાઉનના અવાજથી તેની ઉંઘ ઉડી ગઇ

આંખો ચોળતો ચોળતો તે બહાર આવ્યો બ્રાઉને પેલા બ્રાહ્મણને બતાવી કહ્યું, "દેવદૂત જોયો "

દેવદૂતને જોતા જ હાર્લિ ખડખડાટ હસી પડયો તેણે હસતા હસતા કહ્યું, "થોડા દિવસ આ દેશના હવાપાણીથી જાણીતા થઇ 'નેટિવ' નિહાળવાની આંખોને ટેવ પાડો ત્યારબાદ એ લોકો સામે નજર કરજો એટલે જણાશે કે જેને તમે દેવદૂત માનો છો તે કટલો બધો કુબડો છે તે

બ્રાઉન આ શબ્દોનો અર્થ સમજી શકયો નહિ તે વિચારવા લાગ્યો કે, "આંખોની સ્થિતિ કેવી થાય તો આવુ સુદર દશ્ય કુરૂપ દેખાય ?"

તળાવની પાળ આડી આવવાથી રતન અદશ્ય થઈ ગયો હાર્લિ બ્રાઉનનો હાથ પકડી બગલામા આવ્યો ચાલતા ચાલતા બ્રાઉને એકવાર મેદાન ભણી જોયુ પણ બ્રાહ્મણ નજરે ન પડયો હાર્લિના વચનોથી તેનુ હૃદય દિલગીરીના દરીયામા ડુબી ગયુ હતુ તોપણ બ્રાહ્મણે તેના હૃદયમા જે દાબી આકી હતી તે ભૂસી ભુસાઇ નહિ

રતન ધીમે ધીમે કચેરી તરફ જતો હતો મુકુદ પણ તેજ રસ્તે સાહેબ લોકોને મળવા આવતો હતો આવતા રસ્તામા રતન મળ્યો રતનને જોતાજ મુકુદનુ મ્હો સુકાઇ ગયુ દિવાન વિષે કઇંક પૂછપરછ કરવા રતન તેના તરફ વળ્યો

એ દરમિયાન ચાર સિપાહીઓ કચેરીના કામ માટે એ રસ્તે થઈને જતા હતા તેઓએ જોયુ કે પોતાના માલીક સામે વૃદ્ધ રતન ઉભો છે તેઓ કુતુહળતાને વશ થઈ તે તરફ આવ્યા દરેકના હાથમા વાસની જાડી લાકડી હતી લાકડી ખભાપર રાખી તેઓ મુકુદની બાજુએ આવી ઉભા

સિપાહીઓને જોઇ મુકુદને સાહસ આવ્યુ. તેણે વિચાર્યું કે, " આ લગોટિઆને મારી શકિત બતાવવાનો આ સુદર અવસર છે એ વાતવાતમા મારૂ ને મારા પિતાનુ અપમાન કરે છે તો પછી હુ તેને શા માટે છોડુ ? " રતન તેની પાસે આવ્યો એટલે તેણે કર્કશ અવાજે પુછ્યુ, " શુ જોઇએ છે ? " રતનની સમક્ષ મુકુદ પોતાની જિન્દગીમા આ પહેલીજવાર માથુ ઉચુ કરી બોલ્યો

અવાજની કર્કશતાથી રતન ગુસ્સે થયો તોપણ મનોભાવ છુપાવી બોલ્યો, " તમારા પિતાને મળવુ છે "

મુકુદે અગાઉના જેવા અવાજે રતનને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, મારા પિતા જેવા માનનીય માણસ સાથે તમારા જેવા ભિખારીએ મુલાકાત કરવાની માગણી કરવી એ એક જાતની ધૃષ્ટતા છે હું તમારી સાથે આટલી વાત કરૂ છુ એ પણ મારી ભલમનસાઇને લીધે એમ કહી તેણે રતનને ચાલ્યા જવાની સૂચના આપી

સિપાહીઓ પણ રતનને પોતાનો માલીક જતો રહેવાનુ કહે છે એમ જાણી તેને ખસેડવા આગળ વધ્યા એમાનો એક રતનને ઘણા સમયથી ઓળખતો હતો બીજા ત્રણ નવા સવા હતા તેઓ તો રતનને અડીને ઉભા તેઓએ ધાર્યું કે એ રીતે ઉભા રહેવાથી ડોસો બ્હી જઇ ચાલ્યો જશે

પરતુ રતન કઇ પાછો વળવા આવ્યો નહોતો આથી મુકુન્દનો હુકમ કે સિપાહીઓની બહાદુરી કામ ન આવી, ઉલટો ને મુકુન્દ તરફ જવા લાગ્યો

પેલા ઓળખીતા સિપાહીએ માની લીધુ કે પંડિતજી વિફર્યા જણાય છે નવા સિપાહીઓએ માની લીધુ કે ડોસો ગાડો થઈ ગયો છે મુકુંદ સમજી ગયો કે બ્રાહ્મણ કઇ નતુમતુ કરવા આવ્યો છે તો પણ તેણે સાહસ રાખી કહ્યુ, " ડોસા જો તમે ભલુ ઇચ્છતા હો તો અત્યારે ચાલ્યા જાઓ

રતને જોયુ કે મિઠાશથી કઈ સરે તેમ નથી, ઉલટો સમય જાય છે તેણે આગળ વધી મુકુન્દને પકડયો સિપાહીઓ હા હા કરી ઉઠયા

રતને તેના હોકારા તરફ લક્ષ ન આપ્યુ એક સિપાહીએ આવી રતનને પકડયો રતને તે તરફ નજર પણ કરી નહિ કઇક બળ બતાવી તેણે મુકુન્દને ઉભો રાખી જરા ગભીર સ્વરે કહ્યું, મૂર્ખ અહીંથી જતા રહેવા માટે બધુ છોડી પાટલે બધે દૂર આવ્યો નથી જો તુ તારૂ ભલુ ઇચ્છતો હોય, તારા પિતાનુ ભલુ ઇચ્છતો હોય તો મને તેની પાસે લઇ જા "

મુકુન્દને ભાન આવ્યુ રતનની ખરી મૂર્તિ તેની નજર સમિપ ખડી થઇ મુકુન્દે દિગ્મૂઢ બની સિપાહીઓ સામુ જોયુ માલીકનુ અપમાન થતુ જોઈ સિપાહીઓએ રતનપર હલ્લો કર્યો, નાનાપ્રકારની ગાળો આપતા તેઓ મુકુન્દનો હાથ છોડાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા પરતુ બધી ચેષ્ટા વિફળ ગઇ સિપાહીઓને જણાયુ કે અમારો માલિક કોઇ માણસના પંજામા નહિ પણ રાક્ષસના પંજામા

પુરાયો છે તેઓ બ્રાહ્મણને ખસેડી શક્યા નહિ મુકુન્દ પણ છૂટયો નહિ ત્રણે સિપાહીઓ હિમ્મત બની એક બીજા સામુ જોવા લાગ્યા. રતનનો ઓળખીતો સિપાહી દૂર ઉભો ઉભો આ તાલ જોઈ રહ્યો હતો

- હવે મુકુંદ બરાડા પાડવા લાગ્યો ભાન મધ્યા ક્યોગાર ત્રણ સિપાહીઓ તળાવને કિનારે ફરવા આવ્યા હતા, તેઓ મુકુંદનો અવાજ સાભળી તેને છોડાવવા દોડી આવ્યા

મુકુંદનો અવાજ હાલિ ને બ્રાઉનને કાને પહોચ્યો તેઓ તપાસ કરવા બગલા બહાર આવ્યા સાહેબ લોકોને જોઈ મુકુંદ તેઓની મદદ માગવા લાગ્યો, તેણે કહ્યું, " સાહેબ ! આ નટાગના હાથમાથી મને બચાવો '

પ્રકરણ ૧૧ મુ

શાંતિમાં અશાંતિ

રતને પાછુ વાળી જોયુ તો બે સાહેબ લોકોને દોડતા આવતા જોયા સામે જોયુ તો જણાયુ કે સિપાહીઓના ટોળેટોળા મુકુંદને છોડાવવા ધસ્યા આવે છે, પરિણામ સમજવાનુ બાકી રહ્યુ નહિ તેણે મનના વિચાર કર્યો કે, " મે શુ કર્યુ ? નાગયણી પર ઉપકાર કરવા છતા ઉલટો અપકાર કરી બેઠો તે સમજી ગયો કે કાર્ય સાધવુ મુશ્કેલ છે આટલા બધા લોકોને હટાવી આનદદેવ પાસે પહોચવાનુ કાર્ય અસાધ્ય છે હવે એક ક્ષણ પણ અસાવધાન રહીશ તો કારખાનુ સેવવુ પડશે

આવી સ્થિતિમા આગળ વધવુ યોગ્ય ન જણાતા તેણે મુકુંદનો હાથ છોડી દીધો. સિપાઈઓ ગાડાની માફક હજુ તેને ખેંચ્યા કરતા હતા રતને તેઓને વધારે ખેંચતાણ ન કરવાનુ જણાવ્યુ

રતનનુ વાક્ય પૂરૂ થાય તે પહેલા સિપાઈઓ દૂર ખમી ગયા તેની લાતોનો સ્વાદ ચાખવાની તેઓને કંઈ હોંસ નહોતી મુકુંદ પણ સાહેબ લોકોને શરણે જવાના ઈરાદાથી રતન પાસેથી નાસવાની તૈયારી કરવા લાગ્યો, બ્હીકથી તો મુડદા જેવો થઈ ગયો હતો તેના અંગપર શિથિલતા છવાઈ રહી હતી, અને પગો થરથર કંપતા હતા આથી ઈચ્છા છતા તેનાથી એક ડગલુ પણ આગળ વધાયુ નહિ રતન તેની સ્થિતિ સમજી ગયો તેણે તેને પાછો પકડયો, અને શાંતિપૂર્વક કહ્યુ, "બીશ નહિ, હુ તને કંઈ નહિ કરૂ હુ જે કહુ તે શાન્તિથી સાભળ હુ તારા પિતાને ના માટે મળવા માગુ છુ, તે તને જ કહુ છુ "

પરંતુ આ વચનો મુકુંદના કાનમા પેઠા નહિ તે તો કેવળ ભલા સાહેબોના આગમની રાહ જોતો હતો સાહેબ લોકો પણ તેને ભયમા આવી પડલો જાણી તેની તરફજ આવતા હતા રતનનુ વાક્ય પુરૂ થાય તે પહેલા તો ડાર્લિંગ તેની પાસે આવી પહોચ્યો ડાર્લિંગને પાસે આવેલો જાણી મુકુંદે ચીસ પાડી કહ્યુ, "સાહેબ, મને બચાવો" સિપાઈઓ સલામ કરતા કરતા રસ્તો છોડી દૂર ઉભા રતન પણ સાહેબને જોવા માટ પાછળ ફર્યો, પણ તેવામા તો ડાર્લિંગની વજ્રજેવી મુઠીએ તેના નાક પર પ્રહાર કર્યો જોતજોતામા લોહીની ધારથી બ્રાહ્મણનુ મુખ રગાઈ ગયુ દારૂણ આઘાતથી રતનની આખે અંધારા આવવા લાગ્યા નાક પર હાથ મૂકી તેને તેજ ક્ષણે જમીનનો આધાર લેવો પડયો

અવકાશ મળતા મુકુંદે પણ ભોયપર પડેલા બ્રાહ્મણની પીઠપર એકાદ બે લાતો મારી લીધી સિપાહીઓએ રતનને પકડ્યો તળાવની પાળ પર ફરતા સિપાહીઓ એ દરમ્યાન આવી પહોચ્યા હતા

હાર્લિએ મુકુંદને બ્રાહ્મણની ઓળખાણ પૂછી લીધી મુકુંદના જવાબ પરથી તે સમજ્યો કે આ ડોસો ગાડા રાજાનો સોબતી છે. ડોસા સબધમા વધારે જાણવા જેવુ કંઇ ન રહ્યુ ! એ દરમિઆન બ્રાઉન ત્યા આવી પહોચ્યો હાર્લિએ હસતા પોતાના સહચરને તેના પ્રિય દેવદૂતના માનસિક વિકારની વાત જણાવી અને તેને ‘દેવદૂત'ની એકાદ બે વાતો સભળાવવા ખાતર, અને ગાડા રાજાના સોબતીની ગાડાઇનુ પરિણામ કેવુ આવ્યુ છે તે બાબતમા કંઇક ન્યાય તોળવા ખાતર મધુર સબોધનવાચક શબ્દોનો ઉચ્ચાર કરી, તેથી પણ વધારે મધુર લાતોનો પ્રહાર કરી રતનને જમીન પરથી ઉઠાડવાનો પ્રયત્ન કર્યો

આવી વર્તણુક બ્રાઉનને ન ગમી ડોસો ગાડો છે એ વાક્યો સાભળ્યા છતા તેની પ્રત્યેની પ્રીતિમા ઘટાડો થયો નહિ બ્રાહ્મણના નાકમાથી વહેતા લોહીથી લગભગ બે ચોરસ ફુટ જમીન રગાઇ ગઈ છે એ જોઇ બ્રાઉન બહુ દુખી થયો તેણે હાર્લિને કહ્યુઃ “હવે શા માટે માર મારો છો તેને યોગ્ય સજા થઇ ચૂકી છે ” બ્રાઉનની વિનતિ પરથી હાર્લિ મારમારતા અટક્યો છતા તેણે મનમા નિશ્ચય કર્યો કે આ પાગલને તેની ગાડાઇ સબબ સજા તો કરવી જ જોઇએ. તેણે સિપાહીઓને બોલાવ્યા તેઓ પાસે આવ્યા એટલે તેણે ડોસાને બાંધવાનો હુકમ આપ્યો તેણે કહ્યુ કે, “ આ માણસને બાધી હાકી લઇ જાઓ હુ શિકાર કરી પાછો આવુ ત્યારે તેના પર કામ ચલાવીશ ”

એક જણુ બ્રાહ્મણને બાધવા માટે દોરડુ લેવા ગયો બીજા બધા તેને ઘેરી ઉભા એકબીજાના પરાક્રમની બડાઇ કરવા લાગ્યા જે ત્રણ જણા શરૂઆતથી જ ઝૂઝયા હતા તેઓ બ્રાહ્મણના બ્રાહ્મણત્વ-પર દોષ મૂકવા લાગ્યા. રતનને શિક્ષા કરવા માટે જે શક્તિ જોઇએ, તેનો થોડો ભાગ પણ પોતે વાપરી શકયા નહોતા કારણ કે તે બ્રાહ્મણ હતો એ તેઓની વાતનો સાર હતો

બ્રાઉન દેશી ભાષા સમજતો નહોતો આથી સિપાહીઓ સાથે હાર્લિને વાતચીત કરતો જોઈ તેણે તેને પૂછ્યુ, "શુ કહો છો ?"

હાર્લિ—ડોસાને રાચિ લઇ જવાનો હુકમ કરૂ છુ

બ્રાઉન—કેમ ?

હાર્લિ—મારી આખ સમક્ષ ગુન્હો બનતો જોયો છે તેના પર હુ મુકદમો ચલાવીશ.

બ્રાઉન—વગર મુકદ્દમાએ સજા કરી છતા તૃપ્તિ ન થઈ ?

હાર્લિ—એ શુ સજા ગણાય ? એ તો ગાડાઇનુ ઔષધ થયુ

બ્રાઉન—સ્વદેશમા આવી દવાનો પ્રયોગ થયો હોત તો મને ખાત્રી છે કે પ્રજા વૃદ્ધને છોડી તમને જ ગાડાની હસ્પિતાલમા મોકલી દેત

આ વચનો સાભળી હાર્લિનુ મુખ લાલ થઇ ગયુ તેણે કહ્યું, " કૃપા કરીને શાસન વ્યવહારની બાબતમા કઇ બોલતા નહિ આ ઉષ્ણ મુલક છે, બ્રિટન નથી

બ્રાઉન—તે તો હું પણ જાણુ છુ પરતુ ગરમ મુલકમા આવી બ્રિટનના સંતાનોના માથા પણ આટલા બધા ગરમ થઇ જાય છે, તે હું જાણતો નહોતો

હાર્લિએ કઇ જવાબ ન આપ્યો પણ બ્રાઉનના વચનો તેને ન ગમ્યા એ તો નક્કી તેને પોતાના મિત્રપર તિરસ્કાર આવ્યો તેણે વિચાર્યુ કે આવી પુરુષવેશી સ્ત્રીઓથી જગતનુ કઈ કાર્ય બનવાનુ નથી.

બ્રાઉન પણ ઉભો રહ્યો નહિ એક અસહાય વૃદ્ધપર આટલો જુલમ થતો જોઇ તેનુ કુમળુ અત કરણ વિંધાઇ ગયુ તે ધીરેધીરે બગલા ભણી જવા લાગ્યો

રતન અત્યાર સુધી માથુ નીચુ કરી બેઠો હતો નાકમાથી હજુ લોહી વહેતુ હતુ તે લોહી અટકાવવાનો પ્રયત્ન કરતો હતો

લોહી વહેતુ બધ થયુ એટલે તેણે પાઘડીનો છેડો કાઢી લોહી લુછી નાખ્યુ પછી તે છેડો પાછો પાઘડીમા છુપાવી દીધો સિપાઈઓ આ કાર્યકલાપ જોઈ રહ્યા હતા એ દરમિઆન સાહેબ અને મુકુદ વચ્ચે પાછી વાતચીત શરૂ થઇ હતી

મુકુદ સાહેબને સમજાવતો હતો કે, આ ડોસો મારા પિતાની પાછળ પડયો છે મહારાજ વીરચદની જમીનદારી અગ્રેજોના હાથમા ગઇ તેનુ મુખ્ય કારણ મારા પિતા છે, એવો વિચાર આ બ્રાહ્મણના મગજમા ભરાઇ બેઠો છે તે એમ માને છે કે મારા પિતાએ જ રાજાને ગાડો બનાવી દીધો છે અને બધી સત્તા અગ્રેજોને સોપી દીધી છે એ ખાતર તે મારા પિતાનુ ખૂન કરવા દરરોજ ભટકતો ફરે છે, દરરોજ તક શોધતો ફરે છે

મુકુદ બોલતો હતો, હાર્લિ સભાળતો હતો તેણે વિચાર કર્યો કે, આવા માણસને અનતપુરમાથી શા માટે હાકી કાઢયો ? રાજાની સાથે તો આ બ્રાહ્મણને કઇ સબધ નથી અહી તેનુ ઘર નથી, કુટુબ નથી. આવા માણસ અનતપુરને શુ ઉપયોગી નીવડતો હશે,

ન તો ધ્યાનમા ઉતર્યુ નહિ તેથી તેણે મુકુન્દને પૂછ્યુ, ' આવા માણસને અનતપુરમાથી કેમ હાંકી કાઢવામા ન આવ્યો '

મુકુન્દે યુક્તિપૂર્વક સમજાવ્યુ કે " કેવળ મોટા સાહેબના ગુસ્સાની બીકથી જ આ માણસને કોઈ કઈ કહી શકતુ નથી તેથી જ બધા તેના જુલમો સહન કરે છે રાજાની માગણીથી મોટા સાહેબે તેને અનતપુર રહેવાની રજા આપી છે હવે આપ કઈ કરી શકો તો અમે શાંતિથી રહી શકીએ '

હાકિમે આશ્વાસન આપી કહ્યુ " પ્રથમ તો તેને થોડા રોજ કેદમા રાખીશ ત્યાર પછી કંઈક વ્યવસ્થા કરીશ "

મુકુન્દ આનદ સમાવી શક્યો નહિ તેણે સાહેબને ધન્યવાદ આપ્યો આવા મહાન કાર્યનુ ફળ મહાન આવવાનુ અને એ કાર્યનુ અસ્તિત્વ અનતપુરના રાજપ્રતિનિધિ આનદદેવના હાથમા જ છે, એ પણ તેણે સાહેબને સમજાવી દીધુ

સાહેબે રતનને ઉભા થવાનો હુકમ આપ્યો જો કે તે પોતે ઉઠેલો જ હતો, એટલે સાહેબના હુકમની જરૂર રહી ન હોતી નવા આવેલા સિપાહીઓમાના બે ચાર જણાએ તેને પકડ્યો બીજા લાકડીઓ લઈ તેને ઘેરી વળ્યા જે માણસ દોરડુ લેવા ગયો હતો, તે પણ આવી પહોચ્યો

રતને માથુ ઉચુ કરી જોયુ કે સામે જયથી છાતી ફુલાવતો સાહેબ ઉભો છે, બાજુએ મુકુન્દ ઉભો છે, અને ચો તરફ સિપાહીઓની દિવાલ ચણાઈ રહી છે

એક વખત ગરદન ફેરવી તેણે બધા સિપાહીઓને જોઈ લીધા. એકાદ બે ઓળખીતા સિપાહીઓએ ગરદન ઝુકાવી અજાણ્યા સિપાહી-

ઓમાના કોઇએ માથુ નમાવ્યુ કોઇએ ન નમાવ્યુ જેણે ન નમાવ્યુ તે કેવળ લાકડી ખભે લઈ અક્કડ ઉભા રહેતા જ શીખ્યા હતા, લાકડી ચલાવતા શીખ્યા ન હોતા જેઓ ખેલાડી હતા, તેઓ શરમાયા સિવાય રહ્યા નહિ બ્રાહ્મણની તીક્ષ્ણ દૃષ્ટિથી તેઓ પોતાની જાતને ધિક્કારવા લાગ્યા દોરડુ લઇ જે બાધવા આવતો હતો તે એકાએક થભી ગયો જેઓએ રતનને પકડયો હતો, તેઓએ તેની આખો નહોતી જોઈ, નહિ તો શુ કરત તે કહી શકાય તેમ નથી

મુકુદ અધીરો થતો હતો રતનને બદીવાન બનેલો જોવાના તેના કોડ હજુ પુરા થયા નહોતા દોરડાવાળા માણસને ઉભો રહેલો જોઇ તેણે તેને જેમ બને તેમ જલદી કામ પુરૂ કરવાનો હુકમ આપ્યો વાર થતી જોઇ હાલિ પણ ગુસ્સે થયો તેણે રતનને બાધવાને તાકીદ કરી, બધા ઉતાવળા ઉતાવળા બાધવાના કામમા વળગ્યા

બ્રાહ્મણે હવે એકવાર સાહેબના મુખ સામુ જોયુ જરા તિરસ્કારનુ હાસ્ય હસી હાલિએ કહ્યુ, "બુઢ્ઢા ! મારા સામુ શુ જૂએ છે ? મનમા તો બહુ ગુસ્સે થતો હશે ખરૂ ?

રતન—જો તેમ હોય તો તેમા મારો શો અપરાધ, સાહેબ ?

હાલિ—મને શિક્ષા કરવાનો વિચાર થાય છે ખરો !

રતન—વડીમા થાય છે ને વડીમા નથી થતો

હાલિ—વિચાર થાય તો પણ શા કામનો ? હુ તો કઈ તારા જેવા દુર્બળ ગરજેરી નથી

રતન—જો ઇચ્છા થાય તો બધુ કરી શકુ મને વિચાર આવે છે કે અપરાધ વગર શા માટે માર ખાવો ? પણ બીજી જ પળે એ વિચારના ચુરેચુરા થઈ જાય છે હૃદય પોકારી ઉઠે છે કે "અદબ્ટ!"

એક સિપાહી રતનનો હાથ તાણવા લાગ્યો, દોરીથી તેનો હાથ બાધવાનો હતો રતને કહ્યુ, " જરા થોભ " તો પણ તે હાથ તાણવા લાગ્યો રતને તેનો હાથ પકડયો સિપાહી સમજી ગયો કે ગઇ જોવામા જ ઠીક છે

રતન કહેવા લાગ્યો 'હુ વિચાર કરુ છુ કે નસીબમા આમ જ હશે નહિતો આનદદેવને મળવા જાઉ ત્યા રસ્તામા તમારા હાથનો માર શા માટ ખાઉ '

હાર્લિ–આનદદેવને મળવા જતો હતો કે તેનુ ખૂન કરવા '

રતન–આ છોકરાએ તમને તેમ સમજાવ્યુ લાગે છે

રતન અને સાહેબની નજર એકી સાથે મુકુદપર પડી મુકુદનુ મ્હો ફીકુ ફચ્ચ પડી ગયુ સાહેબ સમજ્યો કે મુકુદ બ્હીનો છે તેને બ્રાહ્મણની બીક લાગે છે તેને અભયદાન આપવા માટે તેણે રતનને કહ્યુ, " તેણે ગમે તે કહ્યુ હોય પણ તને રાચિ લઇ જવો પડશે "

રતન–કેમ ?

હાલિ–અનતપુરમા હવે તુ રહી શકશે નહિ.

રતન–તે તો હુએ સમજુ છુ. અનતપુર છોડવા ખાતર જ ઘર છોડી નીકળ્યો છુ જતા પહેલા રાજકુમારી ખાતર એકાદ બે વાતો કહેવા માટે જ હુ આનદદેવ પાસે જતો હતો તેનુ ફળ મને મળ્યુ છે હવે વધારે બોલવાની ઇચ્છા નથી સાહેબ, મને છોડી દો હુ અનતપુર છોડી જાઉ છુ

હાર્લિ-આવી સ્થિતિમા છોડી દેવાની ઇચ્છા નથી થતી રાચિ જઇ તારી સાથે આનદની વાતચીત કરીશ, ત્યાર પછી છોડી દઇશ.

રતન સમજી ગયો કે સાહેબ મશ્કરી કરે છે રાણિ લઇ જઈ કેદમા હડસેલી મકશે આવા ઇરાદાથી તેણે પૂછ્યુ 'રાણિ લઈ ગયા વિના નહિ છોડો ?"

હાર્લિ–આવી પ્રિય વસ્તુને કેવી રીતે છોડુ ?

રતન–હુ રાણિ નહિ આવુ

હાર્લિ–તારે આવવુજ પડશે

રતન–એવો શક્તિમાન મે જોયો નથી કે જે આ રતનને ઇચ્છા વિરુદ્ધ કોઇ પણ સ્થળે લઇ જાય

હાર્લિ–હવે જોજે

રતન—તમે શુ નિર્દોષ આદમીના ગળાપર છરી ફેરવવા માગો છો? મારી ઇચ્છા વિરુદ્ધ કામ કરાવવુ એ કંઇ તમારા જેવા વાનરનુ કામ નથી

મુકુંદ અને સિપાહીઓ સમક્ષ પોતાનુ અપમાન થતુ જોઇ હાર્લિ ગુસ્સે થઇ ગયો, ગાળોનો વરસાદ વરસાવતા તેણે રતનના શરીર પર લાત મારી

આ અપમાન રતનથી ન સહન થયુ એક ક્ષણમા તેનો ક્રોધ પ્રદિપ્ત થઇ ગયો તેણે કેસરી સિંહની માફક ત્રાડ પાડી કચેરી અને રાજમહેલ સાથે ભટકાઈ એ અવાજ આખા મેદાન પર ફરી વળ્યો બધા દિગ્મૂઢ થઈ ઉભા

હાર્લિ પણ ચમક્યો! માણસના કંઠમાથી આવો ભયંકર અવાજ નીકળે ખરો! આટલા બધા સિપાહીઓ છતા તે પોતાને અસહાય માનવા લાગ્યો મુકુંદ તો સાહેબની પીઠપાછળ જઇ ભરાયો

ત્રાડ પાડયા પછી રતને શરીર ધુણાવ્યુ એક ક્ષણમા પહેરગીરો ભાગ્યવિનાના રૂના પૂમડાની પેઠે દૂર ફેકાઇ ગયા આ બધુ જોઇ સાહેબ ગભરાયો તે સમજી ગયો કે હવે નાઠા સિવાય છૂટકો નથી પરન્તુ આટલા બધા લોકો સમક્ષ નાસવુ એ તેના જેવા શક્તિમાન પુરુષને માટે અસભવિત હતુ.

રતને પણ તેને ફરીથી પ્રહાર કરવાનો અવસર ન આપ્યો સાહેબ કઇ નિશ્ચય કરે તે પહેલા તેણે તેને પકડયો બ્રાહ્મણના લોખડી પજામા સપડાએલો હાકિમ કાષ્ટમય પુતળુ બની ગયો તેના હાથ પગ જકડાઇ ગયા

સાહેબને પકડાએલો જોઇ મુકુન્દનાઠો નાસતી વેળા તેણે એક નોકરને કહ્યુ કે, "મારા પિતાને ખબર આપ કે જેમ બને તેમ જલદી જીવ બચાવવાની પેરવી કરે "

સાહેબને ભયમા આવી પડેલા જોઇ સિપાહીઓ જીવની માયા છોડી રતન પર હુમલો કરવા લાગ્યા રતને તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો પણ તેઓ ન અટકયા હવે રતનને લાકડીની જરૂર પડી તેણે ધાર્યુ હ્યુ કે લાકડી સાથે ન લાવવામા મોટી ભૂલ થઈ ગઈ છે એ દરમિઆન બે ચાર ધા તેની પીઠ પર પડ્યા પણ ખરા હવે આ કાયર શિયાળોને કઇક શિખામણ આપવાનો તેણે વિચાર કર્યો

રતને સાહેબને અભયદાન આપ્યુ કહ્યુ કે "મારા વડે તમારૂ કઈ અનિષ્ટ નહિ થાય હુ ખૂની નથી હુ રાજકુમારીનુ દુ ખ તમને જણાવીશ થોડીવાર થોભો આ બાયલાઓને એક નિ શસ્ત્ર વૃદ્ધ પર લાકડી ચલાવવાનુ ફળ બતાવી આપુ જો તમે પુરુષત્વનુ અભિમાન રાખતા હો તો અહીથી જશો નહિ "

એમ કહી રતને સાહેબને છોડી દીધા સાહેબને વાગે એ ખાતર સિપાહીઓને અત્યાર સુધી બીતા બીતા લાકડીઓ ચલાવવી પડતી હતી, હવે તેઓના હાથ છૂટા થયા રતન વડભણી દોડયો

સિપાહીઓએ ધાર્યું કે રતન જીવ બચાવવા નાઠો છે તેઓ જયના પોકારો કરતા કરતા તેની પાછળ દોડયા સૌની આગળ લાકડીવાળા સિપાહીઓ ને પાછળ બીજા સિપાહીઓ કીકીઆરી કરતા જવા લાગ્યા પ્રેક્ષકોના પણ ટોળેટોળા આ જગ જોવા મળ્યા હતા અત્યાર સુધી તેઓ રતનને જોઇ શકતા નહોતા! શુ બને છે તે બરાબર જાણી શકતા નહોતા હવે સિપાહીઓને કેડના જોઇ તેઓને કઇક જોવાનુ મળ્યુ

પ્રકરણ ૧૨ મું

અભિમાન તૂટ્યુ

રતનની ત્રાડ બ્રાઉને સાભળી હતી. તે પણ એ શબ્દ સાભળી ચમક્યો હતો અને પોતાના સહચરને વિપત્તિમા આવી પડેલો જાણી તેની મદદે દોડયો હતો

આવતા આવતા તેણે જોયુ કે ડોસો નાસે છે, અસખ્ય સિપાહીઓ તેની પાછળ દોડે છે તેણે અનુમાન કર્યું કે ડોસાએ હાર્લિનુ ખૂન કર્યું છે અથવા તેને સખત ઘાયલ કર્યો છે નહિ તો આટલા બધા માણસો તેને પકડવા શા માટે દોડે? ડોસાનુ અગરખુ પણ નાકમાથી વહેતા લોહીથી ખરડાયુ હોવાથી બ્રાઉનને શક પડે એ વાસ્તવિક હતું

તે હાર્લિ પાસે દોડયો હાર્લિને અક્ષત શરીરે ઉભેલો જોઈ તેણે તેને 'ડોસાએ કંઈ માર માર્યો છે કે નહિ, એવો પ્રશ્ન પૂછ્યો પણ જવાબ ન મળ્યો

હવે પ્રાઉને વિચાર કર્યો કે ડોસો કંઈક નડ મળતા નાઠો હશે, તેથી સિપાહીઓ હાર્લિના હુકમથી તેને પકડવા દોડયા હશે તે સમજી ગયો કે અહંકારી હાર્લિનું ડોસાએ ભયંકર અપમાન કર્યું હોવાથી જ તે બોલતો નથી

ડોસો શું કરશે એ જોવા ખાતર તે ત્યાંથી દૂર જવા લાગ્યો.

હાર્લિ ચિંતાસાગરમા ડૂબી ગયો હતો ડોસાનુ અસાધારણ બળ તેને નવાઇ પમાડતુ હતુ બળવાન તરીકે હાર્લિ સ્વદેશમા પંકાતો હતો પટ્ટા ખેલવામા અને મુક્કાબાજીમા તેણે ઘણા ઇનામો મેળવ્યા હતા આજે એ ગૌરવને આઘાત લાગ્યો

હાર્લિએ વિચાર્યું કે આ ડોસો શું ગાડો છે? તેણે મારો હાથ પકડતા એટલું બધું બળ વાપર્યું હતુ કે તે અનાયાસે મારો હાથ ભાગી શકત! પરંતુ તેણે મને કંઈ ઇજા ન કરી! તેની આંખોમા ગુસ્સાનુ ચિહ્ન પણ જણાતુ નહોતુ એવા માણસને ગાડો શી રીતે ગણું? વળી મે તેની સાથે વાતચીત કરી તેમા પણ ગાડાઇ તો નહોતી જણાતી

તેમા પણ મુકુંદના વ્યવહારથી તે બહુ ગુસ્સે થયો હતો મુકુંદને બચાવવા ખાતર તે અહીં આવ્યો હતો મુકુન્દને બચાવવા ખાતરજ તેણે ડોસાને માર માર્યો હતો વૃદ્ધના મુખના વચનો સાભળવાને પણ તે તૈયાર નહોતો કેવળ મુકુંદ ખાતર! પોતાના સહચર પાસેથી તિરસ્કાર મેળવ્યો તે પણ કેવળ મુકુંદ તેને વિપત્તિમા આવી પડેલો જોઇ નાઠો!

અહંકારનુ સ્થાન લીધુ શરમે અનુતાપથી હાર્લિનુ હૃદય વિંધાઇ જવા લાગ્યુ મુકુદ પર તેને તિરસ્કાર આવ્યો તેનો થોડો ઘણો ભાગ આનદદેવને પણ મળ્યો

ડોસાની સાથે વાતચીત કરતા હાર્લિ સમજ્યો હતો કે રાજ-કુમારીની કઇ અગવડ ટાળવા ખાતર તે આનદદેવને મળવા જતો હતો એ માટે જ તે મુકુદને મળ્યો હતો પરતુ ભાગ્યયોગે પરિણામ ઉલટુ આવ્યુ છે ભુદ્ધાને પ્રતિકારને બદલે પ્રહાર મળ્યો છે

ચિંતાની જ્વાળામા હાર્લિ ક્રમેક્રમે અસ્થિર થવા લાગ્યો ડોસાથી માડીને મુકુદ, આનદ, રાજકુમારી, રાજા, અગ્રેજ, અગ્રેજોની શાસન નીતિ વગેરે મેકડો ચિંતાના વિભિન્નમુખ પ્રબળ પ્રવાહમા પડી તેનુ મગજ ભમવા લાગ્યુ

તે થોડા જ સમયથી રાચિ આવ્યો હતો એ દરમિયાન અનતપુરના સમાચાર તેના સાભળવામા આવ્યા હતા તો પણ તે બધુ બરાબર સમજી શક્યો નહોતો તેણે સાભળ્યુ હતુ કે રાજા ગાડો છે, તે માટે રાજ્ય ચલાવવાની જવાબદારી સરકારે હાથમા લીધી છે આનદદેવ સરકારી પ્રતિનિધિ છે

આ પ્રસગ અગાઉ એકાદ બે વાર તે અનતપુર આવ્યો હતો તેણે આનદદેવને જોયો હતો, તેના પુત્રને પણ જોયો હતો પણ રાજાને કે તેના મબધીમાના કોઇને જોયા નહોતા રાજમહેલ દૂરથી નિહાળ્યો હતો. માત્ર અદર પ્રવેશ કર્યો નહોતો

રાજા, રાજકુમારી અને રાજ સબધીનો બધો પ્રસગ તેને સમસ્યામય જણાયો તે વિચારના પ્રવાહમા ઘસડાતો ઘસડાતો પોતાને સ્વપ્નમય કિનારાની પાસે આવી ઉભેલો સમજવા લાગ્યો

તેણે ડોસાને જાયો છે, હવે તે એ ડોસાના સહચર રાજાને પણ જાણે પ્રત્યક્ષ નિહાળતો હોય તેમ જણાવા લાગ્યુ, તેણે જોયુ કે એ કિનારે ઉભા રહી રાજા, રાણી, રાજકુમારી, રાજના સબધીઓ વગેરે બધા એક બીજાના હાથ પકડી પોતપોતાનો ધર્મ, જ્ઞાન, સસ્કૃતિ, સત્યપ્રિયતા ઇત્યાદિ એક એક વિકસેલા સૌરભમય ફુલો શુકમા બોળી કાદવથી ભરપૂર ઊંડા ખાડામા ફેકે છે !

દૂરથી વળી એક ભયકર શબ્દે આવી હાર્લિના સ્વપ્નને આઘાત કર્યો તેણે માથુ ઉચુ કરી જોયુ કે બ્રાઉન એક ટેકરી પર ઉભો ઉભો કઇ જૂએ છે અને આનદથી તાળીઓ પાડે છે

તેને પણ જોવાની મરજી થઇ તે એ ટેકરી તરફ દોડયો

પ્રકરણ ૧૩ મુ

અપૂર્વ લડાઇ

અગાઉ કહ્યુ છે તેમ કઠોર ચિતામા સપડાયેલા હાર્લિને તજી બ્રાઉન બ્રાહ્મણનુ પરિણામ જાણવા માટે દોડયો હતો થોડે દૂર ગયા બાદ તે સમજ્યો કે એ ડોસાની પાસે જવાનુ બની શકે તેમ નથી હાર્લિની પાસે જતા અને ત્યાથી પાછા આવતા બહુ વિલબ થયો છે આથી તેણે દૂરથી જોઇ શકાય એવી જગ્યા શોધવાનો વિચાર કર્યો તળાવની પાસે એક ઇંટોનો ટેકરો પડયો હતો, તેના પર માટીનુ આવરણ એવુ તો દઢ થઈ ગયુ હતુ કે કુદરતી ટેકરી જેવો તેનો દેખાવ જણાતો હતો બ્રાઉન એ પર ચઢી જોવા લાગ્યો

તેણે જોયુ કે બ્રાહ્મણ હજુ દોડયો જાય છે સિપાહીઓ તેની પાછળ દોડયા જાય છે જો કે તેઓ હજુ તેને પકડી શકયા નથી તો પણ બ્રાઉનને જણાયુ કે હવે પકડવામા બહુ વાર નહિ લાગે. ડોમાની ઓછી બુદ્ધિથી તેને બહુ દુ ખ થયુ ડોમો વડ તરફ શા માટે દોડે છે ? ત્યા તે કવી રીતે બચાવ કરી શકશે ? કોઇ ગામડા તરફ દોડયો હોત તો કદાચ બચાવ કરી શકવાની આશા બધાત બ્રાઉન ડોમાને અક્કલહીન માનવા લાગ્યો

એક ક્ષણમા તેના વિચાર બદનાયા બ્રાઉને ધાર્યુ કે આ અક્કલહીન ડોસાએ હાર્લિનુ ભયકર અપમાન કર્યુ હશે ! હાર્લિ ગુસ્સાખોર હોવાથી તેણે તેને માર્યો હશે હાર્લિ પર બ્રાઉનને જેટલો ક્રોધ ચઢયો હતો તે ડોસાની અક્કલહીનતાને લીધે અર્ધો થઈ ગયો !

તો પણ બ્રાઉન જોવા લાગ્યો ડોમો પકડાવાની અણી પર હતો, એવામા વારવાર ઝબકતી વિદ્યુલ્લતાની માફક પડદા પાછળના કોઈ એક અજ્ઞાત પ્રદેશમાથી એક અપૂર્વ સુદરી બાલિકા ડોમાની પાસે આવી પહોચી તેણે આવી વૃદ્ધને એક લાકડી આપી

ડોમાએ આગ્રહપૂર્વક લાકડી ગ્રહણ કરી, બાલિકા પણ જોતજોતામા અદશ્ય થઇ ગઈ

બ્રાઉનની દષ્ટિ એ મેદિની બેદી એ અનિશ્ચિત ભૂભાગને વિલોકી એ અપૂર્વદષ્ટ વસ્તુ ખોળવા લાગી પણ પત્તો ન મળ્યો ચક્ષુ એકવાર વડના ફળ રૂપે તેની માગણી કરવા લાગ્યા, પણ ફળ ન મળ્યુ

હવે ઘટના સ્થળની વાત કરીએ રતનના હાથમા લાકડી આવી છે તેની ગતિ થભી છે રતનને ઉભો રહેલો જોઇ સિપાહીઓ પણ ઉભા રહ્યા ટોળુ પણ ઉભુ થઈ રહ્યું

લાકડીવાળાઓ હવે સમજ્યા કે બ્રાહ્મણ શા માટે દોડતો હતો એ દોડાદોડ નાસવા માટે નહોતી, પણ તેઓને શિક્ષા કરવા માટે જરા ઉતાવળ માત્ર હતી આથી હવે આગળ પાછળનો વિચાર ન કરતા કોણ યમદૂતને ભેટવા આગળ વધે ? બધા આગળ પાછળનો વિચાર કરતા ઉભા ડોસાને પકડી બંદીવાન બનાવવાનુ કામ અતિ સામાન્ય મળે તેમ હોવાથી, હવે તેને પકડવા જતા જીવતર ગુમાવવાનુ કોઇને વ્યાજબી લાગ્યુ નહિ.

રતન મોટે સાદે બોલી ઉઠયો, "તમે એક એક લડવા માગો છો કે બધા સાથે આવવા માગો છો ?

એમ કહી તે પોતાનુ શરીર ટટાર કરી લાંબી લાકડીને આધારે ધ્રુરકતા વાઘની જેમ ઉભો રહ્યો બધા તેના સામુ જોવા લાગ્યા. કોઇ આગળ વધવા તત્પર ન થયુ

રતને બીજી વાર તેઓને આમંત્રણ કર્યું પણ જવાબ ન મળ્યો બધા સાથે હલ્લો કરે તો પણ તેમાના અનેક મરવાના જ ધડબડસિંગે વિચાર્યું કે " બ્રાહ્મણ મારા તરફ જૂએ છે માટે મને પહેલો મારશે " કૃતવાખાએ ધાર્યું કે " મે દોરી પકડી હતી માટે મારૂ તો આવી જ બન્યુ " આ રીતે પોત પોતાનુ મૃત્યુ કલ્પી લઈ સિપાહીયો તો શાંત થઈ ઉભા રતને ત્રીજીવાર તેમને લડવાનુ આમંત્રણ કર્યું સિપાહીઓમાનો એક સાહસ કરી આગળ વધ્યો. તેણે રતન પાસે જઈ તેના પગ આગળ પોતાની લાકડી મૂકી દીધી અને તેના ચરણમા નમન કરી ક્ષમા માગી તેણે કહ્યું, " ગુરૂજી, અપરાધ ક્ષમા કરો. "

રતન અત્યાર સુધી તેને ઓળખી શકયો નહોતો. તે અવાજ

સાંભળી ચોંકયો તેણે કહ્યું, " સદાશિવ ! " સદાશિવ માથું નીચું કરી ઉભો રહ્યો

સદાશિવ રજપુત હતો દશ વર્ષ પહેલાં તે રતનની પાસે કુસ્તી અને લાકડીના પટ્ટા ખેલવાની કળા શીખ્યો હતો ત્યાર બાદ તે ઘણાં રજવાડામાં નોકરી કર્યાબાદ થોડા દિવસ થયા અનંતપુર આવ્યો હતો

અનંતપુર આવ્યા બાદ તેને બધી બાતમી મળી હતી આનંદદેવે તેને સુબેદાર બનાવ્યો હતો, કોઈ એક કામ બગડવાનો ભય હોવાથી તે રતનને મળી શકયો નહોતો એટલે બીજા સીપાઈઓ સાથે તેને પણ ગુરૂદેવની પાછળ દોડવું પડયું હતું પરંતુ શરમનો માર્યો તે આગળ આવી શકયો નહોતો પાછળ જ રહ્યો હતો પરંતુ રતને વારંવાર આમંત્રણ કર્યું એટલે અનુતપ્ત હૃદયે ગુરૂજીના પગમાં જઈ પડયો તેણે પોતાના અપરાધની ક્ષમા માગી

પણ ગુરૂજી કોઈનો ગુન્હો કબુલ રાખે તેવા નહોતા તેમાં પણ શિષ્યપર તો સદા કૃપાળુ જ હતા રતન પોતાના શિષ્યોને પુત્ર સમાન માનતો હતો તેણે સદાશિવને આશીર્વાદ આપ્યા અને તેના સાથીઓનો અભિપ્રાય જણાવવાની ઇચ્છા દર્શાવી

સદાશિવે કહ્યું, " ગુરૂજીની સમક્ષ લાકડી પકડે એવો શક્તિમાન અમારામાં કોઈ નથી તો પણ ગુરૂજી અભયદાન આપે તો અમે બધા મળી આપની સાથે લાકડીની રમત રમીએ "

જરા હસી રતને અભય આપ્યું સદાશિવે પાછા ફરી પોતાના સોબતીઓને જણાવ્યું જીવ જવાની બીક ટળવાથી બધા લાકડીના પટ્ટા ખેલવાનો આગ્રહ દર્શાવવા લાગ્યા બધા આનંદના પોકારો

ફરવા લાગ્યા પ્રેક્ષકોએ જાણ્યુ કે લડાઇ જામી છે બધા નાસ-વાનો માર્ગ ખોળવા લાગ્યા

આ તરફ સિપાહીઓ રતનનો હલ્લો ખાળવા માટે તૈયાર થઇ ઉભા રતન હલ્લાની શરૂઆત કરતા પહેલા ગર્જના કરી ઉઠયો. ત્યારબાદ પ્રતિસ્પર્ધિ સિપાહીઓ ઉભા હતા તેથી ઉલટી દિશામા દોડવા લાગ્યો દોડતા દોડતા વિદ્યુતગતિએ પાછો ફર્યો ત્યાર-બાદ ભયકર કીકીઆરી કરી ‘ હગ હગ ’ શબ્દ બોલતો સિપાહી-ઓના ટોળામા જઇ પડયો લાકડીના અવાજથી મેદાન ગાજી ઉઠયુ.

બ્રાઉન આ અદ્ભુત દશ્ય જોવા લાગ્યો, અને અતિશય ઉલ્લાસમા આવી જઇ હાથતાળી પાડવા લાગ્યો

હાર્લિ પણ એ દેખાવ નિહાળવાનો લોભ છોડી શકયો નહિ થોડીવારમા તે પણ બ્રાઉનની પાસે આવી ઉભો તેણે ટેકરીપર ચઢી જે જોયુ તે જીવનમા કદી વિસરાય તેવુ નહોતુ હાર્લિએ જોયુ કે એક તરફ એક ડોસો અને સામે સો કરતા પણ વધારે સિપાહીઓ લડાઈ મચાવતા હતા, ડોસો એવી ચચળ ચાલે લડાઇ મચાવતો હતો કે એકી સાથે સો જણાને પહોચી વળતો હતો

જોત જોતામા સો સિપાઇઓ હારી ગયા બધાએ નીચા પડી રતનને નમસ્કાર કર્યા પ્રેક્ષકો આ જોઇ નવાઇ પામ્યા જેઓ લાકડીઓ ઉડતી જોઇ નાસી ગયા હતા તેઓ પણ પાછા આવ્યા.

લડાઇમા કોઈ ઘવાયુ નહિ એકાદ બે ખેલાડીઓ બ્રાહ્મણની સાથે છેવટ સુધી લડયા હતા તેઓને કોઇ કોઇ જગાએ જરાતરા વાગ્યુ હતુ તેઓ સમજી ગયા હતા કે ગુરૂજીએ કૃપા કરીને અમારાં ખૂન કર્યા નથી આટલાબધા લોકો સાથે ઝૂઝતા છતા રતનને શરીરે જરા પણ વાગ્યુ નહોતુ.

થોડીવારમા મેદાન ખાલી થઈ ગયુ બ્રાઉન હવે રતનને જોઇ શકયો નહિ તે ધીમે ધીમે ટેકરી પરથી ઉતરવા લાગ્યો ઉતરતી વેળા તેણે હાર્લિને જોયો અત્યાર સુધી તેનુ લક્ષ તેના તરફ નહોતુ હાર્લિને જોયા છતા તેણે તેની સાથે કઇ વાત ન કરી તે તેના તરફથી મ્હો ફેરવી નીચો ઉતર્યો જે દિશાએથી પેલી અદ્દષ્પર્વ બાલિકા પ્રકટ થઇ હતી તે તરફ તે જવા લાગ્યો

વળી તેની આખો સમક્ષ બ્રાહ્મણની દેવમતિ પ્રગટ થઇ રહી છે હવે તેને ખાત્રી થઇ છે કે આવો વિનયી પુરૂષ કદીપણ માણસ તો નજ હોય

પ્રકરણ ૧૪ મું

ગુરુ-દક્ષિણા

પોતાના મિત્રના તિરસ્કારથી હાર્લિ બહુજ મુઝાયો, તો પણ તે તેના પર ગુસ્સે થઇ શકયો નહિ. બ્રાઉનને તિરસ્કાર પ્રગટ કર-વાનો અધિકાર છે, પરતુ બ્રાઉન ઉપર ગુસ્સો પ્રકટ કરવાનો તેને કયા હક્ક છે ?

હાર્લિ તે ટેકરી પર ઘણીવાર સુધી ઉભો રહ્યો રતને તેને એક જગાએ ઉભા રહેવાનુ કહ્યુ હતુ, તેથી તે તેની રાહ જોવા લાગ્યો બ્રાઉન જતો હતો તે પર તેની નજર પડી

બ્રાઉન બગલા તરફ ન જતા વડના ઝાડ તરફ જવા લાગ્યો

હાર્લિએ જોયુ કે બ્રાઉન વડ નીચે જઇ પહોચ્યો છે, તે ઝાડ ઉપર, નીચે, ચોમેર કઇક શોધે છે ત્યાર પછી ત્યાથી સુવર્ણ-

રેખાને કિનારે જઇ પહોચે છે તે સમજી ગયો કે બ્રાઉન કઇક શોધે છે પણ મળતુ નથી

હાર્લિએ વિચાર કર્યો કે તે શુ શોધે છે? બ્રાહ્મણને! મારી વન-ણુકથી દુ ખી થઇ શુ તે મારે બદલે બ્રાહ્મણની ક્ષમા માગવા ઇચ્છે છે?

જોતજોતામા બ્રાઉન અદૃશ્ય થઇ ગયો પશ્ચાત્તાપમા તડફડતો હાર્લિ બબડી ઉઠયો, "હાય! મે શુ કર્યુ? નકામી ઉદ્ધતાઈ દર્શાવી મિત્રની પાસે માથુ નીચુ કરવુ પડયુ" મારી વર્તણુકને લીધે બ્રાઉન ને કદાચ એ વૃદ્ધની માફી માગવી પડશે તે કહેશે કે બધા અગ્રેજો કઇ હાર્લિ જેવા હોતા નથી અગ્રેજ યુવક વૃદ્ધ માણસો પર આસ્થા રાખે છે અસહાયને જોઇ સેવા કરવા દોડે છે સેવા કરવામા ગરભેદ મનમા આણતા નથી બેભાન શરીરપર લાતોનો વરસાદ વરસાવી પ્રીતિ રસ પેદા કરતા નથી

હાર્લિએ મનમા નિશ્ચય કર્યો કે બ્રાહ્મણ પાછો ફરે કે તરત સૌ પહેલા મારે તેની માફી માગી લેવી ત્યારપછી તેની વાત સાભળી જે કઇ કરવાનુ હોય તે કરવુ તેને જો પૈસાની જરૂર હોય તો જોઇએ તેટલા પૈસા પણ આપવા

પણ રતન તો નજ આવ્યો હાર્લિએ ચોતરફ જોયુ ક્યાય બ્રાહ્મણના પગલા નિહાળ્યા નહિ તે ટેકરી પરથી નીચે ઉતર્યો જ્યા ડોસાએ ઉભા રહેવાનુ જણાવ્યુ હતુ ત્યા જઇ ઉભો તેની રાહ જોતો તે ત્યા ઘણીવાર સુધી આમતેમ ફર્યો પણ રતન આવે તેવા ચિહ્નો જણાયા નહિ

હતાશ થઇ હાર્લિ બગલે જવા તૈયાર થયો એ વખતે તેને જણાવ્યુ કે એક યુવક પોતાના ભણી આવે છે

એ યુવક સદાશિવ હતો સદાશિવે સાહેબ પાસે આવી તેને સલામ કરી કહ્યું, "સાહેબ! શું તમેજ બ્રાહ્મણની રાહ જૂઓ છો?"

હાર્લિએ જવાબ આપ્યો, "હા!"

સદાશિવ—તે હવે નહિ મળે

હાર્લિ—તેણે મને અહીં મળવાનું જણાવ્યું છે!

સદાશિવ—તે ખરી વાત પરંતુ જે કામ સબબ તેણે આપની આગળ આવવાનું હતું તે કામ સિદ્ધ થયું છે

હાર્લિ—હું તેને મળવા માગું છું

સદાશિવ—તે તો અનંતપુર છોડી ચાલ્યા ગયા છે

હાર્લિને આ વચન પર ભરોસો ન બેઠો તેણે ધાર્યું કે બ્રાહ્મણ કેદ થવાની બ્હીકે ચાલ્યો ગયો છે તેણે સદાશિવને અભયદાન આપી કહ્યું, "તેને ખબર આપ કે સાહેબ તમને વચન આપે છે કે તેનો વાળ પણ વાંકો નહિ થાય"

સદાશિવે કહ્યું, "સાહેબ, હું જુઠું બોલતો નથી ખરેખર, તેઓ અનંતપુર તજી ગયા છે"

હાર્લિ—ક્યારે પાછા આવશે?

સદાશિવ—પાછા ફરવાની વાત અસંભવિત છે તમને જણાવવા ખાતર મને તેમણે અહીં મોકલ્યો છે

હાર્લિ—તેને મારૂં શું કામ હતું તે હું જાણી શકું ખરો?

સદાશિવ—ખચિત સાહેબ! પણ તેથી મને નુકસાન થાય તેમ છે.

હાર્લિ—નુકસાન? કોણ કરશે? તારે મારા તરફની કંઇ બ્હીક રાખવી નહિ

મહાશિવ—તમારા તરફથી નુકસાન ન થાય, પરંતુ આનંદદેવ જાણે તો મારી નોકરી જાય

સાહેબે તેને અભય આપ્યું સદાશિવે કહ્યું, "રાજકુમારી દાસી વિના અડચણ વેઠે છે તે અડચણ દૂર કરાવવા ખાતર રતન આનંદદેવની પાસે જતો હતો પણ તેમ કરવા જતા તેણે શું ભોગવ્યું તે આપથી અજાણ્યું નથી વારૂ, એ વાત જણાવવા માટે તેમણે તમને અહીં ઉભા રહેવાનું જણાવ્યું હતું પણ એ કામ પતી ગયું છે રાજકુમારીને મોમતણ મળી ગઇ છે, તેથી તેઓ તમારી પાસે આવ્યા નથી"

હાર્લિ—અગાઉ શું દાસી નહોતી?

મહાશિવ—અગાઉ તો બધું હતું સાહેબ! ફક્ત દાસી નો શું પણ કેટલીય ગરીબ સ્ત્રીઓ રાજ્યના અન્નથી પોષાતી હતી

હાર્લિ—હવે?

મહાશિવ—આનંદદેવે બધું જપ્ત કર્યું છે એકાદ બે દાસ દાસીઓ છે, પણ તેથી રાજા રાણીની પૂરેપૂરી સરભરા થતી નથી.

હાર્લિ—દાસી રાખી પણ તેને પગાર કોણ આપશે?

સદાશિવ—દાસી મારી સ્ત્રી છે, તેને પગાર આપવો પડશે નહિ તેના પિતા પાસે પુષ્કળ પૈસા છે પણ હું આનંદદેવની નોકરી કરૂં છું જો આ વાત તે જાણે તો મને કાઢી મૂકે

હાર્લિ—બ્હીશ નહિ યુવાન! મારા તરફથી તને કંઇ નુકસાન નહિ થાય પણ તમે પતિ પત્નીનો સંબંધ શી રીતે છુપાવશો?

સદાશિવ—અંતઃપુરમાં રહીશું ત્યાં સુધી અમે એક બીજાને મળશું નહિ.

હાર્લિ આંખો ફાડીને સદાશિવના મુખ સામું જોવા લાગ્યો,

તેણે જોયુ કે સુદર યુવક સ્થિર નેત્રે તેના ભણી જોઈ રહ્યો છે તેના વચનોપર અવિશ્વાસ રાખવા જેવુ કઇ નહોતુ હાર્લિ સમજ્યો કે બ્રાહ્મણના સબધમા બધુ સમસ્યામય છે

સદાશિવ સાહેબને સલામ કરી ચાલ્યો ગયો હાર્લિ આનદેવ પાસે જવા નીકળ્યો

પ્રકરણ ૧૫ મુ

નિર્દોષ કુતુહલનુ પરિણામ

સિપાહીઓ અને પ્રેક્ષકો ચાલ્યા ગયા બાદ રતને વચન પાળવા ખાતર સાહેબ પાસે જવાની ઇચ્છા દર્શાવી પરતુ ભારે શ્રમ અને નાકમાથી પુષ્કળ લોહી વહેવાથી તે બહુ થાકી ગયો હતો તેને થોડો સમય વિસામો લેવાની જરૂર જણાઇ માટે વડની નીચે બેઠો

ઝાડ બહુ જુનુ હતુ તેની વડવાઇઓ લાબા વખતથી જમીનનો રસ ગ્રહણ કરી કરીને અત્યારે સ્વતત્ર થડ જેવી બની ગઇ હતી તેની ઓથે બેસી આરામ લેવા લાગ્યો બ્રાઉન ટેકરી પરથી તેને જોઇ રહ્યો હતો, તે હવે તેને ન જોઇ શક્યો

હવે રતન નાગાયણી વિષે વિચાર કરવા લાગ્યો કહેવાની જરૂર નથી કે બ્રાઉને દૂરથી જે બાલિકાને જોઇ હતી તે નાગાયણી જ હતી. નારાયણીએ જ આજે રતનની આબરૂ રાખી હતી જો લાકડી ન મળી હોત તો આજે બ્રાહ્મણની દુર્દશાનો પાર ન રહેત

પરતુ નારાયણી અહી કેવી રીતે, કયે રસ્તે આવી શકી ? તેને કોણે ખબર આપી ? આવી તો પછી તરત કેમ ચાલી ગઈ !

રતન આ પ્રશ્નનો ખુલાસો મેળવા બહુ આતુર હતો પરંતુ નારાયણી તો ન આવી વડ પાસથી બ્રાઉનને જતો જોયો રતને તેને જોયો પણ બ્રાઉન તેને જોઈ શક્યો નહિ થોડીવાર આમતેમ નિહાળી બ્રાઉન સુવર્ણરેખા તરફ ચાલ્યો ગયો

પાછળથી સદાશિવે આવી બૂમ પાડી કે "ઓ ગુરુજી !"

રતને પાછુ વાળી જોયુ અને સદાશિવને પાછો આવેલો જોઈ પૂછ્યુ, "રસ્તામા સાહેબને જોયા ?"

સદાશિવ—ક્યા સાહેબ ? જે હમણા જ અહીથી ચાલ્યા ગયા તે કે જેણે આપનુ અપમાન કર્યુ હતુ તે ?

રતન—મારૂ જેણે અપમાન કર્યુ હતુ તે

સદાશિવ—તે હજુ ટહેલ્યા કરે છે

રતન—કોઇ બાલિકાને જોઇ ?

સદાશિવ—બાલિકા તો ઘણી જોઇ આપનુ અપમાન થયુ સાભળી અનતપુરની બાળાઓ પણ દોડી આવી હતી આપ કદાપિ રાજકુમારીની વાત કરતા હશો ?

રતન—તુ તેને ઓળખે છે ?

સદાશિવ—અનુમાન પરથી ઓળખી શકુ

રતન—મારા હાથમા લાકડી મૂકી તે ક્યા ગઇ ? હુ તેને માટે ચિંતાતુર બની ગયો છુ

સદાશિવ—ચિંતા રાખવાનુ કઇ કારણ નથી તે ઘેર ગયા છે

રતને આગ્રહપૂર્વક પૂછ્યુ કે "તે તેને જોઇ છે ?"

સદાશિવે રતનને આશ્વાસન આપી કહ્યુ કે હુ જ તેને મહેલમા મૂકી આવ્યો છુ.

રતન નિશ્ચિત થયો તેનો થાક ઉતરી ગયો હતો હવે ને હાલિની પાસે જવાની તૈયારી કરવા લાગ્યો

પરંતુ સદાશિવ ઘણી વાતો જાણવા આવ્યો હતો. નવારમા અચાનક નિર્દોષ બ્રાહ્મણ પર આવો જૂલમ શા માટે વર્ત્યો ' રાજકુમારીને મહેલ છોડી કેમ આવવુ પડયુ ? સદાશિવ આમાનુ કઇ સમજતો નહોતો

વિવેક ખાતર સદાશિવે આ બાબતમા કઈ નારાયણીને પૂછ્યુ નહોતુ હવે તેણે આ બધી બાબત જાણવા ખાતર રતનને પ્રશ્ન પૂછયા રતને બધી વાત કહી સભળાવી સદાશિવ સમજી ગયો કે સાહેબ હજુ ગુરુજીને મળવા માટે ફર્યા કરે છે તેથી રતને તેની પાસે જવાની તૈયારી કરતો જોઇ પૂછવા લાગ્યો, ' વળી એ નરાધમની પાસે જવાનુ કઈ પ્રયોજન છે ! "

રતને સાહેબ પાસે જવાનુ કારણ કહી સભળાવ્યુ સદાશિવ થોડી વાર ચુપ થઈ બેઠો રતને જોયુ કે તેના વિશાળ લલાટ પર ચિંતાની કરચોલીઓ પડી છે તેણે પૂછ્યુ, " સદાશિવ ! શુ વિચાર કરે છે ? "

સદાશિવનો ચિંતાસ્રોત અટકયો તેણે જવાબ આપ્યો, ' એ કાર્યનો ભાર આ દાસ ઉપાડી લે તો કઇ નુકસાન છે ? "

રતને કહ્યુ, " નુકસાન કઈ નથી પરતુ તુ જાતે સાહેબ પાસે જા, અને મારી વતી તેને થોડા શબ્દો સભળાવ એટલે હુ નિશ્ચિત થાઉ. '

સદાશિવે કહ્યુ, " હુ જાઉ છુ પણ હુ પાછો આવુ તે પહેલા આપ અનતપુર છોડી જશો નહિ "

રતને સમજાવ્યુ કે હવે વધારે વખત અનતપુરમા રહેવુ સહી-

સલામત ભર્યું નથી રહીશ તો વધુ મુશ્કેલીમા આવી નહિ પડુ એ કોણ કહી શકે તેમ છે ?

તો પણ સદાશિવ તેને રહેવાનો આગ્રહ કર્યો તેણે કહ્યુ, "કાશીપુરમા મારૂ સાસરૂ છે આપ ત્યા જાઓ. હુ માગ સસગ પર એક પત્ર લખી આપુ છુ આપ જો કૃપા કરી એ પત્ર લઈ જશો તો મારા પર ભારે આભાર થશે "

આ વિનતી રતનથી ના કબૂલ થઇ શકી નહિ તે ત્યાજ બેસી રહ્યો સદાશિવ સાહેબ પાસે ચાલ્યો સાહેબ અને સદાશિવ, વચ્ચે શી વાતચીત થઇ હતી તે અમે ગયા પ્રકરણમા જણાવી છે.

સાહેબની પાસેથી છૂટયા બાદ સદાશિવ કાગળ લખવા દોડયો. કાગળ લખી રતન પાસે ગયો. બ્રાહ્મણે તેનો પત્ર પાવડીમા ખોસ્યો

સદાશિવ ઘણે દૂર સુધી રતન સાથે ગયો અનતપુરના સીમાડા પર આવતા રતનની આખોમાથી આસુ વહેવા લાગ્યા સદાશિવે જમીન પર પડી ગુરૂદેવને નમન કર્યુ તેના માથે હાથ મૂકી બ્રાહ્મણે આર્શીવાદ આપ્યા વિદાય વખતે ગુરૂશિષ્ય વચ્ચે કાઇ વાતચીત થઇ નહિ. રતને મુગે મ્હોએ પીઠ ફેરવી સદાશિવને આશા હતી કે ગુરૂજી નારાયણી વિષે કઈક નવીન કહેશે, કોઇ કોઈ વખતે તેની સભાળ લેવાનુ ફરમાવશે આવી આશાથી તે થોડીવાર ઉભો રહ્યો પણ બ્રાહ્મણ ગયો તે ગયો જ સદાશિવની આખો થોડીવારમા બ્રાહ્મણની પવિત્ર મૂર્તિના દર્શનથી વિમુખ થઇ હતી

સાહેબ લોકોથી શિકારે ન જવાયુ બ્રાઉન આમ તેમ ભટકી પાછો આવ્યો તેને બ્રાહ્મણ ન મળ્યો. બાલિકા પણ ન મળી

થોડીવાર બાદ હાર્ડિ પણ બગલે આવ્યો. આનદદેવની સાથે તેની મુલાકાત થઇ હતી, કઈ વાતચીત થઇ નહોતી પલગની

નીચે ભગાઈ રહેવાથી દિવાન દારૂણ વેદના ભોગવતો હતો નોકરોએ આવી તેને તે સ્થાનેથી બહાર કાઢ્યો હતો પણ તેને સંપૂર્ણ સુસ્થ થતા ઘણો વખત લાગ્યો હાર્લિએ તેને થોડા પ્રશ્નો પૂછ્યા, પણ જોઇએ તેવા જવાબો ન મળ્યા તેથી તેને પાછુ ફરવુ પડયુ પરંતુ પાછા ફરતી વેળા તેણે હુકમ કર્યો કે પિતા પુત્ર બંનેએ મને બંગલે આવી મળવુ

બંગલામા બ્રાઉનની સાથે ફરી મુલાકાત થઈ હાર્લિએ પોતાનો ગુન્હો કબુલ કર્યો અને મહેરબાનની ક્ષમા માગી બંને મિત્રો વચ્ચે વળી મિત્રાચારી બંધાઇ

વીરચંદ્રના સંબંધમા જેટલુ જાણવામા આવ્યુ હતુ, તે બધુ બ્રાઉનને કહી સંભળાવી હાર્લિએ રાજાનુ ભલુ કરવાની તત્પરતા બતાવી તેણે કહ્યું, " ગમે તે રીતે રાજકુટુંબનુ દુખ ઓછુ કરવાનો પ્રયત્ન કરીશ "

સાંજરે બ્રાઉન ફરવા નીકળ્યો, બાળિકાનુ મુખ જોવા માટે તેના દિલમા આશાદેવી મધુર નકશા પાડ્યા કરતી હતી હાર્લિ આનંદદેવની રાહ જોતો બંગલામા જ બેસી રહ્યો

ફાગણ મહિનો પૂરો થવા આવ્યો હતો વસંતઋતુ પૂર બહારમા ખીલી રહી હતી રાજમહેલ પાસે આવેલ બાગમાના વૃક્ષો નવપલ્લવિત થઇ રહ્યા હતા આંબાવાડિઆમાના આંબા મુકુલિત થઈ રહ્યા હતા. કેટલાક તાંબાના જેવા રંગવાળા નવપલ્લવોથી આંબા ઢંકાઇ ગયા હતા

આ બધુ જોતો જોતો બ્રાઉન આગળ વધતો હતો એક ચેતન ઉદ્યાનલતા સિવાય એ સૌંદર્ય તેની આંખને અધુરૂ જણાતુ હતુ. તે

ફરતો ફરતો સુવર્ણરેખાને કિનારે આવી પહોચ્યો ત્યાથી થોડે દૂર ગનનની ઝુપડી આવેલી હતી ત્યારબાદ રાજા વીરચદ્રનો રાજમહેલ દેખાતો હતો જમણી તરફ સુવર્ણરેખા વાકી વળી જગલમા પ્રવેશ કરતી હતી

બ્રાઉનને મહેલ જોવાની ઈચ્છા થઈ થોડે દૂર ગયા પછી તેને જણાયુ કે તે તરફ દરવાજો નથી કયે રસ્તે અદર પ્રવેશ કરાશે તે તેને અગમ્ય જણાયુ મહેલની દિવાલને ઘસાઇ સુવર્ણરેખાનો પ્રવાહ ચાલ્યો જતો હતો એક હરણ મહેલની દિવાલની પડેલી બાજુએથી તે પ્રવાહ ઉતરી આ બાજુએ આવ્યુ, બ્રાઉને જોયુ કે પ્રવાહ ઉડો નથી

તેણે નદીને પેલે પાર જવાનો નિશ્ચય કર્યો તે દિવાલને હાથ ટેકાવી ધીરે ધીરે પાણીમા ઉતર્યો હરણ તેને જોઇ એક કુદકો મારી દિવાલની અદર જઇ પડયુ.

બ્રાઉન પાણીમા ઉતર્યો. પાણી ઘુટણપુર હતા અહી દિવાલ પુરી થતી હતી તે અદર ગયો એ સ્થળ રાજા વીરચદ્રના અત પુરનો ઘાટ હતુ. એક નાના સરખા દરવાજાથી શરૂ થઇ શ્વેત પત્થરના પગથિઆ નદીના પ્રવાહ સુધી જતા હતા અત પુરવાસિની સ્ત્રીઓ એ ઘાટે નહાવા આવતી પુરૂષોને ત્યા આવવાનો હુકમ નહોતો બ્રાઉન તો આ દેશના આચાર વ્યવહારથી તદ્દન અજાણ્યો હતો, તો પણ તે એટલુ તો સમજ્યો કે અહીં આવવામા તેણે ખોટુ કર્યુ છે.

દરવાજો બધ હતો આજુબાજુમા માણસનુ નામ નહોતુ. રાજ-મહેલમા શાતિ પ્રસરી રહી હતી. પોતાને કોઈ જૂએ તે પહેલા એ

સ્થળ છોડવાનો તેણે નિશ્ચય કર્યો- સ્થાન છોડતા પહેલા તેણે ચોતરફ નજર ફેરવી. સ્થળ હતુ અતિ મનોરમ, પણ અત્યારે પૂર્વની જાહો-જલાલી છોડી ધીરે ધીરે શોભા ગુમાવતુ ચાલ્યુ હતુ

બ્રાઉન જતો હતો, એવામા દરવાજાના બારણા ખખડયા કોઈ અદરથી બારણા ઉઘાડતો હોય તેવો ભાસ થયો તેણે તરત જ એ સ્થળ છોડયુ એક ક્ષણમા તે પાછો ફરવા પ્રવાહમા ઉતર્યો

નારાયણી બારણા ઉઘાડતી હતી તેણે પોતાના પ્રિય હરણને આખો દિવસ જોયુ ન હોતુ બાલિકાએ આખો દિવસ દિલગીરીમા પસાર કર્યો હતો પોતાના વહાલા મોટાભાઈનુ અપમાન થયેલુ જોઈ તેનુ અત કરણ ચિરાઈ જતુ હતુ આખો દિવસ તેણે રતન વિષે વિચાર કર્યા હતા, રાજા અને રાણીએ પણ આખો દિવસ ચિંતામા પસાર કર્યો હતો. હરણને તો બધા વિસરી જ ગયા હતા

હવે હરણ યાદ આવ્યુ એટલે નારાયણી કઈ ખાવાનુ લઈ તેને ખોળવા આવી બહાર આવી નારાયણીએ બૂમ પાડી 'શારી'

શારી કોણ જાણે કયાથી દોડી આવ્યુ લગભગ એક વર્ષ પહેલા શાહીની સાથે અમારા પ્રિય વાચકોને ઓળખાણ થઈ હતી આ એક વરસમા તો તે ઘણુ મોટુ થયુ છે, આખો દિવસ વીત્યા બાદ નારાયણીને જોઈ હરણ બહુ આનદ પામ્યુ તે નારાયણી સામે આવી નાચવા કુદવા લાગ્યુ નારાયણી બને હાથે ખાવાનુ લઈ તેને ખવરાવવા લાગી શારી ભોજન કરવા લાગ્યુ એટલે નારાયણી તેને પોતાની સુખદુ ખની વાતો કહી સભળાવવા લાગી, સુખદુ ખની વાતો સાભળવામા અત્યારે બાલિકા નારાયણીનુ સહચર આ હરણ જ હતુ

"શારી" એ શબ્દ પ્રાઉનને કાને ગયો કેવો મધુર અવાજ! પવન સાથે ભેળાઇ એ મધુમય કલરવ જાણે નદીપર ભમવા લાગ્યો

પ્રાઉન દિવાલની પાસે વહેતા પ્રવાહમા ઉભો હતો તે પાછો ફરી શકતો નહોતો, તેમ આગળ વધી પણ શકતો નહોતો તેની ચલનવલન કરવાની શકિત એ પણ નાશ પામી ગઈ હોય તેવુ જણાતુ હતુ, છુપી રીતે જોયુ એ પ્રાઉનને અસભ્યતા જેવુ જણાતુ હતુ પ્રાઉન બહુ મુશ્કેલીમા આવી પડયો કોઇ આવી સ્થિતિમા જૂએ તો કેવુ ખરાબ? તેણે મળ સ્થળે જવાનો નિર્ણય કર્યો તે નદી કિનારે જવા લાગ્યો

વળી મધુર અવાજ સભળાયો! આ વખતે તો અમૃતનો પ્રવાહ છુટયો, યુવક એ પ્રવાહમા ધસડાયો અમૃતનુ ઉત્પત્તિસ્થાન જોવાની તેને બહુ મરજી થઇ તેણે વિચાર કર્યો કે છુપી રીતે જોઇ ચાલ્યો જઈશ

અતિ ધીરે પ્રાઉન પાછો ફર્યો પ્રવાહમા ધીરે ધીરે ચાલવા લાગ્યો

નારાયણી શારીની સાથે વાત કરતી હતી મોટાભાઈ મારા કરતા પણ તને વધારે ચાહતા હતા મારો તો કોઈ કોઈ વખતે તિરસ્કાર કરતા હતા. પણ તારો તો કદી ન કરતા શારી! હવે એ મોટાભાઇ તો ગયા આપણુને બનેને ભૂલી ગયા છે, કદાપિ તે નહિ આવે ઝાડની ડાળ નમાવી હવે તને આંબાનો કોલ નહિ ખવરાવે —આ પ્રકારે નાના પ્રકારના દુખની વાતો નારાયણી શારીને સંભળાવતી હતી. પ્રાઉને છુપી રીતે એ છબી જોઇ લીધી.

બાલિકાનુ વિકસતુ શરીર, બે હાથમા પકડેલો થાળ, તેની સામે મ્હોં કરી, તેના મુખ સામુ જોઇ આખોનુ અદશ્ય ઓળખતું

હરણુ, ચોતરફ અસ્તગામી સૂર્યના પ્રસરતા અરુણ કિરણો, કેવો સુદર દેખાવ ! નવયૌવનની શોભા, સુવર્ણમયી પ્રકૃતિનો ઉપહાર ચો તરફથી આવી બાલિકાના શરીરને શોભાવી રહ્યો હતો !

બ્રાઉન એકી નજરે નારાયણીનુ મુખ નિહાળવા લાગ્યો હરણની સાથે વાત કરતા કરતા બાલિકાનો મધુમય કઠરવ, હૃદયમા ઉભરા સાથે પગથિએ પગથિએ ઉચો ચડતો હતો

બ્રાઉને આવી મૂર્તિ કદી જોઇ ન હોતી, આવો સ્વર કદી સાભળ્યો નહોતો તે આ દેશની ભાષા સમજતો નહોતો, માટે નારાયણીનો એક શબ્દ પણ સમજી શકયો નહિ. સમજી શકયો નહોતો માટે તે સ્વર તેને બહુ મધુર લાગતો હતો સ્વર્ગચ્યુત કલ્પનામય દેવગાનની માફક તેના કાનમા એ સ્વરો ધ્વનિત થતા હતા.

સ્વદેશમા સરોવર પ્રદેશના સુનીલ જલમય પહાડી સરોવરને કિનારે બેસી તેણે વસતની સધ્યા નિહાળી હતી અરુણમય ગગનના પડદામાથી રહસ્યમયી ચાતકીની વારવાર વરસતી સ્વર સુધાવડે તેણે કેટલીય વાર પોતાનુ હૃદય પલાળ્યુ હતુ, પણ આવી સધ્યા તેણે કદી જોઇ નહોતી; આવી તૃપ્તિ પણ તેણે કદી મેળવી નહોતી.

સૂર્યે અસ્ત પામતા પહેલા નારાયણીના મુખપર છેવટના કિરણો ફેકયા સોનેરી કમળ હજાર ગણી શોભા ધારણ કરી ઝબકયુ બેભાન બ્રાઉન બોલી ઉઠયો, " અહા ! શુ જોયુ "

બ્રાઉન કુળવાન અગ્રેજ હતો ગુણવાન હતો, યુવક હતો મોટા ઉમરાવનો વારસ હતો આવા માણસને આત્મસમર્પણ કરી વિલાયતની સેકડો સુદરીઓ પોતાને ભાગ્યશાળી માનવા તૈયાર હતી. વિલાયતમા બ્રાઉને હજારો સુદરીઓ જોઇ હતી. સ્વદેશમા તેણે

અનેક સુંદરીઓને સંધ્યાકાળના પ્રકાશમા સુખથી રંગતી જોઇ હતી. પરંતુ પરીક્ષિત કાંચનગૌરી અરુણકિરણથી પ્રતિફલિત થાય ત્યારે કેવી દેખાય તે તેણે સ્વપ્નમા પણ અનુભવ્યું નહોતુ નારાયણીનુ સૌંદર્ય અને છબી જેવી અવસ્થાભેદને લીધે બ્રાઉનનુ બાહ્યજ્ઞાન લુપ્ત થઇ ગયુ હતુ ! મુગ્ધ યુવક બોલી ઉઠયો હતો કે " અહા, હું શું જોઉ છુ "

એક જાતનો અજાણ્યો સંગ સાભળી નારાયણી ચમકી દિવાલ તરફ નજર કરતા જેવા તેણે બ્રાઉનને જોયો કે તરત તેના મુખમાથી ચીસ નીકળી ગઈ હાથમાથી થાળ પડી ગયો નાસવાને માટે બારણા તરફ દોડી, દોડતા બારણાના બારસાખ સાથે અથડાઇ 'મા' કહેતી બે ભાન થઇ પડી. " બીશ નહિ, બીશ નહિ ' કહેતી રાણી અંત પુરમાથી દોડી આવી. તેણે આવી જોયુ કે પોતાની પ્રાણપતિમા નારાયણી બે ભાન થઇ પડી છે રાણી રડવા લાગી દીકરીની છાતીએ હાથ મૂકી બોલી " મારી બેટી " ઉત્તર ન જ મળ્યો તેને ખભે લઇ તે રાજાને બોલાવતી બોલાવતી મહેલમા ગઈ

હતબુદ્ધિ બ્રાઉન ચોરની માફક ત્યાથી પલાયન કરી ગયો. બાલિકા જીવે છે કે મરી ગઇ તે જાણવા જેટલુ સાહસ તેનામા નહોતુ.

નારાયણીની ચીસ સાભળી રાજા પણ દોડયો આવ્યો આવતાં આવતા તેણે જોયુ કે એક સાહેબ સુવર્ણરેખાને કિનારે દોડયો જાય છે એ દરમિઆન રાણી નારાયણીને ઉપાડી મહેલમા દાખલ થઇ નારાયણી હજુ બેભાન હતી રાજાએ પૂછયુ, " શું થયુ ? " રાણીએ બેભાન નારાયણીને બતાવી. તે તેમ બનવાનુ કારણ જાણતી નહોતી, તેણે સાહેબને જોયો નહોતો એટલે વધુ કઇ કહી શકી નહિ.

નાસતા સાહેબને જોઇ રાજા નારાયણીની મૂર્છાનુ કારણ સમજી ગયો હતો, તેણે વિચાર કર્યો કે " આ શો જુલમ ! કયો કાયર આવો જુલમ મુગે મ્હોએ સહન કરે ? " સવારમા બ્રાહ્મણના થએલા અપમાને તે પોતાની જાતને અપમાનિત માની રહ્યો હતો બ્રાહ્મણને પડેલો માર તેના શરીરને સળગાવી રહ્યો હતો અત્યારે વળી આ શુ ? મારી પૌત્રી પર જુલમ ! વૃદ્ધ રાજાની અવસાદમય ધવનીમા લોહી ઝપાટાબધ ફરવા લાગ્યુ તેને વિચાર થયો કે અત્યારેને અત્યારે એનુ વેર લઉ પણ આ વખતે તો બ્રાઉન બહુ દૂર નીકળી ગયો હતો સાડસામા પકડાયેલા સાપની પેઠે વૃદ્ધ રાજા ધુફાડા મારવા લાગ્યો.

દાદીના ખોળામા સૂતા બાદ નારાયણીને ભાન આવ્યુ રાણીએ તેને બ્હીક લાગવાનુ કારણ પૂછ્યુ રાજાએ તેને એ પ્રશ્ન પૂછતા અટકાવી કહ્યુ, " કારણ મારી પાસેથી સાભળજે એને હેરાન ન કરતી ઘરમા લઇ જઇ શાત કર ! હવેથી સાવચેત રહેજે, નારાયણીને કદી એટલી બહાર જવા દઇશ નહિ ! "

પ્રકરણ ૧૬ મુ

વિષાદમય વિદાય

બ્રાઉનને આખી રાત ઉધ ન આવી નીચ કુતુહલતાને વશ થઇ તેણે જે કાર્ય કર્યું હતુ તે મનને ઘણુ સમજાવ્યા છતા મન નજ માન્યુ પશ્ચાત્તાપથી હૃદય સીઝાવા લાગ્યુ બાલિકાને કઇ નુકસાન થયુ છે કે નહિ તે જાણવાનો કઇ ઉપાય નહોતો પોતે દેશી ભાષાથી અજાણ્યો હતો તે કોઇને શુ પૂછે ? કેવી રીતે પોતાની નિર્દોષવૃત્તિ

પ્રગટ કરે? તેના વચન પર વિશ્વાસ પણ કોણ ગણે? હાર્લિપાસે મનોવેદના પ્રગટ કરવા જેટલુ સાહસ નહોતુ. તેમ કરવાથી કઈ પરિણામ આવે તેમ નહોતુ, ઉલટુ નિરપરાધી હાર્લિ પાસે માથુ નીચું કરવુ પડે તેમ હતુ અનુતાપદગ્ધ યુવક આખી રાત પથારીમાં પડયો પડયો તરફડવા લાગ્યો

સવારમા કોઇને કઈ ન કહેતા બ્રાઉન પગપાળો રાચિ ચાલ્યો ગયો તેણે નિશ્ચય કર્યો કે "દેશી ભાષાથી જાણીતા થઇ એકવાર અનતપુર આવીશ બાલિકાના હૃદયમા પિચાશ મૂર્તિની છબી રાખી આ જીવન ધારણ કરી રાખવાની શી જરૂર છે"

હાર્લિ પણ કઈ મહત્વનુ કામ કરી શકયો નહિ આનદદેવે આવી તેને સમજાવ્યુ કે રાજકુમારી માટે વધારે ખર્ચ કરવા માટે ઉપરિઅધિકારીઓની અનુમતિ લેવી પડે છે આપ જો હુકમ આપો તો હુ પણ રાજકુમારી માટે મરજી મુજબ દાસી નીમી શકીશ" પરતુ હાર્લિ આ બાબતમા લેખિત હુકમ આપી શકયો નહિ તેણે નક્કી કર્યું કે "આ બાબતમા ડેપ્યુટિ કમિશનર સાથે મસલત કરી હુકમ આપીશ"

ભોજન વખતે બંને મિત્રો એકત્ર થયા હતા. પરતુ એકબીજાના વિચારો છુપાવી તેઓ જુદીજ વાતચીત કરતા હતા

સવારમા હાર્લિએ પોતાના મિત્રને ન જોયો. નોકરને પૂછ્યુ તો તે કઇ જવાબ ન આપી શકયો. તેણે ધાર્યું કે બ્રાઉન ફરવા ગયો હશે, અનતપુરમા જ ક્યાક હશે. સવારના નાસ્તા વખતે બહુ રાહ જોઈ છતા બ્રાઉન ન આવ્યો હાર્લિને ચિંતા થવા લાગી તેણે ધાર્યું કે બ્રાઉનનો ગુસ્સો હજુ સૂધી શાત થયો નથી. તેણે બ્રાઉનને

ખોળવા માણસો મોકલ્યા મુકુંદ આવ્યો, તેને પૂછ્યુ તો કઇ જવાબ ન મળ્યો ખોળવા મોકલેલ માણસો પાછા ફર્યા, કોઇને ભાળ ન જ લાગી એક જણે ખબર આપ્યા કે સાહેબ રાંચિ તરફ જતા હતા કેટલાક કોલ લોકો મજૂરી કરવા અનંતપુર આવતા હતા, તેઓએ સાહેબને રાંચિ જતા જોયા છે

તોપણ હાર્લિ બ્રાઉનની રાહ જોતો તે દિવસે અનંતપુર રહ્યો સાંજરે રાંચિથી પત્ર આવ્યો ડેપ્યુટિ કમિશનરે તેને જેમ બને તેમ જલદી રાંચિ આવવાનો હુકમ કર્યો હતો

પત્ર વાંચી હાર્લિ નવાઇ પામ્યો તેને રાંચિ જવાનુ મન થતુ નહોતુ છતા હુકમને વશ થઈ અનંતપુર છોડવુ પડયુ જતી વેળા આનંદદેવ તેને વળાવવા આવ્યો અશુભ થવાની શંકા હૃદયમા પ્રગ-ટાવી હાર્લિ રાંચિ તરફ ચાલ્યો

ખંડ ૨ જો

પ્રકરણ ૧ લું

વિચિત્ર દ્વંદ્વ યુદ્ધ

કાશીપુરમા એક સમૃદ્ધશાલી જમીનદાર રહેતો હતો અને તેને લીધે જ ત્યા ઘણા આવી વસ્યા હતા તેમાના ઘણાખરા પૈસેટકે સુખી હતા કોઇ રાજાના કુટુબી હતા, કોઇ તેના અમલદારો હતા ! સુદર સુદર હવેલીઓ, રાજમહેલ, કચેરીઓ, દેવાલય વગેરેથી સજ્જ થએલુ આ ગામ દૂરથી એકાદ સુદર છબી જેવુ દેખાતુ હતુ

બે દિવસ બાદ રતન કાશીપુર આવી પહોચ્યો ગામને સિમાડે આવતા સૂર્ય અસ્તાચળગામી થયો જ્યારે તેણે ગામમા પગ મૂકયો ત્યારે સધ્યાકાળ થવા આવ્યો હતો કાશીપુરની શોભા નિહાળતો નિહાળતો બ્રાહ્મણ ગામમા આવી પહોચ્યો સદાશિવના સસરાનુ નામ હતુ શૈલજાનદ પત્રપર એજ નામનુ સરનામુ હતુ આવુ અટપટુ નામ યાદ રાખવાનુ અઘરૂ હોવાથી ગામમા શૈલીજાનદને બધા શલુભાઇ તરીકે ઓળખતા હતા એકાદ બે અતિ પરિચિત માણસો સિવાય બીજા બધા એ નામ જાણતા નહોતા ગામમા ખૂબ ખ્યાતિ છતા શૈલજાનદને એજ નામે કોઈ ઓળખતુ નહોતુ.

રતને એક માણસને શૈલજાનદ વિષે, પૂછ્યુ તેણે વિચાર કરી જવાબ આપ્યો કે "આ ગામમા તો એ નામનો માણસ જ નથી" રતને ધાર્યું કે આ માણસ ગામનો છતા બધાને ઓળખતો નહિ હોય બીજા કોઇને પૂછ્યુ એટલે તેણે જણાબ આપ્યો કે, "ગૈલજાનદ નામનો રાજાનો એક હાથી હતો ખરો, પણ તે તો દશેક વર્ષ પહેલા ગત થયો છે"

આ પ્રમાણે રતન જેને પૂછતો તે જવાબ આપતા કોઇએ કહ્યુ કે "શૈલજાનદ રાજાનો વડવો હતો તે તો જગન્નાથપુરીમા જગન્નાથજી સાથે ભળી ગયો છે" કોઇએ કહ્યુ કે "તે તો હતો મોટો જુગારી એક દિવસે રાજાની સાથે જુગાર રમતા તે લાખો રૂપીઆ જીત્યો રાજાએ તેને રમતા અટકાવવાનુ જણાવ્યુ, પણ એ તો લોભ ન દબાવતા રમવાજ લાગ્યો છેવટે એક દાવમા બધા પૈસા હારી ગયો રાજાના હાથમા હતી 'માછલી' અને તેના હાથમા હતી 'કાતર' એટલે લોકો તેને કાતર, કાતર કહી ચીડવવા લાગ્યા. અત્યારે એ ગૈલીજાનદ નથી, તેનુ ભૂત છે. તે હજુ રાજમહેલમા કાતર કાતર કહી બૂમાબૂમ કરે છે" આવી આવી વાતો સાભળતો રતન ગામમા ભટકવા લાગ્યો તે નવાઇ પામ્યો તેણે વિચાર કર્યો કે શુ મદાશિવ સસગાનુ નામ લખતુ ભૂલી ગયો હશે!

રસ્તાની બાજુએ એક સુદર સરોવર હતુ રતને ધાર્યું કે રૌલજાનદને શોધવા માટે હવે ફોકટની રાત શા માટે ગુમાવવી? અત્યારે તો વખતસર રાજાના દેવાલયનો અતિથિ થાઉં બે દિવસ થયા પરતુ ભોજન મળ્યુ નથી ગઈ કાલે થોડુ ખાવાનુ મળ્યુ છે. તે હાથ પગ ધોવા સરોવર તરફ ગયો

ત્યા સરોવરના પગથિઆપર એક યુવતી એક બાળકને મારતી હતી બાળક યુવતીનો છેડો પકડી ઉભો હતો યુવતીએ છેડો છોડવવાનો પ્રયત્ન કરતી હતી બાળક છેડો છોડતો નહોતો યુવતી પણ તેનાપર લાતોનો વરસાદ વરસાવતી હતી

ઘાટમા ઉતરતા રતને આ બનાવ જોયો તેણે જોયુ કે આ તો બને મુશ્કેલીમા ઉતર્યા છે બાળક હઠ મૂકતો નથી, સ્ત્રી પણ માર માર્યા સિવાય બીજુ કઇ કરી શકે તેમ નથી

તેઓને મુશ્કેલીમા જોઇ તે તેમની પાસે ગયો પાસે જઇ જોયુ કે યુવતી સુદરી છે, બાળક પણ સુદર છે સ્ત્રી છે પચ્ચીશેક વરસની, બાળક છે દશ વર્ષનો બાળકે ખેંચેલુ વસ્ત્ર, અગપરથી અર્ધુ ખસી પડેલ ઓઢણુ, વીખરાઈ પડેલા વાળ, ઢીલો પડી ગયેલો પોશાક પૂર્ણ યૌવન લાવણ્યથી ઝળહળી રહ્યો છે પાસે ક્રોધથી લાલચોળ બનેલુ મુખ લઈ ચદ્રમાને નીચોવી ઘડેલ પુતળાની માફક અપૂર્વ જીદ્દી બાળક ઉભો છે ! જાણે પૂર્ણ પ્રફુલ્લિત કમળની બાજુએ નવીન કમલની કળી ઉભી હોય તેમ એક બીજાનુ રૂપ એક બીજાને શોભાવી રહ્યુ છે

મુગે મ્હોએ માર મારવાનુ કાર્ય ચાલે છે સરોવરની પાસે થઇને કેટલાય માણસો જાય છે કોઇ આ દૃશ્ય જોતુ નથી. રતન તેઓની પાસે ગયો છતા તેમનુ ધ્યાન તે તરફ ન ગયુ સ્ત્રી તો બાળકને જે રીતે મારતી હતી, તેજ રીતે મારતી રહી, બાળક પણ અગાઉની માફક જીદ્દી બની ઉભો હતો

રતન વધારે વખત ચૂપ રહી શક્યો નહિ તે યુવતીને સંબોધી બોલ્યો, "શુ કરો છો બ્હેન ! બાળકને તે મરાય ?" અપરિચિત પુરુષને જોતા સ્ત્રી અગ ઢાકવાનો પ્રયત્ન કરવા લાગી પણ છોકરાએ

તેને તેમ ન કરવા દીધુ રતન સમજ્યો કે અત્યારે તો આ સ્ત્રીજ વધારે મુશ્કેલીમા છે તેણે તરત જ બાળકનો હાથ પકડ્યો અતિ મહેનતે સ્ત્રીનો છેડો છોડાવ્યો બાળકે છેડો છોડી રતનને પકડ્યો પોતાના નાના હાથ વડે તેણે રતન પર મુક્કીઓ ચલાવી બાળકના અત્યાચારથી રતનને બહુ આનદ થયો નારાયણી સિવાય બીજુ કોઇ તેના પર આવા પુલ વરસાવતુ નહોતુ વૃદ્ધનુ અપમાન થતુ જોઇ સ્ત્રી શરમાઇ ગઇ, વસ્ત્ર બરાબર પહેરી, છેડો ખોસી પ્રથમ તે બાળકની સાથે ઝૂઝવા તૈયાર થઇ ગઇ ત્યાર બાદ બાળકને છોડી મૂકવાની પ્રાર્થના કરતી બોલી, "આ દુષ્ટ બાળકને આપ નહિ સાચવી શકો, મને આપો "

રતને કહ્યુ, "મ્હે એને કબજે કર્યો છે ક્યા જવુ છે તે કહો એટલે ઉપાડી લઈ આવુ "

ખરી રીતે તો બાળક હજુ તેના કબજામા આવ્યો નહોતો તેણે બાળકને પોતાના શરીરપર ગમે ત્યા પ્રહાર કરવાની રજા આપી હતી અત્યાર સુધીમા બાળકે રતનની પાઘડી ભોયભેગી કરી મૂકી હતી વૃદ્ધના ધોળા વાળ ખુલ્લા થઇ ગયા હતા

યુવતીએ બ્રાહ્મણના વચનોનો અનાદર ન કર્યો તે બ્રાહ્મણની પાઘડી ઉપાડવા ગઇ પાઘડી ઉપાડતા તેને જણાવ્યુ કે એક પત્ર પણ જમીનમા રગદોળાય છે પાઘડીની સાથે પત્રપણ તેના હાથમા આવતાં તે પરનુ સરનામુ નજરે પડ્યુ સરનામુ વાચી તેણે બ્રાહ્મણના મુખ સામુ જોયુ

બ્રાહ્મણ હજુ બાળકની સાથે ઝૂઝતો હતો એટલે યુવતીએ સરનામુ બીજી વાર વાચી જોયુ ચોતરફથી અધકાર આવી મેદિનીને ઢાકી દેતો હતો, તેનો કઈક ભાગ પત્રપર પણ આવી પડ્યો,

અને રમણીની પિપાસાતુર નજરને અતૃપ્ત રાખી અશ્રુ પાસેથી ધીમે ધીમે ખસેડાવી લીધી બ્રાહ્મણ પાઘડી સાથે પત્ર લેવા ગયો પત્ર આપતા યુવતીનો હાથ જરા ધ્રૂજ્યો

વૃદ્ધ બ્રાહ્મણ તમારા જેવો રસજ્ઞ હોત તો ધારત કે સરનામાના અક્ષરોપર સોમરસ ચાપડેલો હશે તે રસ દૃષ્ટિદ્વારા મગજમા પેઠો હશે, અને તેથી યુવતીના મનને કેફમા ડોલાવ્યુ હશે પરતુ રસહીન બ્રાહ્મણે તો ધાર્યું કે એ અતિ પરિશ્રમનુ પરિણામ છે. બાળકની સાથે દ્વદ્વયુદ્ધ કરતા યુવતીને થાક ચઢયો છે માટે તેનો હાથ કપ્યો

પત્ર હાથમા લઇ રતને યુવતીને પૂછ્યુ, " શૈલજાનદ કોણ એ જાણો છો ?

'હા'

'હાશ, ઠીક થયુ તેને ખોળતા મને બહુ મુશ્કેલી પડી "

"આપ કયાથી આવો છો ?"

"બહુ દૂરથી બે દિવસનો રસ્તો કાપી અહી આવ્યો છુ "

"મારી સાથે આવો "

યુવતી શૈલજાનદનુ ઘર બતાવવા માટે બ્રાહ્મણને સાથે લઇ આગળ ચાલી પ્રહાર કર્યા છતા પ્રત્યુત્તર ન મળવાથી વૃદ્ધને દ્વદ્વયુદ્ધમા અજાણુ માની બાળકે દયાની દૃષ્ટિથી યુદ્ધક્ષેત્ર છોડી દીધુ. અને તે કઇ ઉપાય ન જણાવાથી બ્રાહ્મણને ખભે માથુ ગખી વિશ્રામ કરવા લાગ્યો

પ્રકરણ ૨ જું

શૈલજાનંદનું ઘર

આવું સુંદર 'શૈલજાનંદ' નામ 'શલુભાઇ' ક્યાથી બની ગયું? બાળપણનું 'ગોધિયો' નામ મોટપણે 'ગોવર્દ્ધન' થાય એ સ્વાભાવિક છે, પણ શૈલજાનંદના અદષ્ટમા આવી વિલોમ ક્રિયા કેમ થઇ? તે એટલે સુધી કે ગામમાનું કોઇ તેના મૂળ નામથી ઓળખે પણ નહિ જો એક યુવતીએ એ નામ ન સાંભળ્યું હોત તો આજે ગરીબ બ્રાહ્મણની શી દશા થાત એ સ્ત્રી ન મળી હોત તો રતનને કોઇ ધર્મશાળાનો આશરો લેવો પડત બ્રાહ્મણ પણ રસ્તે ચાલતા આવા જ વિચાર કરતો હતો ગામના લોકો જેનું નામેય જાણતા નથી તે માણસ કેવો હશે? એક વાર તેને એવું મન થઇ આવ્યું કે લાવને આ સ્ત્રીને પૂછી જોઉ વળી વિચાર કર્યો કે હવ તો થોડી વારમા શૈલજાનંદ સાથે મુલાકાત થશે, એટલે બધો શક દૂર થશે

યુવતીએ દૂરથી શૈલજાનંદનુ ઘર બતાવી દીધું તેણે કહ્યું 'પેલો મુખ્ય દરવાજો દેખાય છે ત્યાથી ઘરમા પ્રવેશ ન કરતા. થોડે દૂર જતા એક સાકડા રસ્તાપર એક નાનું બારણું આવશે તે રસ્તે ઘરમા જજો નહિ તો મેળાપ નહિ થાય." રતનનુ કૌતુક વધ્યું

તેણે પૂછ્યું—"કેમ?"

સ્ત્રીએ જવાબ ન દીધો બાળકને બ્રાહ્મણને ખભેથી ઉતરવાનું જણાવ્યું.

રતને કહ્યું, એતો થાકી ઉંઘી ગયો છે ”

પેલી સ્ત્રીએ રતનને ખભેથી બાળકને લઇ લીધો તે પોતાને રસ્તે પડી

પેલી સ્ત્રીએ મના ન કરી હોતતો રતન નાના દરવાજામાથી જ ઘરમા પ્રવેશ કરત પરંતુ મના થવાથી તેનુ કૌતુહલ વધ્યુ. તેણે વિચાર કર્યો કે લાવને મોટા દરવાજેથી જ અંદર જાઉં ?

દરવાજાની બંને બાજૂએ ઓટલા હતા તેમના એક પર બેસી એક માણસ ભાગ ઘુંટતો હતો. તેની પાસે ચાર પાંચ બેઠા બેઠા વાતો કરતા હતા વાતનો વિષય ભાગનો જ હતો અને તે સાથે વર્તમાનકાળને ભૂતકાળ ભળ્યો હતો ભૂતકાળ તો હંમેશા ગૃહસ્થ માણસ ગણાય છે પરંતુ દુખની વાત એ કે વર્તમાન કાળ તેવો થઇ શકતો નથી ભૂતકાળમા તો ભાગને અડતા જ નિશો ચઢતો પરંતુ વર્તમાન કાળમા તો ભાગ પેટમા જતા છતા નિશો ચઢતો નથી વધારે પ્રમાણમા સેવન કરી નિશો ચઢાવવાનુ કાર્ય પણ દુષ્કર છે. કારણ કે વર્તમાન કાળના ઉદરમા કેટલો બધો તફાવત છે ? ભૂતકાળના ઉદર હતા સ્થિતિસ્થાપક અનંત ખોરાકના કોઠાર જેવા. અત્યારના ઉદર સાંકડા, વ્યાધિગ્રસ્ત છે–ખોરાક મળે તો પણ સંઘરવાનુ સ્થાન નથી. વળી ખોરાક આપેય કોણ ? જૂના વખતના લોકો બીજાને ખવરાવી તૃપ્ત થતા, અત્યારના લોકો બીજાનુ ઝુંટવી લેવામાજ આનંદ માને ત્યારબાદ કોણે કોનુ ઝુંટાવી લીધુ, કેવી રીતે ઝુંટાવી લીધુ ઈત્યાદિ નાનો પ્રકારની વાતો સાથે શૈલજાનંદના સબંધમા પણ બે ચાર વાતો ધીમે સાદે કહેવાઇ ગઇ. એ વખતે રતન તેઓની પાસે આવી ઉભો વાતોમાં એટલા બધા મશગુલ થઇ ગયા હતા કે એ લોકોને રતનના આગમનનું ભાન રહ્યું નહિ. તેઓની વાતચીતમા ‘શણુભાઇ’નું નામ

એ ચાર વખત આવ્યુ આથી તેઓની વાતો રતનના સમજવામા ન આવી હવે તેણે વધારે ગહ ન જોતા પૃછ્યુ, " આ શુ રૌલજાનદનુ મકાન છે ?"

એક જણે જવાબ આપ્યો "ના."

એમાના એક જણુ સાથે રતનને અગાઉ મુલાકાત થઇ હતી. તે પરિચિત સ્વર સાભળી બોલી ઉઠયો, " હજુ તમે ભટકો છો' '

રતન—" રૌલજાનદનુ ઘર ખોળુ છુ "

બ્રાહ્મણના મુખમાથી બીજી વાર રૌલજાનદનુ નામ સાભળી તે માણસ ખડખડાટ હસી પડયો, તે હસતો હસતો બોલ્યો—" તેને શોધવો હોય તો યમરાજાને ઘેર જા અહી કેમ આવ્યો છે ? " પછી તે પોતાના મિત્રો ભણી જોઇ બોલ્યો, " શૈલજાનદ નામનુ જે ભૂત રાજાના મહેલમા રઝળે છે તેને શોધવા માટે આ ભાઇ પધાર્યા છે"

પેલા લોકો ડોસાનુ સાહસ જોઇ નવાઇ પામ્યા. અને તેને ગાડો માનવા લાગ્યા બધા એ રૌલજાનદ નામના ભૂતની વાતો કરવા લાગ્યા એક જણે તેનો સ્વર સાભળ્યો હતો, બીજાએ તેને એક હાથીને દબાવી મારી નખાતો જોયો હતો બધા રતનને એ ભૂતની શોધ પડતી મૂકવાની સલાહ આપવા લાગ્યા

રતને ઘરના માલીકનુ નામ પૂછ્યુ એ લોકો માલીકનુ નામ આપવાની આનાકાની કરવા લાગ્યા

એક જણે પૂછ્યુ, " આ ઘરના માલીકનુ તારે શુ કામ છે ?"

રતન—પ્રયોજન ન હોય તો પણ નામ જાણવામા શો દોષ છે ? "

કંઇ જરૂર નથી એવી ખાત્રી થતા તે માણસોએ ઘરના માલીકનુ નામ કહ્યું. રતન સલુભાઇનુ નામ સાભળી બધુ સમજી ગયો. તે જાણી ગયો કે સલુભાઈ એ શૈલજાનંદનુ અપભ્રંશ રૂપ છે

વધારે વાત ન કરતા રતને બારણા પાસે જઇ સાકળ ખખડાવી. બારણા અંદરથી બંધ હતા બે ચાર વખત સાકળ ઠોકી કહ્યુ, "કોણ છે અંદર, બારણા ઉઘાડો–" પણ કોઇએ જવાબ ન આપ્યો. પેલા લોકો આ તાલ જોવા લાગ્યા છેવટે રતન થાકી પાછો ફર્યો. એટલે પેલા લોકો હા હા કરતા હસી પડયા

રતને વિચાર કર્યો કે " આ તો ભારે મુશ્કેલી ! આખા દિવસનો ઉપવાસ કરી વળી અહીં કયા આવ્યો ? હવે તો આ ચિઠ્ઠી આપુ કે પરવાર્યો એવા વિચારથી તે પેલી સ્ત્રીએ જણાવેલા નાના દરવાજા તરફ વળ્યો

પ્રકરણ ૩ જું

રતનની દુર્દશા

અંધકાર ક્રમે ક્રમે ગાઢ બનતો જતો હતો રાજમાર્ગ છોડી થોડે દૂર જતા જ બ્રાહ્મણ ઠોકર ખાવા લાગ્યો. છેવટે તે પેલા સાકડા રસ્તા આગળ આવી પહોચ્યો રસ્તો એટલો બધો સાકડો હતો કે બે જણા સાથે મહામહેનતે ચાલી શકે તેવુ હતું બને બાજૂએ જંગલ પથરાએલું હતું. તેમા કાટાવાળા ઝાડો પાસપાસે ઉગ્યા હતા. તેની વચ્ચે એક સાકડી કેડી હતી, તે પણ કોઇ કોઇ જગ્યાએ તુટક થઇ ગઇ હતી.

એ સાકડે રસ્તે જતા રતનનુ મન અચકાયુ છેવટે શુ સાપના મુખમા પગ દેવો ! જો સદાશિવે ખાસ આગ્રહ ન કર્યો હોત તો જરૂર રતન પાછો ફરત આખો દિવસ ભૂખ વેઠયાથી તે બહુ ભૂખ્યો થયો હતો વિસામાની બહુ જરૂર હતી તો પણ રતન આગળ વધ્યો થોડે દૂર જતા એક માણસ મળ્યો તે સામેથી આવતો હતો રતનને જોઈ તેણે પૂછ્યુ, " તુ કોણ છે ? " રતને પ્રથમ તો કઇ જવાબ ન આપ્યો. તે તો ચાલવા જ લાગ્યો છેવટે બને પાસે આવી પહોચ્યા એક જણ રસ્તો ન આપે તો બીજાથી આગળ વધાય તેવુ ન રહ્યુ આવનારે ફરીથી પૂછ્યુ, " તુ કોણ છે ? "

આ વખતે પણ રતને જવાબ ન આપ્યો તેણે કેવળ તેને જવા માટે રસ્તો કરી આપ્યો

જવાબ ન મળવાથી તે બહુ ગુસ્સે થયો કઇક લૂખા સ્વરે બોલ્યો, " જવાબ કેમ આપતો નથી, ચોર છે કે ?"

" હુ વિદેશી છુ "

" રસ્તો ભૂલ્યો જણાય છે, પાછો ફર ! "

" આ રસ્તે શુ કયાય જવાતુ નથી ? કોઇ ગૃહસ્થને ઘેર ઓછામા ઓછી એક જ રાત વિશ્રાંતિ લેવાનો વિચાર છે "

" તારી આખો ફુટી ગઇ જણાય છે આ જગલ છે તે જોતો નથી ? અહીં તે ઘરબાર કયાથી ? "

" તમે પણ જગલ રૂપ જ છો ? કે શુ ઝાડની ડાળ પર વસો છો જો ઘરબાર ન હોય તો તમે કયાથી ફુટી નીકળ્યા ? " માણુસ બહુ ગુસ્સે થયો તેને ક્રોધ ચઢે એ સ્વાભાવિક હતુ. કોણ જાણે કયાથી એક વિદેશી માણુસ આવી સામો જવાબ આપે એ તેનાથી ન સહન થયુ ! અધારામા તેણે બ્રાહ્મણનુ મ્હો જોઇ લીધુ. તેણે

જોયુ કે ભાઇ સાહેબ ડોસાજી છે, એટલે ક્રોધથી કંપતા અવાજે કહ્યું, " આટલી ઉમરે અકાળ મોતે મરવાનો વિચાર થયો છે કે શુ ? પાછો ફર "

રતને ધીરેથી જવાબ આપ્યો, " રસ્તો મોકળો છે, મરજી હોય તો જઇ શકશો "

પણ તેણે કંઇ જવાબ આપ્યો નહોતો રતનને પાછો ફેરવવા આવ્યો હતો તેણે આગળ વધી રતનને ધક્કો માર્યો રતન તેનો ઉદ્દેશ અગાઉથી સમજી ગયો હોવાથી તૈયાર ઉભો હતો પેલો માણુસ આવ્યો ધક્કો મારવા, પણ પ્રત્યાઘાત એવો થયો કે તે પોતે પોતાનુ શરીર સાચવી શકયો નહિ પડી ગયો રસ્તાની બાજૂએ પડેલા કાટાથી તેનુ શરીર વીંધાઇ ગયુ રતને તેને ઉભો કર્યો હાથ પકડી ઉભો કરતા તેણે રતનનુ સામર્થ્ય જાણી લીધુ રતને કહ્યું, " કયા રસ્તે રૈલજાનદને ઘેર જવાશે તે બતાવ "

એ માણુસ રૈલજાનદનો નોકર હતો. જે છૂપા દ્વાર વાટે રતન ઘરમા પેસવા જતો હતો તે દ્વાર સાચવવાનુ તેનુ કામ હતુ રતનનો હુકમ સાભળી તે ગભરાયો તે ધ્રુજતો ધ્રુજતો બોલ્યો, "ભાઇ સાહેબ ? એ રસ્તે થઇ આપને લઇ જતા મારી નોકરી જશે "

" એ બાબતનો હુ બદોબસ્ત કરીશ હુ તેના જમાઇ પાસેથી પત્ર લાવ્યો છુ તે તેને આપી ચાલ્યો જઇશ "

" ત્યારે તો કાગળ વાચતા જ મારી નોકરી જવાની કેવળ નોકરી જ નહિ પણ કદાચ જીવ પણ જવાનો ! જમાઈ સાથે તેમને બનતુ નથી "

" જમાઈ સાથે તેને નથી બનતુ ? "

" દુનિયામા કોઈની સાથે તેને બનતુ નથી "

આવા માણસને જોવા માટે રતને નિશ્ચય કર્યો તેણે કહ્યું, 'બાપુ ! તારી નોકરી રહે કે જાય, હું તો તેને મળીશ જ ! "

નોકરે પોતાના કપાળપર હાથ મૂકી કહ્યું, " આટલે દિવસે મને લાગે છે કે મારો રોટલો ગયો. " રતને કહ્યું, " નહિ જાય કદાપિ જાય તો પછી તારૂ જેવુ નસીબ "

છેવટે પેલા નોકરને ગુપ્તદ્વાર બતાવવા આગળ વધવુ પડયુ રતન પાછળ ચાલવા લાગ્યો થોડે દૂર જતા એક ખાઇ આવી ખાઇને પેલે પાર ગુપ્તદ્વાર હતુ બારણુ બતાવી નોકર ચાલ્યા જવાની તૈયારી કરવા લાગ્યો રતને કહ્યું, " બારણુ તો બતાવ્યુ હવે ખાઇને પેલે પાર જવાનો ઉપાય બતાવ " તે માણસે ખાઈનુ પાણી બતાવી કહ્યુ," તરીને પેલેપાર જાઓ " રતને તેના વસ્ત્રો આખુ જોઇ ધારી લીધુ કે જરૂર આ માણસ કોઇ જૂદી રીતે આ પાર આવ્યો છે તે પરથી તેણે પ્રશ્ન પૃછયો, " તુ કેવી રીતે આ પાર આવ્યો ? " તે મુગો ઉભો રહ્યો રતને તેની ગરદન પકડી કહ્યું, " જો ઉપાય નહિ દર્શાવે તો તને ખાઇમા ફેકી દઇશ. "

ગરદન પર હાથ પડતા જ નોકર અધમૂઓ બની ગયો તે હાથ જોડી બોલ્યો, "ભાઇ સાહેબ, કહુ છુ આપ મને છોડી દો "

રતને તેને છોડયો એટલે નોકરે પાણીમા ડુબેલી રાખેલ હોડી બહાર કાઢી રતન તે પર ચઢી પેલે પાર ગયો અને એક ધક્કો મારી પાછી આ પાર હડસેલી દીધી નોકરે પાછી ડુબાવી દીધી નોકરે રતનને જરાક ઉંચે સાદે જણાવ્યુ કે, " હજુર ! મારા માલીક પાસે મારૂ નામ ન દેતા " રતને તેને ધીરજ રાખવાનુ જણાવ્યુ નોકર ચાલ્યો ગયો એટલે રતન દરવાજા પાસે જવા લાગ્યો

પરતુ આ શુ ? દરવાજો તો અંદરથી બધ હતો બ્રાહ્મણુ વળી

મુશ્કેલીમા આવી પડયો હવે શુ કરવુ? પાછુ ફરાય તેમ નહોતું, આગળ વધાય તેમ નહોતુ ચોમેર જગલ ઝુકી રહ્યુ હતુ ઝાડીમા સર્પના ફુફાડા સભળાતા હતા આખા દિવસનો ભૂખ્યો બ્રાહ્મણ દિગ્મૂઢ બની નિરાશા સાગરમા ડુબી ગયો. જે રસ્તેથી આવ્યો, એ રસ્તે પાછુ જવાનુ કામ મુશ્કેલ હતુ, તેમા પણ હતાશ થઇને પાછુ ફરવુ તેને ગમતુ નહોતુ બારણા ઠોકવાથી કોઈ ઉઘાડે એવી આશા નહોતી

બ્રાહ્મણ આ ભયકર સ્થળે ઉભો રહી પોતાની દશાનુ ચિંતન કરવા લાગ્યો તે મનમા બડબડવા લાગ્યો કે "મે કોણ જાણે કેવા મુહૂર્તમા ઘર છોડયુ છે કે શરૂઆતમા એક મ્લેચ્છના હાથે અપમાન પામ્યો, ત્યારબાદ અધુરામા પુરૂ આ ભીષણ સ્થળે જીવન પુરૂ કરવા આવ્યો."

કેવળ એકજ આશા હતી કે પેલો નોકર પાછો આવશે તેના આગમનની રાહ જોતો તે બારણાને અઢેલી ઉભો. કારણ કે નીચે બેસાય તેમ તો નહોતુ.

ચોતરફ સૂમસૂમાકાર જેવુ હતુ ઘરમાથી આવતો કઈ અવાજ સાભળવા માટે તે ભિખારીની પેઠે કાન માડી ઉભો, એક પહોર વીતી ગયો, તો પણ ત્યા ચેતનની નિશાની ન જણાઇ નોકર પણ પાછો ન ફર્યો.

બ્રાહ્મણે વિચાર કર્યો કે આ સ્થળે ઉભા ઉભા આખી રાત ગાળવી તેના કરતા ખાઇ ઉતરી, પેલે પાર જઇ, કોઈ ઝાડ નીચે બેસવુ એ વધારે સારૂ છે તેણે ધાર્યુ કે પેલી યુવતીની વાત પર વિશ્વાસ રાખી આ રસ્તે આવ્યો તે મે ઠીક ન કર્યું તેને લાગ્યુ કે શૈલજાન દનુ ચરિત્ર જાણનારી કોઇ સ્ત્રીએ મારી આ મશ્કરી કરી છે. તે યુવતી પર તેને બહુ ગુસ્સો ચઢયો. તેણે વિચાર કર્યો કે મે એ બાઇને

શા માટે બચાવી ? જો એ સત્યાનાશિની બીજી વાર જોવામા આવે તો પાછો તેને તેજ સ્થિતિમા મૂકી આવુ આવા કોમલ સૌંદર્યમા આવી નિષ્ઠુરતા, આવી અકૃતજ્ઞતા હશે એ પ્રભુ ! તોબા ! તોબા !"

સદાશિવ પર પણ તેને ક્રોધ ચઢયો જાણતા છતા તેણે આવા નરાધમ સમરા પાસે મને શા માટે મોકલ્યો ? શૈલજાનંદ પર તો તે બળી ગયો હતો તે અત્યારે તેને મળે તો તેના ટુકડે ટુકડા કરી નાખે તેને આ કાર્ય અમલમા મકવાની એટલી બધી ઇચ્છા થઇ કે "આ બારણાના ટુકડે ટુકડા કરી નાખુ, અને અંદર જઇ શૈલજાનંદનુ ગળુ પકડી મરડી નાખુ "વળી વિચાર થયો કે હુ શૈલજાનંદને ક્યા ઓળખુ છુ તેને બદલે બીજુ કોઈ સપડાઇ જાય તો !"

છેવટે તેણે ખાઇને પેલેપાર જવાનો નિશ્ચય કર્યો ઘરમા પ્રવેશ કરવાની આશાથી હજી તેણે સાયંસધ્યા પણ કરી નહોતી તે અધારામા રસ્તો શોધતો શોધતો ખાઈ પાસે આવ્યો હાથપગ ધોઇ સધ્યા કરવા લાગ્યો

ભગવાનનુ ધ્યાન ધરતી વેળા તેને પ્રભુપર બહુ રીસ ચઢી તેની મીચાએલી આખોમા પાણી ભરાયા ધ્યાન ધરી લીધા બાદ આખો ઉઘાડતા તેના કપાળપર બે બિંદુ ઝરી પડયા !

આખો લૂછી આગળ ચાલવા જતો હતો, ત્યા તેને જણાયુ કે સામે પાર કોઇ દીવો લઇ આવે છે, બ્રાહ્મણને બહુ આનદ થયો તેના હૃદયમા વળી આશાનો દીવો પ્રગટયો તે હાથ જોડી પ્રભુપ્રાર્થના કરવા લાગ્યા કે "પ્રભો ! આ દુર્દશામાથી મને બચાવ !"

પ્રકાશ ધીમે ધીમે તેની પાસે આવવા લાગ્યો એ આગળ વધતી દીપશિખાથી પુલકિત ખાઇને કિનારે ઉભો ઉભો રતન દેદિપ્યમાન શૈલજાનંદની પુરી તરફ જોઇ રહ્યો તેણે જોયુ કે ઉચી દિવાલોની

ઉપરથી ડોકિઆ કરતો નિર્દય મહેલ પોતાની તરફ જોઈ અવજ્ઞાનુ હાસ્ય હસે છે! શૈલજાનંદનુ ઐશ્વર્ય જોઈ રતન નવાઇ પામ્યો! આવા ધનવાનનો જમાઈ સામાન્ય અર્થને ખાતર આનંદદેવની સેવા કરે છે! શૈલજાનંદને નિહાળવાની તેની ઇચ્છા અતિપ્રબળ બની ગઇ. તેણે નિશ્ચય કર્યો કે જો અપમાન પામીને પણ આ પુરીમા પ્રવેશ કરવો પડે, વગર ઉંઘે આખી રાત્રી ગુજારવી પડે, તો પણ એ માણસને તો જોવોજ

અંધકાર પાછળ રાખી પ્રકાશ રતન ભણી વધવા લાગ્યો રતને જોયુ કે એ દીપકધારિણી રમણી પેલી સરોવરને કિનારે મળેલી સુંદરીજ છે

તેને જોઇ રતને વ્યંગમા પૂછ્યુ, "વૃદ્ધ બ્રાહ્મણ મર્યો છે કે જીવતો, તે જોવા આવ્યા છો?"

રમણી—મ્હે અજાણમા અપરાધ કર્યો છે આપ ચાલ્યા આવો.

રતન—કેવી રીતે આવુ? હોડી તો એ કિનારે ડુબાવેલી છે

સ્ત્રી પાણીમા ઉતરી, હોડી ઉઠાવવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળતા મળી તેણે બ્રાહ્મણને થોડીવાર રાહ જોવાની પ્રાર્થના કરી કહ્યુ, "આપ પાણીમા ઉતરશો નહિ કાંટાથી ખાઇ ભરપૂર થઇ ગઇ છે! હુ હમણા જ નોકરને બોલાવી લાવુ છુ" એમ કહી તે રતનના જવાબની રાહ જોયા સિવાય ચાલી ગઇ.

રૂપથી હો કે પ્રકાશથી હો પણ થોડી ક્ષણને માટે એ નિર્જીવ સ્થાનમા જીવનનો સચાર કરી પાછી તે સુંદરી અંધકાર ઢળી ગઇ રતન પાછો અંધારામા આથડવા લાગ્યો યુવતીને જોતા જ તેણે મદદની આશા રાખી હતી. હવે તેના આશ્વાસનથી તે ઘણો જ ખુશી થયો તેનાપર તેને જે કઇ ગુસ્સો ચઢયો હતો, તે અંધારામા વિસ-

ફેન કરી બોલ્યો, "બ્હેન, આવ જલદી આવ મને આ દુઃખ-માથી બચાવ"

દરવાજાના બારણા ખખડાવ્યા તેને લાગ્યુ કે કોઇ દ્વાર ઉઘાડે છે. તે એકદમ ત્યા જઈ ઉભો

બારણા ઉઘડ્યા એક કાળારંગનો પુરુષ હાથમા લાકડી લઇ બહાર આવ્યો, અને રતન જ્યા ઉભો હતો ત્યા થઈ કોઇને ખોળતો ખોળતો આગળ ચાલ્યો એ દરમિઆન રતન અંદર પેસી ગયો

રતનનો અવાજ સાભળી તે માણસ બહાર આવ્યો હતો તેણે બહાર આવી ધીમે સાદે કહ્યું, "ઝમ્મન!" જવાબ માટે થોડીવાર ઉભા રહી તેણે વળી કહ્યું, "કોણ બોલ્યુ? ઝમ્મન?"

રતને આ બધુ સાભળ્યુ, પણ તેનેની કઇ પરવા ન રાખતા શૈલજાનંદની શોધમા આગળ ચાલ્યો

પ્રકરણ ૪ મું

દુર્દશાનો અંત

ચાલતા ચાલતા રતન શૈલજાનંદનુ ઐશ્વર્ય જોઇ નવાઇ પામ્યો કેવું વિશાળ ચોગાન! અધારિઆનો અધકાર ભેદી બ્રાહ્મણની નજર એ ચોગાનને પેલેપાર પહોચી શકી નહિ ચોગાનની ચોતરફ ઉચી દિવાલ હતી દિવાલને અઢેલી અસખ્ય કોઠાર હતા તેમા પુષ્કળ ધાન્ય ભર્યું હતુ મધ્યભાગમા દેવમદિર હતુ ખાઇને કિનારે ઉભા રહી બ્રાહ્મણે એ દેવમદિરનુ શિખર નિહાળ્યુ હતુ દેવમદિરના આગળના ભાગમા મડપ હતો બ્રાહ્મણ પહેલા દેવદર્શન કરવા ગયો મદિરના

બારણા બધ હતા મ ડપમા કોઇ નહોતુ બ્રાહ્મણે બહારથી જ મન્દિરમાના દેવતાને નમન કરી કહ્યુ, " દેવ, તમે એક વખત કહ્યુ છે કે —

पितामहस्य जगतो माता धाता पितामह ।

માટે તમારી મર્તિ કે તમારૂ નામ જુદુ હોય તેથી શુ તમે જે આકારમા આ મ દિરમા વસવાટ કરતા હો,–પિતા હો, માતા હો, વિષ્ણુ હો, શિવહો, કે અન ત શક્તિધારિણી જગદ્ધાત્રી હો,– અ ધકારમા અપરિચિત પારકા ગહમા વિપત્તિથી ભયભીત વૃદ્ધ આજે તમારે શરણુ આવેલો છે " એટલુ કહી થાકથી લોથપોથ થઇ ગયેલો બ્રાહ્મણ મ દિર પાસેના ચોકમા બેસી ગયો તેણે નિશ્ચય કર્યો કે દેવ ઉઠાડે તો ઉઠીશ, નહિ તો અહી જ રાત ગાળીશ

અજ્ઞાત દેવતા સમક્ષ, દેવતાને પ્રસન્ન કરવા વારવાર કેટલા ઇષ્ટમ ત્રનો જાપ કરતો તે મૃગચર્મ બિછાવી બેઠો પાઘડીમાનો પત્ર પહેરેલા વસ્ત્રમા બાધવા માટે છોડવા લાગ્યો અ ધકારમા કઈ વ ચાય તેમ નહોતુ છતા તે ચિટ્ઠીને ઉદ્દેશી બોલ્યો," હે પત્ર, તને હુ કેટલે દૂરથી લાવ્યો છુ ? તે મારા લલાટના લેખનુ કાર્ય બજાવ્યુ છે છેવટે તારી કૃપાથી હુ દેવને શરણે આવ્યો છુ તે મને ભૂખ્યો રાખી મારે માટે પુણ્ય બધ્યુ છે તને હુ કેવી રીતે છોડી શકુ ? તુ આજે જ આ દેવતાની સમક્ષ મારા અદૃષ્ટથી મીમાસા કરી નાખ " એટલુ કહી પત્ર બાધી, પોટલી માથા નીચે રાખી તે સુતો થોડીવારમા તદ્રા આવી તદ્રામા તે સ્વપ્નરાજ્યમા ઘૂમવા લાગ્યો તદ્રાના નિશામા તેણે સાભળ્યુ કે "મહારાજ ' દીવો લાવી છુ પેલેપાર જવાની વ્યવસ્થા કરી છે, આવો " સુર પરિચિત હોય એવુ જણાયુ, શબ્દો સાભળેલા હોય એવો ભાસ થયો, શબ્દો બોલનાર પરિચિત હોય

તેમ લાગ્યુ, સ્થળ જાણે કેટલાય દિવસનો મબધ વહન કરી કેટલાય થાકેલા હૃદયોનુ આશ્રયસ્થાન હોય તેવુ જણાયુ ! ગતન સ્વપ્ન જોવા લાગ્યો

પ્રથમ સત્યની સાથે સ્વપ્નસુદરીનો વાદવિવાદ ચાલ્યો. એ વાદવિવાદ ટટાનુ સ્વરૂપ ધારણ કરવા લાગ્યો સત્ય નિર્ગુણ પુરુષ છે, તેથી રસ શૂન્ય છે તેનામા કઇ ગુણ નથી, તેના કપાળમા કેવળ આગજ છે કરુણામયી, રસમયી સ્વપ્નસુદરી બ્રાહ્મણની ભૂખ મટાડી, તરસ છિપાવી તેને મધુમય રાજ્યમા લઇ જવા ઇચ્છતી હતી, નીરસ સત્ય પુરુષ તે કોઇપણ રીતે સહન કરે તેમ નહોતુ

સ્વપ્નસુદરીએ કહ્યુ, "બ્રાહ્મણ ! જો, કયા આવ્યો છે તે" સત્યે કહ્યુ, "શુ જૂએ, તે આ મદિરના ચોકમા પડયો છે"

સ્વપ્નસુદરી—જોતો નથી, કેવુ સુદર, હરિયાળુ સ્થળ !

સત્ય—જૂઠી વાત–આતો છે રણ ! તે નિર્દય હૃદયહીન ગૃહસ્થને આશ્રયે ભૂખતરસથી શક્તિહીન થઇ પડયો છે.

બ્રાહ્મણ સ્વપ્નસુદરીની જાળમા ફસાયો નહિ, તેણે આખો ઉઘાડી જોયુ કે સામે તેજ મદિર નિશ્ચેષ્ટ ભાવે ખડુ છે નિદ્રિત દેવતાને હૃદયમા સુવાડી માટીના ઢગની પેઠે જડ અસ્તિત્વ વહન કરી તેણે આકાશમા માથુ છુપાવ્યુ છે મદિર સામે તેજ મડપ છે, અને તેમા સોયની અણીથી વિંધાય તેવો ગાઢ અધકાર છવાઇ રહ્યો છે.

બ્રાહ્મણે પાછી આખો મીચી દીધી એ જ સ્થિતિમા તે મનમા મનમા પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો—"પ્રભુ ! સુદર સમણા આપો, અને મને લાલચમા ન ફસાવો" કરૂણા એજ જીવોને ટકાવી રાખનારી દેવી છે કરુણાથી જ આ મૃત્યુલોક હજારો ભયોથી ભરપૂર છતા

જીવોને માટે વાસસ્થાન બન્યો છે. કરુણાના સૂક્ષ્મદર્શક યંત્રથી દેખાતી હોવાથી જ જડપ્રકૃતિ લાવણ્યમયી જણાય છે માટી વૃક્ષલતા દ્વારા ફૂલફુલરૂપી રત્નો પ્રસવે છે પર્વતોમાંથી નીકળતી નદીઓ સૌંદર્યનું સ્થાન ગણાય છે સત્યમય મહાપુરુષ નિષ્ક્રિય છે નિર્ગુણ પુરુષ ન ગણી શકાય તેટલા નિરૂપમગર્ભ વહન કરી કોઈ અગોચર દેશને વિષે નિશ્ચિત થઈ બેઠો હોત તો સૃષ્ટિ જન્મતાંજ મૃત્યુ પામત. કરુણા, કેવળ કરુણાના વૃષ્ટિબંદુમાં નહાતો સંસાર જીવનમરણદ્વારા અનંત અસ્તિત્વને રસ્તે આગળ વધે છે

ભગવાનની કરુણાથી બ્રાહ્મણ વળી થોડી વાર માટે ક્લેશના હાથમાંથી મુક્ત થયો તેને ઉંઘ આવી, ઉંઘમાં સ્વપ્ન આવ્યું કેવું સુંદર સ્વપ્ન ' ચો તરફ સ્વપ્ન સૌંદર્ય તેને ઘેરી વળ્યું

બ્રાહ્મણે જોયું કે તે પોતે એક પ્રબળ વેગે વહી જતી નદીને કિનારે ઉભો છે સામે પાર શોભીતી નગરી આવી રહી છે, ઉપર નીલ આકાશમાં વાદળાં ઝુમી રહ્યાં છે વાદળાંને વિજળી વીંટળાઈ વળી છે જાણે રૂપેરી કોરવાળી નીલ સાડી કોઇ કાંચનવર્ણીએ ઓઢી ન હોય ! નગરીમાં સોનાના મુગટ સમાન ગોભતું સુવર્ણમંદિર છે કોઇ અજ્ઞાત દેવતાને હૃદયમાં છુપાવી તે જગત આગળ પોતાના રૂપમાં પોતે જ તન્મય થઈ રહેલું જણાય છે તે પોતે જ ભોગ્ય છે પોતેજ ભોક્તા છે, નિસ્પંદ યોગીની માફક અટલ ઉભું છે

બ્રાહ્મણને ઇચ્છા થઇ કે એ નગરીમાં જાઉં. કારણ કે ત્યાં દેવતા પણ છે દેવતાના મંદિરમાં પ્રસાદના થાળ ભર્યા છે પરંતુ એ પ્રસાદ મેળવનાર લોકો નથી બ્રાહ્મણને ઘણું મન થયું કે લાવને એ અભાવ પૂર્ણ કરૂં. આવા સુંદર નગરમાં માણસો ન મળે તે તેને બહુ સાલ્યું. પરંતુ નદી કેવી રીતે ઓળંગવી નદીનો પ્રવાહ પ્રચંડ

હતો, મગરો ને કાચબા ઉચા ડોકા કરી કોઇ કોઇ વેળા બ્રાહ્મણ સામુ તાકી રહેતા હતા બ્રાહ્મણે વિચાર કર્યો–આ શી મુસ્કેલી ? મારે હાથ છે, પગ છે, મોઢુ છે, શરીરમા પ્રચડ શક્તિ છે, તે જ રીતે સામે મધુમય અન્નના થાળ ભર્યા છે, દેવતાનો પ્રસાદ કેવુ મિષ્ટ લાગે ! પરતુ હાય ! હુ તો ખાઇ શકતો નથી !

"હે ભવસાગર ટડેલ ! મને સામેપાર લઇ જા !" બ્રાહ્મણ કપતા અવાજે બોલી ઉઠયો બોલતા બોલતા તેની આખોમાથી બે ચાર આસુ નીકળી પડયા

કોણ જાણે કયાથી સૂર આવ્યો કે "મહારાજ, સામે પાર જવાની વ્યવસ્થા કરી છે, આવો" થાકી લોથ થઇ ગએલો બ્રાહ્મણ એ અદશ્ય અગવાળી સુધાનિર્ઝરિણીનુ મળ શોધવા લાગ્યો જોતા જોતામા સુવર્ણમદિર ગળી ગયુ ચો તરફથી સુવર્ણનો પ્રવાહ એકત્ર થઈ દેવની મૂર્તિના રૂપમા ફેરવાઇ ગયો તેની પીઠ પર વાદળા હતા, મુખપર બાલસૂર્યના કિરણો તપતા હતા. વાળથી ઢકાએલા મુખપર સેકડો સ્થળે પરાવર્ત્તન પામી સેકડો નિશ્ચલ વિદ્યુતરેખા દિગતમા પ્રકાશ ફેલાવી રહી હતી, અને સૌદર્યમય વાણી બોલતી હતી કે "મહારાજ ! હવે ઉઠો !"

રતનની ઉઘ ઉડી ગઇ તેણે ચો તરફ જોયુ પગ આગળ એક યુવતી બેઠી હતી

"બ્હેન, તુ કોણ છે ?"

"આવો, મે સામે પાર જવાની વ્યવસ્થા કરી છે"

રતન ઉઠયો બને હાથે આખો ચોળી આમતેમ જોવા લાગ્યો હજુ તેના મન પરથી સ્વપ્નની અસર ખસી નહોતી હજુ એ

ગળી ગએલુ મંદિર તેની આંખો સમક્ષ તરતુ હતુ એ ભયંકર નદી હજુ તેની આગળ ઘુઘવતી હતી આથી યુવતીના વચનોએ તેને ભારે મુઝવણમા નાખ્યો તે આંખો ચોળતો ચોળતો કહેવા લાગ્યો,—
" મંદિર તોડી બહાર આવ્યા, તેના બધા ઉપાદાનો અંગમા મેળવી જાતે પોતાની મૂર્તિ બનાવી મારુ અહોભાગ્ય કે દેવી આપે મને દર્શન આપ્યા ! હવે શુ મા, તમે મને સંસારને પેલે પાર લઇ જવાની વ્યવસ્થા કરી છે ? "

પેલી યુવતીએ આ પ્રશ્નનો કંઈ જવાબ ન આપ્યો બ્રાહ્મણની વાતચીતનો ભાવાર્થ તેના સમજવામા આવ્યો નહિ તે બ્રાહ્મણના પગમા પડીને બોલી, " મે આપને બહુ દુખી કર્યા છે પુત્રીને માફ કરો, તેના ઘરમા આવી તેને ભાગ્યશાળી બનાવો પિતા ! "

હવે બ્રાહ્મણ સંપૂર્ણ જાગૃત થયો તે મનમા મનમા શરમાયો તેણે ધાર્યુ કે બરાબર જોયા સિવાય આ યુવતી આગળ મે વેદાંતની વ્યાખ્યા કરી એ ઠીક નથી કર્યું. તેણે વેદાન્તને સ્વપ્ન સાથે રજા આપી પૂરેપૂરી શુદ્ધિમા આવી જવાબ દીધો " અહીથી તારૂ ઘર કેટલુ દૂર છે બ્હેન ? "

યુવતી—આપ શુ બહુ થાકી ગયા છો ?

રતન—હા, થાકી ગયો છુ તેની સાથે ભૂખ્યો પણ બહુ થયો છુ મારી તો એવી મરજી થાય છે કે દેવતાના સ્થાનમા શરણુ લીધુ છે તો પછી આજની રાત તો અહીં જ ગાળુ.

યુવતી—ત્યારે શુ થશે મહારાજ ! હુ આપની આ સ્થિતિનુ કારણ છુ. આપ અહીં ભૂખ્યા તરસ્યા સુઇ રહો તો મારા બાળકની શી દશા ? વળી આ ઘરવાળાનુ પણ અહિત થશે તે !

રતન—તારા બાળક સામુ જોઇ મારે ઉઠવુ જ જોઇએ પરતુ જે ગૃહસ્થને ઘેર હુ આવ્યો છુ, તે પામર તો અતિથિ સત્કાર કરવામા વિમુખ છે સાધ્વી તેનુ કલ્યાણ તુ કેમ ઇચ્છે છે?

યુવતી—ગૃહસ્થે આપના આગમનના સમાચાર સાભળ્યા હોત તો કદાપિ આપને આ દશા ભોગવવી ન પડત

રતન—ગૃહસ્થના નોકરને તો ખબર હતી ગૃહસ્થ અતિથિનો સત્કાર કરવા તત્પર હોત તો નક્કી નોકર તેને ખબર આપત જ

યુવતી—એ તો નોકરનો દોષ છે મને લાગે છે કે ગૃહસ્થ આ વાત સાભળશે એટલે તેનો તિરસ્કાર કરશે

રતન—વાહ, તુ અતિથિ સત્કાર કરે, તેમા ગૃહસ્થને શુ? તુ મારી સેવા કરે તેથી ગૃહસ્થનુ હિત કેમ થાય?

યુવતી—હુ તેની પુત્રી છુ

રતન—તેની પુત્રી! તુ જ સદાશિવની સ્ત્રી

યુવતીએ માથાપરનુ વસ્ત્ર જરા આઘુ ઓઢ્યુ અને મુખ નીચુ કરી સકોચવાનો પ્રયત્ન કર્યો બ્રાહ્મણે પ્રશ્નપર પ્રશ્ન ચલાવી "તુ જ સદાશિવની સ્ત્રી? અને એ પુત્ર! તે શુ તારો પુત્ર?"

યુવતી મદમદ હસતી બોલી, "તે મારો દિયર છે મારા પતિની ઓરમાન માનો પુત્ર"

આ વાત સાભળી બ્રાહ્મણના મ્હો પર હાસ્ય ફરકી રહ્યું તેની નજર સમક્ષ સરોવરે બનેલો પ્રકાર છબીની માફક તરવા લાગ્યો તેણે કહ્યું, "ત્યારે તો તારી મશ્કરી કરવાનો તેને સપૂર્ણ અધિકાર છે."

યુવતી—મે તેને સુતિકાગૃહમાથી ઉછેરી મોટો કર્યો છે

રતન—કેમ? તેની મા કયા છે?

યુવતી—તે તો પ્રસવ થયા બાદ મરી ગઈ

રતન—ત્યારે તો તું જ એ બાલકની મા ગણાય

યુવતી—તે મારા સિવાય કોઈને ઓળખતો નથી મને મા કહી બોલાવે છે માગ સસગ જીવતા નથી સ્વામી વસે છે વિદેશમા મસરાના શૂન્યગૃહમા એ પુત્ર જ મારો સોબતી છે તેને હુ સાથેનો સાથે રાખુ છુ

બ્રાહ્મણ હવે સમજી ગયો કે બાળક આટલો બધો જક્કી કેમ હતો તે ! જનની સમાન ભોજાઇના અતિ લાડમા ઉછરેલો છોકરો તોફાની હોય જ

યુવતી—મહારાજ, આપને શુ માગ પતિ સાથે ઓળખાણ છે ?

રતન—ઓળખાણનુ તે વધુ શુ કહેવુ ! સદાશિવ મારો શિષ્ય છે

સદાશિવની સ્ત્રી જમીન પર પડી બ્રાહ્મણને પ્રણામ કરવા લાગી બ્રાહ્મણ પણ તેને આશીર્વાદ આપવા લાગ્યો અને બોલ્યો, “ હુ તેની જ પાસેથી તારા પિતા પરનો પત્ર લાવ્યો છુ ”

યુવતી—પત્રના સરનામા પરથી મે એ અનુમાન કર્યુ હતુ; પરતુ એ વાત અસભવિત માની મે આપને કઇ પૂછવાનુ સાહસ કર્યુ નહોતુ

રતન—વારુ, હવે તો મારે તારી સાથે આવવુ જ પડશે

યુવતી—હવે હુ વધારે શુ બોલુ ? તે બાળક તો હવે આપનોજ છે.

રતન કઇ ન બોલતા મૃગચર્મ બાધવા લાગ્યો યુવતી પણ ઉઠી ઉભી થઇ

મૃગચર્મ બાધી રતન ઉભો થયો યુવતીએ કહ્યુ, “ થોડીવાર થોભો, હુ બહાર દીવો મૂકી આવી છુ, તે લઇ આવુ. ”

રતનમા હવે ચાલવાની શકિત રહી નહોતી યુવતીના આગ્રહને વશ થઇ તેને ચાલવાની તૈયારી કરવી પડી હતી એ યુવતીના

પિતાના ઘરમા આશ્રય ન મળ્યો પુત્રીએ પણ પિતાનુ નામ ન લીધુ પિતા પુત્રીનો સબધ રતનને બહુ ભેદ ભર્યો જણાયો તેણે યુવતીને પૂછ્યુ, "આવો ધનાઢ્ય પિતા છતા તુ બાળક સાથે એકલી કેમ રહે છે ?"

'મારૂ નસીબ' એમ કહી સદાશિવની સ્ત્રી દીવો લેવા ગઈ કૌતુહલ અતૃપ્ત રાખી બ્રાહ્મણ તેની રાહ જોતો પાછો જમીનપર બેસી ગયો ઉભા રહેતા તેના પગ લથડતા હતા તેની એવી ઇચ્છા હતી કે ગમે તે રીતે આજની રાત અહીંજ ગાળવી પછી સવારમા રૌલજાનદને મળવુ, સદાશિવનો પત્ર આપવો સદાશિવનો પત્ર તેના સિવાય બીજા કોઇને અપાય તેમ નહોતુ કેવળ ભૂખની પીડાથી અને સદાશિવની સ્ત્રીના આગ્રહથી તેને એ સ્થાન તજવાની ફરજ પડી હતી

થોડી વાર પછી સદાશિવની સ્ત્રી પાછી આવી અને બોલી, મહારાજ ! દીવો તો નથી !

રતન–ક્યા મૂક્યો હતો !

યુવતી–બારણા પાસે

રતન–હોલાઈ ગયો કે શુ ?

યુવતી–હોલાય તેમ નહોતુ પવન ન લાગે તેવા ફાનસમા મૂક્યો હોવાથી હોલાવાનો સભવ નહોતો કોઈ લઇ ગયુ જણાય છે

રતન ત્યારે શુ કરશે ? હુ તો એ જગલમા અધારે ચાલી શકીશ નહિ

યુવતી–હું તો બાળકને એકલો ઘેર રાખી આવી છુ

રતન–તુ એકલી અધારે કેવી રીતે જઇ શકીશ ?

યુવતી–મહારાજ ! હુ તો ભારે વિપત્તિમા આવી પડી.

રતન–મેં એક કાળા રંગના પુરુષને બારણા ઉઘાડી બહાર જતો જોયો હતો

યુવતી–કઈ દિશામાં જતો હતો ?

રતન–બારણા ઉઘાડી તે ડાબી બાજુને રસ્તે ગયો હતો.

દિગ્મૂઢની માફક યુવતી પાછી ચાલી ગઈ રતને વિચાર્યું કે વિધાતાએ આજે મારા લલાટમાં ભોજન લખ્યું નથી.

પાછળથી કોઈએ તેની ગરદન પકડી બ્રાહ્મણે જોયું કે આટલો વખત વીત્યાબાદ વિધાતાએ ખોરાક મોકલ્યો છે પણ દૈવયોગે ખોરાક ગળામાં ગયો નથી પણ, ગરદનપર જઈ ભરાયો છે આથી ઉદરની ભૂખ મટે તેમ નથી, કેવળ અંતરની ભૂખ મટે તેમ છે તે દર પળે કોઈ એક ભયંકર અવસ્થાની કલ્પના કરતો હતો આથી આવી સ્થિતિથી નવાઈ પામ્યો નહિ તેણે ડોકું ફેરવી કોણે ગરદન પકડી છે તે જાણવાની વ્યગ્રતા દર્શાવી નહિ કેવળ એટલુંજ પૂછ્યું કે, "કોણ છે બાપુ તું ?" પેલા માણસે કઠોર અવાજે સામો પ્રશ્ન પૂછ્યો–" તું કોણ છે ?"

"હું એક અતિથિ છું."

"ઘરમાં કેવી રીતે પેઠો ?"

"ગમે તે રીતે પેઠો, પણ તું અતિથિનો સત્કાર આ રીતે કરે છે ? ભૂખ્યો તરસ્યો દેવાલય આગળ ખોરાકની આશાથી બેઠો હતો મોટો મહેલ જોઈ મિષ્ટ ભોજનની આશા રાખી હતી બાપુ, તું શું દેવતાને પણ લાતાલાતીનો ભોગ ધરાવે છે કે?"

પેલો માણસ શરમિંદો પડી ગરદન છોડી દૂર ઉભો, રતને મુખ ફેરવ્યું. તેણે જોઈ લીધું કે એ માણસ પેલો બારણામાંથી બહાર નીકળેલો ચોકીદાર જ હતો. તેણે અંધારામાં બ્રાહ્મણનું મુખ

નિહાળવાનો પ્રયત્ન કર્યો. તે રતનના મુખ પાસે આવી તીક્ષ્ણ નજરે નિહાળવા લાગ્યો

રતને કહ્યું, "પેટ ભરીને ખવરાવ્યુ તો ખરૂ હવે શુ મુખ શુદ્ધિના તેજાના આપવાનો વિચાર છે કે શુ ?"

" મુખશુદ્ધિ માટે વિમાસવુ નહિ પડે તે મોડી રાત્રે એક ગૃહસ્થના ઘરમા પ્રવેશ કર્યો છે તુ ચોર નથી તેની શી ખાત્રી ?"

" કેમ બાપુ ! જે વખતે તે ફાનસ ચોર્યું, તેજ વખતે તારે સમજવુ જોઇતુ હતુ કે ચોર હુ નથી પણ તુ જ છે "

એક ભિક્ષુક બ્રાહ્મણને પોતાની મશ્કરી કરતો જોઇ પેલો માણસ બહુ ગુસ્સે થયો તેણે લુખા સુરે કહ્યુ, " સાવચેતીથી વાત કર જાણે છે કે હુ કોણ છુ ? "

"મારૂ દુર્ભાગ્ય છે કે હુ તને ઓળખતો નથી તુ જાતે ઓળખતો નથી તુ જાતે ઓળખાણ આપી મને ભાગ્યવાન બનાવ "

પોતાની પ્રતિષ્ઠા સાચવવા ખાતર અને બ્રાહ્મણને ભય બતાવવા ખાતર, ચોકીદારે ગભીર સ્વરે કહ્યુ, " હુ મુન્ના છુ " નામ કહી મુન્ના રતનના મુખપર વિસ્મયના ચિહ્નો જોવા માટે તીવ્ર દૃષ્ટિથી જોઇ રહ્યો

રતને મુન્નાનુ નામ સાભળ્યુ હતુ મુન્ના પ્રસિદ્ધ લૂટારો હતો છોટાનાગપુરના બાળકો પણ તેનુ નામ જાણતા હતા બધા તેનાથી કપતા હતા માતાઓ રડતા બાળકોને છાનુ રાખવા માટે એ લૂટારાનુ નામ લેતી હતી છોટાનાગપુર અગ્રેજોના હાથમા આવ્યા પછી એ લૂટારાએ લૂટફાટનો ધધો છોડી નોકરી સ્વીકારી હતી શૈલજાનદના ઘરમા તે લાબા વખત થયા ચોકીદારનુ કામ કરતો હતો

યોગ્ય માણુસ સાથેજ યોગ્યતાનુ અભિમાન કરી શકાય છે અત્યાર સુધી રતન તેને સામાન્ય ચોકીદાર જાણી મશ્કરીમા ઉડાવતો હતો, હવે નામ સાભળી તે ગભીર બની ગયો, અને મુન્ના કરતા પણ વધારે ગભીર અવાજે બોલ્યો—"અને તુ જાણે છે કે હુ કોણ છુ ?"

અવાજ સાભળી મુન્ના સમજી ગયો કે સામાવાળીઓ જેવો તેવો નથી તે થોડીવાર દિગ્મૂઢ બની ઉભો જાણે કોઇ અજ્ઞાન અમગળ તેને ઘેરી વળતુ ન હોય એવો સદેહ તેને થયો થોડીવાર પછી ધીમેથી તેણે પૂછ્યુ "તમે કોણ છો ?"

" હુ રતનદેવ શર્મા " કહી રતન ઉભો રહ્યો

રતનનુ નામ મુન્નાએ સાભળ્યુ હતુ તેની શક્તિ, ગુણ વગેરેના કીર્તન થતા પોતાના સહચરોને મુખે સાભળ્યા હતા પોતાના માલીકના જમાઇ સદાશિવે પણ અનેક વાર તેની આગળ રતનની મહત્તા ગાઇ બતાવી હતી પરતુ હજુ સુધી તેણે રતનને જોયો નહોતો. આજે તેણે પ્રથમ જ એ અદ્ભૂત વીરનુ દર્શન કર્યું જોતા જ ચરણમા પડયો બોલ્યો, " દેવ ! અજાણતા કઇ અપરાધ થયો હોય તો ક્ષમા કરો. "

રતનને મુન્નાને ઉભો કર્યો અને કહ્યુ, ' મુન્ના ! ઉઠ તુ નોકર રહ્યો તારો વળી શો અપરાધ ? ઉઠને તારા માલીકની પુત્રીને શોધી કાઢ તે મારી સાથે અહી છે ફાનસ કોઇ લઇ ગયુ છે તેથી અમે અહીથી જઇ શકતા નથી "

મુન્નાએ કહ્યું, "ફાનસ મેજ લીધુ છે આપ મારી સાથે આવો."

રતન મુન્નાની સાથે ચાલ્યો. પેલા ગુમટદાર આગળ સદાશિવની

પત્ની મળી મુન્નાએ તે બંનેને ત્યાં ઉભા રહેવાનું જણાવી પોતે ફાનસ લેવા ગયો ફાનસનો દીવો હોલવી તેણે તે એક કોઠારમાં છુપાવ્યું હતું થોડી વારમાં તે દીવો પ્રગટાવી પાછો ફર્યો

બંને બહાર ગયા એટલે મુન્નાએ બારણા વાસી દીધા સદા-શિવની સ્ત્રી અને મુન્નાએ કંઇ વાતચીત ન કરી રતન વધુ નવાઇ પામ્યો પરંતુ ભૂખ્યો બ્રાહ્મણ એ નવાઇ પ્રગટ કરી શકયો નહિ તે સદાશિવની સ્ત્રી સાથે મુંગો મુંગો ખાઈ ઉતરી રહ્યો પડયો.

પ્રકરણ ૫ મું

શૈલજાનંદ

બીજે દિવસે સાંજરે મંદિરના ચોકમાં ફરતા ફરતા શૈલજાનંદે જોયું કે કોઇ વૃદ્ધ પોતાની ભણી આવે છે તે અનિમેષ દૃષ્ટિએ તેના ભણી જોઈ રહ્યો વૃદ્ધ ધીમે પગલે તેની પાસે આવ્યો અને કંઇ પણ વાત ન કરતા એક પત્ર શૈલજાનંદના હાથમાં મૂકી ઉભો રહ્યો શૈલજાનંદ આવનાર માણસના આચરણથી નવાઇ પામ્યો. પોતે પણ થોડીવાર મુંગો ઉભો રહી એ વૃદ્ધને નિરખવા લાગ્યો.

આગંતુકે પ્રથમ વાતચીત શરૂ કરી નિસ્તબ્ધતા તોડી તેણે કહ્યું, " હું તમારા જમાઇ પાસેથી આ પત્ર લાવ્યો છું કાલે રાત્રે તમારી પુત્રી સાથે આવ્યો હતો પણ તમે ન મળ્યા તેથી મેં તેની પર્ણકુટીનો આશ્રય લીધો છે મને જણાયું છે કે આ રાજ-મહેલમાં રહેતા શૈલજાનંદનું બધું ઐશ્વર્ય એ પર્ણકુટીમાં છુપાએલું

છે. તેનુ ઉચ્ચ પ્રાચીરથી ઘેરાએલુ, દેવ મદિરથી શોભતુ ગૃહ અસખ્ય રત્નના ઢગલા છતા દરિદ્ર છે, હૃદયહીન છે ”

શૈલજાનદ હજુ મુગો ઉભો. રતને તેને અનેક વાતો સભળાવવાની તૈયારી કરી રાખી હતી. પરતુ શૈલજાનદને જોઇ તે વધુ કઈ બોલી શકયો નહિ. તેની મૂર્તિ જોઇ રતન સમજી ગયો કે વૃદ્ધ ધરતી કપથી સ્થાનચ્યૂત થયેલા ગગનભેદી શિખરનો ભગ્નાવશેષ છે દારૂણ સસારચક્રમા પિસાઇ તેની દેવકાન્તિ તુલ્ય કાન્તિ આજે મલિન થઈ ગઈ છે હૃદયમા કોઇ દારૂણ સ્મૃતિ ધારણ કરી વૃદ્ધ આજે દુર્બલ જીવન ધારણ કરી રહ્યો છે

રતન કઈ બોલી શકયો નહિ શૈલજાનદને જોતા તેનુ દિલ ભરાઈ આવ્યુ સદાશિવની સ્ત્રી પાસે તેણે તેના પિતાનુ ચરિત્ર જાણવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેમા તેને સફલતા મળી ન હતી. રસ્તામા આવતા તેણે દીકરીને તજી દેનાર એ કઠોર વૃદ્ધની એક અપ્રીતિકર મૂર્તિ કલ્પનાદ્વારા રચી કાઢી હતી પરતુ અહીં આવી તેણે કઇ ઉલટુ જ જોયુ

શૈલજાનદ કઇ ન બોલતા પત્ર ઉઘાડવા લાગ્યો રતને કહ્યુ, “ હવે મારૂ કામ પૂર્ણ થયુ છે, રજા છે કે ? ”

અતિ ધીરે શૈલજાનદે કહ્યુ, “ થોડીવાર ઉભા રહો ! ” એમ કહી તેણે નોકરને બોલાવ્યો

ગઈ રાતનો ઝમ્મન આવી ઉભો તેણે પોતાના માલીક આગળ બ્રાહ્મણને ઉભેલો જોયો તેનુ મ્હો સુકાઈ ગયુ

શૈલજાનદે તેને જોઈ પૂછ્યુ, “ કાલે શુ તુલસી અહીં આવી હતી ? ” શૈલજાનદની દીકરીનુ નામ હતુ તુલસી

ભયથી કંપતા અવાજે ઝમ્મન બોલ્યો, "ના માહેબ મે તેમને જોયા નથી"

રતને તેને બોલતો અટકાવી કહ્યુ, "નોકરે તો ફક્ત મનેજ જોયો છે જોયા બાદ મને અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ મે તેની અડચણને તુચ્છકારી કાઢી હતી તુલસીને એણે જોઇ નથી.

શૈલજાનંદ—આપ જાતે કેવા છો?

રતન—બ્રાહ્મણ

શૈલજાનંદે તેને જમીનપર પડી પ્રણામ કર્યા અને નોકરને આસન લાવવાનુ ફરમાવ્યુ નોકરના શરીરમા ચેતન આવ્યુ, તે માલીકનો હુકમ બજાવવા દોડયો

રતન—હવે મારે રાહ જોવાની કંઈ જરૂર નથી

શૈલજાનંદ—પણ મારે જરૂર છે ને

રતન—હુ તીર્થ કરવા માટે ઘેરથી નીકળ્યો છુ રસ્તામા વાર થઇ, અહીં પણ એકાદ દિવસ ભાગ્યો

શૈલજાનંદ—એકાદ દિવસ વધારે ભાગે

એમ કહી વૃદ્ધ પત્ર વાચવા લાગ્યો રતને જોયુ કે શૈલજાનંદના ચહેરાપર જુદો ભાવ વિકસે છે તેની આખોમા પાણી ઉભરાય છે એ દરમિઆન ઝમ્મન આસન લઈ આવ્યો શૈલજાનંદે પણ પત્ર પૂરો કર્યો મહા મહેનતે લાગણી દબાવી તેણે રતનને કહ્યુ, "આપને શુ ગયા સિવાય નહિજ ચાલે?"

રતન—તમારે શુ કામ છે?

શૈલજાનંદ—તે એક દિવસમા પૂરૂ થાય તેમ નથી

રતન—વારૂ ત્યારે બે દિવસ રોકાઇશ

શૈલજાનંદે ઝમ્મનને કહ્યું, “ આસન મારા ઓરડામાં લઇ જા અને મુન્નાને બોલાવ

મુન્નાને બોલાવવો ન પડયો તે આવતો જ હતો નોકર આસન ઉપાડી શૈલજાનંદના ઓરડા તરફ દોડયો.

મુન્ના આવ્યો એટલે શૈલજાનંદે કહ્યું, ‘ મુન્ના ! આ વીરપુરુષ રતનદેવ શર્મા છે તેઓ મુલક તજી જાય છે કદાચ પાછા નએ આવે બંગાળાના તીર્થોના દેવોને પુષ્પાજંલિ ચઢાવવા તેઓ રવાના થયા છે, મને લાગે છે કે તેઓને આપણે પાછા નહિજ જોઇએ

એક ઊંડા નિસાસાથી શૈલજાનંદની વાચા થોડીવાર માટે બંધ પડી ગઇ એ ઊંડા નિસાસો નાખનાર હતો મુન્ના શૈલજાનંદનો કંઠ કંપવા લાગ્યો ! રતન એ વૃદ્ધના મુખ સામુ જોઈ રહ્યો.

થોડી વાર પછી શૈલજાનંદે આગળ ચલાવ્યું, “ મુન્ના ! આ દેશમા આવો પુરુષ ફરી પાકવાનો નથી આ દેવ પુરુષ હવે સદાને માટે વિદાય લે છે તેણે બે દિવસ રોકાવાનું વચન આપ્યું છે. જેટલી થાય તેટલી સેવા કરી લે ”

બોલતા બોલતા શૈલજાનંદે રતન તરફ મ્હો ફેરવ્યું બ્રાહ્મણે જોયું કે વૃદ્ધની કઠોર દૃષ્ટિ હૃદયના ઉભરાના વેગથી કોમળ બની ગઇ છે જે મુખપર હાસ્યનું અસ્તિત્વ કલ્પનામા આણી શકાતુ ન હોતુ, તે મુખ અત્યારે નિરાશામા અતિરેકથી મધુર સૌંદર્ય પ્રગટી નીકળ્યુ છે.

રતન એ મુખ જોઇ વૃદ્ધના મનોભાવ સમજી ગયો તે મુગો રહી શકયો નહિ તે બોલી ઉઠયો, “ ખરી વાત છે શૈલજાનંદ ! હવે આવવાનો સંભવ નથી. ”

શૈલજાનંદ—હવે નહિ આવે રતનદેવ શર્મા આ મુલકમાં હવે નહિ આવે.

રતન—શૈલજાનંદ પણ નહિ આવે, મુન્ના પણ નહિ આવે

શૈલજાનંદ વધારે બોલી શક્યો નહિ તેણે રતનને લઇ જવાનો મુન્નાને ઈસારો કર્યો મુન્નાએ બ્રાહ્મણને પોતાની સાથે આવવાની પ્રાર્થના કરી રતને કહ્યું, “ એક વાર દેવ દર્શન કરી આવું ! ”

શૈલજાનંદ—દેવતા ક્યા છે ? આપ તીર્થ કરવા જાઓ છો, પણ તીર્થમા દેવતા ઊંઘે છે ! આ મંદિરમા અગાઉ અષ્ટભુજા દુર્ગાનુ અધિષ્ઠાન હતુ શત્રુના હૃદયના લોહીથી તેની તૃષા શાંત થતી અત્યારે દેવી ઊંઘે છે

રતન—છે તો ખરીને ?

શૈલજાનંદ—હા

રતન દેવીના દર્શન કરવા ચાલ્યો શૈલજાનંદે મુન્નાને કહ્યુ, “ ચાવી આણી મંદિરના બારણા ઉઘાડ બ્રાહ્મણને અષ્ટભુજાનુ હાડપિંજર બતાવી મારા ઓરડામા લાવ ”

રતને આ શબ્દો સાંભળ્યા રહસ્યમય શૈલજાનંદને સમજવા છતા તે સમજી ન શક્યો

પ્રકરણ ૬ ઠું

વિસ્મય પર વિસ્મય

રતનને ધાર્યું કે શૈલજાનંદ વિષે અનેક વાતો જાણવાની હવે સગવડ મળી છે હજુ સુધી તે શૈલજાનંદના ચરિત્ર વિષે કંઇ જાણી શકયો નહોતો શૈલજાનંદના ઘરમાં પ્રવેશ કરવા જતાં તેને જે મુશ્કેલી ભોગવવી પડી હતી તેથી તેને તેના પર ક્રોધ ચઢયો હતો, પણ અત્યારે તે ક્રોધ પવનથી વિખરાઇ જતા ધૂમાડાની માફક ઉડી ગયો હતો. બ્રાહ્મણે જોયું કે લાંબા કાળથી, નાના પ્રકારની વેદના વહન કરી કોઇ ભૂતકાળનો માયામય, આનંદમય, કાર્યકુશલ જીવ, પોતાના હાડપિંજરમાં પૂર્વ સ્મૃતિ વહન કરતો દિવસો ગાળે છે! રસ્તામાં અંતરાય નડવાથી જગત આજે તેનાથી જુદું પડી ગયું છે દીકરી, જમાઇ દૂર જઇ ઉભાં છે સ્વજનોના સહજીવનનું સુખ આકાંક્ષાના રાજ્યમાંથી ઊડી ગયું છે!

મુન્ના આવ્યો એટલે તેણે પૂછયું, "મુન્ના, તારો માલીક શું હમેશાં આવા હતો?"

મુન્ના—ના

રતન—આવું જીવન ક્યારથી શરૂ થયું?

મુન્ના—દશ બાર વર્ષથી

રતન—આગળ કેવું જીવન હતું?

મુન્ના—આપ શું જાણવા માગો છો?

રતન—તું જે જાણે છે તે બધું

મુન્ના-હું બધું સારી રીતે જાણતો નથી

રતન-તું કેટલા દિવસથી અહીં છે ?

મુન્ના-ઘણા વર્ષોથી જ્યારથી લૂટફાટ છોડી ત્યારથી !

રતન—લૂટફાટ શા માટે છોડી ?

મુન્ના—જે ખાતર લૂટફાટ કરતો તે કારણ નાશ પામ્યું તેથી

રતન—લૂટફાટ શા માટે કરતો, તે કહીશ ?

મુન્ના—માલીકને સંતોષવા ખાતર

રતન—હમણાં જ કહ્યું ને કે લૂટફાટ તજી નોકરી ગ્રહણ કરી છે

મુન્ના—હું તો હમેશનો નોકર છું પણ અહીં રહેતો નહિ

રતન—ત્યારે ક્યાં રહેતો ?

મુન્ના—જંગલમાં ભટકતો, કોઇ વખતે લૂટફાટ કરવાનો પ્રસંગ ન મળતો તો કોઇ ગુફામાં જઇ રહેતો.

રતન—તારા ઘરબાર નથી ?

મુન્ના—કોઈ કાળે નહોતા હજુ પણ નથી. મે સાંભળ્યું છે કે બાળપણમાં મારા માલીકે મને વાઘના મુખમાંથી બચાવ્યો હતો ત્યારથી તે આજ સુધી માલીકના ઘરમાંજ પોષાયો છું મારા માલીકેજ મને કુસ્તી, અને પટ્ટા ખેલતાં અને હથિયારો વાપરતાં શીખવ્યું

રતન—લૂટફાટ ક્યાંથી શીખ્યો ?

મુન્ના—મહારાજ ! મેં બધું કહી દીધું છે ! આ મારા હાથ, પગ, દેહ, પ્રાણ બધું માલીકનુંજ છે હું તો કેવળ કાષ્ટનું પુતળું છું માલીક દોરે તેમ દોરાઉં છું

રતન મુન્નાની સાથેની શરૂઆતની વાતચીત પરથી સમજ્યો હતો કે હવે રૈલજાનદનું ચરિત્ર જાણવું બાકી રહ્યું નથી, પરંતુ આટલી વાતચીત થયા બાદ જણાયું કે એ ચરિત્ર તો ઉલટું રહસ્ય-

મય બની ગયુ "શુ છોટાનાગપુરના મોટા મોટા જમીનદારોના વર લૂટી લૂટારો મુન્ના જે પ્રસિદ્ધિ મેળવી ગયો તેનુ મળ કારણ એ સૌમ્ય પ્રશાત ઋષિમૂર્તિ વૃદ્ધ ? શુ હુ આજે એક લૂટારાનો અતિથિ છુ ?" રતનનુ માથુ ફાટી જવા લાગ્યુ.

મુન્નાએ મદિરના બારણા ઉઘાડયા તેણે કહ્યુ, "મહારાજ ! દર્શન કરી લો "

રતને કહ્યુ, 'દર્શન પછી કરીશ તુ થોડા પ્રશ્નોના જવાબ આપ મને બહુ કૌતુહલ થયુ છે "

મુન્ના મદમદ હસતો બોલ્યો, "પૂછોને હું જે કઇ જાણુ છુ તે બધુ આપને જણાવીશ આપનાથી કઇ છુપાવવાની મારે જરૂર નથી આજે દશ વર્ષથી આ મદિરના બારણા ઉઘડયા નથી મને પણ જે જોવાની મજૂરી મળી નથી તે માલીકના હુકમથી તમને બતાવવા આવ્યો છુ આપ શુ જાણવા માગો છો તે ખુશીથી પૂછો"

રતન કઇ પૂછવા જતો હતો તેને અટકાવી મુન્નાએ કહ્યુ, "પરતુ માલીક વિષે હુ બહુ જાણતો નથી. તેથી આપ તે બાબતમા મારી પાસેથી તૃપ્તિ મેળવી શકશો નહિ "

છેલ્લા વચનો સાભળી રતનને કઇ મારુ લાગ્યુ શૈલજાનદ વિષે વધારે કઇ જાણવા માટે જ તેના પ્રશ્નો થવાના હતા જો જવાબ ન મળે તો પછી પ્રશ્નો પૂછવાની શી જરૂર ? તેને શકા થઈ કે શૈલજાનદ કઈ ભયમા આવી પડે એવા ઇરાદાથી મુન્ના અગાઉ-થી મારૂ મુખ બધ કરવાનો ઇરાદો રાખે છે.

મુન્ના થોડી વાર મુગો રહી કહેવા લાગ્યો, "આપની ખ્યાતિ સાભળી મને આપને મળવાનુ ઘણુ મન હતુ

રતને હસતા હસતા પૂછ્યુ, "શુ ? હથિયાર લઇને ?"

મુન્ના—હાથ પગ લઇ આપની સમક્ષ આવવાથી શી ખ્યાતિ ? આપ બગાળી બ્રાહ્મણ છો દુબળુ શરીર લઇ બગાળામાથી આવ્યા અને નાગપુરની છાતીપર ચઢી આજે લગભગ ચાળીસ-પચાસ વર્ષ થયા રાજ્ય કરતા આવ્યા છો આપની સાથે ખાલી હાથે મુકાબલો કરવાથી શો લાભ ? મને એવી ઇચ્છા થતી હતી કે આપને એકાદ હથિયારનો ઘા ઇનામમા આપુ કે જેથી એક કોમ સરદારનુ ગૌરવ વધે

રતન—ત્યારે કેમ ન આવ્યો ?

મુન્ના—મારા માલીકની મના હતી માટે

રતન—કેમ ? અમે તો એક બીજાને ઓળખતા નહોતા તો પછી અચાનક તારા માલીકના મનમા મારા પર પ્રીતિ કયાથી ફૂટી નીકળી

મુન્ના—તે કહી શકતો નથી

રતન—મને લાગે છે કે તુ મારાથી કઇ છુપાવે છે

મુન્ના જીભ કચરી બોલ્યો, "શા માટે છુપાવુ ? આવા વચનો આપને યોગ્ય નથી"

રતન હાર્યો. તેણે પ્રશ્ન ફેરવ્યો "તુ શુ કઇ કારણ અનુમાન કરી શકતો નથી ?"

મુન્ના—મહારાજ ! મે કહ્યુ તો છે કે હુ તો માલિકના હાથથી નાચતુ નિર્જિવ પુતળુ છુ તેના કાર્યનુ તત્વ સમજવા માટે મે અનુમાનનો આશ્રય કદી લીધો નથી

રતન—તે લૂટફાટ કરી ઘણા પૈસા સઘર્યા હશે ?

મુન્ના—સમર્યા નથી. કેવળ લૂટ કરી આપ્યા છે રાત્રે લૂટફાટ કરતો, દિવસે અહીં આવી અષ્ટભુજા દેવીનો પ્રસાદ ખાતો ઘણું દૂર જવુ પડતુ, અને તેને લીધે બે ચાર રોજ અહીં ન અવાતુ તો મજુરી કરી પેટ ભરતો મજુરી ન મળતી તો ફળમલ ખાતો, તે ન મળતા તો પાણી પી ચલાવી લેતો મૂળ વાત એ છે કે અનાહારે મરતો પણ ભીખ માગી ખાતો નહિ

રતન—લુટફાટ કરવામા કેટલાક વર્ષો ગાળ્યા ?

મુન્ના–ઘણા વર્ષો તે શુ નક્કી કરી શકાય ! લુટફાટ કરવાના સ્થળો અને વખત નક્કી થઈ શકે તેમ નથી

રતન–સ્થાન ને સ્થળની સખ્યા લક્ષમા પણ ન આવે તેટલી લૂટો કરી તે પુષ્કળ દ્રવ્ય મેળવ્યુ હશે ખરૂ ?

મુન્ના—એટલુ બધુ કે જો તે મારી પાસે હોત તો એક મોટુ રાજ્ય સ્થાપી શકત

રતન—એ બધુ દ્રવ્ય તે તારા માલીકને આપી દીધુ ?

મુન્ના—ત્યારે કોને આપુ ? હમણા જ કહ્યુ કે હું તો મજૂરી કરી પેટ ભરતો

રતન–ત્યારે તારો માલીક એ અખૂટ દ્રવ્યનો અધિકારી છે ખરૂ?

મુન્ના—તે કેવી રીતે કહી શકુ ?

રતન—જો મરજી હોય તો તુ તેમ કહી શકે તેમ છે

મુન્ના—મહારાજ ! એ હું કહી શકતો નથી એટલુ તો ખરૂ કે મે દ્રવ્યની ખબર રાખી નથી છતા મે તેનો ઉપયોગ થતો પણ કોઇ કાળે જોયો નથી. મારા માલીક બહુ સાદા છે તેમની સ્ત્રીને જૂઓ તો એકાદ દાસી હોય તેવુ જણાય. ઘરનુ બધુ કામ તે જાતે

કરે છે તેમની પુત્રીને તો જોઇ છે ! જમાઇ સદાશિવ તો આપને ત્યા સાધારણ સિપાહીનુ કાર્ય કરે છે

રતન—તારા માલીક પાસે કઇ વડિલોપાર્જિત મિલ્કત છે

મુન્ના—છે પરંતુ તેની બધી મિલ્કત અમે પચાવી પડયા છીએ

રતન—તમે કોણ ?

મુન્ના—હુ અને મારૂ ટોળુ જો કે હુ અહીંજ રહુ છુ પણ મારો શિષ્યવર્ગ સસારી છે લગભગ પાચ હજાર માણસો મારા માલીકની જમીનપર પ્રાણ ધારણ કરે છે

શૈલજાનદને અનુમાન વડે સમજવાનુ કાર્ય રતનને મુશ્કેલ લાગ્યુ એક વખત તેને લટારાના સરદાર તરીકે તિરસ્કારવાનુ મન થયુ, પણ તરતજ એ વિચાર ફર્યો શૈલજાનદ તેને દેવ જેવો જણાવા લાગ્યો, તેનુ ચારિત્ર તેના હૃદયમા ભરતી આણવા લાગ્યુ વળી તેને વિચાર આવ્યો કે સરલ ચિત્તવાળા કોલ લોકોને સાધન તરીકે વાપરી તેણે પેદા કરેલુ બધુ દ્રવ્ય એ ડોસો ભોગવી રહ્યો છે પણ વળી મુન્નાની છેલ્લી વાતચીત પરથી તેને જણાયુ કે કોઇ મહાન ઉદ્દેશ સાધવા માટે, એ રહસ્યમય વૃદ્ધે આ છુપી હવેલીમા બધુ ધન સઘરી રાખ્યુ છે

સધ્યાકાળ થતા બહુવાર ન લાગી મુનાએ વિસ્મય સાગરમા ડુબી ગયેલા બ્રાહ્મણને મદિરમા પ્રવેશ કરવાનુ સૂચન કર્યું તેણે કહ્યુ કે " મહારાજ, અધારૂ થતુ આવે છે જો હમણા દર્શન નહિ કરી લો તો પછી અધારામા કઇ નહિ દેખાય "

પ્રકરણ ૭ મું

મંદિરમાં

રતન મંદિરમાં પેઠો, મુગા ચોકીદારનુ કામ બજાવવા બહાર ઉભો પ્રકાશમાંથી અંધારા ભાગમાં જતા પ્રથમ તો રતન કંઇ જોઈ શક્યો નહિ પ્રવેશ દ્વાર સિવાય અજવાળુ આવવાનુ બીજુ કંઇ સાધન નહોતુ ઉપર અંધકાર, ચોતરફ અંધકાર, દુર્ભેદ્ય રૌલન્ત, માફક આગન્તુકનો રસ્તો રોકી, જાણે કેટલાય વર્ષો થયા રત્નોના ઢગ પોતાની છાતીમા છુપાવી અચળભાવે ઉભો હોય નહિ તેવા રતનને ભાસ થયો

રતને ધાર્યું કે ગાઢ અંધકારમા કયા જવુ ? દેવી કયા છે ? તેના દર્શન શી રીતે કરવા ? વળી આવા અંધકારમય પ્રદેશમા મંદિરની અધિષ્ઠાત્રી દેવીને શૈલજાનંદે શા માટે રાખી હશે ? રતને વિચાર કર્યો કે હવે આગળ જવાથી શો ફાયદો ? રૌલજાનંદના ગૃહદેવતા તેના જ મકાનમા બંદીવાન છે, હુ તેની શોધમા શા માટે અકાળે મોત માગી લઉ ? વળી વિચાર થયો કે રૌલજાનંદને હાથે જ્યારે દેવીની પણ આવી દુર્દશા થઇ છે, ત્યારે પછી અકાળ મરણ સિવાય હુ તેની પાસે શાની આશા રાખી શકુ ?

રતન આગળ વધ્યો અંધકાર તેને ડગલે ડગલે અડચણ કરવા લાગ્યો. તોપણુ તે પાછો ન જ ફર્યો એકવાર તેણે પાછુ વાળી જોયુ ધાર્યું કે આંખોને પ્રકાશના દર્શનથી પાવન કરી દેવીના દર્શન કરવાને ઉપયોગી કરી લઉ. પણ આ શુ ? મંદિરના બારણાં તો બંધ થઇ ગયા છે

બ્રાહ્મણ પ્રથમ તો આ સબંધમા કંઇ સમજી શક્યો નહિ બીજુ કોઈ મંદિરના બારણા ઉઘાડા દેખે એ ખાતર મુન્નાએ દાર વાસી દીધા તો નહિ હોય ? શંકાશીલ ચિત્ત બ્રાહ્મણે ધાટો પાડયો, 'મુન્ના !" જવાબ ન આપ્યો

કેવળ કેટલાક પડછંદા મંદિરના ઘુમટ સાથે અથડાઈ તેના કાનમા સેકડો ગણી શક્તિથી 'મુન્ના'નુ નામ પોકારવા લાગ્યા

બ્રાહ્મણને શંકા થઈ શુ આટલે દિવસે એક નિર્દય બટારાની મોહક વાણીથી લોભાઇ, તેનુ કપટ ન સમજતા આ અંધકારમય કારાગારમા અનાહારે ભયંકર મૃત્યુની રાહ જોતાજોતા જિંદગી સુધી બંધાઇ રહેવુ ? આ વિચાર આવતા જ તેની વજ્ર સમાન છાતી પણ ધડકવા લાગી. બ્રાહ્મણ બબડયો, "હાય, મે શુ કર્યું ! મારી જાતે મે નિયતિને આલિંગન કર્યું ?"

એક ક્ષણમા રતન શાંત થઇ ગયો તેણે નિશ્ચય કર્યો કે હવે પાછુ તો ન જ કરવુ જો શૈલાનંદના મનમા કપટ ન હોય તો ! તેણે મારી પરીક્ષા કરવા ખાતર આ અલૌકિક યુક્તિ ઉપજાવી કાઢી હોય તો !

મૃત્યુભય માથા પર લઈ રતન અંધારામા ફાફા મારવા લાગ્યો આગળ ચાલવા લાગ્યો, પાછુ વળવુ એ તેને હવે મૂર્ખતાભર્યું લાગ્યુ

ધીમે ધીમે અંધારામા તેને કઈ સૂઝવા લાગ્યુ, તેની આંખોને કંઇ કંઇ સમજાવવા લાગ્યુ રતને જોયુ કે બાજુ પરની એક ઓરડીમાથી ઝાંખો પ્રકાશ આવે છે

આ જાળીઆ વિનાના મંદિરમા આવી સ્નિગ્ધ જ્યોતિ ક્યાથી આવી ? મુગ્ધ નેત્રે રતન ચોતરફ જોઇ રહ્યો તેણે જોયુ કે મંદિરના ઘુમટથી માંડીને ભોંય તળીઆ સુધીની બધી દિવાલો બંદુક, તરવારાદિ અસ્ત્રશસ્ત્રોથી ભરપૂર છે. અસંખ્ય અસ્ત્રો મંદિરની દિવા-

લોમાની એકાદ એ ફાટોમાંથી આવતા પ્રકાશથી પ્રકાશિત થઈ ગયાં છે તરવાર પર તરવાર, બંદુક પર બંદુક—રતન આ બધું જોઇ પત્થરના પુતળાની પેઠે દિગ્મૂઢ બની ઉભો તેની આંખો સ્થિર થઇ ગઇ, શૈલજાનંદની ધ્યાનગમ્ય મૂર્તિ સાથે આ અગણ્ય અસ્ત્રોનો મુકાબલો કરવા લાગ્યો પરંતુ કંઇ ન સમજાયું આ બધાં ભયંકર હાથિયારોમાં રૂદ્રની ભીમ મૂર્તિનું ચિહ્ન પણ ન મળ્યું

પ્રકાશ ધીમે ધીમે ખસતો જતો હતો, વળી ભયંકર અંધકારમાં ન ફસી જવાય એ ખાતર રતન ઉતાવળે ડગલે સામેના ઓરડામાં ઘૂસ્યો

અહીં તેણે મણિની વેદિપર રત્નમંડિત સિંહાસન પર રત્નમય કમલમાં બિરાજેલી અષ્ટભુજાની મૂર્તિ નિહાળી મહાકાલનું હૃદય આસન તજી, તેની પાસે અર્ધી સુતેલી, દેવી જાણે આડે હાથે પોતાનું હૃદય દબાવી ઘોર નિદ્રા વશ થઈ ગઇ હોય એવું જણાતું હતું

બ્રાહ્મણ અનિમેષ નેત્રે દેવી તરફ જોઈ રહ્યો શક્તિમયી દેવીના અંગપર ધૂળના થર જામ્યા હતા ! બાજુએ ધૂળની ઘટાવાળા મહાકાલ નિદ્રાથી મીંચાતી આંખે શક્તિહીના શક્તિના મુખ તરફ જોતા તેના પાદસ્પર્શનું સુખ ભોગવવાની અભિલાષા બતાવી રહ્યા છે

આ જોઈ બ્રાહ્મણ શાંત રહી શક્યો નહિ. તેના હૃદયમાં એક અજાણી વેદના પેદા થઈ આંખોમાં આંસુ ઉભરાયાં લથડતા અવાજે તે બોલી ઉઠ્યો, "દેવી ! તારી આ અવસ્થા કોણે કરી મા ? જાગ મા ! એક વાર જાગ ! જાગ્રત થઇ એકવાર મારી પૂજા ગ્રહણ કર. નહિ તો આ વિશ્વનો નાશ કરનારી નિદ્રા ફેલાઇ અખિલ જગતને ઢાંકી દેશે. કયા મંત્રથી જગત જાગ્રત થાય તે આનંદમયિ ! એકવાર સુણાવ તારો ભક્ત એ મંત્ર સાભળી તારી પૂજા કરવાને તત્પર થાય."

કૃપામયી ન જાગી, બ્રાહ્મણ ન જાણે તેમ તેણે અંધકાર રૂપી બુરખામાં પોતાનું મુખ છુપાવી દીધું બ્રાહ્મણપણ અંધારામાં રસ્તો ભૂલી જવાની બ્હીકે એ ઓરડી છોડી ચાલ્યો

બહાર આવતાં જોયું કે એ ઓરડાને એક બારણું છે કોઈ પ્રકાશિત સ્થળે જવાની ઇચ્છાથી તેણે એ બારણું ઉઘાડયું બારણું ઉઘાડતાં જ મુન્ના ઉભેલો જણાયો

" મને શું બતાવ્યું મુન્ના ?"

" દેવ, આપે શું જોયું ?"

" કેમ, તેં નથી જોયું ?"

" કેવી રીતે જોઉં ? આ મંદિરમાં પ્રવેશ કરવાનો મને અધિકાર નથી "

"શું છે, તે તેં તારા માલીક પાસેથી પણ કદી સાંભળ્યું નથી ?"

" કદી પૂછયુંએ નથી મારા માલીકે મ્હોંએ ચઢીને એ બધું કહ્યું પણ નથી "

"તમે કયાં કયાં હથિયારો લઈ ફરતા ?"

" કેવળ લાકડી પણ બંગાળામાં લટફાટ કરવા જતા ત્યારે બંદુક વાપરવાની પરવાનગી મળતી હું અને મારા દશ શિષ્યો બંદુક વાપરતા "

"શું ઠેઠ બંગાળા સુધી લટફાટ કરતા ?"

"અનેકવાર ગયા છીએ—ઢાકા, મયમનસિંહ, રાજશાહી—અમે ન ગયા હોઇએ એવું સ્થાન કયું છે દેવ ? મારા માલીક કહેતા કે બંગાળાના જમીનદારો જેવા નિરૂપયોગી પદાર્થો દુનિયામાં બીજા નથી કોઇપણ સત્કાર્યમાં તેઓ પૈસા ખરચી શકતા નથી તેઓની પાસેથી

તો રાતી આંખે પૈસો કઢાવવો રહ્યો તેમ છતાં ન કાઢે તો પછી **मूर्खस्य लठ्ठौषधि।**

"મુન્ના, મારા દેશની નિંદા ન કરતો એ સાંભળી મને દુઃખ થાય છે "

"માફ કરો દેવ! હવે નહિ કરૂં."

"તમે બંદુક વાપરતા શીખ્યા છો?"

"બંદુક તો શું પણ મારા હાથ તળેના હજારો માણસોને તોપ છોડતા પણ આવડતી હતી "

" તોપો છે?"

" મેં પચાસ તોપો વાપરી છે "

" તે ક્યાં છે?"

" કોણ જાણે "

" હજુ પણ તમે તોપનો ઉપયોગ કરો છો?"

"તોપો, બંદુકોને લૂટફાટ બધું એકી સાથે છોડયું છે"

"શા માટે છોડયું તે કહી શકે છે?"

" કેવી રીતે કહી શકું મહારાજ? પણ એ વખતે મારા માલીકને મેં એ વિષે પૂછ્યું હતું તેના જવાબમાં તેણે કહ્યું કે, "હવે મારા જીવનમાંતો તેની જરૂર નહિ પડે અત્યારે અંગ્રેજો આપણા રાજા થયા છે રાજ્યમાં કાયદો આવ્યો છે"

રતને બીજું કંઇ પૂછ્યું નહિ મંદિરના બારણા આગળથી કેટલાક સાંકડા પગથિયાં એક નાના બગીચામાં જતા હતા રતન એ પગથિયાં ઉતરી બાગમાં આવ્યો બગીચો અત્યારે જંગલના રૂપમાં ફેરવાઇ ગયો હતો

જે સમજવાનું ન હોય, તે સમજવા જવું એ જગતમાં સૌથી વધારે દુઃખમય છે. તમારી બાજુએ જીવનપર્યંત બેસી હસતું હસતું કોઈ ચાલ્યું

ગયુ, પીડાના તીવ્ર આઘાતથી જર્જરિત થયેલ તમે હમેશા ઇર્ષ્યા-પૂર્વક તેનુ મુખ જોયા કર્યું પરતુ હાય! એક દિવસ પણ તમે સમજી ન શક્યા કે તે માણસ તમારા કરતા પણ ઉંડી પીડાથી પીડાય છે! સજ્જનતાનો આદર્શ તમને મિત્રભાવ પસદ કરવા આવ્યો, પણ તેને તમારી તરફથી હમેશા તિરસ્કાર જ મળ્યો તમે સેંકડો પ્રયત્ન કર્યા છતા તેનામા સજ્જનતાનુ ચિહ્ન પણ ન જોઇ શક્યા જે સમજાવાનુ નથી તે તમારાથી કદી સમજાવાનુ નથી આ પ્રમાણે દર્શનવિજ્ઞાનને અભાવે, પ્રેમીમા કઠોરતા, દુર્જનમા ન્યાયનિષ્ઠા, જ્ઞાનીમા મૂર્ખના જગત સદા નિહાળતુ આવ્યુ છે જેનો સ્વભાવ આપણે ધારીએ તેવો કદી ન હોય છતા એવી ભ્રાન્તિને ખરી માની કેટલાય યુગો થયા આપણે છેતરાતા આવ્યા છીએ! રતને મનમા નિશ્ચય કર્યો કે શૈલજાનદ જે કોઇ હોય તે ભલે રહ્યો હુ તેને સમજવાનો પ્રયત્ન હવે નહિ કરૂ

પ્રકરણ ૮ મું

શૈલજાનદનો સસાર

દેવીના દર્શન કરી રતન શૈલજાનદ પાસે ગયો મુન્ના તેને એક ગૌશાળામા લઇ ગયો સધ્યાકાળ પછી શૈલજાનદ ત્યા જ રહેતો હતો ત્યા બેઠો બેઠો ગાયોની સેવા થતી નિહાળતો હતો.

એજ સ્થળે તેણે રતનની અભ્યર્થના કરવાની વ્યવસ્થા કરી હતી.

ગોશાળાના મધ્યભાગમા એક અષ્ટખુણીઉ છાપરૂ હતું તેની બધી બાજુ ખુલ્લી હતી. તેમા બેસનાર ચોતરફ આવેલી કોડો બગા-

બર જોઇ શકતો હતો આ છાપરા નીચે બેસી શૈલજાનદ દિવસનો ઘણોખરો ભાગ ગાળતો હતો લગભગ આખો દિવસ અહીજ રહેવાનુ થતુ હોવાથી શૈલજાનદે આ સ્થાનને આશ્રમ જેવુ બનાવ્યુ હતુ છાપરાની આજુબાજુએ એકી સરખી ઉચાઇના અસખ્ય બોરસલીના ઝાડ વર્તુળાકારમા ઉગાડ્યા હતા ગ્રીષ્મઋતુમા તેને નળીએ ગાયો વિસામો લેતી શૈલજાનદે જાતે ગાયમાતાની સેવા કરવાના ઉદ્દેશથી આ ઝાડો રોપ્યા હતા હજુ એ ઝાડો બહુ મોટા થયા નહોતા તે ઝાડોમાના એક ઝાડ નીચે ગાદી નખાવી શૈલજાનદ રતનની રાહ જોતો ઉભો હતો

રતનને એક આસન પર બેસાડી શૈલજાનદ બીજા આસન પર બેઠો

શૈલજાનદ—તમાકુ પીઓ છો કે ?

રતન—હા તેમા પણ તમારૂ મદિર જોઇ તમાકુ પીવાની ઇચ્છા બહુ પ્રબળ થઈ ગઇ છે

શૈલજાનદ—મદિરમા કઇ બ્હીક લાગી હતી ?

મુન્ના પાસે ઉભો હતો, શૈલજાનદે તેને ચાલ્યા જવાનો ઇસારો કર્યો અને કહ્યુ, જેમ બને તેમ જલદી તમાકુ મોકલ. હુકમ થતા જ મુન્ના ચાલ્યો ગયો

રતન—પ્રથમતો બ્હીક લાગી મને લાગ્યુ કે મારે કદાચ જિદગીપર્યંત અહી જ રહેવુ પડશે

શૈલજાનદ—આપને શું છોટાનાગપુરના પ્રદેશમા ફરી પાછા ફરવાની ઇચ્છા થાય છે ?

રતન—ઇચ્છા નથી પરતુ મને લાગે છે કે પાછુ આવવું પડશે.

શૈલજાનંદ—હા ખરી વાત ! પાછુ આવવું જ પડશે તીર્થમા આપને નહિ ગમે

રતન—તમે શુ કોઈ વખતે તીર્થમા ગયા છો ?

શૈલજાનંદ—કદી નહિ જવાની ઇચ્છા હતી, પણ મહારાજ આ જીવનમા તેમ નહિ બને

રતન—કેમ ? નકામો આત્માને પીડવાથી શો લાભ ?

શૈલજાનંદ—તીર્થનો રસ્તો તો તૈયાર કરી શકયો નહિ

રતન—તમે શુ તે ખાતર દુ ખી થાઓ છો ?

શૈલજાનંદ—કોઈ કોઇ વખતે દુ ખી થાઉ છુ ખરો પરતુ ઘણીવળા હુ મારા મનને સમજાવુ છુ હુ એવુ માની મન વાળુ છુ કે હુ તે કોણ માત્ર ! તીર્થનો રસ્તો તૈયાર કરી શકુ તેટલી મારામા શક્તિ કયા છે ?

રતન—દુ ખી ન થાઓ તમારી છુપી તૈયારી જો છુપી રીતે નાશ પામે તો તેમા દિલગીર થવા જેવુ કઇ નથી તમે કાર્ય કરો પણ તેનુ ફળ કઇ તમારા હાથમા નથી ફળદાતા છે પ્રભુ !

નોકર એક નવા હુક્કામા પાણી ભરી, તે પર ચલમ ચઢાવી લાગ્યો રતન તમાકુનો સ્વાદ લેવા લાગ્યો એ દરમિઆન નોકરે તેના પગ ધોઇ નાખ્યા શૈલજાનંદે કહ્યુ, "તમાકુ પી રહ્યા બાદ આ છાપરા નીચે બેસજો ત્યા મધ્યાવદનાદિ માટે બધી તૈયારી કરી રાખી છે હુ જરા ઘેર જઇ આવુ" એમ કહી તે ઉઠયો રતને પૂછ્યુ, "આજ રાતે આપ મળી શકશો ?"

રતન સમજી ગયો હતો કે કઇ ઉડી વેદનાને લીધે શૈલજાનંદ જાય છે કદાચ એ પાછો નહિ આવે

શૈલજાનંદે હસતાં હસતાં કહ્યું, "કેમ નહિ આવું મહારાજ. આજે જિંદગીમાં પહેલી જ વાર અતિથિ સત્કાર કરૂં છું, તો પછી પાછો નહિ આવું."

રતન—પધારો ત્યારે કંઈ માઠું લગાડશો નહિ, મને તમને છોડવા ગમતા નથી. જ્યાં સૂધી મેં તમને નહોતા જોયા ત્યાં સૂધી તો તમારા પર બહુ ગુસ્સો ચઢયો હતો, પણ હવે એ બધું જતું રહ્યું છે

શૈલજાનંદે જવાબ ન આપ્યો. તે ચાલ્યો ગયો

બ્રાહ્મણ તમાકુ પી ઉઠવાની તૈયારી કરતો હતો, ત્યાં છોકરાને લઈ તુલસી આવી પહોંચી

રતન—કેમ બ્હેન, અહીં ક્યાંથી આવી ચઢી ?

તુલસી—મહેમાન દાવે આવી છું

રતન—કેટલા દિવસ પછી ?

તુલસી—તે તો યાદ નથી લગભગ બાર વર્ષ થયાં અહીં આવી નથી. આ સ્થળ અગાઉ આવું નહોતું પણ કેવું હતું તે બરાબર યાદ આવતું નથી આ બધાં બોરસલીનાં ઝાડ તે વખતે નહોતાં.

રતન—એ વખત દરમિઆન શું માબાપ સાથે ભેટો નહોજ થયો ?

તુલસી—મા છુપી રીતે મને મળી જતી બાપા તો કદી દેખાયા જ નથી તેમને મળીશ એવી આશાએ નહોતી કેવળ આપની કૃપાથી જ તેમને જોઈ શકી પરંતુ ગુરૂદેવ ! આવીને મેં શું જોયું સુવર્ણ-મંદિરનું શિખર ડગમગી રહ્યું છે બે દિવસ પછી આવી હોત તો તેને જોઈ શકી ન હોત !

તુલસી રડવા લાગી બ્રાહ્મણની આંખપણ પલળી ગઈ તેણે મનમાં નિશ્ચય કર્યો હતો કે શૈલજાનંદ વિષે હવે કોઈને કંઇ નહિ પૂછું પરંતુ આ પિતૃવત્સલ રમણીની વાત સાંભળી તે બહુ જ

દિલગીર થયો તેને તેના પિતા વિષે એ ચાર વાતો પૂછવાની મરજી થઇ

રતન—પિતાનો એવો શો અપરાધ કર્યો છે કે બાર બાર વર્ષના અબોલા વેઠવા પડયા ?

તુલસી—તે તો હુ જાણુતી નથી દેવ !

રતન—વિના અપરાધે શુ આટલુ વેઠવુ પડયુ ?

તુલસી—અજાણતા કઈ અપરાધ થઇ ગયો હોય તો હુ શી રીતે જાણુ ? એક દિવસે સવારમા પથારીમાથી ઉભી કરી પિતાએ મને હાકી કાઢી તેણે કહ્યુ કે 'જો તુ મારી પુત્રી હોય, તો તારા પતિ સાથે હમણા જ અમને તજી જતી રહે જ્યા સૂધી હુ તને ન બોલાવુ ત્યા સૂધી આ ઘરમા પગ મૂકતી નહિ હુ મરવા પડયો હોઉ, કે મરી જાઉ તો પણ નહિ

રતન—પિતા શુ તને નહોતા ચાહતા ?

તુલસી—મને ઘડી ભર જોયા સિવાય રહી શકતા નહોતા

રતન—તારા પતિ પર તેને કઈ ક્રોધ હતો ?

તુલસી—ક્રોધનુ કારણ કદી જણાયુ નથી મારા પતિએ પણ મને કઇ કહ્યુ નથી. વળી તેની સાથે મારે વાતચીત પણ કયાથી થાય ' વિવાહ થયા બાદ દશમે દિવસે સાસરે મૂકી તેઓ વિદેશ જતા રહ્યા છે બાર વર્ષમા એક વખત પણ હુ તેને મળી નથી

રતન—તારા સસરા ત્યારે જીવતા હતા ?

તુલસી—સસરા હતા, ઓરમાન સાસુ પણ હતી પરંતુ મારા પતિના ગયા બાદ એક વરસમા એ બંને માર્યા ગયા, સાસુ મને આ પુત્ર સોપી ગયા છે દૈવયોગે એ મને મળ્યો તેથી આજસુધી જીવન ધારણ કરી રહી છુ.

બાળક અત્યાર સુધી કોણ જાણે શાથી ચૂપ ઉભો રહ્યો હતો હવે તે વિફર્યો. તેણે તુલસીનો છેડો પકડી કહ્યું, " મા, ઘેર ચાલ. "

રતન—હવે તુ ઘેર જઈ શકશે નહિ આ હવે તારૂ જ ઘર છે.

બાળકે રતન પર હાથ ઉગામી કહ્યું, " મારીશ હો. " રતને કહ્યું, " જે કરવુ હોય તે કર, તને છોડવાનો નથી " બાળક તુલસીને છોડી રતનના હાથ પકડવા દોડયો તુલસીએ કહ્યું " અરે! એ તો આપણા ગુરૂ છે એના પર હાથ ઉગામાય! એ ખરૂ કહેછે "

રતને બાળકને ખોળામા લઇ લીધો અને કહ્યું, " જેમ તારે મા છે, તેમ તારી માને પણ મા છે તુ જેમ તારી માને એક ક્ષણ પણ વીસી મકતો નથી તેમ તારી મા પણ પોતાની માને કેમ છોડી શકે ? "

બાળક કઇ ન સમજ્યો રડતી આખે તુલસી ભણી જોઇ રહ્યો. તુલસીએ કહ્યું, " તુ અહીએ રહેશે ને ત્યા પણ રહેજે "

એ વખતે મુન્નાએ આવી તુલસીને કહ્યું કે ' બાપાજી, આપને બોલાવે છે " તુલસી બાળકને ખોળામા લઇ ઘરમા ગઇ રતન પણ સધ્યા પૂજા કરવા ઉઠયો

પ્રકરણ ૯ મુ

અદૃષ્ટ ચક્ર

રાત્રે એકજ વાર શૈલજાનદ સાથે રતનની મુલાકાત થઇ તે રતનને સુવાનો બંદોબસ્ત કરી ચાલ્યો ગયો બને વચ્ચે કઇ વાતચીત ન થઇ

રતને નિશ્ચય કર્યો હતો કે શૈલજાનંદ વિષે વધારે વિચાર ન કરવો પણ આખી રાત એજ વિચાર થયો શૈલજાનંદે એક સ્વચ્છ ઓરડામાં રતન માટે પલંગ ઢળાવ્યો હતો પણ રતને એ પલંગ પર આખી રાત આળોટયા કર્યું તેણે વિચાર કર્યો કે રાજારાણીની ચિંતા છોડી, નારાયણીની છોડી, અનંતપુરના સુખમય સ્વપ્નની સ્મૃતિ છોડી ત્યાં વળી આ શૈલજાનંદની ચિંતા ક્યાંથી આવી પડી? મારૂં કાર્ય પત્યું છે, માટે અહીં રહેવાથી શો લાભ? છોટાનાગપુરની ચિંતા અહીં જ દફનાવી તીર્થમાં ચાલ્યો જાઉં એજ ઠીક છે

શૈલજાનંદની સાથે મેળાપ થશે તો કદાપિ બે ચાર દિવસ અહીં રોકાવું પડશે. રોકાઈશ તો કે ણુ જાણે કેટલીય ચિંતા વેઠવી પડશે આવા વિચારથી તેણે શૈલજાનંદનું મકાન છોડવાનો નિશ્ચય કર્યો બ્રાહ્મણે વિચાર કર્યો કે સૂર્યોદય પહેલાં આ સ્થળ તજી જવું જોઇએ તરત જ તે પોટલી ખાંધે લઇ, મૃગચર્મ બગલમાં મારી ચાલી નિકળ્યો. ઝમ્મન બારણા વચ્ચે માથું રાખી સૂતો હતો, ત્યાંથી પસાર થતાં તેના માથા સાથે રતનનો પગ અફળાયો.

હજુ ઘણી રાત હતી ઊંબરા પર માથું મૂકી ઝમ્મન સ્વપ્ન નિહાળતો હતો ઘણા દિવસ પહેલાં પાડોશમાં રહેતી પુરી નામની સોળ વર્ષની છોકરી સાથે તેની સગાઈ થઇ હતી ગરીબ ઝમ્મન જે કંઈ કમાતો તે પુરીની માના હાથમાં મૂકતો હતો તો પણ એ અકૃતજ્ઞ બાઇએ પૂરીનું લગ્ન કોઈ બીજા માણસ સાથે કર્યું ઝમ્મનની મનોવેદનાનો પાર રહ્યો નહિ પરંતુ તેણે પુરીની માને જે કંઇ આપ્યું હતું તે પાછું માગ્યું નહિ તેને ખાત્રી હતી કે પુરી મને ચાહે છે કેવળ તેની માને ખાતર જ તેને બીજાની સાથે લગ્ન કર-

વાની ફરજ પડી છે. આથી તે પુરી પર ગુસ્સે ન થતા તેનુ અમલ્ય દુ ખ કલ્પતો હતો અને દુ ખી થતો હતો. પરતુ થોડા દિવસ પહેલા તે પુરીને મળ્યો તે વખતે એ કલ્પના ખોટી પડી ઝમ્મનને આ વખતે ગુસ્સો આવ્યો.

ગુસ્સામા ને ગુસ્સામા ઝમ્મન સ્વપ્ન જોઇ રહ્યો હતો તે એક ઝાડ નીચે બેઠો છે અને પુરી પોતાની આપેલી સાડી પહેરી પતિસાથે ચાલી જાય છે ક્રોધથી ઝમ્મન ઝાડ નીચે બેઠો બેઠો નિમાસો નાખે છે, એ વખતે તેને એવો ભાસ થયો કે પાછળથી પુરી માગ માથાને ટોલ્ડ મારે છે ઝમ્મન એટલો બધો ખુશી થયો કે તેણે તેનો હાથ પકડયો દુર્ભાગ્યે પુરીનો હાથ તે રતનનો પગ થઇ ગયો ! રતને જોયુ કે સાવધાન ઝમ્મન મને ચોર માની પગ પકડી રહ્યો છે

રતન—ઝમ્મન છોડી દે, હુ ચોર નથી

ઝમ્મન—તુ ચોર નથી તો પછી ચોર કોણ ? તે મારૂ બધુ ચોરી લીધુ છે.

રતન—મે તારૂ શુ ચોર્યુ ?

ઝમ્મન—મારૂ મન, મારો પ્રાણ !

રતન દિગ્મૂઢ બની ઉભો વિચારવા લાગ્યો કે આ વળી શુ બોલે છે !

પુરીને મુંગી ઉભેલી જોઈ ઝમ્મનનુ સાહસ વધ્યુ. તેણે વધારે બળ વાપરી તેનો હાથ પકડયો અને વિનયનપૂર્વક બોલવા લાગ્યો, "કહે પુરી તુ મને હવે છોડીશ કે ?"

બ્રાહ્મણ સમજી ગયો કે ઝમ્મન સ્વપ્ન જૂએ છે. તેણે કળે કરીને પગ કાઢી લીધો. નોકર બડબડતો બડબડતો ઉઘી ગયો બહાર

જતા જ આ અડચણ નડવાથી રતનને શંકા પડી ! તેણે ધાર્યું કે હજુ નસીબમા કોણ જાણે કેટલુય દુ ખ માડયુ છે

પરતુ ડગલે ડગલે નફાતોટાના હિસાબો કરવા જતા કઇ રસ્તો ન કપાય બ્રાહ્મણે વિચાર્યું કે નસીબમા જે હોય તે ભલે બને, હવે તો જવુ જ

બહારના દરવાજા આગળ મુન્ના ઉંઘતો હતો. રતને તેને ઉઠાડી કહ્યું, " હુ જાઉ છુ તુ સવાર સુધી ચોકી કરજે "

મુન્ના—માલીકને ન મળ્યા ‘

રતન—મળીશ તો સહેલાઇથી જવાશે નહિ

મુન્ના—તુલસીને નહિ મળો ‘

રતન—પાછો ફરીશ તો મળીશ. મુન્ના ! હવે મને ન અટકાવ.

મુન્ના વધારે ન બોલતા બ્રાહ્મણના પગમા પડયો બ્રાહ્મણ તેને આશીર્વાદ આપી બહાર નીકળ્યો

અધારામા ધીરે ધીરે ડગલા ભરતો રતન પેલા સરોવર તીરે આવી પહોચ્યો એ વખતે બગલમા કપડાની ગાસડી લઇ તુલસી ત્યા આવી ઉભી રતન સમજ્યો કે મુન્ના પાસેથી ખબર મળતા તે મને મળવા આવી છે. વારવાર શ્વાસોચ્છ્વાસ વહેતો હોવાથી તેને એ માન્યતા ખરી લાગી પણ આ ગાસડી શાની ? તેણે કહ્યું," બ્હેન, તુ મળી તે ઠીક થયુ તારા પિતાને કહેજે કે હુ જાઉ છુ ! તીર્થ કરવા જવાનુ મને બહુ મન થયુ છે "

તુલસી—ત્યારે મને કોણ લઇ જશે ?

રતન—તુ ક્યા જવાની છે ?

તુલસી—હુ પણ તીર્થ કરવા જવાની છુ

રતન—તીર્થ કરવા ?

તુલસી—હા ગુરૂદેવ ! તીર્થ કરવા જવા માટે મારૂ મન બહુ આતુર બન્યુ છે

રતન—તુ મારી સાથે શી રીતે આવીશ ?

તુલસી—આપ મારા પતિના ગુરૂ છો તીર્થનો રસ્તો આપ નહિ બતાવો તો કોણ બતાવશે ?

રતન—તારી વાત હુ સમજી શકતો નથી તુ એક આબરૂદારની પુત્રી છે એક ગરીબ બ્રાહ્મણની સાથે તીર્થ કરવા તુ શા માટે નીકળે ? લોકો સભાળે તો શુ કહે ?

તુલસી—આપ શુ કઇ જાણુતા નથી ?

રતન—શુ જાણુવાનુ છે ?

તુલસી—મારા પતિના પત્રની વાત

રતન—હુ તે શી રીતે જાણી શકુ ? સદાશિવે તો મને કઇ કહ્યુ નથી તેણે મને બીડેલો પત્ર આપ્યો હતો મે પણ એજ સ્થિતિમા તારા પિતાના હાથમા આપ્યો

માથુ નીચુ કરી તુલસીએ થોડીવાર વિચાર કર્યો ત્યાર પછી તે બોલી, "જો ન જાણુતા હો, તોપણુ આપ શુ મને મદદ ન કરી શકો?

રતન—શુ કરવાનુ છે તે કહે

તુલસી—મને અનતપુર મૂકી જાઓ

રતન—તને તારા પતિએ બોલાવી છે ?

તુલસી—પત્ર સાથે જ છે વાચશો ?

રતન—હજુ અંધારૂ છે

તુલસી—રજા આપો તો હુ વાચુ.

રતન—વાચવાની જરૂર નથી, શુ લખ્યુ છે તે કહે

તુલસી—તેમણે પત્ર વાચતા જ મને અનતપુર મોકલવાનુ લખ્યુ છે

રતન—શા માટે ?

તુલસી—રાજકુમારી નારાયણીની સહચરી તરીકે મારે અનત પુર રહેવાનુ છે

રતન—એવા કામમા તારા પિતા સમતિ આપશે ખરા ? તેથી તેની આબરૂ જાય.

તુલસી—રાજાની સ્થિતિ અગાઉ જેવી હોત તો જરૂર પિતાજી રજા ન આપત પણ અત્યારે તેની સ્થિતિ કફોડી છે આ સમયમા તેના કુટુબ સાથે જોડાવાથી ઉપકાર કરી શકાય તેવુ છે હુ મોટી બ્હેનની માફક નારાયણીને સાચવવાનુ કામ બજાવીશ

તુલસી જો અધારામા જોઇ શકતી હોત તો જણાત કે બ્રાહ્મણ તેનુ મુખ જોવાને માટે આકાશમાના ગ્રહો પાસે તેજની ભિક્ષા માગી રહ્યો છે.

"તુલસી !" રતનનો સ્વર ધ્રુજવા લાગ્યો "બેટા ! તારી પણ ત્યા દુર્દશા થવાની "

તુલસી—વિવાહ થયા પછી પતિનુ દર્શન પણ ન મેળવી શકેલી સ્રીની એથી વધારે દુર્દશા શી હોઈ શકે ગુરુજી ?

તુલસીએ હવે બ્રાહ્મણને આગળ વધવાની વિનતિ કરી કહ્યું, "હવે વિલમ્બ કરીશુ તો અડચણ નડે તેમ છે, હુ છોકરાને ઘેર મૂકી આવી છુ તે જો જાગશે ને મારો રસ્તો રોકશે તો આજે કદાચ નહિ જવાય એટલુ જ નહિ પણ કદાચ અનતપુર જવાનો

વખત નહિ આવે અનેક કષ્ટે મન દૃઢ કર્યું છે અધારામા ને અધારામા ચાલો દૂર નીકળી જઇએ ”

તુલસી આગળ ચાલી બ્રાહ્મણ તેની પાછળ જવા લાગ્યો. તેના હૃદયમા તીર્થની વાત યાદ આવી તે મનમા બબડયો, “હુ કયા જાઉ છુ ?” હૃદયમાથી જવાબ આવ્યો—“તીર્થમા” “રસ્તો કોણ બતાવે છે ?” જવાબ—“દેવતા”

તેને તુલસીને પૂછવાનુ મન થયુ કે “ત્યા નારાયણીની પાસે રહેવા જાય છે પણ તેવી સ્થિતિમા તારા પતિને મળીશ તો તેને અડચણ થશે તારો પતિ રાજાના શત્રુના ઘરમા નોકરી કરે છે ”

“જો તેમ હોય તો સ્વામીને નહિ મળુ તે મને મળવા માગે તોપણ નહિ તેમણે મને ઘણા દિવસથી જોઇ નથી છતા તે મને ઓળખશે તો હુ તેને નહિ ઓળખુ ” આ વખતે બ્રાહ્મણે તુલસીનુ મુખ જોવાનો તનતોડ પ્રયત્ન કર્યો વૃદ્ધ જોયુ સુદરીનુ મુખ મૃદ-હાસ્યથી ઉભરાય છે અને તેનો થોડો ભાગ ચોરી લઇ ઉષ કાળનુ આકાશ સોનેરી રગે રગાયુ છે

ખંડ ૩ જો.

પ્રકરણ ૧ લું

પાછા અનંતપુર

બે દિવસ પછી મધ્યાહ્નકાળ વખતે બે દરવાન વીરચંદના મહેલની દોઢીમા બેઠા છે તેમાનો એક હતો બાકીદાસ પાડે અને બીજો હતો પલાયનસિંહ તેવારી બાકીદાસે કહ્યું, “ પંડિતજીને પકડવા એ શુ પેટ માટે નોકરી કરતા ભાડુતી સિપાહીઓનુ કામ છે ? તેઓ લાકડીના પટ્ટા શી રીતે ખેલી જાણે ? લડાઇમા લાકડી શી રીતે પકડવી એ પણ તેમનાથી અજાણ્યુ છે. કેવળ સિફારસના જોરથી ચાકરી મેળવી એટલે પટ્ટા ખેલતા આવડી ગયા ? ”

પલાયન સિંહ—ખરી વાત છે પાડેજી, પણ સિફારસનુ જોર વધ્યુ હોય ત્યા શુ કરીએ નહિ તો મારા તમારા જેવા દશ રૂપીઆમા જિંદગી વિતાડે ને આજકાલનો પેલો સદાશિવ સરગુજાના ગજાની ભલામણ પરથી પચાસ રૂપીઆ મેળવે એ બને ખરૂ !

બાકીદાસ—એ ખાતરજ મે પંડિતજીને પકડયા નહિ

પલાયનસિંહ—એ ખાતર જ હુ દૂર ઉભો ઉભો લડાઇ જોયા કરતો હતો દશ રૂપીયા માટે જાન શા માટે ગુમાવવો ?

બાકીદાસ—લડાઇ કરત તો શુ પંડિતજી આપણી આખમા ધૂળ નાખી નાસી જઇ શકયા હોત ? તેનો કાન પકડી સાહેબની સામે ખડા કર્યા હોત

પલાયનસિંહ—સદાશિવ તો કુદતો કુદતો આગળ ગયો હતો પણ બ્રાહ્મણને પકડી શકયો ? હુ હોત તો પકડયા વિના ન રહેત એ ડોસો મારી પાસે થઇને જતો હતો ત્યારે મને એવો વિચાર આવ્યો કે લાકડીના એક ઘાથી એના પગ ભાગી નાખુ એવા વિચારથી મે લાકડી ઉપાડીએ ખરી, પણ સદાશિવનો વિચાર આવતા ગુસ્સાથી શરીર કંપવા લાગ્યુ, લાકડી જમીન પર પડી ગઈ મે વિચાર કર્યો કે વૃદ્ધને શા માટે પકડુ ? શા માટે પકડુ ? સંસારમા ભલાનુ સ્થાન કયા છે ? ન્યાય કયા છે ? આવા વિચારથી હુ ચાલ્યો આવ્યો લાકડી જમીન પર પડી હતી તે તરફ પણ ધ્યાન ન રહ્યુ

બાકીદાસ-પંડિતજીના વખાણ તો ખૂબ સાભળ્યા હતા, પણ તેને બદલે શુ જોયુ ? એ શુ લાકડી ફેરવે છે ? જરા દાવપેચ કરતા એ બુઢ્ઢાના તો ગમ જ રમી જાય લાકડીની રમત કેમ રમાય એ હુ તેને ન બતાવી શકયો તેથી મારૂ શરીર પણ થરથર કંપવા લાગ્યુ

પલાયનસિંહ-પરંતુ જે પંડિતજીને પકડી લાવશે તેને નોકરી કરવાની જરૂર રહેશે નહિ.

બાકીદાસ-તે માટે જ મને બહુ ગુસ્સો ચઢે છે આજે કોઇ એક અયોગ્ય માણસ એ બુઢ્ઢાને પકડાવી દઇ હજાર રૂપીઆ મેળવશે તો મને કંઇનુ કંઇ થઇ જશે.

દુ ખનો બધો બોજો જાણે પલાયનસિંહ પર પડ્યો ન હોય તેમ ને દિલગીર થવા લાગ્યો તેને જણાયુ કે કોઈ એક અજાણ્યો આદમી મારી આગળથી ચાલ્યો જાય છે હજાર રૂપીઆની કોથળી તેના ખભા પર છે કોથળીમાના રાણીના મહોરાવાળા રૂપીઆ પોતાની ભણી હસે છે કેવુ મધુર હાસ્ય! તેવારીજીથી વધારે સહન ન થયુ તે પોતાના શરીરપર લાતો લગાવવા લાગ્યા અને બબડવા લાગ્યા "હાય! એક હજાર રૂપીઆ! વ્યાજનુ વ્યાજ તેનુ વ્યાજ, બીજુ પણ કઇક મળી પાચ વર્ષમા તો એ રકમ કેટલી બધી થાય. એ રૂપીઆ તો ઘરબાર, બાગબગીચા, નોકરચાકર વગેરેનુ રૂપ લઇ કેટલો બધો ભાવ ભજવત હાય, હજાર રૂપીઆ!" તેવારીજી વધારે કઇ બોલી શક્યા નહિ તે કેવળ હોઠના સિસકાર બોલાવવા લાગ્યા તેને જણાયુ કે રૂપીઆ હાથમાથી ચાલ્યા જાય છે અહા! હતભાગ્ય પડિતજી જો પોતાના પગમા લાકડી મારી લગડા થઇ પડત, અથવા મને જોઈ આખો મીચી બે હાથ લાબા કરત—દોરીથી બધાવા માટે—તો આજે તેવારીજીનો બેડો પાર!

મળ વાત એ છે કે રતનના નામનુ વૉરન્ટ બહાર પડયુ છે રતનના હાથમાથી છૂટવા માટે આનદદેવે સરકારનો આશ્રય લીધો છે તેણે એવુ સમજાવ્યુ છે કે ભયકર લુટારો રતન મને મારી નાખવા ફર્યા કરે છે તેના હાથમાથી મારો બચાવ કરવાનો પ્રયત્ન નહિ કરવામા આવે તો મારે રાજીનામુ આપવુ પડશે આનદદેવના રાજીનામાથી જમીનદારીના કામમા અડચણ આવે તેમ હોવાથી રાચિનો મોટો સાહેબ રતન લટારને દબાવવા ખાતર જાતે અનતપુર આવ્યો હતો તપાસ ચાલતા હાલિને ઠપકો મળ્યો અને ગેર કાયદેસર ટોળુ જમાવવા ખાતર, લટફાટ કરવા ખાતર, માર મારવા

ખાતર રતનને નામે વૉરન્ટ નીકળ્યુ છે પોલિસ રતનની શોધ કરે છે. શોધખોળ માટે રાજા વીરચદ્રના મહેલની પણ જડતી લેવાઈ છે રતનને છુપાવવાના શક પરથી રાજાને પણ થોડી ઘણી હેરાનગતી ભોગવવી પડી છે ઘણી મહેનત કર્યા છતા જ્યારે રતન ન મળ્યો ત્યારે તેને પકડવા માટે હજાર રૂપીઆનુ ઇનામ જાહેર થયુ છે

પલાયનસિંહ જ્યારે એ ઇનામને યાદ કરી પોતાના અદષ્ટને ધિક્કારતો હતો, ત્યારે એક બીજા દરવાને આવી સમાચાર આપ્યા કે પડિતજી પકડાયા છે પોલિસ હાથકડી નાખી તેને અનતપુર લાવી છે

આ વાત સાભળતા જ તેઓ રતનને જોવા દોડયા અધકારની સાથે સાથે ગભીર કોલાહલથી અનતપુર ઢકાઇ ગયુ

પ્રકરણ ૨ જું

ગુલામીની અધમતા

રતનને અનતપુર પાછા આવવાની મરજી નહોતી તેણે ધાર્યું હતુ કે સુવર્ણરેખાને કિનારેથી તુલસીને ગજમહેલનો રસ્તો બતાવી પાછુ વળવુ પરતુ ત્યા પહોચતા સધ્યાકાળ થયો આવે વખતે યુવાન સુદરીને શી રીતે એકલી મોકલાય ?

વળી હાલમા તો અનતપુરની દશા ફરી ગઇ હતી અગાઉ તો ત્યા રતનનુ જ રાજ્ય ચાલતું તેની બ્હીકથી કોઈ કોઇના પર જુલમ ગુજારી શકતુ નહોતું તો પછી સ્ત્રીઓ પર જુલમ થવાની તો તજ શી ! તે વખતે સ્ત્રીઓ નિર્ભયપણે ગમે ત્યા જઇ શકતી.

એ શાંતિપૂર્ણ સ્થાન અત્યારે અગાજક અવસ્થામા આવી પડયુ હતુ બે દિવસ પહેલા તે પોતેજ પાખડી લોકોના પજામા સપડાયો હતો તુલસી વિપત્તિમા આવી પડે તો તેનો બચાવ કોણુ કરે ‘

નદી કિનારે આવ્યા બાદ રતન જવુ કે ન જવુ એ વિચારમા પડયો તે સ્થળ વિશ્રામ લેવા યોગ્ય નહોતુ. પાછળ ગાઢ વન હતુ, સામે અનતપુર ઝઝુમી રહ્યુ હતુ રતનને બે ત્રણ દિવસ પહેલા બનેલો બનાવ યાદ આવ્યો તેણે વિચાર કર્યો કે પેલે પાર જતા વળી કોણુ જાણે શી વિપત્તિ આવી પડશે

સુવર્ણરેખામા વર્ષમા ઘણો વખત ઓછુ પાણી રહેતુ તેથી સાધારણુ રીતે કોઈ પણુ સ્થળેથી તે ઉતરી શકાતી બ્રાહ્મણુને નદી ઉતરવાનો પ્રયત્ન ન કરતો જોઈ બુદ્ધિમતી તુલસી સમજી ગઇ કે ગુરુદેવ સામે પાર આવવા માગતા નથી તીર્થ કરવા જતા તેમને હુ જોરજુલમથી અહીં ઘસડી લાવી છુ તેથી તેમનુ મન બાવરૂ બન્યુ છે તેણે સ્પષ્ટ જવાબ મેળવવાની આશાથી પૂછ્યુ, “નદીનો માર્ગ શુ અગવડ ભર્યો છે ”

“ હજુ સુધી તો સગવડ ભર્યો છે પણુ ઘડીમા શુ થાય તે કહી શકાય નહિ આ વખતે પહાડોમા વરસાદ થતો હોવાથી વખતો વખત નદીમા પૂર આવે છે ”

‘ ત્યારે આપ અહીં કેમ ઉભા છો ? ”

“ તુ હવે એકલી નહિં જઇ શકે ?”

“ અનતપુર કેટલુ દૂર હશે ? ”

“ સામે પાર સીધુ પડે માટે હું જગલને રસ્તે આવ્યો છુ.

આ રસ્તો બહુ જાણીતો નથી સામે પાર પેલા ઝાડ છે ને વટાવીશ કે તરત જ રાજમહેલ દેખાશે."

તુલસી બીજી સ્ત્રીઓના જેવી નહોતી વીર પુરુષને યોગ્ય સાહસ તેનામા પુષ્કળ હતુ દશ વર્ષથી તે પોતાની ઝુપડીમા એકલી રહેતી હતી. એક છોકરાને ઉછેરતી હતી. આવી સ્થિતિમા કામ પ્રસગે તેને વખતે કવખતે હજારો સ્થળે જવુ પડયુ હતુ આથી અનતપુર એકલી જતા તેને કઇ અડચણ નહોતી છતા તેને આ વખતે એકલા જવાનુ મન ન થયુ તીર્થ કરવા જતો બ્રાહ્મણ પાછો આવશે એવી તેને આશા નહોતી તેથી તેણે ધાર્યું કે થોડા ઘણા દિવસ રતન અનતપુર રહે તો તેની સારી પેઠે સેવા કરી શકાય આવા ઉદ્દેશથી તેણે કહ્યુ, "એકલા જવાનુ સાહસ થતુ નથી"

રતને કહ્યુ, "ત્યારે વાર લગાડવાનુ કારણ નથી. ચાલ"

સામે પાર જતા જ કેટલાક હથિયાર બધ પોલિસોએ રતનને પકડયો રતને કહ્યુ, "તુલસી ? અહીંથી જ મારી તીર્થયાત્રા પૂરી થઈ હવે તુ જાતે રસ્તો ઓળખી ચાલી જા "

તુલસી બોલી, "મે શુ કર્યુ દેવ ! આપની મરજી નહોતી છતા મે તમને છેવટે આ રાક્ષસોના હાથમા પકડાવવા અહી આણ્યા?"

"તુલસી દિલગીર થવાનો સમય નથી અધારૂ થતુ જાય છે, મારી આટલી મહેનત ધૂળમા ન મેળવતી વિલબ કરીશ તો તારી પણ મારા જેવી દશા થશે "

પોલિસો સાથે એક જમાદાર પણ હતો. તેણે તુલસીને જોઇ. તેણે વિચાર્યું કે આવુ રત્ન ગુમાવવુ એ ઠીક નથી. તેથી તે બોલી ઉઠયો, "કયા જશે? તેણે ગુન્હેગારને આશ્રય આપ્યો છે. તેને પણ કોર્ટમા હાજર થવુ પડશે."

એક પોલિસ તુલસીનો હાથ પકડવા લાગ્યો તુલસી નારાયણનુ નામ લેવા લાગી. બ્રાહ્મણે પણ વિચાર કર્યો, "મારી નજર સમક્ષ આ રાક્ષસો તુલસીપર જુલમ કરશે " પણ પહેરેગીરોએ તેના હાથમા હાથકડી પહેરાવી દીધી હોવાથી કઇ બની શકે તેમ નહોતું બ્રાહ્મણ મધુસૂદનનુ નામ લેવા લાગ્યો

પોલિસ પાસે આવી પહોચ્યો એટલે તુલસીએ કહ્યુ, "મને અડકશો નહિ મારે શુ કરવાનુ છે તે કહો એટલે હુ તેમ કરીશ"

"તારે હજુરની સાથે જવુ પડશે"

"જવાને તૈયાર છુ પણ આવી સ્થિતિમા તમારા હજુર સાથે જઈશ તો લોકો શુ ધારશે ? તેઓ એમ ધારશે કે બ્રાહ્મણને પકડાવી મે તમારા હજુરને મદદ કરી છે તેઓ એમ પણ કલ્પના કરશે કે તમારા હજુર સાથે મારે કઇ આડો સબધ છે માટે બ્રાહ્મણની માફક મારા હાથમા પણ હાથકડી નાખો કે જેથી હુ પણ ગુન્હેગારની સાથે તમારી સાથે આવુ"

આ વચનો તુલસીએ ધીમેથી ઉચ્ચાર્યા હતા છતા હજુરે એ બધા સાભળ્યા તેને જરા રસિકતા દર્શાવવાની મરજી થઈ તે હસતો હસતો બોલ્યો,

"સુદરી ! શુ અલકાર પહેરવાની બહુ મરજી થાય છે ?"

હજુર પણ સુદરી સાથે સસાર વ્યવહાર ચલાવે છે તેની શી મરજી છે તે તેને અવિદિત ન જ હોય "

"ગુલામની પાસે અલકાર છે, તે હુ આપી શકીશ, પરતુ તે તો આ મૃણાલ-જેવા બાહુને યોગ્ય નથી એ લોખડના છે."

"તે હું બહુજ આનદથી ગ્રહણ કરીશ "

"ત્યારે ગુલામને રજા આપો કે તે પોતાને હાથે એ અલંકાર પહેરાવે "

"તેને તો હું મહાભાગ્ય માનીશ "

હજુર તુલસી પાસે ગયો તે વિચારવા લાગ્યો આજે કોણ જાણે કોનું મ્હો જોયું છે કે હજાર રૂપીઆ ઇનામ ને તેના પર આવી સુંદરી મળી પાસે જતા જ તુલસીએ હાથ લંબાવ્યા ખીસામાથી હાથકડી કાઢતા કાઢતા જમાદાર સાહેબ તુલસી સામુ જોઇ જ રહ્યા બંદીવાન ને પોલિસો આ કાર્ય નિહાળવા લાગ્યા

રતને વિચાર્યું કે તુલસી કરે છે શુ ? પોલિસોએ ધાર્યું કે બાઇ જરા ગાંડી લાગે છે

જમાદારની તરવાર ઉઘાડી હતી તે તેણે તુલસી પાસે ઉભેલા એક પોલિસને આપવા માડી તુલસીએ મંદમંદ હાસ્ય કરી કહ્યું, "કેમ હજુર ! આ અબળા આપની તરવાર લઇ લેશે એવી બ્હીક લાગે છે ?" જમાદાર સાહેબને તરવાર પાસે રાખવી પડી. તેણે મંદમંદ હસતા તરવાર જમીનપર મૂકી

તુલસી હાથ લંબાવી ઉભી રહી હતી જમાદારે હાથકડી બહાર કાઢી તેને પૂછયુ, "ત્યારે રજા આપો સુંદરી ?"

મૃદુ કઠોર કટાક્ષથી જરા ડોક હલાવી સુંદરીએ રજા આપી કે તરતજ જમાદારના હાથમા હાથકડી પડી ગઈ જમાદાર હાથકડી લેવા નીચો વળ્યો. હાથકડી લઇ ઉંચુ જોતા જ તેણે તુલસીનો દેખાવ ફરી ગએલો જોયો આ શુ ? એ મોગરાના ફુલ સમાન અનિંદ્ય સુંદર મુખ પર હાસ્ય કયા ? એ ભ્રુલતાશોભિત મોટી આંખોમાં વિલોલ કટાક્ષ કયા ? એક ક્ષણમા જમીન પર પડેલી તરવાર હાથમા લઇ છંછેડાયલી નાગણની પેઠે તુલસી ડોક ઉંચી કરી ઉભી રહી.

બધા દિગ્મૂઢ બની ગયા, રતન મુગ્ધ બની ગયો, જમાદાર મૂઢની માફક ટગર ટગર જોવા લાગ્યો

તુલસી બોલવા લાગી " શયતાન! હજુ પણ મારા હાથ બાંધવા છે ? "

જમાદારે જવાબ ન આપ્યો તુલસીએ દમદમાટી આપી. " હમણા જ બ્રાહ્મણને છોડી દે, નહિ તો તારો જીવ લઈ હુ પણ અહી જ મરીશ."

જે પોલિસો જમાદારની સાથે આવ્યા હતા, તે કઈ કાચા પોચા નહોતા, કારણ કે રતનને પકડવા માટે પોલિસ કમિશનરે ખાસ ચુનદા માણસો રાખ્યા હતા

વાત જીવ પર આવી પડી એટલે તેઓ શાત રહી શકયા નહિ જે પોલિસ પાસે ઉભો હતો તેણે કહ્યુ, " હજુર ! ઉભા ઉભા શુ કરો છો ? હુકમ આપો તો આ બૈરીના હાથમાથી તરવાર લઈ લઇએ "

જમાદારમા સાહસ આવ્યુ તે બોલ્યો, ' તરવાર છોડી દે "

" પ્રથમ બ્રાહ્મણને છોડ "

" છોડવાનો મને અધિકાર નથી મે મારા માલીકના હુકમથી તેને બદીવાન બનાવ્યો છે "

" માલીક કોણ ?"

" તને કહેવાની જરૂર નથી "

" વિચારીને વાત કર તારા જેવા બસો ગુલામો મારે ઘેર પાણી ભરે છે "

મત્રથી સર્વ વશ થાય છે! હૃદયબલ પાસે પશુપ્રકૃતિ હમેશા મસ્તક નમાવે છે તુલસીના છેલ્લા વાક્યોથી બધા ચમકયા. પાસે

ઉભેલો પોલિસ તેને પકડવાની યુક્તિ ખોળતો હતો તે તેના એક કટાક્ષથી દૂર જઇ ઉભો જમાદારે કહ્યુ, " આપ કોણ છો ? "

" પછી કહીશ. મને કહે કે કોના હુકમથી તે આ ઋષિના હાથમા હાથકડી નાખી ? મને ખાત્રી છે કે આવો મહાપુરુષ કદી અપરાધ કરે જ નહિ "

" ગુન્હો જાણુવાનો મને હક્ક નથી પોલિસ કમિશનરના હુકમથી મે તેમને પકડયા છે "

" ગુલામી કરવાની એટલી બધી ટેવ પડી ગઇ છે કે ન્યાય અન્યાયનો વિચાર કરવાની શક્તિ પણ ગુમાવી બેઠો છે લાગે છે તો હિંદુ, કઇ જાતનો છે ? "

" ક્ષત્રિય "

" અને જેને હાથકડી પહેરાવી છે તે બ્રાહ્મણ છે ગુલામી ન શીખ્યો હોત તો આજે તેને જોતા જ પગમા પડયો હોત "

તુલસીએ એકવાર ચોતરફ જોયુ પત્થરની મૂર્તિઓની માફક બધા પોત પોતાને સ્થળે ઉભા રહી તેના તરફ જોઇ રહ્યા હતા તુલસીએ આગળ ચલાવ્યુ, " કેવળ ચાર પાચ વરસમા જ્યારે તમારી આવી સ્થિતિ થઇ છે, ત્યારે બીજા પાચ વર્ષ જશે એટલે તો તમે માલીકના હુકમથી બાપને પણ જેલમા પુરવામા આનાકાની નહિ કરો " એક પોલિસ બોલી ઉઠયો—" હજુર ! હુ પડિતજીના હાથ છોડી દઉ "

જમાદાર બોલ્યો—" હા "

તુલસીએ તરવાર ફેકી દઇ કહ્યુ, " જમાદાર સાહેબ, આપનુ હથિયાર પાછુ લો "

જમાદારે નીચે માથે તરવાર લીધી એક પોલિસ બોલી ઉઠયો, "જ્યારે કર્તવ્ય ન બજાવ્યા સબબ માલીકના પદાઘાતથી આપણા દાત તૂટી જશે ત્યારે દેશના કયા મા, બાપ આપણો બચાવ કરવા દોડશે ?"

રતને કહ્યુ, "ના જમાદાર સાહેબ, તમે કર્તવ્ય ન ચૂકશો સ્ત્રીના હુકમથી તમે મને બાધવા આવ્યા છો રાજાની આજ્ઞા પાળવી એ તમારો ધર્મ છે રાજા પાપ કરે તો તે તેનુ ફળ ભોગવશે, તુલસી! તુ એમને ન અટકાવ રાજાની નજરે હુ અપરાધી છુ આ માણસો મને નહિ પકડે તો બીજા પકડશે તુ કેટલા દિવસ મારૂ રક્ષણ કરીશ ? જમાદાર સાહેબે તને છોડી દીધી છે, તુ ચાલી જા મે અનતપુર ન આવવાનો નિશ્ચય કર્યો હતો તેથી રસ્તામા એક ધર્મશાળામા બેઠા બેઠા આ ચિઠ્ઠી લખી રાખી છે, તે રાજાને આપજે."

તુલસી વધુ કઇ બોલી નહિ તેની આખમા આસુ ઉભરાયા તે ધ્રૂજતી લથડતી ચાલી ગઇ. રતને જમાદારને કહ્યુ, "ભાઇ ચાલ"

અપરાધીની માફક મધા બદીવાન બ્રાહ્મણની સાથે ચાલ્યા

પ્રકરણ ૩ જું

રાજકન્યા દાસી તરીકે

કોલાહલ રાજાને કાને પહોચ્યો રાણીએ પણ આ બધુ સાભળ્યુ રાજા પૂજામા બેઠો હતો, પણ હાથની માળા હાથમા જ ફરતી હતી મન હતુ નારયણીમા બ્રાહ્મણના ગયા બાદ નારાયણી દહાડે દહાડે સુકાતી જતી હતી કોઇની સાથે બોલતી નહોતી. એકલી રહેવામા આનદ માનતી અગાશીમા બેઠી બેઠી બ્રાહ્મણની ઝુપડી તરફ જોઇ રહેતી

અત્યારે પણ નારાયણી એ અગાશી પર બેઠી હતી

રાજા વિચારતો હતો કે હુ મરીશ ત્યારે આ બાલિકાનુ શું થશે હું જીવતો છુ છતાં તેની અવસ્થા ભિખારી જેવી છે, ત્યારે મારા ગયા પછી તેની સ્થિતિ કેવી થશે? મારી આ સપત્તિ શુ રાક્ષસો ભોગવશે? આનો શુ કઈ ઇલાજ નથી? મારા જીવતા મ્લેચ્છોએ મારા અતપુરની પવિત્રતા નષ્ટ કરી છે, ત્યારે મારા મરણ પછી તો મારૂ આ મકાન પિશાચોની નૃત્યશાલા બનશે હાય! મારે શુ કરવુ?

રાજા ભગવાનનુ નામ ભૂલી નારાયણીના ભવિષ્ય સાગરમા ડુબકી મારવા લાગ્યો એ દરમિઆન નગરનો કોલાહલ તેના કાનમા જઈ અથડાયો. રાણીએ આવી જણાવ્યુ કે "મહારાજ, ગડબડ સાભળો છો કે?"

"આવી ગડબડ તો હમેશા સાભળવી પડશે સાભળવા માટે તૈયાર થઇ રહેજે"

"પંડિતજી પકડાયા તો નહિ હોય ?"

"પકડાયાએ હોય ? તેને પકડવા માટે વૅારન્ટ નીકળી ચૂકયુ છે."

"દેવો આ પાપ સહન કરશે ?"

"કોણ જાણે અત્યાર સુધી તો સહન કરતા આવ્યા છે દેવો કયા પાપો સહન કરે છે ને કયા સહન નથી કરતા તે મારા સમજવામા નથી આવતું"

"દેવો જો આવા નિષ્ઠુર કાર્યોમા અનુમોદન આપે તો પછી આવી પાપી દુનિયાપર શા માટે રહેવુ ?

"પૂજામા બેઠો બેઠો એ જ વિચાર કરૂં છુ દેવી ! રાણી, નફોનુકસાન જોઈ વેપાર કરતા ન શીખ્યો તેથી આટલી ઉમરે મૂડી પણ ગુમાવવા બેઠો છુ વ્હાલસોઇ પૌત્રીને રસ્તામા ભટકતી ભિખારિણી બનાવવા તૈયાર થયો છુ"

"આનો શુ કઇ ઇલાજ નથી ?"

"હુ પણ એજ વિચાર કરૂ છુ કે આનો શુ કઈ ઇલાજ નથી ? હવે કેટલા દહાડા જીવવાનું ? નારાયણીનુ કોણ ? ઘરમા મ્લેચ્છો પેઠા છે શા માટે તે સમજે છે ?"

રાણી ધ્રુજવા લાગી તે ગળગળે સાદે બોલી, "કોઇ કુલીન ન મળે તો પછી ગમે તે દરિદ્ર સુપાત્ર સાથે નારાયણીના વિવાહ ન થાય?"

રાજાએ નિસાસો નાખ્યો જવાબ ન આપ્યો રાણી કહેવા લાગી, "મારી પાસે જે કઇ છે તે બધુ નારાયણીને કન્યાદાનમા આપીશુ તો તેના દહાડા ખુશીથી પસાર થશે"

આ વચનોનો પણ રાજાએ જવાબ ન આપ્યો રાણી સમજી ગઇ કે રાજાનુ લક્ષ કોઈ બીજી ચિતામા પરોવાયુ છે. તેની સ્થિતિ જોઇ રાણીની આખો આસુથી ઉભરાઇ ગઇ તેને જણાયુ કે હુ હજુ સ્વામીની અવસ્થાથી પુરતી વાકેફ નથી નારાયણીને પરણાવ્યા છતા તે સુખી થઇ શકશે નહિ તેનુ ભવિષ્ય કેવળ અધકારથી ભરપૂર છે!

કોલાહલ દૂર જતો જણાયો. રાણીને જણાયુ કે માણસોનો અવાજ કચેરી તરફ જતો જણાય છે. તે અગાશીપર ચઢી, નારાયણી ત્યા ઉભી ઉભી એકી નજરે કઇ જોઇ રહી હતી

"શુ જૂએ છે બ્હેન?"

"મોટાભાઇના હાથ બાધી એ લોકો તેને લઇ જાય છે"

રાણી પણ એ દેખાવ જોવાનો પ્રયત્ન કરવા લાગી પણ અધકારમા કઇ ન જણાયુ તેણે પૂછ્યુ, "એ મોટાભાઇ જ છે એમ કેમ જાણ્યુ?"

"એ જ પ્રચડ શરીર, ધોળી પાઘડી, ખાધે મૃગચર્મ, લોકોનો આનદ એથી વધારે જાણવાની શી જરૂર"

રાણીને પોતાના માબાપ ગુજરી ગયા હોય તેવુ દુ ખ થયુ. તે બબડી, "નારાયણી? આટલે દિવસે હુ પિતા વિનાની થઇ"

રાણીના મુખમાથી વધારે વચનો ન સર્યા તે રડવા લાગી પણ નારાયણીની આખમા એક પણ આસુ ન હોતુ દાદીને રડતી જોઇ તે બોલી "રડે છે કેમ મા?'

આ વખતે રાજા પણ અગાશી પર આવતો હતો તેણે આ શબ્દો સાભળ્યા તે પણ તેમની વાતચીતમા ભળી રાણીને કહેવા

લાગ્યો, "રડવાથી શો લાભ? બધા મરણને માટે તૈયાર થાઓ એ દિવસ પાસે આવ્યો છે"

રાજાને જોઇ રાણીએ રતન વિષે કંઇ પણ ન કહેવાનો નારાયણીને ઇસારો કર્યો

રાજા કહેવા લાગ્યો—

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचार स उच्यते ॥

મનમા મનમા લંકાના ભાગ પાડવા જતા કાલનેમિના જેવી સ્થિતિ બધાની થાય છે આના ઉપાય માટે અનેક વાર બ્રાહ્મણ પાસે સલાહ લેવા ગયો હતો બ્રાહ્મણ ફુલની છાબડી બતાવતો, પત્ર, પુષ્પ, ફલ, જલ બતાવતો, અને હાથ જોડી આકાશ બતાવતો તેના પરિણામે આજ તેનો નિષ્પાપ દેહ નરકતુલ્ય કારાગારમા રગદોળાવા જાય છે

બોલતા બોલતા રાજા બાળકની માફક રૂદન કરવા લાગ્યો રાજાના રૂદનથી નારાયણીનુ હૃદય ફાટી જવા લાગ્યુ તે પણ રડી પડી

રાણી સમજી ગઇ કે રાજાએ નારાયણીના વચનો છુપી રીતે સાભળ્યા છે તેથી તે કહેવા લાગી, "બાલિકાએ કઇને બદલે કંઇ જોયુ છે તેની વાત સાભળી આપ શા માટે દુખી થાઓ છો?"

નારાયણીએ કહ્યુ, "મે બરાબર જોયુ છે"

રાજાએ કહ્યુ, "વૃદ્ધ દરવાને આવી મને એ સમાચાર આપ્યા"

રાણી—કયા નિષ્ઠુરે તેને પકડાવ્યા?

રાજા—મે સાભળ્યુ છે કે એક સ્ત્રીએ

રાણી—સ્ત્રીએ ? સ્ત્રીઓમા પણ એવી હૃદયહીન હોય છે ‘

રાજા—પૈસાના લોભથી માણસ શુ નથી કરી શકતા ? બ્રાહ્મણને પકડવા માટે ઇનામ જાહેર થયુ હતુ મે સાભળ્યુ છે કે એ પાપિષ્ઠાએ તેને લોભાવી અન તપુર લાવી પકડાવ્યો છે

નારાયણીના મનમા કોણ જાણે શાથી એ પાપિષ્ઠાને જોવાની ઇચ્છા થઇ તે આગ્રહપૂર્વક રાણીને કહેવા લાગી, “ મા, જો હુકમ આપે તો હુ એ પાપિષ્ઠાને એક વાર જોઇ આવુ ’

“ એ પાપિષ્ઠા પોતાનુ કાળુ મુખ બતાવવા માટે અહી જાતે આવી છે ”

બધાએ વિસ્મય પામી જોયુ કે એક સુદર યુવતી તેમના ભણી આવે છે

એ સુદર સ્ત્રી તે તુલસી હતી તેણે આગળ આવી રાજા રાણીને નમસ્કાર કર્યા તેઓ દિગ્મૂઢ બની તુલસી સામે જોઇ રહ્યા.

આન દથી ગદ્ગદ્ ક ઠે નારાયણી તેનો હાથ પકડતી બોલવા લાગી “ ના ના, તુ કેમ ? તુ તો મારા મોટાભાઇને બચાવવા આવી છે ” નારાયણીની આખોમાથી આસુ વહેતા હતા

તુલસીએ જાણ્યુ કે આ જ નારાયણી છે તેણે નારાયણીનો હાથ પકડયો પર તુ તેનાથી તેના વચનો સમજી શકાયા નહિ બ્રાહ્મણ સાથે રાજકુટુબને શો સબધ છે. તે તેણે જાણ્યુ ન હોતુ બ્રાહ્મણ કાશીપુરથી અન તપુર સુધીના રસ્તામા તુલસી સાથે વાત કરતો આવ્યો હતો. પર તુ રાજાની સાથે પોતાને કેવો સબધ છે, તે તેણે જણાવ્યુ નહોતું. આથી નારાયણીના મોટાભાઇ તે રાજા જ હશે એવુ તે સમજી તેણે નારાયણીનો હાથ પકડી કહ્યુ, “ બ્હેન ! તમારા

મોટાભાઇ તો રાજેસ્વર છે હુ તેનુ રક્ષણુ શી રીતે કરી શકુ ? હુ તમારા કુટુબમા દાસીપણુ ભોગવવા આવી છુ તમે મને દાસી તરીકે આ રાજ મહેલમા સ્થાન આપો મારા પાપનુ પ્રાયશ્ચિત કરવા દો

રાજા—ત્યારે તે જ એ વૃદ્ધ બ્રાહ્મણને પકડાવી દીધો ?

તુલસી—એની કેવી રીતે ના પાડુ મહારાજ ?

રાણી—આવુ સુદર રૂપ હોવા છતા તે એવુ કાર્ય કેમ કયુ ?

તુલસી—વાસના માતાજી ! ન તૃપ્ત થાય તેવી આકાક્ષા ખાતર.

રાણી—જો એટલી બધી વાસના હતી, તો એક વાર અમારી પાસે કેમ ન આવી ? તુચ્છ દોલતને માટે કેમ બ્રહ્મહત્યા કરી

રાજા—એવી અતૃપ્ત આકાક્ષા વહન કરી મારા મહેલમા દાસીપણુ નહિ થાય તુ બીજે કયાય જતી રહે

નારાયણીએ તુલસીનો હાથ છોડી દીધો પરતુ તે સમજી શકી નહિ કે આવો સુદર જેનો સ્પર્શ છે, તેને હુ કેવી રીતે ધિક્કારી શકીશ ? તુલસી સમજી ગઈ કે મારી વાતચીત કેવળ નારાયણી જ સમજી છે, રાજા રાણી સમજી શક્યા નથી તેણે પોતાને છેડે બાધેલો પત્ર છોડી રાજાના હાથમા આપ્યો પત્ર શૈલજાનદે સ્વહસ્તે રાજાને આપવા માટે લખ્યો હતો

રાજા પત્ર વાચી તુલસીનો હાથ પકડી બોલ્યો, "બ્હેન ! અજાણુતા કઇ કહેવાઇ ગયુ હોય તો માફ કર તુ દીકરી તરીકે મારા ઘરમા આવી છે તો પછી આ વૃદ્ધ પિતાના વચનો પર ગુસ્સો ન લાવની"

તુલસીએ રાજાની ચરણુ રજ માથે ચઢાવી રાણી ચકિતનેત્રે બોલી ઉઠી, "મહારાજ આ કોણુ છે ?"

રાજા—ઓળખાણ કરાવવા જેટલો વખત નથી મારી પુત્રી ત્રણ દિવસથી પગરસ્તે મુસાફરી કરતી આવી છે પ્રથમ તેને શાંત થવા દે કેવળ એટલુ જ કહું છુ બ્રાહ્મણે મારૂ પૂર્વજન્મનુ ઋણ પતવવાનો બીજા કઇ ઉપાય ન જોતા શ્રી કૃષ્ણની છાતી સૂની કરી મને આ રત્ન મોકલ્યુ છે ભાગ્યવતી–લે, તુ આ રત્ન ગ્રહણ કર રાજકન્યા પોતે આજે તારૂં દાસીપણુ કરવા આવી છે ”

રાજાએ રાણીના હાથમા તુલસીને સોપી તુલસીનો એક હાથ રાણીએ અને બીજો હાથ નારાયણીએ પકડયો. તુલસીને ઘરમા લઇ જવામા આવી

પ્રકરણ ૪ થું

કામદેવનું અડપલું

અનતપુરથી રતનને રાચિ લઈ જવામા આવ્યો ત્યા તેના પર કામ ચાલ્યુ. ગ્રીડ સાહેબે તેને બધા ગુન્હામા દોષિત ઠરાવ્યો તેને ત્રણ વરસની સખત મજુરી સાથે કેદની શિક્ષા થઈ.

રાજાએ છુપી રીતે તેને છોડવવા માટે ખૂબ પ્રયત્ન કર્યે. રાણીએ પોતાની પાસેથી પૈસા કાઢી વકીલ રાખ્યો, પરતુ કઇ ન વળ્યુ. કપનિના વકીલ વીરેન્દ્રચદ્રે રતનના જાતિગત દોષ એટલા બધા બતાવ્યા કે ગ્રીડ સાહેબે સત્તર પાના ભરી ફેસલો વાચી સંભળાવ્યો, અને તે સાથે રતનને મદદ કરનાર વીરચદ શાહીને પણ ગુન્હેગાર તરીકે ગણાવવાની બ્હીક બતાવી.

હાર્લિએ માફી માગવા ખાતર રતનની છુપી રીતે જેલમા મુલાકાત લીધી અને તેને અપીલ કરવાનુ સમજાવ્યુ પણ રતને હસતા હસતા કહ્યુ કે, “ મુગા મુગા માર ખાવાબદલ ત્રણ વર્ષની સજા થઈ છે, હવે અપીલ કરીશ તો ત્રણ વરસને બદલે દશ વર્ષની સજા થશે હજુ પણ તીર્થમા જઈ દેહ પાડવાની ઇચ્છા છે, અપીલ કરતા એ આશા નિર્મૂલ થશે સાહેબ, તમારી દયામાથી હવે મને છોડો તો સારૂ ”

હાર્લિ સમજી ગયો કે મારા વાકથી મારી બધી જાતિ પર બ્રાહ્મણને અવિશ્વાસ આવ્યો છે પાછા ફરતી વેળા તેણે મનમા પ્રાર્થના કરી કે “ ઓ પ્રભુ ! આ યત્રણામય કારાગારમાથી આ વૃદ્ધ બ્રાહ્મણને બચાવજે ”

આનદ અને મુકુન્દ બંને કપનિના સાક્ષી હતા રતન તરફથી એ બંનેને થોડા ઘણા પ્રમાણમા સારીરિક દુખ થયુ છે આનદદેવની પીઠ છોલાઈ હતી. તેની દવાના રાચિના સિવિલ સર્જને ત્રણ હજાર રૂપીઆ માગ્યા હતા. અને મુકુન્દનુ કાડુ ખડી ગયુ હતુ તે ડૉકટર સાહેબના અભિપ્રાય મુજબ કદી મટે તેવુ ન હોવા છતા રતનને સજા થયા બાદ બધાએ તેના કાડા પરનો પાટો દૂર થએલો જોયો હતો

જે દિવસ રતનને સજા થઇ તેજ દિવસે અધારી રાત્રે મુકુન્દની સ્ત્રી જાનકી ઘરની અગાશી પર એકલી ફરતી હતી તે દિવસે પતિ કે સસરો બેમાનુ કોઇ ઘેર નહોતુ, બને મુકદ્દમા સબબ રાચિ ગયા હતા રાચિમા આનદ ગુજારવા માટે મિત્રોએ આનદદેવને વિનતી કરી તેથી તેને તે રાત્રે રાચિમાજ રહેવુ પડયુ હતું તે

દિવસે મકાન સાચવવાની જવાબદારી સદાશિવ પર નાખવામા આવી હતી

શુક્લપક્ષની દશમ હતી ઘરની બારી ઉઘાડતા જાનકીએ જોયુ કે ચાદની વાયુની સાથે મોજારૂપે ઘરમા દોડી આવે છે. એ મોજાએ જાનકીના હૃદયનો સ્પર્શ કર્યો. તેને લાગ્યુ કે આકાશવ્યાપિની કૌમુદી યોગ્ય સગિનીને અભાવે સૌદર્યથી ઉછળતી છતા બગબર રમી શકતી નથી રૂપ દૃષ્ટિને આશ્રય કરી રહ્યુ છે જોનાર માણસ ન હોય તો રૂપ શા કામનુ? જાનકીએ વિચાર કર્યો કે અગાશીપર ચઢી એકવાર ચદ્રમાને મારૂ રૂપ બતાવી આવુ ચાદની શરીર પર લપેટી ચિંતાદગ્ધ હૃદયને શીતળ કરી લઉં

જાનકી અગાશીપર ચઢી તેને જોઇ ચદ્રમા હસ્યો, પરતુ યુવતી એ હાસ્યથી સુખી થઈ નહિ ચાદની તેના શરીર પર રેલાઇ તેના લુગડામા, શરીર પર, મુખપર, આખો પર રેડાવા લાગી પરતુ તેથી જાનકી શાત ન થઈ હૃદયના ઉડા પડમા કોણ જાણે શાની ઉણપ તેને પીડવા લાગી

જાનકી જ્યા ઉભી હતી, તેની નીચે બગીચો હતો. ચોતરફ જોતા સુદરી માથુ નમાવી બગીચા તરફ જોઈ રહી ત્યા આરસ-પહાણના ઓટલા પર જાણે ચાદની મૂર્તિમાન થઈ પડી નહિ એવુ જણાયુ એ જોઇ જાનકી કપવા લાગી તેણે એકવાર ચોતરફ જોયુ તેને બધી બાજુએ અધકાર જણાવા લાગ્યો.

પ્રકરણ ૫ મું

પવિત્રતાનો વિજય

આરસપહાણના ઓટલાપર સદાશિવ ઉંઘતો હતો સદાશિવ કર્તવ્યનિષ્ઠ પહેરગીર હતો તેના પર આનંદદેવને વિશ્વાસ હતો, તેથી પોતાના બંગલાના પહેરાપર તેને રાખ્યો હતો આજે રાત્રે પણ તેને એ જ કામ સોંપવામાં આવ્યું હતું

પરંતુ આજે સદાશિવના મનની સ્થિતિ સારી નહોતી તેના ગુરૂદેવ આજ જેલમાં હતા, ત્રણ વર્ષની સજા થઇ હોવાથી તેનું હૃદય ચિગાતું હતું તેનો ગુન્હો શું? સદાશિવ આકાશ તરફ જોઈ એ પ્રશ્ન પૂછવા લાગ્યો અને બબડવા લાગ્યો, "હે દેવ! તમારી આ શી રાખામણ! અમે મંદબુદ્ધિવાળા આવા દૃષ્ટાંતો જોઇ કયે રસ્તે જઇએ? અમે શાસ્ત્રો જાણતા નથી, બુદ્ધિમાં મંદ છીએ, અમે કયે રસ્તે જઇએ તે બતાવો હે દેવ!!"

પરંતુ દેવોએ એ પ્રશ્નનો જવાબ ન આપ્યો, સદાશિવની ચિંતા ઓછી ન થઇ ઓટલા પર બેઠા બેઠા તેને તંદ્રા આવી ગઇ યુવક ઉદાસીનતાને વશ થઇ ઓટલા પર ઢળી પડયો

સૌંદર્ય પૂર્ણતા મેળવવા ખાતર સ્થળ અને સમયની રાહ જૂએ છે કેટલુંય સૌંદર્ય તમારી આંખો આગળ થઇને પસાર થાય છે, તમે છતી આંખે તેને જોઇ શકતા નથી જે વસ્તુ જલદી મળે, સહેલાઇથી જોઇ શકાય, તે વસ્તુના વળી આદરમાન શા? જેને

જોવાની ઇચ્છા છતા મહેલાઇથી ન જોવાય, જે મેળવવાની ઇચ્છા હોય છતા મેળવી ન શકાય, તે વસ્તુના અગને વિષે રૂપ લોકોની દૃષ્ટિથી અગોચર રહી જડાઇ રહે છે। બીજાને ન સમજાય તેવુ છતા તે તમારી આખે બધા કરતા વધારે સુદર જણાય છે।

જાનકીને સદાશિવ બહુ સુદર જણાયો ચદ્રમા તેની આખ પર પડી હસતો હસતો બોલ્યો, "તુ ખરૂ જૂએ છે," ચાદનીમા નહાતા ઝાડો જાણે હસતા હસતા સમજાવવા લાગ્યા કે "જાનકી, અત્યાર સુધી તુ રૂપ ઓળખી શકી નથી" જાનકી સમજી કે મનુષ્યનુ સુખ ઐશ્વર્યમા નથી। મુકુન્દ પણ સુદર હતો। પરતુ તેનુ સુદર મુખડુ સદાશિવના મુખ પાછળ છુપાઇ આજે જ્યોતિહીન બની ગયુ ત્યાર પછી અગાશીમા ઉભા છતા જ્યારે તેને યાદ આવ્યુ કે હુ તો બદ્ધિની છુ, મારી ઇચ્છા થાય છતા હું એ રૂપ નદિને કિનારે બેસી રસીન-લતા અનુભવી શકુ તેમ નથી, ત્યારે તેને જણાયુ કે ને રૂપની નદીમા ભરતીના પાણી ચઢયા છે

હજુ જગ પાસે જઇ જોવા ખાતર જાનકી નીચે આવી તે જાણતી હતી કે અતપુરનુ બારણુ અદરથી બધ છે તો પણ તે કેમ નીચે ઉતરી એ અમે કહી શકતા નથી મકાનમા બધા ઉઘતા હતા, કેવળ જાનકી એકલી જાગતી હતી નીચે આવતા તેની છાતી કપવા લાગી જો કોઇ જાગતુ હશે તો શુ ધારશે ? પરતુ ઇચ્છા કરતા છતા તેની ગતી ન અટકી અતપુરના બારણા પાસે આવી જોયુ કે આજે તેને માટે કોઇએ બારણા ખુલ્લા રાખ્યા છે.

આ વખતે બારણા કોણે ઉઘાડયા હશે, શા માટે ઉઘડયા હશે, તે સમજવા જેટલો કે જાણવા જેટલો અવકાશ તેને નહોતો. જાનકી

વિજળીથી ચાલતી પુતળીની માફક પોતાની સ્થિતિ, મર્યાદા, કર્તવ્ય વિસરી એ ગભીર રાત્રે અભિસારીકાને વેશે બહાર નીકળી

જ્યારે તેને ભાન આવ્યુ ત્યારે તે ઘર છોડી ઘણે દૂર આવી પહોચી હતી સદાશિવ હજુ ઉઘતો હતો ! જાનકીએ જોયુ કે એક લાબી લાકડી વાળો ઠીગણો પુરુષ કોણ જાણે કયાથી આવી એ નિદ્રિત યુવક પાસે બેઠો

હવે નાસી શકાય તેવુ નહોતુ નાસવા જાય તો જાહેર થઇ જવાય તેવુ હતું જાનકી પાસેની કુજમા જઇ ભરાઇ તેને પોતાની જાત પર એટલો બધો તિરસ્કાર આવ્યો કે એ એકાત કુજમા જઈ રૂદન કરવા લાગી પણ રૂદન કઇ મોટેથી કરાય તેવુ નહોતુ

એ ઠીગણો પુરુષ મુન્ના હતો. તેણે સદાશિવને પગે હાથ મૂકી તેને જગાડયો સદાશિવ જાગ્રત થઇ બેઠો થયો તેણે જોયુ કે પાસે કોઇ બેઠુ છે હજુ આખોમાથી ઉઘ પૂરેપૂરી ઉડી ન હોવાથી તેણે મુન્નાને પ્રશ્ન કર્યો કે “ કોણ છે તુ ? ”

“ ગમે તે હોઉ પણ આપની ચોકીના વખાણ તો નહિ જ કરી શકુ ” સદાશિવે તેને ઓળખ્યો તે ધીમેથી બોલ્યો, “ અહો ! આટલે વરસે ! ”

મુન્ના—પણ ગુલામનુ સૌભાગ્ય એ છે કે આટલે વરસે પણ આપ મને ઓળખી શકયા છો

સદાશિવ—મુડદાની ખોટી આખો વડે પણ તને ઓળખી શકુ ત્યાર પછી ?

મુન્ના—ત્યાર પછી તો આપ જાણો છો. મે સાભળ્યુ કે આપ કોઇ એક અયોગ્ય માણસને ત્યા નોકરી કરો છો તેથી આપને

મળવા માટે અહીં આવ્યો આવી આપની કર્તવ્યનિષ્ઠાનું પ્રત્યક્ષ દૃષ્ટાંત નિહાળ્યું અને હસવાનું મન થયું આપની જ આગળ થઈને ઘરમાં ગયો, ખડકીનું બારણું ઉઘાડું રાખ્યું, ઉપર ગયો, પરંતુ બાપ દીકરામાંના કોઈને ન જોયા તેઓ ભાગ્યશાળી કે આજે ઘરમાં નથી. નહિતો આપની વફાદારીના ઇનામ તરીકે એ બંનેના માથા આપના પગ આગળ આવી પડત

સદાશિવ—મુન્ના ! ઈશ્વરે તેઓને બચાવ્યા છે

મુન્ના—એમાં કંઈ સંદેહ નથી મેં થોડા સમયમાં એવું એકેય સ્થળ બાકી રાખ્યું નથી કે તેઓ છુપાઈ રહી શકે સર્વત્ર કેવળ સ્ત્રીઓ જ જોઈ અગાશી પર ચઢ્યો, તો ત્યાં પણ એક સ્ત્રી ફરતી હતી તે આપના તરફ નજર કરી રહી હતી મને લાગ્યું કે તે આપનું રૂપ નિહાળી રહી હશે મને એવું થયું કે તેને ત્યાંથી આપના પગ પાસે મોકલી દઉં, પરંતુ આટલી ઉંમરે સ્ત્રીહત્યા કરવાનું મન ન થયું

કુંજમાં બેઠેલી જાનકી કંપવા લાગી ભયંકર બીકથી એ બિચારી જમીન પર બેસી ગઈ

સદાશિવ—હું જાગતો હોત તો તને અટકાવત આવું લૂટારાનું કામ તને કરવા ન દેત

મુન્ના—આપનું કાર્ય તો જોયું, તેના કરતાં અમારા કાર્યોમાં વધારે મનુષ્યત્વ છે, બકરું ખાવાની મરજી થાય તો અમે પણ લોકોને બતાવવા માટે દેવને નૈવેદ્ય ધરાવી ખાઈએ છીએ વારુ પૂછું છું કે શા અપરાધથી આજે આપના ગુરુને જેલમાં જવું પડ્યું ?

સદાશિવે લાંબો નિસાસો નાખ્યો મુન્નાએ પણ એ દરમિયાન

આગળ ચલાવ્યુ, "શુ કહુ, વિધાતા દયાળુ થઈ, નહિતો આજે જ હુ બ્રાહ્મણનુ વેર વાળત "

સદાશિવ—મુન્ના ભાઈ ! એ વાત છોડી દે મે તેનુ નિમક ખાધુ છે

મુન્ના—આજે જ્યારે નિષ્ફળ નિવડયો છુ, ત્યારેજ આપને આ વાત જણાવુ છુ જેઓને હુ આ નખવડે મારી નાખી શકુ છુ, તેના વિચારથી હુ આટલે બધે દૂર આવ્યો નથી એ તો રસ્તામા પરપોટાની પેઠે ફુટી નીકળ્યો આવ્યો છુ આપને લઈ જવા

સદાશિવ—કયા ?

મુન્ના—તે વાત અહી કહી શકીશ નહિ આપ રાજા છો સિપાહીની માફક પહેરો ભરવાનુ કાર્ય આપનુ ન હોય આજના બનાવ પરથી પણ તે ન સમજ્યા ?

સદાશિવ થોડીવાર ચૂપ રહી બોલ્યો, "શુ સમય આવ્યો છે?"

"નહિ તો બાર વરસ બાદ આપની પાસે શા માટે આવુ ?"

મુન્નાએ સદાશિવના કાનમા કઈ કહ્યુ ઝાડપાનને પણ એ વાત સભળાવવાની તેની ઇચ્છા નહોતી

સદાશિવ—"ખડકીના બારણા બધ કરી આવ"

હવે જાનકી ખરા ભયમા આવી પડી મુન્ના સદાશિવના હુકમ મુજબ જાય કે તરત તેની બધી આશાઓ પર પાણી ફરી વળે તેમ હતુ આખી રાત તેને એ કુજમા પસાર કરવી પડે સવાર પડયે એ વાત જાહેર થાય ત્યારે લોકો શુ ધારે ? મુશ્કેલીમા આવી પડતા જાનકીમા સાહસ આવ્યુ તેણે બને જણાની વાતચીત સાભળી હતી તે પરથી તેણે જાણ્યુ હતુ કે આ પહેરગીર કોઇ

કુલિન પુરુષ છે કઇ કારણથી ચોકીદાર બન્યો છે તેને વિશ્વાસ બેસી ગયો હતો કે તેના વડે મને કઇ અનિષ્ટ નહિ જ થાય જાનકી જે વિચારથી બાગમા આવી હતી, તે વિચાર અત્યારે છુપાઇ ગયા હતા ઘટના વૈચિત્ર્યને લીધે તેનુ મન ગાડુ બન્યુ હતુ. સૌદર્ય નિહાળવાની ન રોકી શકાય તેવી લાલસા અત્યારે આબરૂ જાળવવાના રૂપમા ફેરવાઇ ગઈ. તે મ્હો ઢાકી કાપતા હૃદયે, કાપતા પગે, ધીરે ધીરે સદાશિવ પાસે આવી ઉભી

સદાશિવે તેને જોઈ નવાઇ પામી પૂછ્યુ, "આપ કોણ છો?"

જાનકીએ જવાબ આપ્યો, "મહેરબાની કરી આપ મને ઘરમા મુકી જાઓ "

આપ કોણ છો, શા માટે આવ્યા છો, એ બધા પ્રશ્નોમાનો એક પણ પ્રશ્ન સદાશિવે ન પૂછ્યો તે સમજી ગયો કે મુન્નાએ બારણા વાસ્યા તેથી આ બાઇ વિપત્તિમા આવી પડી છે તેણે કહ્યુ, "આપ થોડી વાર થોભો, નોકરને આવવા દો."

તક જોઇ મુન્ના આવવામા વિલબ કરવા લાગ્યો

ઉપર છૂટા છૂટા વાદળામા ધીરગતિશીલ ચદ્રમા હસ્યા કરતો હતો, નીચે મૃદુ પવનના ઝપાટાથી ફરકતી ફૂલના ભારથી લચી પડેલી પુષ્પલતા, ઝાડોની ઘટામા શ્રોતાના હૃદય સાથે સૂર મિલાવતા તમરા, ચોતરફ ફેલાઇ રહેલી ચાદની, અને તે ચાદનીમા નહાતા આ યુવક યુવતી, તેઓના વસ્ત્રોમા તેઓનુ રૂપ ખેલી રહ્યુ હતુ' બને મુગા હતા, બને વિપત્તિમા આવી પડયા હતા

જાનકી છેવટે આગસપહાણના, ઓટલા પર બેડી સદાશિવ મુઝવણમા આવી પડી આમતેમ ફેરા મારવા લાગ્યો

તો પણ મુન્ના ન આવ્યો–સદાશિવ અકળાયો, તે બબડયો, ‘એ અભાગીઓ કરે છે શું ?”

જાનકીને પણ વાત કરવાનો પ્રસંગ મળ્યો તે બોલી, “લોકો દેખશે તો શું કહેશે ?”

સદાશિવ—“હું પણ એજ વિચાર કરું છું વળી હું તો નોકર છું”

જાનકી—પણ આપ ખરેખર નોકર ક્યાં છો, આપ તો કોઈ રાજપુત્ર છો કોણ જાણે શાથી નોકરનો સ્વાંગ સજ્યો છે

સદાશિવ સમજી ગયો કે આ સ્ત્રીએ બધું સાંભળ્યું છે તેણે પૂછ્યું,

“આપ ક્યાં હતાં ?”

જાનકી—આ કુંજમાં

એ મધુર સ્વરમાં જાણે વીણાનો ઝણકાર થતો ન હોય તેવું જણાતું હતું કુંજમાં ! સદાશિવતો એ કુંજની પાસેજ ઓટલા પર સુતો હતો ? શું આ બાઈ મારી પાસે ઉભી હશે ! તેના નિશ્વાસનો કોમળ સ્પર્શ મને થયો હશે, સદાશિવ વિચાર કરવા લાગ્યો

ફરતો ફરતો સદાશિવ એક વાર ઉભો રહ્યો, અત્યાર સૂધી તે માથું નીચું કરી ફરતો હતો, હવે તેણે માથું ટટાર કર્યું

માનપૂર્વક જાનકી ઉઠી ઉભી થઇ તે બોલી, “આપ થાકી ગયા જણાઓ છો, થોડીવાર આ ઓટલા પર બેસો” અવગુંઠન ખસી ગયો મુગ્ધ યુવક કંપવા લાગ્યો સુંદર નાના મુખ પર કેવી સુંદર આંખો ! જાણે સુવર્ણકમલમાં કાળી નાગણ ખંજનની સાથે રમતી નહોય !

સદાશિવે વળી માથું નમાવ્યું તેણે કહ્યું, “આપ બેસો, હું

આમ તેમ ફરીશ" પરતુ તેનુ દિલ શાત નહોતુ, તેની છાતી ધડકતી હતી, તેને બેસવાની જરૂર હતી

જાનકી ઉભી રહી આથી સદાશિવ ઓટલાની એક બાજૂએ બેઠો અને જાનકીને બીજે છેડે બેસવાની વિનતી કરી

સુદરી બીજે છેડે બેસી મદ મદ હસતી બોલવા લાગી, "આપની બધી વાત મે ઇચ્છા નહોતી છતા સાભળી છે કેવળ નોકરે આપને કાનમા જે કઈ કહ્યુ તે સાભળ્યુ નથી "

સદાશિવે એ વાત બધ કરવાનુ જણાવ્યુ તેણે કહ્યુ કે' નોકર આવે છે આપે એ વાત સાભળી છે એવી તેને ખબર પડશે તો ભારે મુશ્કેલી આવી પડશે, એ કઠોર મર્ખની આગળ સૌંદર્યની કિમત નથી "

જાનકીએ કહ્યુ, " હવે મને મરણનો એ ભય નથી '

મુન્ના આવ્યો તેણે જોયુ કે સદાશિવની પાસે કોઇ સુદરી બેઠી છે

' તુજ શુ અગાશી પર ઉભી હતી ? "

" હા "

" કેમ ? માગ માલીકને જોવા ? "

સદાશિવે કહ્યુ, " જો બાગણા વાસી દીધા હોય તો પાછા ઉઘાડી આને ઘરમા મકી આવ "

મુન્ના—હુ વારવાર દિવાલ કુદી શકતો નથી

જાનકી—અગાશી પરથી ફેકી દેવાનો ઇરાદો ગમ્યો હતો, એ ઇચ્છા શા માટે ન પાર પાડવી ? અહીજ મને મારી ચાલ્યો જા.

મુન્ના—કેટલી વાર મરશે ?

સદાશિવ—આ શુ મુન્ના ? માન સાચવી વાત કર એ મારા માલીકની પુત્રવધૂ છે

જાનકી ચમકી " મને શુ તેણે અગાઉ જોઈ છે !" સુદરીએ પાછુ પોતાનુ મુખ છુપાવ્યુ મુન્ના કટાળી બોલ્યો, " ત્યારે આવ મારી સાથે "

એક લાબો નિસાસો સદાશિવના કાન પર અથડાયો મોહજાળ તૂટી ગઇ જાનકીને પોતાનુ અસલ સ્વરૂપ જણાયુ માનસિક વ્યથાથી તેનુ હૃદય રડવા લાગ્યુ

બને અદૃશ્ય થયા એટલે સદાશિવ કપતો કપતો ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યો–" ભગવાન ! મને બચાવો " તે મનને બીજી ગમ વાળી બાર વર્ષ પહેલાની તુલસી તરફ ખેચવા લાગ્યો તેણે જોયુ કે એક તેર વર્ષની કુમારીની મિચાએલી શરમાળ આખો અર્થહીન, પ્રેમહીન, દૃષ્ટિહીન થઈ રહી છે હૃદયની વેદના ન વેઠાવાથી સદાશિવે વળી એકવાર ભગવાનને યાદ કર્યા

" બ્હીક શાની ?" પાછળથી કોઇએ તેને આશ્વાસન આપ્યુ

સદાશિવે પાછળ ફરી જોયુ આખો ફાડી ફાડીને જોયુ, જોતા જોતા એ ભાન થઈ પડયો.

મુન્નાએ પાછા ફરી સદાશિવને સૂતેલો જોઈ વિચાર્યુ કે " આજે વળી આટલી બધી ઉઘ કયાથી આવી. "

છેવટે સદાશિવ ભાનમા આવ્યો તેણે ઉઠી આખો લુછતા લુછતા પૂછ્યુ, " મુન્ના ! તુલસીના શા સમાચાર છે ? "

મુન્ના—"બ્હેનના સમાચાર આપ કહી શકશો તે અત્યાર સૂધી આપની પાસેજ ઉભા હતા "

"શુ ખરી વાત ?" એમ કહેતો શદાશિવ આશ્વાસન દેનારી મૂર્તિને શોધવા ગાડાની માફક દોડયો

મુન્ના પણ પાછળ જવાનો વિચાર કરતો હતો, પરંતુ પાછળથી કોઈના કોમળ હસ્તનો સ્પર્શ થતા તે અટકયો તેણે પાછુ ફરીને જોયુ તો તુલસી ઉભેલી જણાઈ "આ શુ બન્યુ બ્હેન?"

"મુન્ના! મને ઘેર મૂકી જા"

"હજુઅ તમને ખોળવા ગયા છે!"

"ભલે ખોળે! તુ મને ઘેર મૂકી જા હુ ફક્ત ગણીને જ કહી આવી છુ રાજા જાણે તો શરમાવા જેવુ થાય"

"વાર લાગશે તો મારૂ કામ બગડશે"

"ભલે બગડે, બારણા ખુલ્લા છે, મને હમણા જ ઘેર મૂકી જા"

તુલસી વધારે કઇ ન બોલતા મુન્નાનો હાથ ખેચવા લાગી! મુન્ના વધારે વાદવિવાદ ન કરતા તેની સાથે ચાલ્યો

પ્રકરણ ૬ ઠું

આકસ્મિક ઘટના

પૂર્વોક્ત ઘટનાને દિવસે સાંજરે મુન્નાએ આવી રાજાને પ્રાહ્મણની સ્થિતિ જણાવી હતી, રાણી, નારાયણી અને તુલસી એ દરેકે એ વાત સાભળી રાણી અવાક્ બની પોતાના ઘરમા પડી રહી. નારાયણી દાદીની પાસે બેઠી રહી

તુલસીએ વિચાર કર્યો કે હું શામાટે સ્વામીના સુખથી વંચિત રહું? જેને ખાતર પતિદેવને ન મળવાનું વચન આપ્યું હતું, તે કારણ તો દૂર થયું છે! રાજાની અવસ્થા હવે ક્યાં રહી છે?

તુલસીએ તે જ દિવસે સદાશિવને મળવાનો નિશ્ચય કર્યો। તેણે વિચાર્યું કે મુન્ના આવ્યો છે, એટલે આ શુભ કાર્ય છોડવું નહિ

પરંતુ મુન્ના તો રાજા પાસે બેઠો બેઠો કંઈ છુપી વાત કરતો હતો આવી સ્થિતિમાં તેની પાસે કેમ જવાય। તુલસી તેની રાહ જોતી દૂર ઉભી પરંતુ મુન્નાની વાતનો પૂરી જ ન થાય રાજાને મુન્ના બન્ને તલ્લીન બની ગયા હતા તુલસી તેઓની નજર પડે તેમ આમ તેમ આંટા મારવા લાગી, પણ બન્નેની નજર તે તરફ ન ગઇ જ્યારે તેઓની વાત પૂરી થઇ ત્યારે રાત પડી હતી

મુન્ના અહીં પહેલા જ આવ્યો હતો તુલસીએ ધાર્યું કે બ્રાહ્મણની અવસ્થા સાથે રાજા મારા પિતાના સમાચાર પણ પૂછે છે. તેથી જ મુન્નાને આટલી બધી વાર લાગી વાતચીત પૂરી થઈ એટલે મુન્ના તુલસી પાસે આવ્યો રાજાએ તુલસીને તેની પરોણાચાકરી કરવાની આજ્ઞા કરી કહ્યું, “એ આખા દિવસનો ભૂખ્યો હોવાથી તેને ખવરાવવા પીવરાવવાનો બંદોબસ્ત કર” ભોજન કરાવતી વેળા તુલસીએ પોતાના મનની વાત મુન્નાને કહી સંભળાવી મુન્નાએ તેને સદાશિવ પાસે લઇ જવાનું વચન આપ્યું

દેવદર્શને જવાને બહાને તુલસીએ રાણી પાસેથી રજા મેળવી, અને તે જ રાત્રે સ્વામીને મળવા તે મુન્ના સાથે ચાલી

બાર વર્ષ પછી સ્વામીનું દર્શન। એ પૂર્વ યુગની સ્વામી મૂર્તિ હૃદયમાં ધારણ કરી બ્રહ્મચારિણી તુલસી બાર વર્ષ થયા તેની પૂજા

કરતી હતી અત્યારે એ પૂજાનુ ફળ મળશે ખરૂ ? ઘરની બહાર પગ દેતા જ તુલસીના માથા પર ગરોળી પડી તુલસીનુ હૃદય કપી ઉઠ્યુ હૃદયમા ધારણ કરી રાખેલી મૂર્તિ જાણે ભાગી ગઇ હોય તેવુ જણાયુ અંતશ્ચક્ષુ વડે તુલસીએ બીજી વાર એ મર્તિ તરફ જોયુ–મર્તિ મલિન હતી.

તો પણ તુલસી પાછી ન ફરી તેના મનમા થયુ કે શુ જોવા ચાલી છુ ને શુ જોઇશ મારી અત્યારની અવસ્થા કરતા વધારે બુરી અવસ્થા સ્ત્રીને માટે બીજી કઇ છે

પ્રથમતો તુલસીએ ધાર્યું હતુ કે પતિની સાથે મેળાપ થતા હુ તેને કેટલીય વાતો કહીશ પરતુ જેમ જેમ તે આગળ વધવા લાગી તેમ તેમ તેના અતકરણમાથી વાતો ખસી જવા લાગી

મુન્ના તેને કેટલાક સ્થળોએ ફેરવી પેલા બગીચામા લાવ્યો ત્યાં એક કુજમા ઉભી રાખી કહ્યું, 'અહીં ઉભા રહો, હુ તપાસ કરી આવુ" મુન્ના ગયો એટલે તુલસી ત્યા ઉભી રહી ધીમે ધીમે તેને કટાળો આવવા લાગ્યો, તેને એવી ઇચ્છા થઇ કે આવા સુદર બગીચામા જરા આમ તેમ ફરૂ તો શુ ખોટુ ? થોડે દૂર જતા જ તુલસીએ જોયુ કે એક ઓટલા પર કોઇ ચોકીદારના વેશમા સતુ છે

તુલસી તરત જ કુજમા જઇ ઉભી

મુન્ના પાછો ફરી બોલ્યો, "પત્તો ન લાગ્યો"

તુલસીએ કહ્યું, "પેલા ઓટલા પર કોણ સતુ છે ?"

મુન્ના જોઇ આવ્યો–"બરાબર છે ! તમારા પતિ જ સૂતા છે"

"મશ્કરી કરે છે !"

"આ શુ મશ્કરી કરવાનો વખત છે"

"આટલો બધો ફેરફાર !"

"તેમા શી નવાઇ છે ! બાર વર્ષ પહેલાનો ચહેરો તે ક્યાથી મળે?"

"હૃદયમાની મૂર્તિ ભાગી પડી "

'તે મૂર્તિ રાખવાની શી જરૂર છે ? '

"મુન્ના, બાર વર્ષ થયા કલ્પનાના રાજ્યમાથી કેટલાય સુદર અલકારો લાવી મારા હૃદયમાની એ કિશોરમૂર્તિને પહેરાવ્યા છે હવે મને જણાય છે કે એ તો ભસ્મમા ઘી રેડવા જેવુ થયુ ઇચ્છાપૂર્વક શોભાવ્યા છતા હુ તેને આટલી બધી સુદર બનાવી શકી નથી"

મુન્નાએ ધાર્યુ હતુ કે સદાશિવનુ હાલનુ રૂપ તુલસીને નહિ ગમે! અને એ જ તેને જોઇતુ હતુ વળી તે જાણતો હતો કે શૈલજાનદે એ દગાદાથી જ પોતાની એકની એક દીકરીને તેના પતિથી જુદી રાખી હતી તેને ખાત્રી હતી કે બ્રહ્મચારિણીની આખો હવે રૂપનુ માન નહિ જાળવે પરતુ હવે તેણે જોયુ કે મારા માલીકે પણ ભસ્મમા ઘી રેડયુ છે તેણે પૂછ્યુ, 'હવે શુ કરવા માગો છો ?"

"હુ મારા પતિને મળવા માગુ છુ તે મળશે એટલે તેની સાથે રહીશ, તેને તેના દેશમા નહિ મોકલુ મારા બાળકને તુ અહી મોકલી આપજે "

તુલસી નિદ્રિત સ્વામીને દૂરથી જોઇ સુખી સસારનુ એક મનોહર ચિત્ર દોરવા લાગી

મુન્નાએ વિચાર કર્યો કે આનો મેળાપ મારે માટે સગવડ ભર્યો નથી ગમે તે રીતે આના હાથમાથી સદાશિવને બચાવી લઇ જવો પડશે મેળાપ થયા પહેલા સદાશિવને તૈયાર કરવા ખાતર તેણે તુલસીને થોડીવાર ત્યા જ ઉભા રહેવાની વિનતિ કરી કહ્યુ, "હુ ન આવુ ત્યા સુધી તમે ન મળશો "

મુન્ના ચાલ્યો ગયો, આનંદદેવના અંતઃપુરમાં ફરી આવ્યો ત્યાર પછી જે બન્યું તે ગયા પ્રકરણમાં કહેવાઇ ગયું છે

ગરીબ બિચારી તુલસી ! તેના મનોરથ હૃદય સાગરમાં ઉછળ્યા ને પાછા સમાઈ ગયા તુલસીએ જાનકીને જોઇ, પોતાના પતિને જોયા. બંને જણા ઓટલા પર બેસી વાતચીત કરવા લાગ્યા ત્યારે તેણે કાન-માંડી સાંભળવાનો પ્રયત્ન કર્યો પણ હૃદયના ધડકારાએ તેને કંઇ સાંભળવા ન દીધું

તુલસી મનમાં પોતાને ધિક્કારવા લાગી "આટલે વરસે મને પતિરાજના દર્શન કરવાનું મન કેમ થયું ? નસીબમાં જો સ્વામીનું સૌભાગ્ય મેળવવાનું લખ્યું હોત તો આટલાં વર્ષો શા માટે વિધવાની દશા ભોગવવી પડે ?" કોઇ અપરિચિત સ્ત્રીને પોતાના સ્વામી પાસે બેઠેલી જોઈ તુલસીને અદેખાઇ ન આવી ! કેમ ન આવી ? જે પુરુષ અથવા સ્ત્રી બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય જાળવી રહ્યા હોય, તે સિવાય આ પ્રશ્નનો ઉત્તર બીજું કોણ આપી શકે ? તુલસી કેવળ એટલું જ સમજી કે પતિનો મારા પર સ્નેહ નથી

તુલસી ઘેર જવાની તક ખોળવા લાગી, એ વખતે તેણે જોયું કે મુન્ના આવી પેલી સ્ત્રીને સાથે લઇ જાય છે સુંદરી તુલસીએ વિચાર્યું કે મુન્નાએ મારી ખબર પતિને આપી છે ! પરંતુ સદાશિવને તો મારા દેખતાં પરસ્ત્રી સાથે વિલાસ ભોગવતાં કંઇ શરમ ન આવી !

"આ મે શું જોયું ?" ધીમે ધીમે આ બધો બનાવ તુલસીને સ્વપ્ન જેવો જણાવા લાગ્યો

વળી નિર્જનતા ! સદાશિવ વળી ઉંઘી ગયો ચંદ્રના અજવાળાથી પ્રકાશિત થઇ રહેલા ઓટલા પર હાથને અઢેલી, સુંદર દેહ આડો

કરી, ચદ્રમા પર નજર કરી સદાશિવ જાણે પોતાના રૂપથી આખો બગીચો ઉજાળતો ન હોય તેમ બેઠો છે।

તુલસીએ વિચાર કર્યો, "આવુ રત્ન–મને પ્રભુએ આપેલુ ધન, હાથમા મળ્યા છતા કેમ છોડુ ?"

તુલસી આગળ વધી સદાશિવ સન્મુખ અસ્ત્રધારિણી ભવાની, નવોઢાનુ કપતુ હૃદય લઇ લથડકે ડગલે ધીમે ધીમે જવા લાગી પાસે આવતા જ પતિના નિસાસા, અને તે સાથે ઊડી દિલગીરીના વચનો તેના કાનમા પડયા

તુલસીને ક્રોધ ચઢયો। હું તેનાથી બાર વર્ષ થયા જુદી પડી છુ, શુ સ્વામીના મનમા એક ક્ષણ માટે પણ મારૂ રટણ ન થાય, અને પેલી કોઇ અજાણી રમણી એક ક્ષણ છૂટી પડે ત્યા અકૃતજ્ઞ સ્વામીના હૃદયના બધા જુસ્સાને ખેચી જાય।

પતિને સભળાવવા ખાતર તુલસીએ મહામહેનતે થોડા વાકયો ગોઠવ્યા, પરતુ અભયવાણી સિવાય બીજા બધા વાકયો તેના કઠમાથી બહાર ન જ પડયા

સદાશિવે અભયવાણી સાભળી પાછુ વાળી જોયુ, ત્યારે તુલસી આરસની પુતળીની માફક નિશ્ચલ બની ગઈ સદાશિવ મૂર્છા ખાઇ પડયો ત્યારે તુલસીએ સાભળ્યુ કે મારા પતિ મદ્યપીતા પણ શીખ્યા છે સ્વામી સાથે વાતચીત કરવાની આશા તેણે સદાને માટે છોડી, તે એ સ્થળ છોડી ચાલી ગઇ।

કાર્યની સાથે કારણનો એક પ્રકારનો ન છેદી શકાય તેવો સબધ ખોળવા ખાતર વિજ્ઞાનશાસ્ત્રીઓ સેકડો વર્ષ થયા પ્રયત્નો કરતા આવ્યા છે, પરતુ પ્રકૃતિ તેની આખમા ધૂળ નાખી કયારે

ક્યાને કેવી રીતે કાર્ય કરે છે તે સેંકડો પ્રયત્નો કર્યા છતા માણુસો જાણી શકતા નથી

આ એક સામાન્ય આકસ્મિક ઘટનાને લીધે એક એશી વર્ષના ડોસાનુ જીદગી ભરનુ કાર્ય ક્ષણુમા નિષ્ફળ થયુ વીર રૌલજાનદ ખરે-ખર ‘ શલુ ’ બન્યો કેવી રીતે તે આગળ જણુાવીએ છીએ

પ્રકરણુ ૭ મુ

રમણી–હૃદય

તુલસી દરરોજ સવારમા બગીચામા આવી પુલો ચુટતી આજે પણુ સૂર્યોદય પહેલા બગીચામા આવી તેણે જોયુ કે રાજા એક ભાગી તૂટી પુષ્પવાટિકાની આજૂબાજૂ આટા મારે છે

એ જોઇ તુલસી ફુલ ભરવાની છાબડી નીચે મૂકી તેમને પ્રણુામ કરવા લાગી, રાજાએ આશીર્વાદ આપી પૂછ્યુ, “કેમ તુલસી' દેવદર્શન થયા ? ”

તુલસી સમજી ગઈ કે રાજાએ બધુ જાણ્યુ છે તો પછી શા માટે શરમાવુ ‘ તેણે હસતા હસતા જવાબ આપ્યો–

“ થયા છતા ન થયા જેવુ ”

“ કેમ ! ”

દેવનુ માથુ કાલા પહાડે ભાગી નાખ્યુ છે ”

‘ મારા આ રતનપુરમા એવો કાલાપહાડ ક્યાથી આવ્યો ? ”

“ તે તો આપ જાણો તેટલુ હુ ન જાણી શકુ ”

એમ કહી તુલસીએ બધી વાત કહી સભળાવી છેવટે જાનકીને ઉદ્દેશી તેણે કહ્યુ કે “એ છોડીએ મારા પતિને ભોળવ્યા લાગે છે”

"જો તેમ હોય, તો પણ તારે દિલગીર થવા જેવુ શુ ? તુ તો લાંબા વખતથી સયમની કેળવણી લેતી આવી છે તુ દરેક સ્થિતિ સામે ટક્કરે ઝીલવા તૈયાર થઈ ચૂકી છે "

તુલસી આ વખતે આંસૂ રોકી શકી નહિ તેની વિશાળ આંખો આંસુથી ભરાઇ ગઇ ને રડતી રડતી બોલવા લાગી, " મહારાજ! લોભી ધનની આશાએ જીવે છે પણ તે ધન ચોરાયુ છે એમ જાણે ત્યારે કેટલા દિવસ જીવે ?"

રાજાએ તેને દિલાસો આપતા કહ્યુ, " બ્હીશ નહિ, તારી કઠોર તપસ્યાએ જેને ઢાંકી રાખ્યુ છે તે ધન એમ સહજમા લુટાશે નહિ તુ નચિંત રહે, તે સામગ્રી હજુ તારી જ છે।"

ચકિત નેત્રે તુલસી રાજા સામે જોઇ રહી રાજા બોલવા લાગ્યો, "પરંતુ બ્હેન ! તુ ક્ષત્રિયનન્દિની છે ક્ષત્રિયની સહધર્મિણી છે, રાજરાણી છે, બીજી કોઇ ભાગ્યવતીને તારા સ્વામીના સૌભાગ્યનો થોડો ભાગ આપવામા તારે કૃપણતા ન કરવી જોઇએ પતિપર આવી નકામી રીસ રાખવી તને ન શોભે "

તુલસી રાજાના પગમા પડી, અને બોલી—" મહારાજ ! મે બહુ ખોટુ કામ કર્યુ હવે શુ કરૂ એ કહો "

રાજા—સ્વામીની પાસે ક્ષમા માગવી એ તમારૂ કર્તવ્ય છે

તુલસી—તેને શી રીતે મળુ ?

રાજા—મે તેની વ્યવસ્થા કરી છે "પરંતુ બ્હેન—" રાજાનુ ગળુ રૂંધાઈ જવા લાગ્યુ તુલસી સમજી ગઈ કે અનતપુરનો ધણી એક તુચ્છ સ્ત્રી આગળ મર્મદ્વાર ઉઘાડવા તૈયાર થયો છે એ મર્મમા સેંકડો વેદના ભરાઈ બેઠી છે એ દ્વાર ઉઘાડયા સિવાય છૂટકો નથી. કોમળ, આશ્વાસનથી ભરપૂર નજરે તુલસીએ રાજા સામુ જોઈ કહ્યુ, "મહારાજ ! નારાયણી ને મારામા ભેદ બુદ્ધિ શા માટે રાખો છો ?"

રાજા—મારી અવસ્થા તો તું જાણે છે ! મારૂં રાજ્ય બીજાના હાથમાં છે, મારો સહચર, સહાયક, ગુરૂ કારાગારમાં છે હું જીવતો છતાં મુવા જેવો બની નારાયણી અને તને સાથે રાખી ગૃહનું સુખ ભોગવતો હતો, પરંતુ એ પણ ટકવાનું હોય એમ મને લાગતું નથી !

તુલસી—કેમ મહારાજ ?

રાજા—મને બંદી તરીકે રાખવાની ગોઠવણ થાય છે હવે હું ઝાઝો વધારે મુદ્દત તમારી સાથે રહી શકીશ એવી આશા નથી તેથી કહેતો હતો કે—

રાજા વળી ચૂપ થઇ ગયો, મુખમાંથી મનની વાત બહાર ન નીકળી એ પરથી તુલસી વાતની ગંભીરતા સમજી ગઇ.

તુલસી—મહારાજ ! પુત્રી આગળ હૃદય ખોલતા કેમ અચકાઓ છો ? અમે સ્ત્રીઓ તો રિસાળ રહી, આવો અભિપ્રાય જોઇ અમે એમ માની લઇએ કે તમે મને પારકી ગણો છો

રાજા હવે શાંત રહી શક્યો નહિ ! તુલસીના માથાપર હાથ મૂકી આશીર્વાદ આપતો આપતો બોલ્યો—

“બ્હેન ! તને શો આશીર્વાદ આપું ? તું મહાન પિતાની પુત્રી છે એક ગરીબના કુટુંબમાં શાંતિ પ્રસારવા આવી છે એ કાર્ય તને લાયક જ છે પરંતુ આ દુર્ભાગી કુટુંબ પર શનિની નજર પડી છે તેના પર ઉપકાર કરવો એ મનુષ્યને માટે અસાધ્ય બની ગયું છે તેથીજ બ્હેન હું વચન ઉચ્ચારી શકતો નથી બ્હેન ! હું તારી પાસે તારા પતિની ભિક્ષા માગું છું.

તુલસીએ પૂછ્યું—“ નારાયણીને માટે ?”

નારાયણીને માટે ? રાજા ચમક્યો. વાસ્તવિક રીતે નારાયણીની વાત તેના મનમાં એ નહોતી નારાયણીના નામથી રાજાની આંખમાં

ત્રિપાદની એક વિરાટ છબી જાગ્રત થઇ ઉઠી રાજાએ જોયુ કે નારાયણી આવે છે નારાયણી સાભળી જાય એ ખાતર તેણે ધીરેથી કહ્યુ, "નારાયણીની ચિંતા કરવાનો મને વખત નથી, હુ મારે પોતાને માટે માગુ છુ "

"તો પણ એકવાર એ અભાગિની ચિંતા કરવી જોઇએ. કુમારિકાને હુ કયા સુધી સાચવી શકીશ ?"

રાજા મનમા તુલસીની બુદ્ધિના વખાણ કરવા લાગ્યો. તે જરા હસીને બોલ્યો, "આવી સૂક્ષ્મબુદ્ધિ એક અપરિચિત સ્ત્રીની પાસે શી રીતે હારી ?"

તુલસી નીચુ માથુ કરી ઉભી રહી નારાયણી પાસે આવતી હોવાથી રાજાએ ધીમેથી કહ્યુ, " તે તો તને જેમ ઠીક લાગે તેમ કરજે, પરતુ કેટલી વાર માટે ? હુ તો વિવાહનો દિવસ પણ આપી શકુ તેમ નથી "

તુલસી—કેમ ?

એક તરફથી નારાયણી આવી, બીજી તરફથી મુના કોણ જાણે ક્યાથી સદાશિવને તુલસી પાસે લાવ્યો.

" લ્યો બ્હેન ! આ તમારૂ ધન, બગીચામા ગાડાની માફક ભટકતા જોઇ મે તેમને અહીં આણ્યા છે એને મુખે મે બધુ સાભળ્યુ છે તમે તેને કઇપણ સકોચ રાખ્યા સિવાય ગ્રહણ કરો "

તુલસીએ સ્વામી આગળ શિર ઝુકાવ્યુ

સદાશિવ—તુલસી ! મે મનવડે પણ તારો જરાપણ અપરાધ કર્યો હોય તો તે બદલ માફી આપ.

તુલસી—'આર્યના સતાનો મન વડે થએલા અપરાધને પણ અપરાધ માને છે મનના અપરાધથી પણ આર્ય રમણીનુ સતીત્વ ધવાય છે. જે અપરાધ કર્યો છે, તેની શિક્ષા ગ્રહણ કરવીજ પડશે." એમ કહી તુલસીએ એક હાથે નારાયણીનો અને બીજે હાથે સ્વામીનો હાથ પકડ્યો નારાયણી દિગ્મૂઢ બની આ બધુ જોઇ રહી, ને કઇ સમજી નહિ તુલસીને હાથ પકડતી જોઈ પૂછવા લાગી–" હાથ શા માટે પકડે છે ?"

તુલસી—તારે વિવાહ કરવો પડશે.

નારાયણી—કોની સાથે ?

તુલસી—મારા પતિ સાથે !

નારાયણી—કેમ ?

સદાશિવ પણ દિગ્મૂઢ બની ગયો ! તુલસી આ શુ કરે છે ! તે નવાઇ પામી રાજા સામુ જોઈ બોલ્યો, " આ શુ મહારાજ ?"

રાજાએ કઇ જવાબ ન આપ્યો ! ઉંડી ચિંતામા મગ્ન થઇ, બંને બાહુ છાતી સાથે ચાપી તે માથું નીચુ કરી ઉભો હતો

તુલસી જરા ખસિઆણી પડી ગઇ "ત્યારે શુ કરૂ મહારાજ !'

રાજા—શુ કરવુ તે હુ કહેવાને અશક્ત છુ

તુલસી—ત્યારે થયુ. પણ સ્થિતિ તો સમજી શકો છો ને ?

મુન્નાએ કહ્યુ "તેજ ઠીક છે, હાથ છોડી દો આપણો વખત નકામો જાય છે."

તુલસીએ બંનેના હાથ છોડી દીધા એ વખતે કચેરીમાથી તોપના અવાજ થયા સદાશિવ બોલ્યો "પિતાપુત્ર રાચિથી આવ્યા જણાય છે. ગુરૂજીને કેદની શિક્ષા થઈ તેનો આ ઉલ્લાસ છે "

એક, બે, ત્રણ તોપના અવાજપર અવાજ ગર્જવા લાગ્યા.

મુન્ના ઉશ્કેરાઈ જઈ બોલ્યો, "નકામો સમય કેમ ગુમાવો છો મહારાજ? જરા વિલંબ કરશો કે આજે મળેલી તક જશે. કદાચ એવી તક નહિ મળે"

તોપના અવાજ સાંભળી રાજા પણ ગુસ્સાથી કંપવા લાગ્યો, તે વારવાર નિસાસા નાખવા લાગ્યો, નારાયણીને સંબોધી તે બોલ્યો,

નારાયણી! મારા કુળના રક્ષણને માટે, તુ આ યુવાનને પરણ, કુમારિકાનુ નામ જવા દે સ્વામી સગ સુખ અને ભોગલાલસાને એક ક્ષણને માટે પણ મનમા સ્થાન આપતી નહિ બ્હેન!"

નારાયણીએ સદાશિવના મુખ સામુ જોયુ સદાશિવે પણ નારાયણીના મુખ સામુ જોયુ તુલસીએ વળી બંનેના હાથ પકડયા.

રાજાએ વળી કહ્યું કે, "હુ તારો પિતામહ સાક્ષી છુ, આ વફાદાર નોકર સાક્ષી છે, અને આ સ્વાર્થત્યાગિની સતી પણ સાક્ષી છે આ ત્રણ સાક્ષી સમક્ષ આજે હુ તને આ યુવકના હાથમાં સોપુ છુ ભગવાન જો કદી વખત આપશે તો આ વિવાહ સસ્કાર ધામધૂમથી ઉજવીશ. નહિતો અહિંજ વિવાહ સસ્કાર પૂરો થયો સમજજે"

તુલસીએ બંનેના હાથ ભેગા કર્યા અને કહ્યું—"નારાયણી! મારી જિદગીપર્યંતની સહચરી! આ આપણી વિવાહ રાત્રિ છે! તારી માફક હુ પણ આજે પહેલીજ વાર સ્વામીને મળી છુ. આ ત્રણ સાક્ષી ઉપરાત આકાશમાનો અસ્ત પામતો ચદ્ર પણ સાક્ષી છે, અને તારૂ મન પણ આ કાર્યનું સાક્ષી છે જો આપણને રસ્તાપર ભટકતા ભિખારી બનવુ પડશે તો પણ આપણે આપણા

હૃદયમાના દેવને યાદ કરી બધી મુશ્કેલીઓને તુચ્છ ગણી શકીશુ. શત્રુ આજે અજાણપણે આપણા આ શુભ વિવાહનો ઉત્સવ ઉજવે છે

વળી તોપનો અવાજ થયો દશમીનો ચદ્ર અસ્તાચલમા જઇ છુપાયો બધા અધકારમા પોતપોતાને સ્થળે જતા ગયા

ત્યારબાદ થોડીવારે વીરચદ્રના મહેલમાથી એક મૃદુ શખધ્વનિ તોપના અવાજ સાથે કપતો કપતો અનતપુરના ગગનમા વિલિન થઇ ગયો

પ્રકરણ ૮ મુ

કાશીપુરમા

બીજે દિવસે હતી એકાદશી કાશીપુરના લોકો રાધાવલ્લભના મદિર સન્મુખ આવેલા વિશાળ ચોકમા આઠેપહોર પ્રભુભજનમા મસ્ત બની ગયા હતા કાશીપુર ઉલ્લાસમા નૃત્ય કરતું હતુ આજૂબાજૂના ગામના લોકો દેવને નૈવેદ્ય ધરાવવા માટે આવતા હતા ચોતરફ આનદ આનદ ફેલાઇ રહ્યો હતો એ વખતે એકાએક હજારો તોપોના ભયકર ગર્જનથી એ પ્રદેશ ગાજી ઉઠયો. મદિર પાયાથી તે શિખર સુધી કપી ઉઠયુ. રાધાની મૂર્તિ શ્રીકૃષ્ણની મૂર્તિપર ઢળી પડી શ્રીકૃષ્ણના હાથમાની મૂર્તિ ખસી પડી નૈવેદ્યના થાળ ખડખડાટ કરતા સ્ત્રીઓના હાથમાથી જમીનપર પડયા એક ક્ષણમા બધુ નિસ્તબ્ધ બની ગયુ કોઇ બેભાન બની ગયુ, કોઇ દિગ્મૂઢ બની ગયુ જોતજોતામા એક વિશાલ શ્વાસરોધી ધુમાડાથી બધુ મેદાન છવાઇ ગયુ લોકો બ્હીકના માર્યા પોતપોતાના ઘર ભણી

દોડયા કીર્તન કરનારા ઝાંઝપખાજ ફેંકી દોડયા, શ્રોતાઓ પ્રભુનુ નામ છોડી દોડવા લાગ્યા કોઇનો હાથ ભાગ્યો, કોઇનો પગ ભાગ્યો, કોઇ જમીનપર પડી ચગદાઇ ગયા કોઇ મુઆ, કોઇ અધમુઆ બની જમીન પર ચિત્કાર કરવા લાગ્યા એક ક્ષણમા દેવમદિર અને તેની આજુ-બાજૂનુ સ્થાન ભયકર શ્મશાનની માફક વિકટ હાસ્ય કરવા લાગ્યુ

બરાબર તેજ સમયે ત્રણ ઘોડેસ્વારો વીજળીને વેગે એ મેદાન પાર જતા હતા મેદાનપર પડેલા ઘાયલો તરફ તેમની નજર નહોતી તેઓ ગાડાની માફક ઘોડાને એડી લગાવતા લગાવતા એ ભયકર શબ્દને લક્ષમા રાખી દોડતા હતા

એ ત્રણ જણા તે બીજા કોઈ નહોતા રાજા, મુન્ના અને સદાશિવ મુન્ના એ બનેને શૈલજાનદ સાથે મુલાકાત કરાવવા લઇ જતો હતો રસ્તામા આવતા આ ભયકર શબ્દ તેઓએ સાભળ્યો કારણ નક્કી કરવાને અસમર્થ છતા દારૂણ અશુભની શકા કરતા કરતા તેઓ શૈલજાનદના વર તરફ દોડયા

થોડે દૂર જતાજ મુન્નાએ ઘોડાનો વેગ ઓછો કર્યો વાયુના ઝપાટાથી ધૂમાડો દૂર થયો હતો

સદાશિવ—આ શુ મુન્ના ?

મુન્ના—હજુ મુન્નાને પૂછો છો જેની બ્હીક હતી તેજ અહીંથી પાછા ફરો

સદાશિવ—આટલા બધા હતાશ થવાની શી જરૂર ?

મુન્ના—માતાજીનુ મદિર ક્યા ?

સદાશિવ પણ ઘોડાની લગામ ખેચી મુન્ના પાસે આવ્યો. રાજા પણ મુન્ના પાસે આવ્યો. સદાશિવે કહ્યું, "અહીંથી દેખાતું નથી માટે મદિર જ નથી એવી શકા કરવાનુ શુ કારણ ?"

મુન્ના જરા અવજ્ઞાનુ હાસ્ય હસી બોલ્યો, "આપ બાર વર્ષ થયા અહીં આવ્યા નથી, મે તો આ સ્થળ ત્રણ દિવસ પહેલા છોડયુ છે"

રાજાએ કહ્યું, "તો પણ સદેહ ટાળવા ખાતર જવામા શુ નુકસાન?"

ત્રણે વળી આગળ જવા લાગ્યા, પરતુ ઘોડાઓની ગતિ અગાઉના જેવી ન જ રહી

જરા દૂર જઇ જે જોયુ તેથી કોઈના મુખમાથી વચન જ ન નીકળ્યા તેઓએ જોયુ કે શૈલજાનદના મહેલનુ ચિન્હ પણ નથી! દિવાલ સેકડો સ્થળેથી ભગ્ન થઇ ગઇ છે, માતાજીનુ મદિર, શૈલજાનદનુ ઘર એ બધુ ધૂળના ઢગલાના રૂપમા ફેરવાઇ ગયુ છે! ઇટોથી પૂરાઇ જઇ ખાઈ પાણી વિનાની બની ગઇ છે. બધા ઘોડાપર બેઠા બેઠા ખાઇને પેલે પાર ગયા ત્યા માણસનુ નામ-નિશાન જણાયુ નહિ એક અગમ્ય નિયતિને વશ થઇ એ બધું સ્થાન શ્મશાન રૂપ બની ગયુ મલિન જ્યોત્સ્ના મમતાળુ માતાની માફક કેવળ મૃત સતાનોની આખોપર મુગી મુગી શોકના ઉભરા રેડયા કરે છે શૈલજાનદ કયા? તેની અધિષ્ઠાત્રી અષ્ટભુજાનુ મદિર કયા? તેઓએ એ ધૂળના ઢગલામા શૈલજાનદ તેની સ્ત્રી અને તુલસીના પુત્ર વિશ્વેશ્વરની શોધ કરી પરતુ તોપો અને બદુકોના ટુકડા સિવાય બીજુ કઇ ન મળ્યુ ધીમે ધીમે ત્યા માણસો એકત્ર થવા લાગ્યા ગામના લોકો આ ભયકર ધડાકાનુ કારણ જાણવા માટે ત્યા દોડી આવવા લાગ્યા

વધારે વખત ત્યા રહેવુ યોગ્ય ન હોવાથી તેઓ ભાગેલા હૃદયે જવા લાગ્યા. જતી વેળા મુન્ના રડી પડયો. તે રડતા રડતાં

બોલ્યો, " આખી જિંદગી તનતોડ મહેનત કરી મારા માલીકમાં અને મારામા જે શક્તિ સંચિત કરી હતી તે પચાસ ઉત્કૃષ્ટ તોપો વીશહજાર બંદુકો, પર્વતના જેટલો દારૂગોળો અને દ્રવ્યના ઢગલે ઢગલા આજે એક ક્ષણમા આપની બાલિશતાને લીધે નષ્ટ થયા જો કાલે અનંતપુરથી રવાના થયા હોત તો આવુ સત્યાનાશ ન વળત "

સદાશિવે કંઇ જવાબ ન આપ્યો તેણે ચાલતા ચાલતા એ ધૂળના ઢગલા ભણી જોઇ એકવાર ખૂમ પાડી "વિશ્વેશ્વર" સદાશિવે જોયુ કે જાણે એક નાનો છોકરો એક ક્ષણને ખાતર એ ધૂળના ઢગલાપર ઉભો રહી આંગળી વડે કોણ જાણે શુ બતાવી છુપાઇ ગયો. સદાશિવે ભાઇને કદી જોયો નહોતો. મુન્નાને મુખે ભાઇ છે એવુ સાભળ્યુ હતુ તોપણ એકવાર તેણે ખૂમ પાડી "વિશ્વેશ્વર!" પણ નિર્દય ધૂળના ઢગલાએ એક પ્રતિધ્વનિ પણ પાછો ન વાળ્યો!

પ્રકરણ ૯ મુ

શૈલજાનંદનુ છેવટ

તોપો, બંદુકો વગેરે ક્યા છે, તે શૈલજાનંદે કોઇને જણાવ્યુ ન હતુ મુન્ના એ બધુ છે ખરૂ તે જાણતો હતો, પણ ક્યા છે તે જાણતો નહોતો તે જાણવાનો તેણે આગ્રહપણ રાખ્યો નહોતો તે જાણતો હતો કે એક દિવસે એ બધી સામગ્રી કામમા આવવાની છે તેને તો વાપરવાનુ જ કામ હતુ ક્યા છે તે જાણવાનુ કામ નહોતુ શૈલજાનંદે તેને એક દિવસે જણાવ્યુ હતુ કે સદાશિવ યોગ્ય ઉમરના

થશે એટલે એ બધું તેમને સોંપી દઇશ રતને એક દિવસે એ સંપત્તિનો થોડો ભાગ માત્ર નિહાળ્યો હતો

સદાશિવ બાળક હતો ત્યારે શૈલજાનંદે જાતે અથવા મુન્નાએ તેને અસ્ત્ર શસ્ત્ર વાપરતા શીખવ્યા હતા ત્યાર બાદ તુલસી સાથે વિવાહ કરી તેને બ્રહ્મચર્ય પાળવા માટે સ્વોપાર્જિત પૈસા વડે ગુજરાન ચલાવવાની આજ્ઞા કરી વિદેશ મોકલ્યો હતો. અને કહ્યું હતું કે "જ્યાં સુધી ન બોલાવું ત્યાં સુધી તમારે કાશીપુરમાં પગ મૂકવો નહિ" કન્યાને પણ જમાઇને લાયક બનાવવા માટે સસરાનું ઘર સાચવવા રાખી હતી

એક યુગ વીતી ગયો. જમાઇની શક્તિપર તેને વિશ્વાસ આવ્યો. કન્યા પણ જમાઇને લાયક થઈ છે એવી તેને ખાત્રી થઈ. એકાએક એક દિવસની માંદગીથી તેનું શરીર બગડી ગયું. તેણે મુન્નાને બોલાવી કહ્યું "જેમ બને તેમ જલદી સદાશિવને બોલાવી લાવ હું હવે વધારે વખત જીવીશ નહિ મરણ પહેલાં મારી બધી સંપત્તિ તેને બતાવી દઉં "

શુભ અવકાશ જોઇ મુન્ના અનંતપુર દોડયો પરંતુ મુન્નાને મોકલ્યા બાદ શૈલજાનંદની તબીઅત લથડી પડી તે જાણી ગયો કે સદાશિવ આવે તે પહેલાં મારે આ દુનિઆમાંથી કુચ કરવી પડશે તેણે આખો દિવસ રાહ જોઈ, રાતનો એક પહોર પણ જવા દીધો, પણ હવે રહી શકાય તેવું નહોતું. તેણે બાળક વિશ્વેશ્વરને જગાડયો તુલસીના ગયા બાદ બાળક શૈલજાનંદની પાસેજ રહેતો તેને પાસે રાખી માતાનો વિયોગ ભુલાવતો શૈલજાનંદની પત્ની પણ બાળક-પર બહુ માયા રાખતી, પણ બાળક તો શૈલજાનંદની પાસેજ રહેવા માગતો હતો શૈલજાનંદની પત્ની, પૂર્વયુગની ગૃહિણી,

સ્વામીનો કાર્યકલાપ સારી રીતે સમજી શકતી નહોતી, છતા તે તેની કોઈપણ આજ્ઞાનુ ઉલ્લંઘન કરતી નહિ તેથી તે જમાઇ અને કન્યાને વિદાય કરતા છતા સ્વામીના કોઇ મહાન ઉદ્દેશની કલ્પનામા ગયતી હતી, શૈલજાનદ બહારથી કઠોર જણાતો હતો છતા તેનુ આઆન્તિક જીવન કોમળતામય હતું સ્રીને તેના પર ગુસ્સો કરવાનુ કઈ કારણ નહોતુ. પતિની શારીરિક અવસ્થા જોઈ તે ચિતાતુર બની રહેતી, અને ઘરકામમાથી પરવારી તેને મળી જતી આ વખતે તેણે આવીને જોયુ તો ઘર ખાલી જણાયુ બહાર આવી તો જણાયુ કે દુર્બળ પતિ એક હાથમા સળગતો કાકડો અને બીજા હાથમા બાળક વિશ્વેશ્વરનો હાથ પકડી ધીમે ધીમે આગણામા જાય છે તેણે ઉત્સુકતાથી પૂછ્યુ, "ક્યા જાઓ છો ?"

કઇક કટાળી શૈલજાનદે કહ્યુ "અહા ! વળી બોલાવ્યો !" પરતુ આ વખતે તેની સ્રીએ પતિના ગુસ્સાની દરકાર ન કરી. તેણે તેને અટકાવ્યો શૈલજાનંદે કહ્યુ "બાળકને દેવદર્શન કરાવવા લઇ જાઉં છુ" ગૃહિણીએ કહ્યું, "ત્યારે હુ પણ સાથે આવીશ." શૈલજાનંદને પત્નીને પણ સાથે લેવી પડી

થોડીવારમા મંદિરના દ્વાર ઉઘડયા થોડે દૂર જતા જતા પ્રકાશથી આખુ મદિર ઝળહળી ઉઠયુ અસખ્ય અસ્રો પર દીવાનો પ્રકાશ પડતા ભવાનીના ભયકર કટાક્ષ જેવો પ્રકાશ ચમકવા લાગ્યો શૈલજાનદની સ્રીએ નવાઇ પામી પૂછ્યુ, "આ શુ ?"

શૈલજાનંદે બાળકને સબોધી કહ્યુ, "વિશ્વેશ્વર ! જોયુ કે ?"

બાળક નવાઇ ન પામતા બોલ્યો "હા"

"શુ જૂએ છે"

"મા"

"મા!" શૈલજાનંદની સ્ત્રીએ પૂછ્યું–"મા કોણ? તુલસી?"

બાળકે જવાબ આપ્યો, "મા–મારી મા"

શૈલજાનંદે મંદિરના ઘુમટ સાથે જડેલા હથિયારો બતાવી પૂછ્યું, "અને આ?"

'મા હશે હાથે મને ખોળે લેવા વ્યગ્ર થઈ રહી છે"

"આ બધું તારા ભાઇ આવે એટલે બતાવજે"

"બતાવીશ"

હાથમાં કાકડો લઇ શૈલજાનંદ આગળ ચાલ્યો બંને તેની સાથે ચાલ્યા ચાલતા ચાલતા મંદિરની અંદર એક સ્થળે એક પથરો જડેલો હતો તે બતાવી શૈલજાનંદે કહ્યું, "વિશ્વેશ્વર, પત્થર ઉપાડી શકીશ?"

વિશ્વેશ્વરે પથરો ઉપાડ્યો વિસ્મિત શૈલજાનંદ બાળકના મુખ સામે જોઇ મંદમંદ હસતો બોલ્યો, "વારૂ! ભાઇ આવે એટલે બતાવશે?"

"બાળકે ડોકું હલાવી કહ્યું, "હા"

એક સુરંગ જણાઇ બધા એ સુરંગને માર્ગે આગળ વધ્યા જમીન નીચે એક વિશાળ ઘર હતું એ ઘરની એક બાજૂએ રૂપીઆ અને મહોરોના ઢગલા પડયા હતા, શૈલજાનંદે બાળકને કહ્યું, "આ બધું જોઇ રાખ, ભાઇ આવે એટલે બતાવજે"

બાળકે માથું હલાવી કહ્યું, "બતાવીશ"

હવે એક પછી એક બધી સંપત્તિ શૈલજાનંદ વિશ્વેશ્વરને બતાવવા લાગ્યો પચાસ તોપો, હજાર ગોળા, લડાઇનો બીજો અસંખ્ય સરંજામ બતાવી તે બાળકને દારૂની ગુદામ તરફ લઇ ચાલ્યો શૈલજાનંદની સ્ત્રી દિગ્મૂઢ બની આ બધું નિહાળતી પાછળ પાછળ જવા લાગી

દારૂની ગુદામમા ગયા બાદ તેણે જોયુ કે પતિનુ શરીર કપે છે. અદ્ભુત બનાવ જોઈ તેનુ પણ માથુ ફરતુ હતુ છતા તેણે કપતા પતિને પકડી લીધા અને પાછા ફરવાની વિનતિ કરી, શૈલજાનદે વળી વિશ્વેશ્વરનુ કહ્યુ, "આ બધુ જૂએ છે ને?"

બાળક મા! મા! કહી બૂમ પાડવા લાગ્યો, તેની મા તેને દશ દિવસનો રાખી મરણ પામી હતી છતા તેના મુખમા વારવાર મા, મા, શબ્દ સાભળી શૈલજાનદની સ્ત્રીએ કહ્યુ, "કયા છે તારી મા?"

બાળકે આગળી કરી કઇ બતાવ્યુ શૈલજાનદની સ્ત્રી કાલીની મૂર્તિ જોઈ મૂર્છા ખાઇ પડી વૃદ્ધના કપતા હાથમાનો સળગતો કાકડો જમીનપર વિખરાઇ પડેલા દારૂના ભૂકાપર પડ્યો એક આકાશભેદી શબ્દે જમીનને ધ્રુજાવી દીધી એક પ્રલય નિશ્વાસે ત્રણ જીવોને હતા નહોતા કરી નાખ્યા

પ્રકરણ ૧૦ મું

બળવામાં ભળ્યો

આ બનાવ બન્યા પછી ત્રણ દિવસે મેની દશમી તારીખ આવી આખુ હિદુસ્તાન બળવાની આગથી ઉશ્કેરાઇ ગયુ એ રૂવાડા ખડા કરે તેવા બનાવથી ઇતિહાસના શોખીનો અજાણ્યા ન જ હોય *એ આગનો તણખો છોટાનાગપુરના પ્રદેશમા પણ આવી

* અમારા તરફથી એ ઇતિહાસ ત્રણ ભાગમા બહાર પડવાનો છે શોખીન વાચકો એ રૂવાડા ખડા કરે તેવો ઇતિહાસ વાચી જરૂર મોજ મેળવશે બે ભાગ બહાર પડી ચૂકયા છે ત્રીજો છપાય છે

વ્યવસ્થાપક

પડયો રાજા વીરચંદ્ર એ બળવામા ભળ્યો, બળવાખોરોએ રાંચિની સરકારી તેજુરી લૂટી, જેલ તોડી અને ઘણો જૂલમ ફેલાવ્યો. છોટાનાગપુરમાના યુરોપિઅનો થોડા દિવસો માટે જાનની ફિકરમા પડયા પરતુ તેઓમાના કોઇના જીવનને હાનિ ન થઇ દેશી લોકોએ તેઓને પોતાના ઘરમા આશ્રય આપી બચાવ્યા હતા

જેલ તોડી રાજા વીરચંદ્રે પ્રથમ રતનને ખોળ્યો, પણ તે ન મળ્યો એટલે નિરાશ થઇ ચાલ્યો ગયો સરકારે રતનને અગાઉથી ચેતી અલીપુર જેલમા મોકલી દીધો હતો

સદાશિવ સમજતો હતો કે આનંદદેવના બગલા પર પણ હલ્લો થશે એ પાપિષ્ઠ જ આ બધા અનર્થનુ મૂળ હતો રાજાના હાથમા પડશે તો પિતા પુત્રમાથી કોઇ બચશે નહિ એવા વિચારથી તેણે તુલસીની મદદથી આ વાતથી એ બનેને ચેતવ્યા હતા આ બાતમી મળતા જ પિતાપુત્ર નાસી ગયા, જતી વેળા પોતાના કુટુબને પણ પાછળ મકતા ગયા કેવળ સદાશિવની ખાતર કોઇએ તેમના પર હલ્લો ન કર્યો તુલસીએ આનંદદેવની સ્ત્રીને અને તેની માને પોતાની પાસે રાખી બચાવ્યા

સાહેબ લોકોના બચાવ માટે એક અઠવાડિઆમા કલકત્તેથી ફોજ આવી પહોચી તેથી સાથે બળવાખોરોને લડાઇ થઇ બળવાખોરો એ ખૂબ બહાદુરી બતાવી. પણ તેઓની પાસે તોપો ન હોતી બદુકો તોપો આગળ ક્યા સૂધી ટકે ? થોડી વારમા બળવાખોરો હારી નાઠા રાજા ઘવાયો, મુન્ના અને સદાશિવ તેને લઈ જગલમા નાઠા

બળવો શાત પડયા પછી ઘણા બળવાખોરોને સજા થઇ કોઇને ફાસીને લાકડે લટકવુ પડયુ, કોઇને કાળે પાણીએ જવુ પડયુ, બાકી નાનેજેલમા જઇ ભરાવુ પડયુ

સરકારે રાજા વીરચંદને પકડવાના બહુ ફાંફાં માર્યાં આનંદદેવે પણ રાજાને પકડાવવાની બહુ ચેષ્ટા કરી, પણ કંઇ ફળ ન મળ્યું ચોતરફ છુપી પોલીસના માણસો પથરાઇ ગયા ચોતરફ જાહેર નામા ચોઢાયા, છતા પત્તો નજ લાગ્યો. જંગલમા ખૂબ શોધાશોધ થઇ. પણ રાજા નજ મળ્યો અનેકની દાઢી બળી ગઇ હતી, અનેકની જટા ઉતરી હતી, અનેક સન્યાસી ગૃહસ્થ થઇ બેઠા હતા અનેક ગૃહસ્થ સસારને અનિત્ય માની ગૃહધર્મ છોડી ભિખારી બન્યા હતા, પણ વીરચંદનો પત્તો ન લાગ્યો તે નજ લાગ્યો.

દરરોજ રાત્રિમા જથાબંધ વીરચંદો આવવા લાગ્યા, પરંતુ શહેરમા આવતાજ તેઓ બાલમુકુંદ બની જતા, કોઇ વીરચંદ્ર રહેતુ નહિ બ્હીકના માર્યા કેટલાય વૃદ્ધો દાઢીમૂછ મુંડાવી બોડા થઇ બેઠા, કોઇ કલપ લગાવી વાળ કાળા કરવા લાગ્યા

બહુ શોધ કરી છતા કંઇ ન વળ્યુ ત્યારે પોલિસ મરી ગએલા વાઘનુ પેટ ચીરી તેમાથી વીરચંદ્ર મળે છે કે નહિ તે તપાસવા લાગી

ધીમે ધીમે લોકોમા અનેક ગપ્પા ઉડવા લાગ્યા કોઇ કહેવા લાગ્યુ કે રાજા પોતાના મહેલની કોઈ છુપી કોટડીમા આવી ભરાયો હતો, એ ઘરમા એક મોટો અજગર રહેતો હતો તે અજગર પોતાના આશ્રયદાતાને વિપત્તિમા જોઇ ગળી ગયો અને સદાને માટે તેને પોલિસના હાથમાથી છોડવ્યો કોઇ કહેવા લાગ્યુ કે રાજા સુવર્ણરેખા ઉતરતા તણાઇ ગયો છે સુવર્ણરેખાને કિનારે રહેતો એક સિપાઈ તેની વીંટી હાથમા આવતા રાતોરાત પૈસાદાર બની ગયો છે કોઇ કોઇ કહેવા લાગ્યા કે રાજાને વાઘે ફાડી ખાધો છે આ છેલ્લી વાત ચોતરફ ફેલાઇ જે વાઘે રાજાનુ ઘીથી પુષ્ટ થએલુ શરીર ખાધુ હતુ, તેના શરીર પર વાળ નહોતા તેના અંગ બળતા

હોવાથી એ શાર્દુલપ્રવર શાંતિ મેળવવા માટે આનંદદેવનું નિમક ખાનાર હનુમાનસિંહના ઘરની ચોતરફ દર રાત્રિએ ફરતો હતો

આ પ્રમાણે વાતચીતમાં તો રાજાનું મરણ સાબીત થઇ ગયું એટલે કોઇના ઘરમાં પથરા ફેંકાવા લાગ્યા, કોઇના ઘરમાં સંભાળીને મૂકેલી બરફી અદશ્ય થઇ જવા લાગી રાતને વખતે રાજમહેલ પાસેથી જતાં કોઇને રાજાના ભણકારા સંભળાવા લાગ્યા, કોઇની છાતી ગભરાવા લાગી કોઇ તો રાજાનું ભૂત નજરેનજર જોયા સિવાય નિશ્ચિંત ન થયું. પરંતુ મુકુંદની માએ જ્યારે મૂલ્યવાન વસ્ત્રોથી સુસજ્જિત, ધાતુમય પાઘડી વાળી રાજાની મૂર્તિ મેદાનમાંના વડ પર જોઇ ત્યારથી બધાએ રાજાને મરેલો માન્યો

આ સમાચારથી આનંદદેવને તો શાંતિ ન જ વળી તે વખતો વખત ઉંઘમાં વીરચંદ્રની ભયંકર મૂર્તિ નિહાળવા લાગ્યો. એક દિવસ તેને એવો ભાસ થયો કે રાજા જાળીઆ બહાર ઉભો રહી તેની છાતીનું લોહી પીવા તલપે છે. એક દિવસે સવારમાં ઉઠતા જ તેણે જોયું કે એક તીક્ષ્ણ છરી જમીનપર પડી છે હવે તે બારી બારણાં બંધ કરી સુવા લાગ્યો ત્યાર બાદ તેણે બહાર નીકળવાનું પણ છોડી દીધું

થોડા દિવસોમાં સરકારે તેને એક જાગીર અને રાજાનો ખિતાબ આપ્યો. આનંદદેવ જાગીર ભોગવવા માટે અનંતપુર કાયમને માટે છોડી ગયો જન્મભૂમિ પ્રસાદપુરમાં આવી નિરાંતે અધર્મથી સંચિત કરેલું ધન ભોગવવા લાગ્યો

ખંડ ૪ થો

પ્રકરણ ૧ લું

અનંતપુરની હાલત.

વીરચંદ્રની લક્ષ્મીએ અનંતપુર તજ્યું છે ચંચળ સ્વભાવવાળી એ દેવી અત્યારે આનંદદેવ સાથે ગઇ છે અનંતપુરમાં જે કંઇ સારૂં હતું તે અત્યારે પ્રાસાદપુર જઇ પહોંચ્યું છે

વીરચંદ્રની બધી સંપત્તિ સરકારે જપ્ત કરી હતી, અને તેનો થોડો ભાગ આનંદદેવને ઇનામ તરીકે આપવામાં આવ્યો હતો અનંતપુરની કચેરી તોડી પાડવામાં આવી હતી અને તેના સરંજામમાંથી પ્રસાદપુરમાં એક રમણીય મહેલ બંધાયો છે અનંતપુરનું બધું ગયું છે, કેવળ રાજાના પ્રચંડ રાજમહેલનો થોડો ભાગ બાકી રહ્યો છે રાણી રહેતી હોવાથી એ ભાગ આનંદદેવ તોડી પાડી શક્યો નથી રતનની ઝુંપડી પણ હજુ જેમની તેમ હયાત છે

જો કે આનંદદેવની તો એવી ઇચ્છા હતી કે એ ઝુંપડીનું નામનિશાન રહેવા ન દેવું કે જેથી જેલમાંથી છૂટયા બાદ બ્રાહ્મણ અનંતપુરમાં રહી શકે નહિ

પરતુ તેની મુરાદ બર ન આવી જેઓ એ ઝુપડી તોડી પાડવા ગયા તેઓ કઇ કઇ ચમત્કારો નિહાળવા લાગ્યા કોઇને અજગર નજરે પડયો, કોઇનુ માથુ દુખવા લાગ્યુ, કોઈ નાના પ્રકારના ચમત્કારો જોઇ ત્યા જવાનુ સાહસ ખોઇ બેઠા આવા પ્રકારની દૈવી અડચણોથી મજુરોએ એ કામ કરવાની સાફ ના પાડી વહેમી મજુરો એમ માનવા લાગ્યા કે એ ઘરનુ રક્ષણ કોઇ મેલો દેવ કરે છે

પણ માણસથી જે કાર્ય ન થયુ તે વખત કરી શકયો રતનની ઝુપડી એની મેળે તૂટી પડી, ચો તરફ ઘાસ ઉગી થોડા રોજમા રતનનુ રહેઠાણ જગલરૂપ બની ગયુ

વાચકો જાણે છે કે રતનની ચાકરડી તે ઝુપડીમા રહેતી હતી પરતુ એ ગરીબ ડોસીના સમાચાર જાણવાની કોઇને જરૂર નહોતી. આથી તે કયા ગઇ, તેનુ શુ થયુ તે કોઈ જાણતુ નહોતુ

રાણી એ ખડિયરમા નારાયણી અને તુલસી સાથે રહેતી હતી. તેની પાસે જે કઇ સ્ત્રીધન હતુ તે પર એ ત્રણે ગુજરાન ચલાવતા હતા જે કઇ હતુ તે પણ બહુ થોડુ હતુ કારણકે બળવો શાત પડયા પછી જ્યારે સરકારના હુકમથી ગજમહેલની જપ્તી લેવાઈ ત્યારે પોલિસોએ મહેલની દરેક ચીજ તપાસી જોઈ હતી. ઘર શોધ્યુ, પેટીપટારા શોધ્યા એટલુજ નહિ પણ ઘીના ગાડવામા આગળીઓ ખોસી તેમા વીરચંદ્ર છુપાઇ રહ્યો તો નથી તેની ખાત્રી કરી હતી આમ હોવાથી રાણીની અવસ્થા બુદ્ધિમાનને માટે સમજવી બહુ કઠણ પડે તેમ નહોતી રાણીની સ્થિતિ એટલી બધી કગાળ થઈ પડી હતી કે એકાદ નોકર રાખવા જેટલી શક્તિ પણ તેણે ગુમાવી હતી. ઘરનુ બધુ કામ નારાયણી અને તુલસી કરતા હતા.

સરકારે વીરચંદનું બધું જપ્ત કર્યું હતું. કેવળ એક અમૂલ્ય રત્નજડિત હારનો પત્તો લાગ્યો નહોતો. એ હારમાં 'ચિંતામણિ' નામનો એક કીંમતી હીરો હતો. લોકો એ હીરાને છોટાનાગપુરનો કોહિનૂર સમજતા હતા.

આનંદદેવ એ હારની વાત જાણતો હતો. તે હાર મેળવવાનો તેને બહુ લોભ હતો. તે જાણતો હતો કે જ્યાં સુધી એ હાર મારા ગળામાં ન આવે ત્યાં સુધી મારું બધું સુખ વ્યર્થ છે, હું રાજા બન્યો એ પણ નકામું છે.

પરંતુ તરતમાં તો એ હાર મેળવવા માટે ગડબડ કરવી પાલવે તેમ નહોતું. સરકારના જાણવામાં એ વાત આવે તો બધું વણસી જાય, એ ખાતર તે તક જોતો રહ્યો. તેને ખાત્રી હતી કે એ હાર રાણી અથવા નારાયણી પાસે છુપાઈ રહ્યો છે.

જોતજોતામાં ત્રણ વર્ષ વીતી ગયાં. આ વરસો દરમિઆન અનંતપુર પડી ભાગ્યું. જેને ખાતર માણસો અનંતપુર રહેતા હતા, એ લક્ષ્મી તો અત્યારે બીજે જઈ વસી છે તો પછી લોકો ત્યાં રહી શું કરે? ધીમે ધીમે બધો વેપાર રાચિ ને પ્રસાદપુર ગયો.

જેઓ અનંતપુરની માયા સહજમાં છોડવા માગતા નહોતા, તેઓને પોલિસે નગાડયા. પોલિસ વારંવાર વીરચંદને શોધવા આવતી હતી, અને વસ્તીને હેરાન કરતી હતી. કોઈના ઘરની જડતી લેવાતી, કોઈના પર શકની નજરે જોવાતું. આ બધી જંજાળમાંથી છૂટવા લોકો ઘરબાર છોડી કોઈ બીજે ગામ જઈ વસ્યા. હવે ગામમાં કેવળ બે ચાર કોલ લોકોના ઘર રહ્યાં.

ધીમે ધીમે ગામ જગલથી ઢંકાઈ જવા લાગ્યુ આ નિર્જન પ્રદેશમા રાણી, નારાયણી ને તુલસી દિવસો ગુજારવા લાગ્યા રાજા કે સદાશિવના આ ત્રણ વરસમા કઇ સમાચાર નહોતા તેઓને માટે ગણી કેટલુય રડતી તેઓને નજરે નિહાળવાની આશા નહોતી, તેમ સાહસ પણ નહોતુ

આનદમયી તુલસી હવે વખતો વખત શોકસાગરમા ડૂબી જતી. વારવાર તેની આખોમા આસૂ ઉભરાતા તે વિચારતી હતી કે "બાપને ઘેરથી છોકરાને છોડી અહીં આવી પરતુ આવી શુ કર્યું ? આ લોકોનો શો ઉપકાર કર્યો ? કેવળ તેને ભાર રૂપ થઈ પડી આખુ જીવન રૂદન કરતા વિતાડવાનું જ રહ્યુ "

તેને વિશ્વેશ્વર સાભળતો જન્મથી તે બાર વર્ષ સુધી એ બાળક તુલસી સિવાય બીજા કોઇને ઓળખતો નહોતો તેને ઉંઘતો મૂકી તે અહીં આવી હતી આ ત્રણ વર્ષમા તેનુ શુ થયુ હશે તે તુલસી જાણતી નહોતી. એ ભયકર સમાચાર મુન્ના કે સદાશિવ તેને સભળાવવાનુ સાહસ કરી શકયા નહોતા સાભળવાનો વખત પણ કયા હતો ?

વિશ્વેશ્વરના સમાચાર જાણવા માટે તુલસીનો જીવ તરફડિયા મારવા લાગ્યો

તે ઉપરાત, વાસ્તવિક રીતે કહીએ તો તુલસીએ જીવનમા કેવળ એક જ ક્ષણને માટે સ્વામીનુ સુખ ભોગવ્યુ છે. સ્વામીને અભિસારિકાનુ રૂપ ધારણ કરી પકડવો પડયો હતો, પ્રથમ મળવાની આશાથી કપતા હૃદયે એ સુદરીને અભિસારિકા બનવુ પડયુ હતુ, તે જે રાત્રે માનિની અને કલહાન્તરિતા બનવુ પડયુ હતું. ત્યાર

પછી રાત પૂરી થતા હૃદયદાન મળ્યુ હતુ સેકડો તારાથી ઝગમગતી એ રાત્રિ તુલસીની આખ આગળ આજે પણ તરવરતી હતી. તુલસીએ આ ત્રણ વર્ષ સ્વામીની રાહ જોઈ, પણ સદાશિવ ન જ આવ્યો

છેવટે તેને અનુતાપ થવા લાગ્યો તુલસી દરરોજ વિચારવા લાગી કે " ભવિષ્ય તરફ ન જોતા, રાજાની અનિચ્છા થતા, સ્વામીની અનિચ્છા છતા, નારાયણની અનિચ્છા છતા, કેવળ મારી પોતાની જ હઠ પાર પાડવા ખાતર શા માટે મે એક સરળ બાલિકાનુ સત્યાનાશ વાળ્યુ ! એક કુમારિકાને શા માટે અકાલ વૈધવ્ય પ્રાપ્ત કરાવ્યુ ? " છતા હજુ વિવાહ શાસ્ત્રીય પદ્ધતિ મુજબ થયો નહોતો ! નારાયણીની પાસે તે સ્વામીની વાત કહી શકતી નહોતી. નારાયણી પણ કોઇ દિવસ તેને એ વાત પૂછતી નહોતી નારાયણીના ચિત્તમા અસતોષના ભડકા સળગતા જણાતા હતા

તેનો મનોભાવ સમજવા માટે તુલસી બહુ પ્રયત્ન કરતી. નારાયણી અસતુષ્ટ છે એવી તેને ખાત્રી થાય તો તે પોતે ગોર મહારાજ બની કોઇ સુયોગ્ય પતિ મેળવી આપવાને તૈયાર હતી

પરતુ તુલસી આ ત્રણ વર્ષમા એ સબધી કઇ વાતચીત કરી શકી નહોતી

અત્યાર સુધીતો કોલ લોકોની મદદથી રાણી દાણોપાણી મગાવતી હતી પણ એકવાર ત્રણ દિવસનુ તોફાન મચ્યુ કોલ લોકો રાણી પાસે આવી શકયા નહિ રાણી પણ તેની પાસે જઈ શકી નહિ. હવે ત્રણમાનુ કોઇ પણ એક બહાર ન નીકળે તો ભૂખ્યા મરવાનો પ્રસગ ઉપસ્થિત થયો

તુલસીએ આ વખતે રાણીને સમજાવવાનો વિચાર કર્યો ગણીને એકલી જોઇ તેણે બજારમા જવાની રજા માગી પ્રથમતો ગણીએ એ વાત પર લક્ષ ન આપ્યુ

તુલસીએ કહ્યુ, " મા, અત્યારે આપણે ભિખારી છીએ ઓઝ-લમા રહીશુ તો ભૂખે મરવુ પડશે "

ગણી—તુ રાજાની દીકરી છે ! તે તો બીજાને ખાતર ફકિરી લીધી છે

તુલસી—ગમે તેમ હોય પણ માતાજી ! હવે ઓઝલમા રહે શો ફાયદો ? અહી રહેવુ જ હોય તો પછી બજારમા ગયા સિવાય છુટકો નથી

રાણી—અહી ન રહીએ તો પછી જવુ ક્યા ? મારૂ તો કોઇ સગુ નથી જો હોત તો પણ પારકાને આધારે રહેવુ મને ન ગમે

તુલસી—આ પુત્રીને પારકી કેમ ગણો છો મા ? મારા પિતા પાસે તો પુષ્કળ દોલત છે હુ જ તેની વારસ છુ. તો પછી આ પુત્રીને ઘેર ચાલોને ?

રાણી—તારે ઘેર આવવામા મારે કઇ વાધો ન જ હોય પણ હુ જીવતી છુ ત્યા સૂધી સાસરૂ છોડી શકુ તેમ નથી, તારી મરજી હોય તો તુ નારાયણીને લઇ જા, તમે હવે અહીં રહો એવી મારી મરજી નથી આ નિર્જન સ્થળમા કઇ મુશ્કેલીમા આવી પડશો તો તમારૂ રક્ષણ કોણ કરશે ?

" ત્યારે અમે જઇશુ હું અત્યારે તો બજારે જાઉ છુ " કહી, રાણીના જવાબની રાહ ન જોતા તે બહાર ચાલી ઘર બહાર પગ

મકતા જ નાગયણીએ આવી તેને કહ્યું, "બ્હેન ! તમારા બાપને ગામથી કોઇ આવ્યુ છે, તે તમને મળવા માગે છે"

આ વાત સાભળી તુલસીની છાતી ઉછળવા લાગી અતિ ઉત્સુક બની તેણે પૂછ્યુ, "ક્યા છે બ્હેન ?"

નાગયણીએ રતનની ઝુંપડી તરફ આગળી ચીધી

પ્રકરણ ૨ જું

પતિ-પત્નીનો મેળાપ

તુલસી ઝુંપડી પાસે ગઇ સદાશિવ ઉભો હતો તેણે ધાર્યું કે શુ આ સ્વપ્ન છે ? પરતુ સદાશિવે પૂછ્યુ કે "કેમ છે ?" ત્યારે તે સ્વામીને ગળે વળગી પડી તેની શરમ કોણ જાણે ક્યા ઉડી ગઇ છાતી સાથે માથુ રાખીને થોડી વાર રડી બન્નેમાથી કોઈ કઇ બોલ્યુ નહિ

સદાશિવે પત્નીને શાત થવાની વિનતી કરી તુલસીએ એ વિનતી તરફ લક્ષ ન આપ્યુ. તે બોલી, "બાર વરસે એક વખત તમને જોયા, પણ મારા બાપને લીધે એ વખતે સુખ ભોગવી શકી નહિ ત્યાર પછી ત્રણ વરસે તમે આવ્યા છો આવો વખત પાછો કોણ જાણે ક્યારે આવશે માટે પદર વરસની જ્વાળા શાત કરવા દો"

સદાશિવ અત્યાર સુધી શાત હતો પણ પત્નીના શબ્દો સાભળી રડી પડયો તેના આસુ તુલસીના ગાલોને પખાળી નાખવા લાગ્યા

તુલસીએ પતિ તરફ જોયું તેણે આંસૂ લૂછી કહ્યું, "હવે નહિ રડું"

સદાશિવ—પણ વર્ષ ચાલ્યાં ગયાં છે જે વીતી ગયું તેની વળી કિંમત શી? પરંતુ તુલસી, આવો સુખી દિવસ કેટલા જણના ભાગ્યમાં લખાએલો છે? માટે રડ નહિ, આવો એક અમૂલ્ય દિવસ આપવા ખાતર જ વિધાતાએ આપણને જુદાં રાખ્યાં હતાં

તુલસી—હવે મને કંઇ દુઃખ નથી

સદાશિવ—"મને પણ નથી આવો દિવસ ન મળ્યો હોત તો કદાચ હમેશને માટે રુદન કરવું પડત"

તુલસી—પરંતુ ત્રણ વર્ષમાં એકાદ દિવસ પણ આવવાની આપને ફુરસદ ન મળી?

સદાશિવ—જ્યારે આવી ન શક્યો ત્યારે પછી એ પ્રશ્ન શા કામનો? આ ત્રણ વર્ષ થયાં અમને પકડવા માટે પોલિસ જંગલો-જંગલ ફરતી રહે છે જે માણસ રાજાને પકડાવી દે તેને ઇનામ આપવાનું જાહેર થયું છે તે ઉપરાંત આનંદદેવે પણ ઇનામ જાહેર કર્યું છે. આવી લાલચ કેટલાક તજી શકે? અત્યારે તો શત્રુ કે મિત્ર બધા રાજાને પકડાવી આપવા તત્પર થયા છે

તુલસી—તો પછી તમારે અહીં રહેવાની જરૂર નથી મેં તમને જોયા છે આથી વધારે સુખ હું ભગવાન પાસે માગતી નથી. તમે જાઓ

સદાશિવ—આજે આ પ્રચંડ વાવાઝોડામાં કોઇ આવવાનું નથી, બીશ નહિ

તુલસી—ક્યા રહો છો ?

સદાશિવ—કેમ ? ત્યા આવવાની ઇચ્છા થાય છે ?

તુલસી શરમાઇ ગઈ સ્વામી પોતાની ઇચ્છા જાણી ગયા છે એમ જાણી તેણે કહ્યું, " મને તો એ તીર્થમા જવાનો અધિકાર ન હોય પરતુ મારે એક શોક્ય છે ! તે અણસુધ્યુ પુષ્પ ! દેવતાના આશ્રય વિના ક્યા રહી શકે તેમ છે ?

સદાશિવ—તુલસી, કામ બહુ ખરાબ થયુ છે

તુલસી—તે તો જાણુ છુ, પરતુ ઉપાય ?

સદાશિવ–નારાયણીને સમજાવી વિવાહ કરાવને

તુલસી–તેમ બને ખરૂ ?

સદાશિવ–વિચાર તો ખરી ! તેને શા માટે કાયમને માટે દુખિની બનાવે છે ? હુ જાણુ છુ કે મારી સાથે તેનો વિવાહ થયો નથી તુ પણ જાણે છે કે વિવાહ થયો નથી

તુલસી–પણ નારાયણી એ વાત સ્વીકારશે ખરી ? ક્ષત્રિય-નદિનીનો ગાધર્વવિવાહ શાસ્ત્રવિરૂદ્ધ નથી

સદાશિવ–જ્યા યુવક યુવતીના પ્રેમનો અદલો બદલો થાય છે, પરસ્પરના હૃદય જોડાય છે, ત્યાજ વિવાહ સભવે અહીં તેમ બન્યુ છે ' અણસમજુ બાલિકાએ પરાણે એક અપરિચિતના હાથમા હાથ મૂક્યો એને તુ શુ વિવાહ કહે છે નારાયણીએ મને એકાદ ક્ષણ પહેલા જોયો હતો, પરતુ તે મને ઓળખી શકી નથી એ પરથી તુ સમજી હશે કે તેના હૃદયમા મારૂં સ્થાન નથી

તુલસી–વારૂ, તેને સમજાવી જોઇશ રાજાની શી ખબર છે ?

સદાશિવ-હજુ જીવે છે કેવળ તેને ખાતરજ હુ તારી પાસે આવી શકયો નથી નહિતો બદીવાન બનવાનો ભય મને તારી પાસે આવતો અટકાવી શકે તેમ નથી તુલસી ! તેની સેવા કરી હુ તારા દેવ જેવા પિતાની આજ્ઞા પાળુ છુ

તુલસી-મારા પિતાના શા સમાચાર છે ?

સદાશિવનુ મુખ લાલચોળ બની ગયુ, પરતુ એક ક્ષણમા તે શાત બની કહેવા લાગ્યો, "તે વાત ન પૂછતી તોપણ એટલુ કહુ છુ કે તારા પિતા અમર છે તેનુ નશ્વર શરીર ભલેને મારી સાથે ભળી જાય, પણ તેના જીવનનો પ્રભાવ કદી નષ્ટ નહિજ થાય "

થોડે દૂર એક શબ્દ થયો. સદાશિવ ચમકયો તે બોલ્યો, હવે જાઉ છુ પણ આ વસ્તુ નારાયણીને આપજે અને કહેજે કે જ્યારે એ ન સપડાય ત્યારે સુવર્ણરેખાના પ્રવાહમા ફેકી દે તે કોઇપણ રીતે આનદદેવ કે સાહેબ લોકોના હાથમા ન જાય "

એમ કહી સદાશિવે એક મૂલ્યવાન હાર બહાર કાઢયો

તુલસી મુગ્ધ નજરે એ હાર તરફ જોઇ રહી.

સદાશિવે કહ્યુ, " જોવો હોય તો એકાતમા જઇ જોજે જ્યાસુધી તે છુપી જગાએ ન છુપાવાય ત્યા સુધી કાળજી રાખજે."

તુલસી હાર છેડે બાધવા લાગી બાધતા બાધતા બોલી, "કોઇ શુભ ક્ષણે બજારે જવા નીકળી હતી શુકન તો સારા થયા "

સદાશિવ-તારે બજારે જવુ પડે છે ?

તુલસી-અત્યાર સુધી તો નહોતુ જવુ પડતુ પણ આજેજ જવુ પડે છે. આજે તમે અતિથિ તરીકે આવ્યા છો છતા તમારી સેવા કરી શકતી નથી. એ ખેદ મને જિદગી સુધી રહેશે. છતા

મારે તમને આમને આમ છોડવા પડે છે કારણ કે આજે બજારમા નહિ જાઉ તો કાલે બધાને ભૂખ્યા રહેવુ પડશે

શદાશિવ—રાણીની આવી સ્થિતિ થઇ ગઈ છે ?

તુલસી—મને લાગે છે કે થોડા રોજ પછી અમને ભીખ માગવા ભટકવુ પડશે

સદાશિવ—રાજા તો જાણે છે કે રાણી પાસે પુરતો પૈસો છે. તેથીજ અમે નિશ્ચિન્ત થઇ રહ્યા છીએ

તુલસી—કઈ નથી. પૈસો જ શાતિને અશાતિમા ફેરવી નાખતો હોવાથી શાતિ જાળવનારાઓએ એ બધો પૈસો રાણી પાસેથી લઇ લીધો છે

આ સાભળી સદાશિવની આખો લાલ થઇ ગઇ તે ક્રોધથી કપતો કપતો બોલ્યો, "મનુષ્ય આવા નીચ હોઇ શકે તે મારા જાણવામા નહોતુ આવ્યુ, તુલસી અવસ્થા ભેદે લુટારાને પણ દયા આવે છે

સદાશિવ થોડીવાર મુગો ઉભો થોડીવાર વિચાર કરતો ઉભો. તુલસી પણ મુગી મુગી સ્વામીના મુખ સામુ જોઈ રહી. આવા પવિત્ર ક્રોધથી સુદર મુખડુ કેવુ રૂપાળુ જણાય છે તે તે નિરખવા લાગી

કઈ ઉપાય ન મળતા સદાશિવે તુલસીને પૂછ્યુ, "શુ કરૂ તુલસી ?"

તુલસી—ત્યાગી સન્યાસીને આટલો બધો ગુસ્સો ન ઘટે.

સદાશિવ—મે લૂટફાટ કરવાનો ઇરાદો રાખ્યો છે

તુલસી—એ વાત શુ તમારા મ્હોમા શોભે ?

સદાશિવ—જેની પાસે હુ નીતિશાસ્ત્ર શીખ્યો છુ તે ગુરૂદેવ પણ આવી સ્થિતિમા ધૈર્ય ન રાખી શકે જો આવી સ્થિતિ હોય તો આ અમલ્ય હાર કોણ બચાવશે ’

તુલસી—અમે જ હથિયારો પકડીશુ જો મરવુ જ પડે તો પછી ધીરે ધીરે કરમાઇ મરવુ શા માટે ’

ગતનની ઝુપડી પાસેની કેટલીક ઇંટો ખસવા લાગી તુલસી એ તરફ જોઇ રહી પરતુ કઇ સમજી શકી નહિ તોપણ સ્વામીને સાવચેત કરી કહ્યુ, “ હવે બસ કરો ”

સદાશિવ—મુન્નાને મોકલુ છુ તે તારે બદલે બજારે જઇ આવશે ”

તુલસી તેને વળી મુસ્કેલીમા શા માટે મકવો ?

સદાશિવ જરા હસી બોલ્યો, “ તુલસી અમે કયા રહીએ છીએ તે જાણે છે ?

તુલસી—હા જે ઘરમા તમે રહો છો તેના પગ વજ્રનુ ઢાકણુ છે

સદાશિવ—તો પછી મુશ્કેલીની વાત શા માટે કહી સભળાવે છે ?

તુલસી—કોઈ પણ રીતે પિતાને મારા સમાચાર મોકલવાનો પ્રયત્ન કેમ કરતા નથી ?

સદાશિવનુ મુખ ગભીર બની ગયુ તે બોલ્યો, “ વારવાર તેની વાત કેમ ઉચ્ચારે છે ? ”

તુલસી—ફકત એકજ વાર વિશ્વેશ્વરની વાત પૂછીશ

સદાશિવ—વિશ્વેશ્વર ? તુલસી ! એક જ વાર મે તેને બોલાવ્યો હતો. તેથી એક વાર તે મારી નજરે પડયો હતો ત્યારપછી—

સદાશિવનો મર્મભેદી જવાબ સાભળી તુલસીએ પૂછ્યુ—સાગપછી ?

સદાશિવ—તેણે મને ન ઓળખ્યો–હુ તેને ન ગમ્યો માટે તે અદશ્ય થઇ ગયો.

તુલસી જમીન પર પટકાતી હતી સદાશિવે તેને પકડી લીધી "આ શુ કરે છે તુલસી !"

મહા મહેનતે હૃદયનો જુસ્સો શમાવી તુલસીએ કહ્યું, "નારાયણીને શુ કહુ ?"

સદાશિવ—એ તો મે કહ્યુ જ છે આ મલ્યવાન હાર તેને પહેરામણીમા આપજે, એ રત્ન રાજાના ભડારમા પણ દુર્લભ છે

તુલસી—રાજાની શી મરજી છે ?

સદાશિવ—તેની રજા લીધી છે તેની આજ્ઞાથીજ હુ અહી આવ્યો છુ

તુલસી—રાજાની સ્થિતિ જોવાની મરજી હતી તેને નજરોનજર નિહાળવાની ઇચ્છા હતી પણ તેમ કરવાનુ સાહસ થતુ નથી. અમે સ્ત્રી જાતિ કહેવાઇએ કોણ જાણે કોઇ વખતે ગાફલાઇ કરી. છુપી વાત ખુલ્લી પાડી દઇએ !

સદાશિવ—કોઇ વખતે લઇ જઇશ જ્યા છીએ ત્યા થઇને હથિયારબધ પોલિસ ઘણી વેળા પસાર થઇ છે, પણ અમારો પત્તો મળ્યો નથી લૂટફાટ કરતી વેળા મુન્ના પણ ત્યા જ રહેતો હતો, એ સ્થળ શોધી કાઢે એવો માણુસ આ પ્રદેશમા કોઈ નથી, મે ને

મુન્નાએ રાજાને બને ત્યાં સૂધી કંઇ અડચણ પડવા દીધી નથી. તમે એ બાબતમાં નચિંત રહેજો.

તુલસી—જીભ ઉપડતી નથી છતાં કહું છું કે બને તો એક-વાર મળજો

બંનેના કાનમાં ઘોડાના દાબડા સંભળાયા ઇસારાથી સદાશિવે તુલસીની રજા લીધી, અને એક ક્ષણમાં તે ત્યાંથી રવાના થઈ ગયો

પ્રકરણ ૩ જું

આત્મ-સમર્પણ

તુલસીએ એકવાર ચોતરફ જોયું, પરંતુ કોઇ ન જણાયું એટલે તપાસ માંડી વાળી ઘર તરફ ગઇ

ઘેર જતાં જ નારાયણીએ પૂછ્યું, " મેળાપ થયો. "

તુલસી—હા

નારાયણી—હું પ્રથમતો ઓળખી ન શકી મને લાગ્યું કે મે તેમને ક્યાંક જોયા છે અત્યારે એ બધું યાદ આવ્યું

તુલસી—તેને અગાઉ ક્યાં જોયા હતા ?

નારાયણી—બે વખત જોયા હતા એક દિવસ મોટા ભાઇને વિપત્તિમાં આવી પડેલા જોઇ તેની પાસે ગઇ હતી તે દિવસે તેઓ મને ઘેર મૂકવા આવ્યા હતા.

તુલસી—બીજી વખત ક્યાં જોયા હતા ?

નારાયણી મંદ મંદ હસતી બોલી, " તે તો તું જાણે છે ? તે દિવસે તેજ મુલાકાત કરાવી હતી "

તુલસી ભગવાન પાસે નારાયણી ભૂલી ગઇ હોય એવું માગતી હતી પણ હવે તેને જણાયું કે પ્રભુએ એ પ્રાર્થના સાંભળી નથી આથી નારાયણીનું હૃદય જાણવાની તેને જરૂર જણાઇ જરા કૃત્રિમ ક્ષોભ બતાવી તેણે પૂછ્યું, " મે જે ધાર્યું હતુ તે તો ન બન્યું "

નારાયણી—શું ધાર્યુ હતુ ?

તુલસી—તને શોક્ય બનાવી નિત્ય તારી સાથે કકાસ કરવાનું

નારાયણી—અત્યારે હું તને શું થાઉં ?

તુલસી—અત્યારે તું મારી સહોદર બ્હેન છે

નારાયણી—તેથી શોક્યના કલહમાં શી અડચણ આવે તેમ છે ?

તુલસી—તું તો શોક્ય થઇ શકી નથી ભગવાને તો એ પ્રસંગ ન આપ્યો

નારાયણી—ત્યારે તે હાથમાં હાથ શા માટે મૂક્યો ?

તુલસી—શા માટે ? તે તો મે પહેલાં જ જણાવ્યું તને શોક્ય બનાવવાનો વિચાર હતો પરંતુ તારો વિવાહ તો થઈ શક્યો નહિ

નારાયણી—ત્યારે શું મારો વિવાહ થયો નથી ?

તુલસી—ક્યાં થયો છે !

નારાયણી—ત્યારે તમે ત્રણે જણા શાના શાક્ષી થયા ?

નારાયણીના પ્રશ્નથી તુલસી ચમકી, તો પણ બોલી—" બ્હેન, એ વાત ભૂલી જા "

નારાયણી—તમે કદાચ ન ભૂલી શકો, પણ મહારાજ કેમ ભૂલે?

તુલસી—મહારાજની રજા લીધી છે મારા પતિ મને કહેવા આવ્યા હતા મહારાજે તારા ભવિષ્યના વિવાહની પહેરામણી તરીકે આ હાર મોકલ્યો છે.

નારાયણી—વારૂ, એ ત્રણ સાક્ષીના હાથમાંથી છૂટી પણ આકાશમાંના ચન્દ્રને શું કહી સમજાવું ? તે તો દર પૂર્ણિમાએ મને જોઇ હસશે ?

તુલસી—કારણ વિના શા માટે અકાલ વૈધવ્ય ભોગવવા તૈયાર થઇ છે નારાયણી ?

નારાયણી—તારા સૌભાગ્યનો ભાગ જે સ્ત્રીને એકવાર મળ્યો છે, તે કદી જીવનમાં તજાય ખરો ? બ્હેન ! એ પાપી વાત હવે મને ન સંભળાવતી એથી તારી મહત્તાને હાનિ પહોંચશે. ભિખારિણી બની છું, તેથી શું વંશની આબરૂ ગુમાવી બેઠી છું ? એટલી બધી નીચ મને માની કે ?

તુલસી—અભાગિની ! ત્યારે તેને કેમ ન મળી ? હવે તે રત્નના દર્શન ક્યાં થશે ?

એક વાર મળી છું તે યથેષ્ટ છે હવે ભગવાન જો મેળવશે તો મળીશ

તુલસી પોતાની બાથમાં નારાયણીને પકડી તેના મુખપર ચુંબન કરવા લાગી અને બોલી, " બ્હેન, તેં મારો અહંકાર ઉતાર્યો હું તને આટલે દિવસે પણ ઓળખી શકી નહિ "

એમ કહી તેણે પેલો હાર નારાયણીના ગળામાં પહેરાવી દીધો. તુલસી કહેવા લાગી, " વિવાહસંસ્કારમાં જે કંઇ બાકી હતું તે

આજે પૂર્ણ થયુ લે આ સ્વામીએ આપેલી ભેટ ચિરાયુષ્મતી થઇ પહેર ”

તુલસી નિશ્ચિત થઇ બજાર તરફ ચાલી

પ્રકરણ ૪ થું

બ્રાઉન બીજીવાર અનતપુરમા

બજાર હતુ પ્રસાદપુરમા અનતપુરથી પાચ ગાઉ દૂર તુલસી બહાર નીકળી ત્યારે બાર વાગી ગયા હતા સૂર્ય ત્રણ દહાડા થયા દેખાતો નહોતો કેટલો વખત થયો છે તે જાણવાનુ કઈ સાધન નહોતુ તોપણ તુલસી જાણતી હતી કે પ્રસાદ પુર પહોચતા સાજ પડશે, પણ પાછા ફરતા રાત પડી જશે વખત છે ને પાછુ ફરી ન શકાય તો આજની રાત આનદદેવને ઘેર રહી જઈશ કેટલાય દિવસની વાતો ભેગી થઇ છે મને કોણ ઓળખવા બેઠુ છે ! આનદ, મુકુદ, જાનકી ઐશ્વર્યના ખોળામા કેવી રીતે આળોટે છે તે જોવામા શો વાધો ?

તેણે આ વાત પ્રગટ કરી નહોતી પ્રકટ કરી હોત તો રાણી તેને કદી જવા ન દેત

બહાર નીકળી કે તરત વરસાદ તૂટી પડચો રસ્તામા પાણીની રેલ ચાલી વરસાદની ધારથી અગ વીધાઇ જવા લાગ્યુ વરસાદ સાથે પવન છૂટયો તુલસીએ જાણ્યુ કે એક જગાએ નહિ થોભુ તો વધારે હેરાન થઇશ

પરતુ અનતપુરમા ઉભા રહેવા જેવુ સ્થળ જ કયા હતુ

સરકારે બધા મકાનો તોડી પાડી તેનો સરજામ હરગાજ કરી નાખ્યો હતો

ગામની બહાર રસ્તાની બાજૂએ એક મદિર હતું તેની આજૂબાજૂની બધી ઇમારતો તોડી પાડવામા આવી હની ત્યાં ઝાડો ઉગી નીકળ્યા હતા તુલસીએ એ જગલથી વીટળાએલુ મદિર દૂરથી જોયુ તે તરત જ ત્યા જઇ પહોચી

ત્યા પહોચતા જણાયુ કે મદિરમા પેસવાના બારણા પાસે એક અર્ધુ પડી ગએલુ ઘર છે તે અગાઉ ચોકીદારને રહેવાનુ મકાન હોય તેવુ જણાતુ હતું જો કે એ મકાનને બારણા નહોતા છતા તેના ચિહ્ન જોતા જણાતુ હતુ કે જ્યારે એ હશે ત્યારે કોઇ ધનાઢયની હવેલીના દરવાજાને લજાવે તેવા હશે તુલસીએ જાણ્યુ કે આ રસ્તે થઇ લોકો દેવદર્શન કરવા જતા હશે

તે ઘરમા જતા તુલસીને વિચાર આવ્યો કે કદાચ અદર પેસતાજ છાપરૂ પડશે તો ? વળી વિચાર આવ્યો કે આટલે સુધી આવી છુ તો પછી દર્શન તો કરવા જ

ઘરમા પેસતા જ તુલસીએ નવાઈ પામી જોયુ કે એક બાજૂએ ઘોડો બાધ્યો છે

ત્યારે એ શક ખોટો નહોતો ! કોઈ છુપો જાસુસ મારા પનિની પાછળ પડયો છે ! હજુ છુપી પોલિસે કેડો મકયો નથી એ વાત તુલસીના સમજવામા આવી ગઇ વળી જાસુસે આજ મદિરમા આશ્રય લીધો છે, એ પણ તે જાણી ગઇ

જાસુસને નજરો નજર નિહાળવાની તેને ઇચ્છા થઇ પરતુ તે એકલી હતી માણસોનુ નામ નહોતુ આ ગેરવાજબી કૌતુહલ

તૃપ્ત કરતા કોણ જાણે શી વિપત્તિ આવી પડશે ? વિપત્તિમા આવી પડતા બચાવ કોણ કરશે ? બૂમ બરાડા પાડૂ તોપણ આટલામાં એવુ કોણ છે કે જે મને બચાવવા દોડશે ? આવા વિચારો આવ્યા છતા તુલસી પોતાની ઈચ્છા ન દબાવી શકી તેનામા અસાધારણ સાહસ હતુ, બહાદુર પુરુષને છાજે તેટલી શક્તિ હતી

તુલસીએ પલળેલા લુગડા દૃઢ રીતે કમરે બાધ્યા કેડમા એક તીક્ષ્ણ કટાર હતી તે તપાસી જોઇ અત્યારે આત્મરક્ષણ માટે તુલસી એ હથિયાર સદા પાસે જ રાખતી હતી

તૈયાર થઇ તુલસી મદિરમા પેઠી પ્રવેશ કરતા જ તેને જણાવ્યુ કે મદિરમા દેવતા નથી તેને બદલે એક સાહેબ લાંબો થઇ સૂતો છે તેને જોતા જ તે પાછી ફરવા તૈયાર થઇ પરતુ પાછી ફરે તે પહેલા સાહેબ જાગી બેઠો થયો અને બહાર નીકળવા ઇચ્છતી તુલસીને સરલ હિંદી ભાષામા પૂછવા લાગ્યો "આપ કોણ છો મા ?"

સાહેબ બીજો કોઈ નહિ પણ આપણો પરિચિત બ્રાઉન હતો તે હિંદી ભાષા શીખી અનતપુર આવ્યો હતો

તુલસી ચમકી "આ તો સાહેબ ?"

બ્રાઉન કહેવા લાગ્યો, "સમજ્યો, આપ મારી માફક વિપત્તિમા પડયા છો હું આપનુ છોકરૂ છુ આપ કઇપણ ભય રાખ્યા સિવાય અહી બેસો હુ બહાર જાઉં છુ"

તુલસી દિગ્મૂઢ બની ઉભી આ શુ સાહેબ છે ? કે શુ સાહેબની મૂર્તિ ધારણ કરી દેવ મને છળવા આવ્યા છે ? તેણે પાછા ફરી પૂછ્યુ, "આપ કોણ છો ?"

"હુ વિદેશી છુ કઇ કામ સબબ અનતપુર આવ્યો હતો "

"ક્યારે આવ્યા હતા ?"

"સુર્યોદય પહેલા આવ્યા હતો "

ત્યારના ! ત્યારે શુ આપે ભાગીતૂટી ઝૂપડીમા આશ્રય લીધો હતો ?"

"હુ નદી કિનારા પરના એક ઝાડ નીચે હતો "

"આપ એકલા છો, કે આપની સાથે બીજુ કોઇ છે ?"

"મે કોઇને સાથે આણ્યુ નથી "

'કોઇને જોયુ છે ?"

"હા હવે મને યાદ આવે છે કે આપને જ જોયા છે આપ એક યુવક સાથે વાતો કરતા હતા "

"તે મારા પતિ હતા "

"પતિ ? ત્યારે તે એટલા બધા બ્હીતા બ્હીતા એકાતમા તમારી સાથે કેમ વાત કરતા હતા ?"

વાતચીત પરથી તુલસીને જણાયુ કે સાહેબ જાસુસ તરીકે આવ્યો નથી. આથી તેને નિરાત વળી તે સાથે શરમ પણ આવી આ માણસે છુપી રીતે અમને જોયા છે, એ વિચાર તેના હૃદયમા ભરાઇ ગયો

સાહેબ કહેવા લાગ્યો, "મે ધાર્યુ હતુ કે કોઇ ભાગ્યશાળી છુપી રીતે એક પૂરેપૂરા ખિલેલા સ્વર્ગીય કુસુમની સુગધ ચોરી હૃદયમા ભરે છે "

તુલસીને ગુસ્સો ચડયો તેણે ધાર્યુ કે સાહેબ મારા ચરિત્રની મશ્કરી કરે છે તેથી તે કઇક ગુસ્સામા બોલી—"તમારા દેશમા

ચાર ભાગ્યવાન ગણાતો હશે પણ અમારા દેશમા છુપી રીતે જે બીજાએ સુઘેલા કુસુમોની સુગધ લે તેને લોકો તિરસ્કારની નજરે જૂએ છે કોઇએ તેના ભાગ્યના વખાણ કરતુ નથી ”

તુલસી જાણતી નહોતી કે વિલાયતમા તો તેના જેટલી ઉમરની કેટલીય કુમારિકાઓ, કેટલીય મુગ્ધ પ્રેમિકાઓ, પ્રણયીની ગાઢ જોતી મુખને સુધાના ઘડા જેવુ કરી એકાતમા છાની ધડકાવતી વડકાવતી ઉભી હોય છે જો એ વાત તેના જાણવામા હોત તો તે ગુસ્સે ન થાત

બ્રાઉન સમજી ગયો કે બાઇ સાહેબ ગુસ્સે થયા છે તેણે ક્ષમા માગી તેણે કહ્યુ કે, હુ પવિત્ર પ્રેમમા દોષ જોતો ન હોવાથી આમ કહુ છુ આપને નહિ ગમે એવુ જાણતો હોત તો ન બોલત

તુલસી—અમારા દેશમા સ્વામી સ્ત્રીની છૂપી વાતચીત દેવતા પણ સાભળી શકતા નથી જે છુપી રીતે જૂએ કે સાભળે તે પાપી કહેવાય છે

બ્રાઉન—તે તમારા સ્વામી જ છે, તો પછી તમારી સાથે બ્હીતા બ્હીતા કેમ વાત કરતા હતા ?

તુલસી--તમારા જુલમથી

બ્રાઉન—ત્યારે શુ તે બળવાખોર છે ?

તુલસી—જો પોતાનો સ્વવાર્થ જાળવી રાખવાનો, પોતાની આબરૂ કાયમ રાખવાનો પ્રયત્ન કરવો એ બળવો હોય તો તે બળવાખોર છે

બ્રાઉન--તેઓ કયા ગયા ?

તુલસી—તમે કૃપા કરીને તેને જે સ્થલ બતાવ્યુ છે, ત્યા

તમને કહેવાથી શુ એકાદ વખતની મુલાકાતનો પણ લાભ ગુમાવવો '

બ્રાઉન—મને શુ એટલો બધો નીચ ધારો છો ?

તુલસી—બધાની મર્તિ ઉપરથી તો તમારા જેવી જ હોય છે પણ અતરની વાત કોણ જાણવા બેઠુ છે ?

આ વચનો સાભળી બ્રાઉનના અત કરણમા આઘાત થયો તેણે વિચાર કર્યો કે આ સરલ હૃદયની સ્ત્રી આગળ અમે કેટલા બધા અવિશ્વાસપાત્ર બન્યા છીએ ? તો પણ એ અવિશ્વાસ ભૂસી નાખવા માટે તેણે કહ્યુ, " આપનુ એવુ શુ કાર્ય કરૂ કે આપ મારા પર વિશ્વાસ રાખી શકો ? "

તુલસી—મારા અવિશ્વાસથી આપને શુ નુકસાન થવાનુ છે ? આપ કૃપા કરી અહી પગ ન મૂકો તોજ અમે નિશ્ચિત થઇએ હવે અમારે ત્યા શુ રહ્યુ છે કે આપ જોવા આવો છો ? હવે અમારે મજુરી કરી ખાવુ પડે છે અમે ત્રણ અસહાય સ્ત્રીઓ એકલી વસીએ છીએ. આપને જોઇ અમે બ્હીએ છીએ

બ્રાઉનનુ મ્હો મલિન થઇ ગયુ તુલસી કહેવા લાગી–" સાહેબ ! એકવાર બહાર આવી ચોતરફ જૂઓ અહીં તો હવે દિવસે પણ વાઘ ફરતા ફરે છે અહી શુ મનુષ્યો રહી શકે ' તોપણ અમે રહીએ છીએ શા માટે તે જાણો છો ?

બ્રાઉન—બીજે સ્થળે જતા અમારા મ્હો જોવા પડે તેથી

તુલસી—આપને જોતા આપની સાથે વાતચીત કરતા મને જણાય છે કે આપ મહાન છો તો પણ આપને હુ પ્રાર્થના કરૂ છુ કે આપ અહી કદી આવશો નહિ

બ્રાઉન—વારૂ, નહીં આવું પરંતુ જે ખાતર આવ્યો હતો, તે કામ સિદ્ધ ન થયું

તુલસી—શા માટે આવ્યા હતા ?

બ્રાઉન—એકવાર રાજકુમારીને મળવા

તુલસી જરા હસીને બોલી "સાહેબ ! હું ભિખારિણી બની બહાર નીકળી છું વિપત્તિમાં આવી પડી આ નિર્જન દેવમંદિરમાં આશ્રય લેવા આવતાં આપની નજરે પડી છું પરંતુ આવી સ્થિતિમાં, મારા સ્નેહાળ પિતા અહીં હાજર હોત મને આપની સાથે ડહાપણ ભરી વાતચીત કરતી જોત તો તે પોતાની પ્રિય કન્યાની છાતીમાં છરો ભોંકી દેવામાં આનાકાની ન કરત રાજકુમારીને મળવાની આશા છોડી દો

બ્રાઉનને કમકમા આવ્યા તે બોલ્યો, "ત્યારે હું જ રાજા વીરચંદ્રના સત્યાનાશનું કારણ બન્યો છું પરંતુ હે ઇશ્વર ! હું નિરપરાધી છું અથવા એ વચનો પણ કેમ બોલી શકું ? ગેરવાજબી કુતૂહલતા ખાતર મેં ભયંકર અપરાધ કર્યો છે

એમ કહી બ્રાઉન ઉઠયો તુલસીને નમન કરી મંદિર બહાર ગયો

તુલસી તેની વર્તણૂક જોઇ નવાઇ પામી. તેના છેલ્લા વાકયોનો ભાવાર્થ તે સમજી શકી નહિ તે નારાયણીને મળવા શા માટે આવ્યો હતો ? રાજકુમારીને મળવાનો પ્રયાસ કરનાર એક મ્લેચ્છ ! વળી તે પોતાને અપરાધી માની પશ્ચાતાપ કરે છે સાહેબના શાંત સુંદર મુખપર ગાંડાઇના તો કંઈ ચિહ્નો નહોતા તુલસીને બધી વાત જાણવાની બહુ ઇચ્છા થઇ પરંતુ મંદિર બહાર પગ મૂકતા જ જોયું કે સાહેબ ઘોડેસ્વાર થયો છે

તુલસીએ બૂમ પાડી—"સાહેબ !"

ઝરમર ઝરમર વરસાદ આવતો હતો વાવાઝોડુ મદિર તરફ ફુ ટાતુ હતુ, તેથી તુલસીના શબ્દો બ્રાઉને ન સાભળ્યા તેણે ઘોડે-સ્વાર થઇ એક ક્ષણમા એ સ્થાન તજ્યુ

તુલસીથી પ્રમાદપુર ન જવાયુ ! ચિનાની હારમાળા ખરીદી તે પાછી ફરી

ઘેર આવ્યા બાદ તુલસીએ નારાયણીને બધી વાત કહી નારા-યણીએ પેલી ઘણા દિવસ પહેલાની વાત તુલસીને જણાવી ત્યાર બાદ તે બોલી, " મે બીજા કોઈ સાહેબને જોયો જ નથી ! તે દિવસે એક સાહેબને ખડકીના બારણા પાસે ઉભેલો જોયો હતો "

તુલસી હસતી હસતી બોલી–" ત્યારે એ સાહેબ તે એજ હવે બરાબર સમજ પડી એજ તે અભાગીઓ ! "

નારાયણી—અભાગીઓ થવા ગયો કેમ ?

તુલસી—સાગરને કિનારે ઉગેલા ઝાડપર માળો બાધ્યા છતા ચાતક ભાગ્યહીન શા માટે ?

નારાયણી વાત સમજી શકી નહિ, તેમ તેણે સમજવાનો પ્રયત્ન પણ કર્યો નહિ. તે એટલુ જ બોલી કે, " ગમે તે હો, પણ બ્હેન, હવેથી તુ બહાર જઇશ નહિ

તુલસી—ત્યાર પછી ? કાલે આપણને અન્ન કોણ પુરૂ પાડશે ?

નારાયણી—ઘરમા અન્નનો ભડાર હતો, તે કોણે લૂટી લીધો ? આપણે અન્ન વિના મરવુ પડશે એતો મે સ્વપ્નમા પણ ધાર્યું ન-હોતું તોપણ જેણે આપને અન્નચિતા આપી છે, તે જ આપણી ચિતા દૂર કરશે એવી મને ખાત્રી છે

તુલસી—જીવતા રાખીને કે પછી મારી નાખીને કેમ ?

નારાયણી—આપણે જીવીએ અગર મરીએ તેમા શો ભેદ છે ?

એ વખતે રાણીએ આવી અડવાડિઆનો ખોરાક મળ્યાના સમાચાર કહી સભળાવ્યા તુલસી અને નારાયણી એક બીજાના મુખસામુ જોઈ રહી એક બીજા વચ્ચે કઈ વાતચીત ન થઈ રાણીએ તુલસીને બધો સરસામાન સાચવી રાખવાની આજ્ઞા આપી તુલસીએ પૂછ્યુ, "આ બધુ કોણે આપ્યુ મા ?"

રાણી—કોણે આપ્યુ ? આપનારને હુ ઓળખી શકી નહિ તેણે શા માટે આપ્યુ તે પણ સમજી શકી નથી તુ ઘર બહાર નીકળે છે, રાજકન્યા થઈને બજારમા જાય છે, એવા વિચારથી હુ રડતી હતી દેવતાએ મારુ રૂદન સાભળ્યુ, બ્હેન, આ ખોરાકી આપનારનો ચહેરો ખરેખર દેવ જેવો જ હતો

તુલસી ખોરાકી પુરીપાડનાર કોણ છે તે સમજી ગઈ તે મુગી મુગી ચીજો ઠેકાણે કરવા લાગી

પ્રકરણ ૫ મુ

કમનસીબ હાર

એક વાર બ્રાઉન વિષે કઈક કહેવાનો અમે વિચાર રાખ્યો છે રાજાના અત પુરમા પ્રવેશ કરવાનુ ગેરવાજબી કૃત્ય કર્યા બાદ પોતાનો બચાવ કરવા ખાતર તે હિદી ભાષા શીખતો હતો તેણે વિચાર્યુ હતુ કે રાજા વીરચદ્રની પાસે બધી વાત જાહેર કરી તેની ક્ષમા માગવી પરતુ એ ઇચ્છા અમલમા મૂકી શકાઇ નહિ તે

હિંદી ભાષા શીખી રહે તે પહેલા રાજા બળવાખોર બન્યો હવે તેણે રાજાની મુલાકાત લેવાનુ માડી વાળ્યુ

એ દરમિઆન તેના મામાનુ મરણ થયુ તેથી તેને વિલાયત જવાની જરૂર પડી ત્યા તેને અગાધ દોલત મળી લોર્ડની પદવી મળી

બળવો શાન થયા પછી તેના કાકાએ નિવૃત્તિનિવાસ સ્વીકાર્યો હાર્લિની બગાળાના કોઈ જિલ્લામા બદલી થઈ

તેના કાકાએ બ્રાઉનને હિંદી ભાષા આવડતી હોવાથી બળવાનો ઇતિહાસ લખવાનુ જણાવ્યુ તેણે કહ્યુ, “ હિંદુસ્થાનમા જઈ, દિલ્હી, લખનોર કાનપુર વગેરે ઠેકાણેથી બળવાની હકીકત મેળવો પછી નિરાતે ઇતિહાસ લખી શકાશે ”

બ્રાઉને કહ્યુ, “ ઇતિહાસ લખવામા કઈ વાધો નથી પરતુ બધી હકીકત મેળવી તે પુસ્તકાકારે છપાવતા સ્વદેશ બધુઓને માઠુ લાગશે તો ? ”

કાકાએ કહ્યુ, “ ત્યારે શુ તમે એ બળવામા જોડાએલા દેશીઓના ચરિત્રનો બચાવ કરવા માગો છો ? ”

બ્રાઉને કઈ જવાબ ન આપ્યો પેટીમાથી કેટલાક પત્રો કાઢી કાકાને બતાવ્યા પત્રો હાર્લિ પાસેથી આવ્યા હતા તેણે લખ્યુ હતુ કે “ મારાથી રાજા કે બ્રાહ્મણ રતનપર કઈ ઉપકાર થઈ શકયો નથી, ઉલટુ ઉપકાર કરવા જતા અપકાર કરી બેઠો છુ તમે આ પત્રોની મદદથી તેઓને કઈ પણ ઉપકાર કરી શકો તો કરશો એવી આશા રાખુ છુ ”

રાજા અને રતન વિષે ન્યાયાધીશો વચ્ચે જે પત્રવ્યવહાર

ચાલ્યો હતો, તેમાંનો થોડો ભાગ હાર્લિએ બ્રાઉનને મોકલ્યો હતો

બ્રાઉનના કાકાએ એ પત્રો લક્ષપૂર્વક વાચી પાછા આપ્યા

બ્રાઉને કહ્યુ, "ઇતિહાસ લખુ તો આ પત્રો પણ તેમા દાખલ કરવા જ પડશે !"

કાકાએ કહ્યુ, "વૃદ્ધ બ્રાહ્મણનુ અદૃષ્ટ સારૂ કે તેજ વખતે જેલમા પડ્યો બહાર હોત તો બિચારાને ફાંસીએ લટકવુ પડત"

છેવટે કાકાના બહુ આગ્રહને વશ થઇ બ્રાઉન હિંદમા આવ્યો.

કલકત્તા આવ્યા બાદ બ્રાઉન આગ્રા અયોધ્યા તરફ ચાલ્યો ગયો એ પ્રદેશમા બે વરસ ભટક્યો બે વર્ષ બાદ કલકત્તા પાછો આવ્યો

દેશમા જતા પહેલા તેણે વિચાર કર્યો કે એક વખત અનતપુર જઇ આવુ હજુ તેને અત કરણમા નારાયણીને જોવાના ગેરવાજબી કાર્યનો પશ્ચાત્તાપ થતો હતો

છોટાનાગપુર વિભાગમા આવી તે એક દિવસ રાચિ રહ્યો ત્યા તે કોઇ પણ સાહેબને ન મળ્યો મુસાફરી બગલામા ઉતારો કર્યો

બ્રાઉન કોઇને નમળે તો પણ નાના ગામમા સાહેબનુ આગમન ક્યા સુધી છૂપુ રહે

બીજે દિવસે સવારમા તે રાચિથી અનંતપુર રવાના થયો કોઇની સાથે મુલાકાત ન કરવાથી ગ્રીડ સાહેબને તેનાપર શકા આવી તેણે તેના કાર્યકલાપ પર નજર રાખવાની આનદદેવને ખબર આપી.

આથી બ્રાઉન જ્યારે સુવર્ણરેખાને કિનારે ઉભો ઉભો રડતી

નજરે અનતપુરની દુર્દશા જોતો હતો, તે વખતે આનદદેવનો જાસુસ રતનના ઝુપડીના ખડિયેરમા ઉભો ઉભો તેના પર નજર નાખી રહ્યો હતો તે ઇટના ઢગલા પર ઉભો હોવાથી વારવાર ઇટો ખસવાનો અવાજ આવતો હતો પકડાઇ જવાની બ્હીકે છેવટે તે નાઠો, પણ નાસતા નાસતા મદાશિવ, તુલસી ને પેલો હાર તેની નજરે પડચા તેણે પ્રસાદપુર જઇ આ સમાચાર આનદ-દેવને આપ્યા

આ સમાચાર સાભળી આનદદેવે જાણ્યુ કે બ્રાઉન સાહેબે પણ હાર જોયો છે હાર મૂલ્યવાન હોવાથી કાદચ તે કબજે કરવા બ્રાઉન પોતે વિલાયતથી અહી સુધી આવ્યો હશે બ્રાઉનની સ્થિ-તિથી તે વાકેફ નહોતો, તેથી તેણે આવી કલ્પના કરી. આવી પરિસ્થિતિમા એ હાર પોતે હજમ કરી જવાનુ સાહસ તેનાથી ન થઇ શક્યુ તેણે આ સમાચાર ગ્રીડ સાહેબને લખી મોકલવાનો વિચાર કર્યો. પુત્રની સાથે આનદદેવે આ બાબતમા ખૂબ ચર્ચા કરી

મુકુદે કહ્યુ, “ પણ બાપા ! ખબર આપીશુ તો રાજકુમારી પર જુલમ થવાનો સભવ છે તેને પીડવી એ મને ઠીક લાગતુ નથી ”

આનદદેવ—પોતાનુ માન જાળવી રાખવુ અને તે સાથે જિદગીને ગમે તે રીતે બચાવવી એજ મારો અભિપ્રાય છે

મુકુદ—પણ આપને નુકસાન થાય એવુ તો કઇ જણાતુ નથી ”

આનદદેવ—તું મૂર્ખ છે, આધળો છે, તેથી જોઈ શકતો નથી. મારી આબરૂ પર હમેશા તીક્ષ્ણ તરવાર લટકયા કરે છે હું જરા ભૂલ કરૂ તો તે તરવાર મારા પર તૂટી પડે તેમ છે. સાહેબ

લોકોની કૃપાથી જ મારી આ સ્થિતિ છે, તારા જેવા યુધિષ્ઠિરની ધર્મબુદ્ધિ મને જરાપણ કામ આવી નથી માટે તારી રાજકુમારી રહે કે જાય તેની મને પરવા નથી મારે હારની વાત સાહેબને જણાવવી જ પડશે

મુકુંદ—ન જણાવો તો નહિ ચાલે ?

આનંદદેવ—શી રીતે ચાલે ? આપણે સરકારના જાગીરદાર છીએ આવી સ્થિતિમા આપણે ખબર આપવા જ જોઇએ જો નહિ આપીએ તો જાગીર જપ્ત થશે

મુકુંદ—હારની ખબર આપને કોણે આપી ?

આનંદદેવ—મારા માણસે નજરોનજર જોયો

મુકુંદ—પણ ધારીલોને કે તેણે તે જોયો જ નથી

આનંદદેવ—પણ એક સાહેબે પણ એ જોયો છે એ માણસ મારા પર ખુશ નથી

એ વખતે એક નોકરે આવી સમાચાર આપ્યા કે એક સાહેબ પધાર્યા છે આનંદદેવે તેનો આદરસત્કાર કરવાની આજ્ઞા આપી નોકર ચાલ્યો ગયો એટલે તેણે મુકુંદને કહ્યુ, “જોયુ ! હારને માટે આપણે શા પગલા લઇએ છીએ તે જાણવા માટે તે અહી આવી પહોચ્યો છે ”

પિતા અને પુત્ર બને બ્હીકણુ હતા સાહેબને આવેલો જોઈ પિતાપુત્ર બને શ્રીડ સાહેબને સમાચાર આપવા તૈયાર થયા

સાહેબ તે બીજો કોઈ નહિ પણ બ્રાઉન હતો તે દિવસનુ પ્રબળ વાવાઝોડુ શાત પડે ત્યા સૂધી વિશ્રામ લેવા માટે તે પ્રસાદપુર આવ્યો હતો

તેની એવી મરજી હતી કે રાજકુમારી વિષે આનદદેવ સાથે કઇ વાત કરવી પ્રત્યક્ષ રીતે ઉપકાર કરવાને અશક્ત હોવાથી તેણે આડકતરી રીતે એ હતભાગ્ય કુટુબને ઉપકાર કરવાનો નિશ્ચય કર્યો હતો

પિતા પુત્રે પ્રાહુનનો સત્કાર કર્યો પણ બનેમાથી કોઇએ હાર વિષે કઇ વાત ઉપાડી નહિ આખરે આનદદેવે ગ્રીડ સાહેબને સમાચાર મોકલ્યા

પ્રકરણ ૬ ઠું

કોણુ સુખી ?

સાહેબના આગમનની વાત આનદદેવની પત્નીએ સાભળી. પતિ ઘેર આવ્યો એટલે તેણે સાહેબ શા માટે આવ્યા છે તે પૂછ્યુ કારણ કહેવા જતા આનદદેવે બધી વાત પત્ની આગળ જાહેર કરી દીધી તેણે તો પોતાનો ઉભરો શાત કરવા માટે વાત કરી હતી કારણકે તેની એવી ઇચ્છા હતી કે સાહેબ લોકો વીરચદ્રની વાત ભૂલી જાય એટલે રાણી મધુમતી પાસેથી જોરજુલમથી અથવા તો નજીવી કિમત આપી એ હાર લઇ લેવો પરતુ દૈવે યારી ન આપી અતિશય આવેશમા આવી જઇ તેણે આ બધી કર્મકથા પોતાની પત્નીને કહી સભળાવી પરતુ પરિણામ તો તેણે ધાર્યું હતુ તેથી ઉલટુ આવ્યુ સ્વામી સ્ત્રી વચ્ચે એ સબધમા કજીઓ ઉભો થયો

સ્ત્રીએ કહ્યું, "જો એ હાર ન પહેરૂ તો પછી હુ રાણી બની શા કામની ?

આનંદદેવે કહ્યું, "હુ શુ કરૂ ? તારા નસીબમા નહોય તે ક્યાથી આપુ ? તારા ગળામા 'ચિંતામણિ' ઝુલતો જોવાની મને બહુ મરજી હતી પરંતુ તે મેળવવાનો પ્રયત્ન કરતા વચમા આ ગડબડ ઉભી થઇ છે મે તો એ હાર છુપી રીતે હજમ કરી જવાની યુક્તિ કરી હતી પણ કોણ જાણે ક્યાથી પેલો ગોરો કુટી નીકળ્યો અને હાર જોઈ ગયો "

આ ખુલાસો નવી રાણીને ન રૂચ્યો તેણે એવુ ધાર્યું કે અત્યાર સુધી હારની તપાસ ન કરી તેનુ જ આ પરિણામ છે તેણે આનંદદેવને ઘણા કડવા વેણ સભળાવી દીધા સાહેબને પણ ખૂબ ગાળો આપી શા માટે એ નરાધમે હાર જોયો ? રાણી મધુવતી પણ આનદદેવની પત્નીના સપાટામાથી બચી નહિ એ અભાગણી જોણે છે કે હુ હવે હાર પહેરી શકવાની નથી તો પછી શા માટે મને મોકલી આપતી નથી ? મ્લેચ્છ લોકોના હાથમા હાર જશે તેથી તેના હાથમા શુ આવવાનુ ?

સ્વાર્થ ન સરવાથી અધ મનુષ્યો દેવતાને ગાળો આપે છે આનદદેવની પત્નીએ પણ દેવતાઓને ખૂબ ગાળો આપી આનદદેવ એ ગાળોના પ્રવાહમા ન્હાતો ન્હાતો ઉંઘી ગયો

જાનકી સાસુના કર્કશ વાક્યોનો અર્થ સમજવા બારણા પાછળ કાન માડી ઉભી હતી પણ તે ક્રોધથી ઉચ્ચારાતી ભાષાની અસ્પષ્ટતાથી કઇ સમજી શકી નહિ

એવામા મુકુદ ઘેર આવ્યો જાનકીએ જોયુ કે પતિદેવ કઇક ઉંડા વિચારમા છે તેણે કેટલાક પ્રશ્નો પૂછ્યા, પણ સીધો જવાબ

ન મળ્યો મુકુંદે કેવળ એટલું જ જણાવ્યું કે "મારે આજે રાત્રે બહાર જવું પડશે"

પરંતુ ક્યાં જવાનું છે તે જાનકી જાણી શકી નહિ.

બહારથી એક દાસીએ આવી જાનકીને સમાચાર આપ્યા કે જીલ્લાના મોટા સાહેબ તમારા પતિને પકડવા માટે હથિયારબંધ પોલિસો સાથે આવી પહોંચ્યા છે આવતાવેંત તમારા પતિને બોલાવ્યા છે

જાનકી આનું કારણ સમજી શકી નહિ, તો પણ તેણે આ વાત મુકુંદને જણાવી અને ઘર બહાર નીકળવાની ના પાડી

મુકુંદ સ્ત્રીની વાત સાંભળી હસતો હસતો બોલ્યો, "બ્હીશ નહિ મને પકડવા આવ્યા નથી બળવાખોરોને પકડવામાં મારી મદદની જરૂર હોવાથી તેઓ મને બોલાવવા આવ્યા છે

જાનકી—વળી બળવાખોર નવો કોણ છે ?

મુકુંદ—તું જાણે છે કે બે બળવાખોરો પકડાયા નથી

જાનકી—એક બળાવાખોર તો રાજા છે, પણ બીજો કોણ ?

મુકુંદ—બીજો સદાશિવ

જાનકી—સદાશિવ હજુ જીવતો છે ?

મુકુંદ—એવી બાતમી મળી છે તે અનંતપુર આવજા કરે છે

જાનકી—એ જીવતો હોય તો જીવતો રહેવા દેજો

મુકુંદ—એના પર આટલો બધો સ્નેહ ક્યાંથી પ્રગટી નીકળ્યો ?

જાનકી—આ શું સ્નેહના વચનો છે ?

મુકુંદ—એ સિવાય હું તો કંઇ સમજતો નથી

જાનકી—સમજી શકો કે ન શકો તેની પરવા નથી સદાશિવપર

કંઇ જુલમ કરતા નહિ જે માણસે તમારૂં કંઇ બગાડયું નથી તેને પકડાવવાથી તમને શો લાભ થવાનો છે?

જાનકી—નફોનુકસાન તપાસવાનું કામ તારૂં નથી અમને જે ઠીક લાગશે તે કરીશું

તોપણ જાનકીએ એ કાર્ય ન કરવાની સ્વામીને સલાહ આપી ધર્માધર્મની દલીલો કરી મુકુંદ ન માન્યો પરંતુ પત્નીના અતિ આગ્રહથી તેણે તેને ચાર કડવા વચનો સંભળાવી દીધા નરાધમ સ્વામી પોતાની પત્ની પર બદચાલનો ગુન્હો મૂકતા પણ ન અચકાયો તેણે કહ્યું કે "તારા પ્રિય નોકરપર તને આટલો બધો સ્નેહ છે એ વાત અગાઉથી જાણી હોત તો આ કાર્ય ન કરત પણ હવે તો બધું રંધાઈ ચૂક્યું છે શું કરૂં વ્હાલી! વિધાતાએ તારા અદૃષ્ટમાં પ્રિયજનનો વિરહ લખ્યો છે મને ક્ષમા કર"

ગુસ્સાથી જાનકીનું શરીર ધ્રુજવા લાગ્યું મૂર્ખ પતિના વચનોનો જવાબ આપવાની મરજી ન થઇ

તેને મુંગી જોઇ મુકુંદને વધારે મશ્કરી કરવાનું મન થયું તેણે કહ્યું, "દિલગીર થઇશ નહિ એ તારા ચિતચોરને બાંધી લાવીશ ત્યારે તને બતાવીશ હોકે!

જાનકી હવે ચૂપ રહી શકી નહિ તે બોલી "મનમાં હોય તેવું હોઠે આવે એ વાત ખોટી નથી તમે તમારા જેવા બધાને ધારો છો પણ એ યાદ રાખજો કે સદાશિવની કૃપાથી જ આજે તમને આ શુભાકાંક્ષિણી સહધર્મિણીને ડામવાનો વખત મળ્યો છે."

પત્નીના આ વચનો સાંભળી મુકુંદ બહુ ગુસ્સે થયો એ કાપુરુષ હિતાભિલાષી પત્નીને ન સમજી શક્યો તેને ગાળ દઇ બોલ્યો—

" શુ બોલી ? હું શું એક ગુલામની દયાથી જીવતો રહ્યો છુ ? "

જાનકી—મને તો એવી ખાત્રી જ છે હજુ પણુ સદાશિવની કૃપાથી જ જીવતા છો

મુકુદ જાનકીને મારવા ધસ્યો પરતુ લાત મારે તે પહેલા તેના ગાલપર ભયકર માર પડયો એ કાપુરુષ ધીમી ચીસ પાડી નાઠો લાત કોણે મારી તે જોવાને પણુ ઉભો ન રહ્યો

પરતુ જાનકી બધુ જોઇ શકી સ્વામીપરનો ગુસ્સો ભયના રૂપમા ફેરવાઇ ગયો

તે લાત મારનાર પુરુષ મુન્ના હતો મુન્નાએ નાસતા મુકુદને સભળાવવા કહ્યુ, " જા બેટા ! હજુ તુ તારી સ્ત્રીના પ્રતાપે જ જીવતો રહ્યો છે " જાનકી તરફ જોઇ તે બોલ્યો—" મા ! તમારી કૃપાથી એ નરાધમ બે વખત બચ્યો, નહિ તો આજે તો તેનુ ખૂન કરવાનો નિશ્ચય કરી આવ્યો હતો. તેને આજે કોઇ બચાવી શકત નહિ તમે બરાબર વખતે મારા માલીકનુ નામ ઉચ્ચાર્યુ છે, તેના નામનુ માહત્મ્ય વધાર્યું છે નહિ તો એ નરાધમ તમને કડુ વચનો સભળાવવા આ જગતમા રહ્યો નહોત " એમ કહી મુન્ના જાનકીને નમસ્કાર કરી ચાલ્યો ગયો

આજની વાતચીત પરથી વાચકોએ જાણ્યુ હશે કે મુકુદ સાથે જાનકી સુખી નહોતી વળી રાજકુમારની પદવી મળતાજ કેટલાક ખુશામતિઆઓની દોસ્તદારીથી મુકુદમા કેટલાક દોષો આવી ગયા હતા

દુ ખથી, ભયથી, વિસ્મયથી કાયર થઇ જાનકી ઘરમા જઇ સૂતી અત્યાર સૂધી તે નારાયણીના દુ ખે દુ ખી થતી હતી હવે

તેને જણાયુ કે આવા મૂર્ખ પતિના પાલવે ન પડી હોવાથી ભિખારિણી છતા રાજકુમારી મારા કરતા વધારે સુખી છે

બ્રાઉનને રાત્રે ઉંઘ ન આવી તે બ ગલામા ફરતો હતો તેણે જોયુ કે પોતાનો એક સ્વદેશબધુ કેટલાક હથિયારબધ પોલિસો સાથે એ ઘર પાસેથી પસાર થાય છે બ્રાઉનને શ કા પડી. તેણે સવારે એ તેજસ્વિની રમણીના હતભાગ્ય પતિને જોયો હતો બ્રાઉન બધુ સમજી ગયો. તેણે છુપી રીતે આ લોકોની પાછળ પડવાનો નિશ્ચય કર્યો

પ્રકરણ ૭ મું

ચિ તામણિની શોધમાં

બીજે દિવસે સવારમા નારાયણી સુવર્ણરેખાને કિનારે આવેલા બાગમા ફુલો ચુટતી હતી એ વખતે મુન્નાએ આવી પ્રણામ કર્યા

નારાયણી પ્રથમ તો તેને ઓળખી શકી નહિ મુન્ના એ જાણી હસતો હસતો બોલ્યો—" બ્હેન ! મને ન ઓળખી શક્યા ?"

નારાયણીએ મુન્નાના મુખ સામુ જોયુ ને તેના મુખ પર ઓળખાણના ચિહ્નો નિહાળવા લાગી

મુન્ના—યાદ કરો જોઉં જે રાત્રે તમારો વિવાહ થયો, તે રાત્રે તમારા સ્વામીની બાજૂએ મને ઉભેલો જોયો હતો કે નહિ

નારાયણીને યાદ આવ્યુ તે મૃદુ મૃદુ હસતી બોલી, " તમે મુન્ના તો નહિ ? "

"એજ તમારો ગુલામ "

નારાયણી—ભાઈ, અત્યારસુધી આ દુખિની ભગિનીને કેમ ભૂલી ગયા હતા ?

મુન્ના—ઇરાદાપૂર્વક તમને ભૂલાય ખરા બ્હેન ! સગાવ્હાલાના જુલમથી ફરજિઆત ભૂલવા પડ્યા હતા પરંતુ હવે નહિ બને

નારાયણી—ના ભાઇ, અહીં આવવાની જરૂર નથી. તમે છો એ જાણી અમે કેટલા સુખી છીએ ! અમારામાં તે સાહસ કયાંથી હોય !

મુન્ના—ના બ્હેન, હવે નહિ ભૂલીએ, તમને ન મળી શકીએ, તમારી સાથે એકાદ બે વાતો ન કરી શકીએ તો પછી જીવતર શા કામનું ? અમે આવીશું-આવી અમારા સગાવ્હાલા સાથે ભૂલભુલામણીની રમત રમીશું મને અત્યાર સુધીમાં સાત વખત ફાંસીએ લટકવું ઉચિત હતું છતાં આજ સુધી બચ્યો છું, અને તમારી સાથે વાતચીત કરી શકું છું એ યથેષ્ટ છે તમારૂં બધું લૂંટાયું છે તે અમે નહોતા જાણતા હું જીવતો છું ત્યાં સુધી તુલસી બ્હેનને બજારે જવું પડે ખરૂં ?

એ વખતે તુલસી ત્યાં દોડી આવી. મુન્નાએ તેને દોડતી આવતી જોઇ પૂછ્યું, " બ્હેન ! શું અમારા પ્રિય મિત્રો આવી પહોંચ્યા છે ? "

તુલસી—હમણાંજ ચાલ્યા જાઓ, એક ક્ષણ પણ થોભતા નહિ

મુન્નાને વધારે કહેવું પડે તેમ નહોતું. તેણે બંનેને પ્રણામ કરી કહ્યું, "હજુર થોડે દૂર ઉભા ઉભા મારી રાહ જૂએ છે ! હું જાઉં છું " એમ કહી મુન્ના કોણ જાણે કયાં અદ્દશ્ય થઇ ગયો.

નાગાયણીએ પૂછ્યુ, “ બ્હેન ! શુ છે તે ?

તુલસી થોડીવાર ચૂપ રહી બોલી “ હાર ક્યા છે ? ”

“ ઘરમા છે ”

“ જલદી જઇ પહેરી લે, ભૂલ થઇ ગઇ મુન્નાને આપી દીધો હોત તો ઠીક હતુ હવે તો મુન્નાને બોલાવી શકીએ તેમ નથી તે તો બહુ દૂર ચાલ્યો ગયો હશે

‘ કેમ બ્હેન ? ”

“વાત કરવાનો સમય નથી મને લાગે છે કે ડાલવાળા સાહેબે બધી વાત પોલિસને કહી છે જો કે મને વિશ્વાસ પડતો નથી તો પણ વિશ્વાસ કર્યા સિવાય છૂટકો ક્યા છે ? નહિતો આટલે દિવસે પાછી પોલિસ કેમ આવે ? તુ જલદી જઈ હાર પહેરી લે રાણી સાથે નદીને પેલે પાર જઈ કોઇ નિર્જન સ્થળે જઇ પહોચ મને આપણી આબરૂ જવાની બ્હીક લાગે છે ”

“ અને તમે ? ”

“ મારે માટે શકા લાવીશ નહિ હુ વીર શૈલજાનદની પુત્રી છુ તુ તો જાણે છે કે પતિવિરહ જેવુ દુ ખ સ્ત્રીને બીજુ એકેય નથી. એ દુ ખ મે બાર વર્ષ સુધી ભોગવ્યુ છે, એટલે હુ તો રીઢી થઈ ગઇ છુ ”

“ તમે અહીં રહો અને અમે તમને મૂકી ચાલ્યા જઇએ ? ”

“ મારે નાસવાની શી જરૂર છે ? તેમા પણ તેઓ શા માટે આવે છે તે જાણવા માટે અહીં એક જણને રહેવાની તો જરૂર છે જ હુ અગાશી પર હતી, ત્યાથી મે બધુ જોયુ તેઓ હજુ સિમાડા પર છે. ભગવાને મને બધુ બતાવ્યુ. હવે જલદી જા ઘર ઘેરાશે

તો પછી બહાર નીકળી શકાશે નહિ ”

તો પણ નારાયણી ડગી નહિ તુલસીએ વળી કહ્યું, “ જલદી જા, અને હાર પહેરી લે ”

નાગયણી—શા માટે ?

તુલસી—હાર આપતી વેળા પતિદેવે કહ્યુ હતુ કે જો માચવી ન શકાય તો સુવર્ણરેખાના પ્રવાહમા ફેકી દેજે પણ શત્રુના હાથમા જવા દઇશ નહિ

નારાયણી—ત્યારે સુવર્ણરેખાને જ સોપી દઉં ‘

તુલસી—એટલી બધી સહેલાઇથી તો નહિજ જ્યારે સુવર્ણ-રેખાને હાર સોપવો પડશે ત્યારે આપણે પણ શુ વીરચદ્ર શાહીન્વિ-નુ છેલ્લુ ચિહ્ન જલમા ડૂબતુ જોઇશુ ખરા ? આપણે પણ એ ચિહ્ન સાથે સુવર્ણરેખાના પ્રવાહમા ઝપલાવીશુ

તુલસી નાગયણીનો હાથ પકડી દોડી

પ્રકરણ ૮ મુ

તપાસ

ઘેર જઇ તુલસીએ રાણીને સમજાવી પોલિસના હાથે વાગ-નાર દુખ વેઠવા કરતા કાશીપુર જઇ રહેવુ શુ ખોટુ ? તુલસીના આગ્રહને વશ થઇ રાણીએ એ વાત કબુલ કરી દરિદ્રા રાણી અતિકષ્ટે શ્વશુરવશનુ છેલ્લુ ચિહ્ન બચાવવા માટે રાજમહેલ છોડી નીકળી.

એવી યોજના થઇ કે જંગલને માર્ગે પ્રથમ રાણીએ નારાયણીને લઇ આગળ વધવું તુલસીએ સાહેબનો મનોભાવ સમજવા માટે ઘેર રહેવું જો બધા ચાલ્યા જાય તો સાહેબ પીછો પકડે માટે બધાએ ન જવું પોલિસ જો કોઇ બીજા કારણસર આવી હશે તો પછી રાણીને પાછી બોલાવી લેવી

ઘરમાં લાકડાનો તરાપો હતો, તે પર બેસાડી તુલસીએ રાણી ને રાજકુમારીને સામે પાર રવાના કરી દીધા ત્યારપછી આત્મરક્ષા અને ધર્મરક્ષા માટે જે જે જરૂરનું હતું તે શરીર પર છુપાવી દીધું હવે તે આવનારા અતિથિઓને આવકાર આપવા માટે તૈયાર થઇ ઉભી.

તુલસીએ પોલિસને ગામના સિમાડા પર જોયા હતા ત્યાથી રાજમહેલ બહુ દૂર નહોતો છતા આટલી બધી વાર કેમ લાગી ‘ પોલિસના ટોળામા ગ્રીડસાહેબ હતા, તેની સાથે મુકુંદ હતો એ સિવાય વાચકોનો જાણીતો જમાદાર રૂપસિંગ અને બીજા દશ ચોકીદારો હતા

સવારમા ખેતર પર કામ કરવા જતા ત્રણ ચાર મજુરોએ જોયું કે ઘોડાપર ચઢી એક સાહેબ આવે છે, તેની સાથે એક બીજો ઘોડેસ્વાર છે અને પાછળ કેટલાક સિપાહીઓ છે

પ્રથમ તો તેઓ ચમકી ઉભા, ત્યાર પછી એક જણ તે તરફ દોડયો, દેખાદેખીથી બધા જોવા દોડયા

સાહેબે વિચાર્યું કે આ લોકો નાસી જશે તો રાજમહેલના માણસો અમારા આગમનથી જાણીતા થઇ જશે એથી બળવાખોરો પકડાશે નહિ, તેમ હાર પણ મળશે નહિ એવું ધારી સાહેબે ઘોડો

દોડાવ્યો મુકુંદે પણ સાથે ઘોડો દોડાવવો જોઇતો હતો એટલું જ નહિ પણ રૂપસિંગે તેને સાહેબની પાછળ જવાનું કહ્યું, પણ મુકુંદે ન માન્યું રાત્રે પડેલો માર હજુ તેને સાલતો હોવાથી પ્રહરીઓનો સાથ છોડવાનું તેને મન થયું નહિ કોણ જાણે વળી કોઇ શિલાની પાછળથી મારી પીઠ પર માર પડે તો ! તેને અનતપુરની જમીનનો પણ વિશ્વાસ નહોતો જમીનની ફળદ્રુપતા પર તેને બહુ શંકા ઉત્પન્ન થઇ હતી ! આ નો શું કરે કે ન આવે તો ગ્રીડસાહેબ ગુસ્સે થાય તેથી પરાણે આવવું પડયું હતું નહિ તો બ્હીકણ મુકુંદ ગઇ કાલની લાત પડયા પછી ઘર બહાર પગ મૂકે તેવો નહોતો

રૂપસિંગ અને પહરેગીરો પગપાળા હતા, તેઓ દોડવા લાગ્યા પણ ઘોડાની સાથે તે દોડાય ! થોડી વારમા સાહેબ અને કોલ મજુરો પહાડની આડમા અદૃશ્ય થઇ ગયા અહીં કહી રાખવું જોઇએ કે છોટાનાગપુરના પ્રદેશનો માર્ગ સપાટ નથી ! રસ્તામા વારવાર ચડઉતર કરવી પડે છે

કોલ મજુરોએ દોડવામા સાહેબના ઘોડાને હરાવ્યો સાહેબના અનુચરોએ થોડે દૂર ગયા છતા કોઇને ન જોયા

તેઓ હવે ભારે મુશ્કેલીમા આવી પડયા તેઓ જ્યા આવી પહોંચ્યા ત્યાથી બે રસ્તા ફાટતા હતા ડાબી બાજૂના રસ્તા પર થઇ રાજમહેલમા જવાતું હતું, જમણી બાજુનો રસ્તો એક ગામડામા જઇ અટકતો હતો.

પણ રૂપસિંગ સાહેબનો મિજાજ સારી રીતે જાણતો હતો તેણે ધાર્યું કે સાહેબ કોલ લોકોની પાછળ પડયા છે, માટે અત્યારે રાજમહેલની વાત ભૂલી ગયા છે તેઓ પોતાની હઠ ખાતર કર્તવ્ય

ચૂકયા છે રૂપસિંગે પણ જમણી બાજૂનો રસ્તો પકડયો બધા તે માર્ગે વળ્યા

થોડે દૂર ગયા બાદ જણાયું કે હજુર તો કેટલાક નિર્દોષ મજુરોને ધમકાવે છે તેઓનો વાંક એટલો જ છે કે તેઓ પણ કોલ હતા અને નાસતા કોલની સાથે ચાલતા હતા જેઓ નામે તે ચોર જ ગણાય એવા અપૂર્વ ન્યાયસૂત્ર મુજબ એક જ માર્ગે ચાલતા કોલ લોકો પણ ચોર નહિ હોય તેની શી ખાત્રી ? ચોર પકડાય તો સજા ખમે માટે સાહેબ આગળ દોડી ગયેલા મજુરોને ન પકડી શક્યા માટે આ પાછળના હતભાગ્ય લોકોને મારવા લાગ્યા

એ દરમિઆન તેના સાથીઓ પણ આવી પહોંચ્યા માથે ન આવી શક્યા માટે થોડી પ્રસાદી મેળવી લીધી મુકુંદ પણ મધુર તિરસ્કાર મેળવી ધન્ય થયો

રૂપસિંગે સાહેબને સમજાવ્યા અને તેઓ સાહેબની પાસે ઉભા રહેવા માટેના મહાપાપની શાંતિ માટે બે ચારને લાતોની પ્રસાદી આપી. છેવટે કોલ જાતિને ખૂબ ગાળો આપી સાહેબ પોતાની કાર્ય-કુશલતા માટે મનમાં ખૂબ ફુલાયા અને પોતાના પ્રિય જમાદારની વિનતિ સ્વીકારી શાંત થયા

આ દરમિઆન તુલસીને રાણી તથા નારાયણીને સુવર્ણરેખાને પેલે પાર મોકલી દેવાની તક મળી

ત્યાર પછી તે ભગવાનની પ્રાર્થના કરવા લાગી. ગમે તેવી તોપણ તે સ્ત્રી હતી, અગણિત વિપત્તિઓના ભારથી દબાએલી કુલવધૂ હતી તુલસીના હૃદયમાં સેંકડો તરંગો ઉઠવા લાગ્યા. પિતા, માતા, વિશ્વેશ્વર, સ્વામી, સ્વામીનું પવિત્ર દાન, નારાયણી–મધુ એક પછી

એક તેની નજર આગળ થઇ પસાર થઈ ગયુ તુલસી આસુ રોકી શકી નહિ રડતી રડતી તે ભગવાનની પ્રાર્થના કરવા લાગી કે "હે દયામય ! સમજણી થયા પછી મે સુખનુ મ્હો જોવાની બહુ આશા રાખી હતી છેવટે તમારી કૃપાથી સુખની ટોચે પહોચી, આવુ સુખ તો શત્રુને પણ ન મળો એવી હુ પ્રાર્થના કરૂ છુ હે દેવ ! હવે આ સુખ મારે નથી જાઇતુ હવે તો એટલુ જ માગુ છુ કે મારા પિતાની અને પતિની આબરૂ ન જાય મારા પવિત્ર કુલની આબરૂ પર ન હાથ નાખો હે પિતા ! નરાધમને હાથે તમારી પવિત્ર પુત્રીની એ આબરૂ ન થાય તે જો જો નહિતો તમારા જ અગને હાનિ થશે"

દેવતાએ તુલસીના હૃદયમા વાસો કર્યો તે ભાવી વિપત્તિસામે ઝૂઝવા તૈયાર થઈ પ્રાર્થના કર્યા બાદ તેનુ મન શાત થયુ

એ વખતે દરવાજો ઠોકાયો. "કોણ છે, બારણા ઉઘાડો" તુલસીએ બારણા ઉઘાડયા

સાહેબ, મુકુંદ, રૂપસિગ અને ચોકીદારો બારણા પાસે ઉભા હતા

તુલસીએ સુદર સાળુથી અગ ઢાકયુ હતુ કેડે છેડો વીટાળ્યો હતો માથુ ઉઘાડુ રાખ્યુ હતુ, વાળ છુટ્ટા રાખ્યા હતા, તેના કાળા વાળ કપાળ પર વીખરાઈ પડયા હતા. ચચલ સ્વભાવની હરિણીની આખો સ્થિર રાખ્યા છતા સ્થિર રહેતી નહોતી

આવી સ્થિતિમા તુલસી કમાડ ઉઘાડી સાહેબ સામે આવી ઉભી. સાહેબે જોયુ કે સુમેરૂના કોઇ અજ્ઞાત પ્રદેશમાથી વિચિત્ર વર્ણવાળી ઉષા પ્રગટી નીકળી છે

સાહેબ થોડીવાર બોલી શકયા નહિ, રૂપસિંગે એકવાર આ

મૂર્તિ નિહાળી હતી તેના પર તુલસીની નજર પડતા જ તેણે માથુ નમાવી પ્રણામ કરી કહ્યું, "માતાજી! આપ અહીં છો?"

તુલસી-- હવેથી આજ મારૂ ઘર છે તમે શુ માગો છો?

સાહેબ ઘણીવાર અનતપુર આવ્યા હતા રામચદ્રની સાથે, આનદદેવની સાથે કેટલીયવાર મઝા ઉડાવી છે રાજમહેલની કારીગરી જોઇ તેમણે દેશી કારીગરીની સેકડોવાર પ્રશસા કરી છે પરતુ આ વખતે અનતપુરમા આવી તેઓ કઇ સમજી શકયા નહિ અનતપુરની વર્ત્તમાન દશા જોઇ તેમનુ કઠોર હૃદય પણ કોમળ બની ગયુ સાહેબે ધીમેથી તુલસીને પૂછયુ, "આ શુ વીરચદ્રનુ મકાન છે?"

તુલસી--મહારાજ વીરચદ્રના મહાન મહેલનો નાનો સરખો ભગ્નાવશેષ છે

અનતપુરનો રાજમહેલ તોડી પાડવામા આવ્યો છે, તે સાહેબ જાણતા નહોતા તેથી તેણે તુલસીને પૂછયુ, "બાકીના ભાગનુ શુ થયુ?"

તુલસીએ મુકુદને જોઇ કહ્યુ, "આ નરાધમના વિશ્વાસઘાતી પિતાને પૂછજો"

બધાએ મુકુદ સામુ જોયુ મુકુદ બધાની નજરનો ભાર સહન ન કરી શકયો તેણે માથુ નમાવ્યુ સાહેબે મુકુદને કહ્યું, "મને જણાવ્યા સિવાય આ મહેલ તોડી પાડયો એ ઠીક કર્યું નથી" ત્યાર બાદ તેણે તુલસીને પૂછયુ, "આપ વીરચદ્રને શું સગા થાઓ?"

તુલસી—કઈ નહિ

ગ્રીડ—ત્યારે અહીં શા માટે રહ્યા છો?

તુલસી—આપ અહીં શા માટે આવ્યા છો?

ગ્રીડ—મારા ઉપરિઓનો હુકમ બજાવવા.

તુલસી—હું બધાના ઉપરિનો હુકમ બજાવવા અહીં આવી છું, તેમણે આ વિશ્વાસઘાતીથી છેતરાયલા, દેશના પિશાચી સ્વભાવ વાળા લોકોથી અપમાન પામેલા, અને તમારા જેવા બધું ખાઇ જનારા અગ્નિથી બળેલા આ પવિત્ર કુટુમ્બની સેવા માટે અહીં મોકલી છે

ગ્રીડ—આ મકાનમા અત્યારે કોણ રહે છે?

તુલસી—રાણી અને રાજકુમારી પણ અત્યારે તેઓ અહીં નથી

ગ્રીડ—ક્યા છે?

તુલસી—તે કહેવાની નથી

ગ્રીડ અત્યાર સુધી તુલસી સાથે વાતચીત કરતા આનંદ અનુભવતો હતો આ દેશની પડદાવાળી સ્ત્રીઓ સમક્ષ ઉભા રહી તેને આવી વાતચીત કરવી પડશે એ તેણે સ્વપ્નમા પણ ધાર્યું નહોતુ. કેટલીય વાર મુકદ્દમાની તપાસ કરતા તેને આ દેશની શરમાળ સ્ત્રીઓના મુખમાથી ધમકી આપી બે ચાર વાતો કઢાવવી પડી હતી પરંતુ આવી ખુલ્લી રીતે, રૂપ રૂપના અવતાર સમાન નારી સાથે વાતચીત કરવાનુ ભાગ્ય હજુ સુધી તેને મળ્યુ નહોતુ સાહેબ તેની સાથે વાતચીત કરતા ભાન ભૂલ્યા હતા તે આ દેશમા શાંતિ સ્થાપવા માટે જગતના બધા લોકો પર અવિશ્વાસ રાખવા જન્મ્યા છે, તે ભૂલી ગયા હતા પરંતુ તુલસીની છેલ્લી વાત સાભળી

સાહેબનો મૂળ સ્વભાવ જાગ્રત થયો તેણે કહ્યું, "હુ એક વાર મકાન તપાસવા માગુ છુ "

તુલસી—શા માટે ?

ગ્રીડ—તે રાણીને કહીશ

તુલસી—હમણા જ કહ્યુ કે રાણી કે રાજકુમારી ઘરમા નથી

ગ્રીડ—તો પણ અમે એક વાર જોવા માગીએ છીએ

તુલસીએ અમે શબ્દનો અર્થ જાણવા માગ્યો સાહેબે પોતાને અને પોતાના અનુચરોને બતાવ્યા તુલસીએ કહ્યુ, "મરજી હોય તો આપ એકલા આવી શકો છો " ત્યાર પછી સાહેબના અનુચરો સાથે આંગળી કરી કહ્યુ, "આ અપવિત્ર પશુઓને હું આ પવિત્ર મકાનમા પ્રવેશ કરવા નહિ દઉં "

ગ્રીડ—તમે પ્રવેશ કરવા નહિ દો તો અમે અટકવાના નથી

તુલસી કેડમાથી કટાર ખેચી કાઢી બોલી, "વારુ પ્રવેશ કરો "

બધા ચમકયા પહેરેગીરો એક બીજાના મ્હો સામુ જોવા લાગ્યા તેઓ એક બીજાને ઇસારા વડે ધિક્કારવા લાગ્યા રૂપસિંગે કહ્યુ, "હજુર ! આપ એકલા જ જોઈ આવોને "

બાહેબ સાહસિક હતા છતા એ મકાનમા એકલા પેસવાની આનાકાની કરવા લાગ્યા તુલસી એ સમજી ગઇ તેણે પૂછ્યુ, "સાહેબ ! એકલા આવવા તૈયાર છો ? "

ભીરૂતા બતાવવી એ સાહેબને માટે મૃત્યુ કરતા પણ કષ્ટદાયક વાત હતી. તેણે કહ્યુ, "હા પરતુ તમારા પર વિશ્વાસ રાખી શકુ કે ? "

સુદરી હથિયાર દૂર ફેકી દઇ બોલી, "હવે ?"

ગ્રીડ તુલસીની સાથે ઘરમા ગયો

પ્રકરણ ૯ મું

પીછો લીધો

તુલસીએ સાહેબને નીચલા માળના ઘર બતાવ્યા, પછી તે તેને ઉપર લઇ ગઇ ઓરડા સમાર કામ વિના બિસ્માર હાલતમા આવી પડયા હતા, છતા ગ્રીડ એ બધાની કારીગરી જોઇ નવાઇ પામ્યો મહેલનો જે ભાગ ધીમે ધીમે સુવર્ણરેખાના પ્રવાહમા તણાતો હતો તે ભાગમા તુલસી સાહેબને છેવટે લઇ ગઈ ત્યાથી વક્રગામિની સુવર્ણરેખા બહુ દૂર પર્યંત જણાતી હતી મહેલને ઘસાઇ થોડે દૂર ગયા બાદ નદી જગલમા પેસતી હતી તે જગલમા અદૃશ્ય થયા બાદ નદી પાછી રૂપેરી પ્રવાહની જેમ નજરે પડતી હતી

તુલસી સાહેબને એ મનોરમ દૃશ્ય બતાવવા લાગી નદીને સામે પાર આવેલા જગલની મનોહર શોભા નિહાળતો નિહાળતો ગ્રીડ થોડી વારને માટે તન્મય બની ગયો

સાથે દૂરબીન આણ્યુ હતુ સાહેબ તે વડે જોવા લાગ્યો જોતા જ તે બેબાકળો બની નીચે જવા લાગ્યો

તુલસી કઇ સમજી શકી નહિ તે એ પ્રદેશ તરફ ઝીણી નજરે જોઇ રહી બહુ દૂર કોઇ મનુષ્યાકૃતિ જણાઇ તે પર્વત પર ચઢતા હોય એવો ભાસ થયો. તુલસી સમજી ગઇ કે એ રાણીને નારાયણી સિવાય બીજુ કોઈ ન જ હોય

તુલસી નીચે ગઇ જતા જતા ચાર પહેરેગીરો સામા મળ્યા.

તુલસીએ પૂછ્યુ, "તમે ઘરમા કેમ પેઠા ?"

એક જણે કહ્યુ, "હજુરે હુકમ કર્યો છે કે તમારે મારી સાથે નીચે આવવુ"

તુલસી—ચાલો, હુ તો મારી મેળે આવતી હતી '

એમાના એકે કહ્યુ, "પેલો હાર કયા રાખ્યો ?"

"હાર શાનો ?"

"કેમ, એક દિવસમા બધુ ભૂલી ગયા ! કાલે બળવાખોર સદાશિવ સાથે કેટલો આનદ કરતા હતા, આજે શુ કઇ યાદ નથી !

તુલસીએ એ વાતનો જવાબ ન આપ્યો તેણે કહ્યુ કે "ચ્ગ્તો આપ, નીચે જવુ છે"

જે ચોકીદારે આ વાત કહી તેજ બ્રાઉન પર નજર રાખવા ગઇ કાલે અનતપુર આવ્યો હતો તે રાત્રે પોલિસના ઉપરિ સાથે આવી શકયો નહોતો સાહેબને જડતીના કાર્યમા મદદ કરે એવી આશાથી આનદદેવે તેને સવારમા અનતપુર મોકલ્યો હતો

બીજા ત્રણ જણાએ તેને બોલવાની મના કરી તુલસી બધાની આગળ નીચે ઉતરી.

તુલસીએ નીચે આવી જોયુ કે માર હથિયાર નથી સાહેબ નીચે આવી ઘોડાપર બેસવા તૈયાર થયા છે

તુલસી—શુ સાહેબ ! નાસી આવ્યા કેમ '

સાહેબને મશ્કરી કરવાની તક મળી આવી સુદરી સમક્ષ અરસિકની અખ્યાતિ લઇ નામવુ એ સાહેબને ન ગમ્યુ તેણે જવાબ આપ્યો, "તારી બ્હીકને લીધે"

તુલસી—એમજ જણાય છે મે હથિયાર છોડયુ એટલે મારી

સાથે ઘરમા પ્રવેશ કરવા તૈયાર થવુ અને હથિયાર વિનાની જોઇ ચાર જણને ઘરમા મોકલ્યા

ગ્રીડ—તારા કોમળ હાથમાના હથિયારની બ્હીક નથી ! બ્હીક છે આ તારી મોટી આખોની !

તુલસી—ત્યારે હથિયાર કેમ ચોરી લીધુ ? જો હિંમત હોય તો હથિયાર પાછુ આપો

એ વખતે આનદદેવના અનુચરે સાહેબને કહ્યુ, "હજુર ! આ સ્ત્રીના હાથમા ગઇ કાલે મળવાખોરને હાર આપતો જોયો છે"

ગ્રીડે તુલસીને તેજ સ્થળે ઉભી રાખવાનો એક પહેરગીરને હુકમ કર્યો અને કહ્યુ કે "જ્યા સુધી પાછો ન આવું, ત્યા સુધી તેને અહીજ ઉભી રાખજે જો જે નાસી ન જાય"

એમ કહી બાકીના પહેરગીરો સાથે ગ્રીડ નદી તરફ દોડયો

તુલસી સમજી ગઇ કે સાહેબે દૂરબીન વડે રાણી અને નાગણીને જોયા છે તે ઉભી ઉભી ભગવાનની પ્રાર્થના કરવા લાગી આ પાખડિઓને હાથે જરૂર એની લાછના થશે "ભગવાન ! તેમને બચાવજે ધરણિ ! તુ ફાટી તેને તારા ગર્ભમા સમાવી દેજે હવે તેઓને જીવતા રહેવાની જરૂર નથી" તુલસીની આખમાથી દડદડ કરતો અશ્રુપ્રવાહ છૂટયો

પહેરેગીરે કહ્યુ ! "બ્હેન એ નિર્દયની સાથે વાદવિવાદમા શા માટે ઉતર્યા ?"

તુલસી આસૂ લૂછતી બોલી, "સાહેબ ગયા કયા ?"

પહેરેગીરે કહ્યુ, "સાહેબે જગલમા જતી બે સ્ત્રીઓ જોઈ છે તેઓને ગિરફ્તાર કરવા માટે માણસો મોકલવા દોડયા જણાય છે

તુલસી—કેવળ બે સ્ત્રીઓને પકડવા માટે આવડુ કડક શા માટે ?

પહેરેગીર—સ્ત્રીઓ તો બેજ છે, પણ તેનુ રક્ષણ કરનાર લોકો ઘણા હોય એવો સભવ છે ! તેઓ લૂટારા છે, બળવા વખતે તેઓએ સરદારનુ કામ કર્યું છે સાહેબ તે લોકોને પકડવા માટે જ આટલા બધા માણસો લાવેલ છે

તુલસી—હવે તુ મારે માટે શુ કરવા ધારે છે ?

પહેરેગીર—બ્હેન, હવે શા માટે શરમાવો છો આવુ નીચ કામ કરતા કરી જવાયુ છે તમે મરજી મુજબ હરી ફરી શકો છો પરતુ એટલુ જો જો કે આ ગરીબન પેટ પર પાટુ ન પડે

તુલસી—હું તો અહી રહી શકીશ નહિ. તેઓ મારા પતિને પકડવા દોડયા છે

પહેરેગીર—તો પછી બ્હેન, હારને ફેકી દોને તેઓ જ્યારે લેવાનાજ છે તો પછી તમારૂ શુ ચાલવાનુ છે

તુલસી—હાર તેઓની પાસે જ છે તારી મરજી હોય તો તુ મારી સાથે આવી શકશે હું સાહેબની પાસે જાઉં છુ

એમ કહી તુલસી જવા તૈયાર થઇ પહેરેગીર ભારે વિમાસણમા આવી પડયો. તુલસી તેની મુઝવણ સમજી ગઇ. તે બોલી કે " બ્હીશ નહિ તું મારી સાથે ચાલ સાહેબની પાસે જવાનુ છે, એટલે તારો તિરસ્કાર નહિ જ થાય "

તુલસી પહેરેગીરના જવાબની રાહ જોયા વિના મકાનમાં પેઠી શુ કરે બિચારો પહેરગીર ! હાથમા હથિયારો છતા તે દિગ્મૂઢ બની ઉભો

તુલસી ઉપર ગઇ ઉપરથી જોવા લાગી કે પોલિસ કયા સુધી પહોચી છે, ચોતરફ નજર કરતા તેણે બ્રાઉનને જોયો બ્રાઉન ઝાડ નીચે છુપી રીતે ઉભો હતો

બીજા કોઈને ન જોતા તુલસી તેની પાસે ગઇ બ્રાઉન ઝાડની ઓથમા ઉભો ઉભો ગ્રીડના અનુચરોને નદી પાર ઉતરતા જોતો હતો એ દરમિયાન તુલસીએ પાછળથી આવી તેને કહ્યુ, "શુ સાહેબ! રાજકુમારીની મુલાકાત ન થઈ તેથી પોલિસની મદદ લીધી ?"

બ્રાઉને પાછુ વાળી જોયુ તેજ અભિમાનીની સુદરી! તેણે માથુ નમાવી કહ્યું, "મને એટલો બધો નીચ ધારશો નહિ હુ આપને શી મદદ આપી શકુ તેમ છુ, તે કહો આ કાર્ય ખાતર હું જાન આપવા તૈયાર છુ"

તુલસી—ખરેખર ?

બ્રાઉન—મને કામ સોપી જૂઓ

તુલસી—સાહેબ! કૃપા કરી મારી અભાગિની બ્હેનની આબરૂ બચાવો

બ્રાઉન—તે કયા છે ?

તુલસી—આબરૂ બચાવવા ખાતર જગલમા નાઠી છે પોલિસ તેની પાછળ પડી છે

બ્રાઉન—હું કયે રસ્તે જાઉ ?

તુલસી—અત્યાર સુધીમા પોલિસે રસ્તો કબજ કર્યો હશે આપને આ જગલ વાટે બરાબર પશ્ચિમ દિશામા જવુ પડશે, તેમને શોધી કાઢવા પડશે. પોલિસ પહોચે તે પહેલા તેને પકડી પાડવા પડશે.

બ્રાઉન—મને જોઇ તેઓ જો ડગશે તો ! મને જોઈ એકવાર તે મૂર્છિત થઇ પડયા હતા

તુલસી—સાહેબ થોડી વાર થોભો

એમ કહી તેણે એક પાદડુ લીધુ ત્યારબાદ જમણા હાથની ટચલી આગળી મ્હોમા નાખી

બ્રાઉન સમજી ગયો તેણે કહ્યુ, "હુ સમજ્યો મારી પાસે લખવાના સાધન છે "

તુલસી જરા હસી બોલી, "જરા વહેલા કહેવુતુ ને "

દાતથી ચપાની કળી રગાઇ તુલસી એ લોહી વડે પાદડા પર કઇ લખવા લાગી

બ્રાઉન એ અદ્‌ભુત રમણી ભણી જોઇ રહ્યો

લખવાનુ કામ પૂરૂ થયુ એટલે તુલસીએ પાદડુ બ્રાઉનના હાથમા આપી કહ્યુ, "આ તેમને બતાવજો હવે મારી સાથે આવો હુ નદી પારનો રસ્તો બતાવુ "

બ્રાઉનને નદી ઉતરાવી તુલસી પહેરેગીર પાસે આવી

પહેરેગીર બારણા આગળ માથે હાથ દઇ બેઠો હતો તેણે નક્કી કર્યું હતુ કે હવે એ સ્ત્રી પાછી ફરવાની નથી છતા ઘરમા પેસી શોધ કરવાનુ સાહસ પણ તેનામા નહોતુ આથી સાહેબનુ અપમાન અને નોકરી જવાની બ્હીકથી થરથર ધ્રુજતો તે બારણા પાસે નિરાશ થઇ બેઠો હતો તુલસીને જોઈ તેનામા જીવ આવ્યો તે માનપૂર્વક ઉભો થયો તુલસીએ કહ્યુ, "કેમ સિપાહીજી ! હવે ચિંતા દૂર થઇ કે ? "

સિપાહી માથુ નમાવી બોલ્યો, "માતા, આપ દેવી છો "

તુલસી—સાહેબ જ્યારે આવશે તે નક્કી કહેવાય નહિ. ત્યાસુધી ભૂખ્યા રહેવુ ન પાલવે હુ કઇ ખાવાપીવાની સગવડ કરૂ છુ

પહેરેગીર—આ તમે શુ કરો છો મા !

તુલસી—આ મહારાજ વીરચદ્રનો મહેલ છે આ મહેલ પાસે આવી કોઇ કદી ભૂખ્યુ ફર્યું નથી !

પહેરેગીર નીચો વળી તુલસીને દેવી માની પ્રણામ કરવા લાગ્યો તુલસી ઘરમા ગઇ

પ્રકરણ ૧૦ મું

મુલાકાત

પહેરેગીરને પુરો પડે તેટલો ખોરાક એકત્ર થતા તુલસીને બહુ વાર લાગી બહાર આવી તેણે જોયુ તો પહેરગીર નહોતો સિપાહી સિપાહી કહીને તેણે કેટલાય ઘાટા પાડયા પણ જવાબ ન મળ્યો. હાથમા ખાવાનુ લઇ તેણે ખૂબ શોધ કરી તે નદી કિનારે આવી પહોચી છતા પહેરેગીર ન દેખાયો

હાથમા થાળી લઇ તુલસી પાછી ફરતી હતી, તેવામા પાછળથી કોઇએ કહ્યુ, " તુલસી "

તુલસીએ પાછુ વાળી જોયુ તો સદાશિવ ઉભેલો જણાયો

તુલસીની છાતી ધડકવા લાગી.

" તમે અહી કેમ રહ્યા છો ? "

સદાશિવ—કેમ ન રહું ? કેટલાક દાસીપુત્રોથી ડરી નાસુ ? તુલસી ! તે દિવસે અતિથિસત્કાર ન કરી શકવાથી તુ દુખી થતી હતી તેથી તારે ઘેર અતિથિ તરીકે આવ્યો છુ

તુલસી—સાહેબ તમને પકડવા આવ્યા છે ને !

સદાશિવ—મુન્નાએ તેને પાણીમા ફેકી દીધો છે તેના અનુચરો અત્યારે તેને બચાવે કે મને પકડે !

એ વખતે મુન્ના એક ઘોડા પર ચઢી ત્યા આવી પહોચ્યો.

સદાશિવ—શી ખબર છે મુન્ના ?

મુન્ના—સાહેબને બચાવી તેની પાસેથી આ પિસ્તોલ આણી છે.

એમ કહી મુન્નાએ પિસ્તોલ બતાવી, અને ઘોડા પરથી ઉતરી તેને હાકી કાઢયો તુલસીના હાથમા થાળ જોઈ તે હસતો હસતો બોલ્યો, “ભાઇ ભૂખથી પિડાય છે એમ જાણી અગાઉથી રાધી રાખ્યુ છે કે ? બહેન ! સખત મજુરી કરી હુ ભૂખ્યો થયો છુ ”

એમ કહી તે તુલસીના હાથમાથી થાળ લઈ ખાવા લાગ્યો કાઇની આજ્ઞા લેવા થોભ્યો નહિ.

તુલસી ચૂપ ઉભી ઉભી જોવા લાગી મુન્નાએ કહ્યુ, “જૂઓ-છો શુ ! હવે એકાદ માસની નિરાત વળી, આજે જે પાણી પીવ-ડાવ્યુ છે, તેનો ધક્કો સમાલતા સાહેબને એક માસ તો લાગશે જ.”

સદાશિવ—બધા પાછા ફર્યા છે ?

મુન્ના—કેવળ મુકુદ, અને ચાર સિપાહીઓ પાછા ફર્યા નથી. હુ તેની તપાસમા જાઉં છુ.

મુન્ના ગયો.

સદાશિવ—તુલસી, હવે ઘરમા ચાલ

તુલસી—મે એક ખોટુ કામ કર્યું છે, રાણી અને નારાયણીને વનમા મોકલ્યા છે.

સદાશિવ—અને તેને બચાવવા માટે માણસ પણ નીમી દીધુ

છે તારી આગળીમાથી નીકળેલી લાલ શાહીએ મારી નજરે સૂર્ય-દેવને પણ ગતાશ પડતા કરી નાખ્યા હતા

તુલસીએ સ્વામીને પ્રણામ કરી કહ્યુ, " ત્યારે આવો, દેવ અતિથિ, ઘરમા પધારો "

પ્રકરણ ૧૧ મુ

મુન્નાનું પરાક્રમ

તુલસી પાસેથી વિદાય ગ્રહણ કરી મુન્ના સાહેબ અને તેના અનુચરોની બાતમી મેળવવા માટે સદાશિવની સાથે જગલમાના કોઇ એકાત સ્થળમા જઇ છુપાયો હતો ત્રણ અસહાય સ્ત્રીઓને વિપત્તિમા નાખી તેઓ કાપુરુષની પેઠે નાઠા નહોતા

સુવર્ણરેખા પાર ઉતરવાને માટે રાજાના મકાનમા એક તરાપો રાખવામા આવતો તેઓએ જોયુ કે તુલસીએ તરાપાની મદદથી રાણી, નારાયણી અને એક સાહેબને પેલે પાર મોકલ્યા છે ગ્રીડ સાહેબનુ અગાશીપર ચઢી દૂરબીન વડે જોવુ, તુલસીએ પાદડામા લોહીથી કઇ લખતુ અને એ પાદડુ બ્રાઉનના હાથમા આપવુ એ બધુ તેઓએ જોયુ હતુ કેવળ મકાન આડુ આવી જતુ હોવાથી મુકુદ અને તેના સાથીઓને તેઓ ઘણીવાર સુધી જોઇ શક્યા નહોતા

થોડીવાર પછી તેઓએ જોયુ કે મુકુદ, તેના સાથીઓ અને સાહેબ મહેલથી થોડે દૂર જઇ સુવર્ણરેખા ઉતરે છે.

વરસાદ થવાથી સુવર્ણરેખાનો પ્રવાહ પ્રબળ બની ગયો હતો પાણી પણ ખૂબ વધ્યુ હતુ. આથી એ લોકોને નદી ઉતરવામા બહુ મુશ્કેલી પડતી હતી.

તો પણ સાહેબના હુકમથી બધા પોલિસો નદી પાર ગયા કેવળ મુકુંદ ને સાહેબ બાકી રહ્યા સાહેબનો ઘોડો કેમે કર્યો નદીમા પગ મૂકતો નહોતો. મુકુંદની પણ તેજ સ્થિતિ હતી સાહેબની શાબાશી મેળવવા છેવટે મુકુંદ ઘોડાપરથી ઉતરી નદીમા કુદી પડયો મુકુંદ તરવાનુ જાણતો હતો તોપણ પ્રવાહના વેગથી લગભગ સોએક હાથ દૂર જઈ સામે પાર ઉતરી શકયો સાહેબે તેને ચાર સિપાહીઓ સાથે રાણી તથા નારાયણીનો પીછો પકડવાનો હુકમ કર્યો અને કહ્યું, " તમે આગળ જાઓ, હુ હમણા જ પાછળ આવી પહોચ્યુ છુ "

પરંતુ સાહેબ સામે પાર જઇ શકતા નહોતા તે આ પાર હતા ને તેના અનુચરો હતા પેલે પાર લગભગ અર્ધો કલાક સુધી સામે પાર જવાનો પ્રયત્ન થયો

મુન્નાએ સદાશિવને કહ્યું, 'હજુર ! થોડીવાર થોભો હુ સાહેબ સાથે રમત કરી આવુ આપને બધા ઓળખે છે હુ તો બહુરૂપી છુ તેથી મને કોઇ ઓળખતુ નથી માટે રમત કરવાની આવી સુંદર તક શા માટે એળે જવા દઉ "

સદાશિવે તેને ના પાડતા કહ્યું, "પણ સાહેબને શક પડશે તો ?

મુન્ના–તોપણ શુ ? સાહેબ તો આ પાર એકલા છે તેના સાથીઓ આ પાર આવે તે પહેલા તેમને સુવર્ણરેખાનુ અધમણ પાણી પીવરાવી નાસીશ

સદાશિવ–સાહેબના ગજવામા પિસ્તોલ છે

મુન્ના––ગજવામાથી પિસ્તોલ કાઢે તે પહેલા તો તેના હાથને પક્ષાઘાત નહિ થઇ જાય !

એમ કહી મુન્ના લુગડામા છુપાવેલો લાકડાનો ટુકડો બતાવી ત્યાથી રવાના થયો, અને એકાદ તરાપો મેળવી તે નદીમા તરાવતો તરાવતો સાહેબ પાસે જઈ પહોચ્યો તેણે સાહેબને સલામ કરી કહ્યુ, 'આપ રજા આપો તો આ તરાપાની સહાયતાથી આપને સામે પાર પહોચાડુ "

થોડે તેની ઓળખાણ માગી મુન્નાએ પોતાને કઠીઆરા તરીકે ઓળખાવ્યો અને કહ્યુ, "આ વાવાઝોડામા ઘણા ઝાડો નદીના પ્રવાહમા તણાઇ ગયા છે. મે એમાનુ એક મેળવ્યુ છે "

સાહેબને ખાત્રી થઇ ગઇ તેણે પોતાને સામે પાર પહોચાડવાની રજા આપી

મુન્ના ઘોડાપર ચઢયો અને તેને નદીમા હકાર્યો. થોડીવારમા તે તેને સામે પાર લઇ ગયો સાહેબના સહચરો આ બધુ આખો ફાડીને જોઇ રહ્યા

પાછા આવી મુન્નાએ સાહેબને તરાપા પર ચઢાવ્યો અને પોતે તે તરાપો એક હાથે પકડી તરતો તરતો સામે પાર જવા લાગ્યો.

પ્રવાહના મધ્યભાગમા આવતા તેણે યુક્તિપૂર્વક તરાપો ઉધો વાળી દીધો સાહેબ નદીમા પડ્યા મુન્ના તેને પકડી તરતો તરતો બહુ દૂર લઇ ગયો સિપાહીઓ 'ખબરદાર, ખબરદાર' કહેતા કિનારે કિનારે દોડયા પણ સાહેબને પાણીમા પડી સાહેબને બચાવવાનુ સાહસ કોઇથી થઇ શકયુ નહિ

કોઇ ન જાણે તેમ મુન્ના સાહેબને કિનારે આવેલા એકાત સ્થળમા લઇ ગયો ત્યા જઇ તેણે પોતાની મહેનતનુ ઇનામ માગ્યુ. સાહેબને તેના પર બહુ ગુસ્સો ચઢયો હતો. તેને ખાત્રી થઈ કે આ

જંગલી કોલે વિશ્વાસઘાત કરી મને માગ નોકરો સમક્ષ હલકો પડયો છે. જો સાડસામા ન મપડાયા હોય તો સાહેબ આ વખતે બેચાર લાતોના પ્રહાર કરી ઇનામની માગણી પૂર્ણ કરત પરતુ તે અત્યારે જીવનના ભયથી, અતિ પરિશ્રમથી અને કેટલુક પાણી પેટમા જવાથી તદ્દન નિર્વીર્ય બની ગયો હતો માટે આ વખતે ઇનામ આપવાનુ તેને મન થયુ તેણે કહ્યુ, "અગલા પગ આવજે, ત્યા હુ તને તારૂ મહેનતાણુ આપીશ"

"સાહેબ, એટલી બધીવાર મારાથી થોભી શકાય નહિ" એમ કહી મુન્નાએ સાહેબના ગજવામાથી રિવોલ્વર કાઢી લીધી

હવે સાહેબ સમજ્યા કે આ કઠિઆરો નથી કાતો લટારો છે, અગર રાજા વીરચદનો કોઈ શક્તિમાન નોકર છે સાહેબ અત્યત દુર્બળ બની ગયો હતો, તેમા વળી એકલો હતો તેથી મુન્નાને પિસ્તોલ લેતા અટકાવી શકયો નહિ

જતી વખતે મુન્નાએ કહ્યુ, "સાહેબ ! હુ તમને સુવર્ણરેખાના પાણીમા ડુબાવી મારત તો તમને કોણ બચાવત ? જે અભાગીઓ તમારા હુકમથી પોતાના ભાઇઓને પકડવા આવ્યા છે, તેઓના જેવા મૂર્ખ પૃથ્વી પર બીજા કોઈ નથી એ તમે સારી રીતે સમજો છો, તેઓની આખમા ધૂળ નાખતા કેટલી વાર ?

ગ્રીડ–તુ કોણ છે ?

મુન્ના–મુન્નાનુ નામ સાભળ્યુ ?

ગ્રીડ–તે જ તુ ?

મુન્ના–તે જ છે એમ કહી શકુ ? એ હોત તો મારી નજર આગળ એક નિર્દોષ બ્રાહ્મણને તમે જેલમા નાખી શકત ખરા ? સંસાર

વિષે જે કઇ જાણુતો નથી, એકાદ સાધારણ કીડીના શરીર પર પણ હાથ ઉપાડતા જેને દયા આવે છે, તેને સજા થતી જોઈ મુન્ના જો હોત તો બાધ્યો ન રહેત ! મુન્ના ઘણા વર્ષો પહેલા મરણ પામ્યો છે હુ તેનુ નામ ધારણ કરી ભટકુ છુ

ગ્રીડ–તેથી શુ અત્યારે વેર વાળવા આવ્યો છે ?

મુન્ના–અત્યારે ? કોના પર વેર વાળુ ? તમે તો મરેલા છો. મુડદા પર મુન્ના કદી હથિયારનો ઘા કરતો નથી વેર લેત એક વખત ! જ્યારે પચાસ તોપના ગોળાથી તમારૂ છોટાનાગપુરનુ રહેઠાણ કાયમને માટે ભસ્મ કરી નાખત ત્યારે ! એકાદ બે હથિયાર વિનાના માણુસોને મારી તમારે ત્યારે બડાઇ હાકવી પડત નહિ શુ કહુ ! પ્રભુએ તમને આમત્રણ આપી અધિકાર આપ્યો છે તેથી જ એક દિવસમા મારી પચાસ વર્ષની સચિત શક્તિ–તોપો, બદુકો, દારૂ ગોળો, પૈસા વગેરે બધુ અદૃશ્ય કરી નાખ્યુ છે

એટલુ કહી મુન્ના ચાલ્યો ગયો સાહેબ દિગ્મૂઢ બની બેઠો તેણે વિચાર્યું કે શુ બકી ગયો ? એ બધી વાતોનો શો અર્થ થઇ શકે ?

થોડીવારમા રૂપસિંહ અને તેના સહચરો આવી પહોંચ્યા દુબળ ગ્રીડ તે દિવસ તો બળવાખોરોનો કેડો મૂકી પ્રસાદપુર પાછો આવ્યો. મુન્ના વિષે તેણે કોઇને કઇ ન જણાવ્યુ

જે પહેરગીર તુલસી પર પહેરો ભરતો હતો, તે આ કોલાહલ સાભળી નદી તરફ દોડયો હતો તે પણ આ ટોળા સાથે ભળ્યો હતો, તુલસીનુ આતિથ્ય ભોગવવાનુ તેના ભાગ્યમા નહોતુ

કેવળ મુકુદ અને તેના ચાર સોબતીઓ એ વનમા રહ્યા

પ્રકરણ ૧૨ મું

ગાઢ અરણ્યમાં

પોલિસની બ્હીકથી ઘરબાર છોડી રાણી મધુમતી અને નારાયણી તુલસીની સલાહ મુજબ જંગલને રસ્તે પશ્ચિમ તરફ જવા લાગ્યા તુલસી તેને આવી મળવાની હતી છતા બે પહોર દહાડો ચઢયો છતા તે ન આવી તુલસીએ પોતે ન આવી પહોંચે ત્યા સુધી આગળ ન જવાની સૂચના આપી હોવા છતા ભયથી ભાન ભૂલેલી રાણીએ નારાયણીને રસ્તામા ક્યાય બેસવા ન દીધી

બન્ને થાકી ગયા તેઓ જિંદગીમા પહેલી જ વાર આટલુ ચાલ્યા હતા વળી તેઓનો રસ્તો સીધો સપાટ નહોતો. વારંવાર ચડ ઉતર કરવી પડતી હતી ચોતરફ ફુંકી રહેલા ઝાડોની ઘટામા વાઘ, રીંછ વગેરે જાનવરો તફુકી રહ્યા હતા આવા ભયંકર રસ્તામા રાજરાણી અને રાજકુમારી એકલા ચાલ્યા જાય છે, પણ હવે પગ આગળ ચાલતા અટકવા લાગ્યા

જે સ્થળે તેઓ આવી પહોચ્યા હતા, તેની બંને બાજૂએ લગભગ સો હાથ ઉંચી ડુંગરની હાર આવેલી હતી તેના પર નાના મોટા અસંખ્ય ઝાડો ઉગ્યા હતા દૂરથી જોતા તે દેખાવ સુંદર લાગતો હતો, ફોટો પાડતા એ દેખાવ અવર્ણનીય જણાતો હતો, પણ એ માર્ગના મુસાફરની નજરે તો એ દેખાવ કેવો ભયંકર લાગતો હતો, તે આપણે કલ્પનામા પણ લાવી શકીએ નહિ

આ ભયંકર અરણ્યમા સિત્તેર વર્ષની મહારાણી પોતાની પૌત્રી સાથે ધીમે ધીમે આગળ ધપતી હતી તેની ઇચ્છા તો ઉતાવળે ચાલ-

વાની હતી, પરતુ રસ્તામાના પથરા, ઢેફાઢળીયા અને વૃક્ષો તેની ઇચ્છા પાર પાડવામા અતરાય રૂપ નીવડતા હતા, ચાલતા ચાલતા નારાયણી પાછળ પડી ગઇ પકડાઇ જવાની બ્હીકે મહારાણીએ તેને ઠપકો આપી આગળ ચાલવુ શરૂ કર્યું

વખતો વખત નારાયણીના પગમા કાકરા વાગતા હતા પણ થોડા યત્રણા સૂચકશબ્દો ઉચ્ચારી તેને આગળ વધવુ પડતુ હતુ એક વાર નારાયણીથી સહન ન થયુ તે વખતે જબરી ઠોકર વાગી હતી

ચાલતા ચાલતા રાણીએ જોયુ કે નારાયણી પડવાની અણી પર આવી છે રાણીએ દોડી જઈ તેને પકડી લીધી નારાયણીએ કહ્યુ, “ મા, હવે તો કયાક બેસીએ હુ હવે ચાલી શકતી નથી ”

પરતુ આવી ભયકર જગામા બેસવાનુ હોત તો આટલો રસ્તો કાપવાથી શો લાભ? પકડાવાની બ્હીક તો ઓછી થઇ નહોતી ! રાણીએ નારાયણીને થોડે દૂર આવવાની વિનતિ કરી પોતાના શારીરિક બળના દાખલા આપ્યા કેટલાય દિવસોના ઉપવાસ કર્યા છતા ભારે મહેનતનુ કામ કરવાના દષ્ટાતો વીણી વીણીને નારાયણીને ભેટ ધર્યા, વાઘની બ્હીક બતાવી, પકડાઇ જવાની બ્હીક બતાવી, તોપણ નારાયણી આગળ વધવા તૈયાર ન થઇ એટલે રાણીને આશ્રયસ્થળ શોધવાની જરૂર પડી

અત્યાર સુધી રાણીના મનમા નારાયણીને બચાવવાનો જ વિચાર ઘૂમતો હોવાથી તેને રસ્તાની ભયકરતાનો ખ્યાલ આવ્યો નહોતો આ વખતે તેણે કઇ વિશ્રામ સ્થાન ખોળવાને ચોતરફ નજર ફેરવી કે તરત કેવા ભયકર વનમા આવી ચઢયા છીએ તેનો ખ્યાલ આવ્યો ડાબી બાજૂએ પ્રચડ અરણ્યની ભયકર મૂર્તિ નજરે પડી.

જમણી તરફ જોતા પર્વતની તળેટીથી માડીને તે તેના શિખર સુધી હજારો ઝાડો પગથિઆની પેઠે ગોઠવાઈ ગએલા જણાયા. કોઈ કોઇ સ્થળે એ ઝાડોની ઘટામાથી પર્વતનો ધૂમાડિઓ રગ જણાતો હતો રાણીએ વિચાર કર્યો કે " અહો ! શી ભાગ્યની રેખા ! "

પોતાના રાજમહેલની અગાશીમાથી રાણી દરરોજ આ જગલની ભવ્ય મૂર્તિ નિહાળતી હતી એકલી જોઇ તૃપ્ત ન થતી એટલે અગામબધીઓને બતાવતી હતી બીજાને આ મનોહર દશ્યનુ મનોહરપણુ સમજાવવા ખૂબ પ્રયત્ન કરતી હતી જુવાનીમા પૂર્ણિમાની ચાદનીમા પુત્રને ખોળામા લઈ ચદ્ર બતાવતી, અને એ ઉજ્વલ પ્રકાશમા દૂર સુધી ફેલાઇ રહેલુ આ સાગનુ વન પુત્રને બતાવતી, હસાવતી ને પોતે હસતી બોલાવતા છતા જવાબ ન મળતા કેટલીય વેળા સૌંદર્યમુગ્ધ આત્મવિસ્મૃત પટરાણીનુ ધ્યાન ભગ કરવા માટે મહારાજ વીરચદ્રને અગાશીપર આવવુ પડતુ કેટલીય વાર નારાયણીને આ વિશાળ જગલમા ફેકી દેવાની બ્હીક બતાવી છાની રાખતી પરતુ તે વખતે તે જાણતી નહોતી કે આ મનને મુગ્ધ કરી નાખનારૂ દશ્ય પાસે જતા આટલુ ભયકર જણાતુ હશે !

સુષુપ્ત ભય તેના હૃદયમા જાગ્રત થયો, તેની છાતી ધડકવા લાગી નારાયણી દાદીમાને એકી નજરે વન નિહાળતા જોઇ, તેના મુખપર ફેરવાતા જતા ભાવ તરફ જોઇ સમજી ગઇ કે હવે દાદીમા બીધા છે, તેણે પૂછ્યુ, " મા, શુ જૂઓ છો ? "

રાણી—આપણે કયા આવ્યા બ્હેન ?

નારાયણી—તમે તો હમણા જ જોયુ, હુ કયારની જોઉ છુ.

રાણી—ત્યારે તે જ વખતે કેમ ન જણાવ્યુ ?

નારાયણી—કહેવા દો ત્યારે કહુ ને !

રાણી—તુલસીએ આ શુ કર્યું ?

નારાયણી—તે શુ કરે ! તેનુ શુ થયુ એ પૂછો ને કાતો આપણે રસ્તો ભૂલ્યા છીએ, ને કા તો બ્હેન પોલિસના પંજામા સપડાઇ છે. મા આપણે એવા અભાગિઆ છીએ કે પોતે તો મુઆ પણુ બીજાને પણુ માર્યાં !

રાણીની આખે અધારા આવવા લાગ્યા. તુલસી વિપત્તિમા આવી પડશે, એ ખ્યાલ અત્યાર સૂધી તેના મગજમા પેઠો નહોતો. બાલિકાની મૂર્તિ ધારણુ કરી દેવી પોતે ઇરાદાપૂર્વક અમારા સુખમા ભાગ લેવા પધાર્યા ને તેજ વિપત્તિમા પડશે ! તે જો ન આવે તો પછી આટલો રસ્તો ચાલ્યા એ શા કામનુ ? રાણી ત્રણુ દિવસ થયા અધીં ભૂખી રહી હતી, છતા તેના શરીર પર દુર્બળતાએ આ-ક્રમણુ કર્યું નહોતુ નારાયણીનુ છેલ્લુ વચન સાભળી તેની બધી શક્તિ જતી રહી. તેના પગ કંપવા લાગ્યા, હાથે ગોટલા ચઢયા ગળુ સુકાઇ ગયુ ! વાચા બધ પડી ગઇ ! સામે જોયુ તો જણાયુ કે રસ્તો નીચો ઉતરતો ઉતરતો સમુદ્રમા સમાઇ જાય છે આકાશ તરફ જોયુ તો સૂર્ય પશ્ચિમ તરફ ઢળવા લાગ્યો છે સૂર્ય પર્વત પાછળ છુપાયો કે સર્વત્ર અધકાર છવાઇ જશે. હજુ પાછા ફરાય તો અંધારૂ થયા પહેલા ઘેર પહોચી શકાય, પણુ પાછુ ફરે કોણુ ? પાછળ ઉચો પર્વત ચઢવાનો હતો. બપોર થયા છતા નારાયણીએ અન્નનો દાણો મુખમા મૂકયો નહોતો. ભૂખ્યે પેટે વળી એ પર્વત ચઢવા જતા એ જીવતી રહેશે ખરી ! પાછા ફરવાની વાત રાણી વિચારી શકી નહિ. મુસાફરી કરવાની શક્તિ જતી રહી છે, હવે તો વિશ્રામ લેવોજ જોઇએ. પણુ બેસવુ કયા ?

રાણી—બેસવાનુ સ્થળ ક્યા છે બ્હેન ?

નારાયણી—ચોતરફ વૃક્ષોનુ ઢાંકણ છે, સ્થળનો અભાવ ક્યા છે મા ' વિધાતાએ આપણને વસવા યોગ્ય સ્થળે આણ્યા છે

રાણી—એ ખરી વાત પરંતુ આવે સ્થળે આશ્રય લેવા જતા ઘેર પાછા ફરી શકીશુ '

નારાયણી—હવે પાછા ફરવાની શી જરૂર છે ' વાઘ ખાય કે પોલિસ ખાય, હુ તો અહી જ બેસીશ

રસ્તામા આવતા આવતા નારાયણીએ એક ઝરણની પાસે વિશ્રામયોગ્ય સ્થળ જોયુ હતુ તે દાદીને તે તરફ લઇ ચાલી રાણી તેની પાછળ ચાલી

પ્રકરણ ૧૩ મુ

હવે મદદ શા કામની '

ઝરણ પાસે શિલાપર બેઠા પછી નારાયણીએ રાણીને કહ્યુ, “ મા ! વિધાતાએ આપણે માટે આ સ્થળ નક્કી કર્યું છે મને લાગે છે કે આપણે હવે આ સ્થળ છોડવુ નહિ પડે ”

રાણીએ જવાબ ન આપ્યો વાતચીત કરવામા તેનુ ધ્યાન નહોતુ તે આતુર નયને તુલસીની રાહ જોઇ રહી હતી આવી સ્થિતિમા પુષ્કળ વખત વીતી ગયો ત્યારબાદ તેણે નારાયણી સામુ જોયુ નારાયણી એકી નજરે ઝરણ તરફ જોઇ રહી હતી રાણીએ ધાર્યુ કે તે તરસી થઇ હશે તેથી કહ્યુ કે “ તુ અહી એકલી

બેસી શકશે ? હુ સાગના પાદડાનો પડિઓ બનાવી તારે માટે પાણી લાવુ ?"

નારાયણીએ જવાબ ન આપ્યો તે ઝરણને પેલે પાર કઇ જોતી હતી રાણીએ તેના શરીર પર હાથ મકયો, એટલે નારાયણી બોલી, " મા ! પેલી જગાએથી આપણને કોણ જોઇ રહ્યુ છે "

" ત્યારે હવે શુ કરીશુ ? "

" હુ અહી જગ સૂઇ લઉ. એમ કહી તે દાદીના ખોળામા માથુ રાખી સુતી.'

" અહી તે કયા સુતી નારાયણી ? "

અને નારાયણી ! તેની આખો તો મીચાઇ ગઇ રાણીએ તેને કેટલીય બ્હીક બતાવી પણ તેણે આખો ન ઉઘાડી રાણીએ જોયુ કે તે ભરઉઘમા પડી છે હાથ પકડી, ઉઠાડવાની તેને મરજી ન થઇ છેવટે તે બડબડી " ત્યારે ઉઘ બ્હેન ! આથી તે વધારે દુ ખ શુ પડવાનુ હતુ ! ભગવાન ક્ષણને માટે પણ જો તને આ શાતિ ભોગવવા દે તો ભોગવ " એમ કહી તે ઝરણને પેલે પાર શુ છે તે જોવા લાગી પણ કઇ જોઈ શકી નહિ

તેની આખ આગળ પૂર્વસ્મૃતિ ખડી થઈ ગઇ પુત્ર રામચદ્ર, પુત્રવધૂ, સ્વામીના સુખના સહચરો–મિત્રો, નોકરો સૈન્ય વગેરે બધુ એક પછી એક તેની નજર આગળ થઇને પસાર થઇ ગયુ ઐશ્વર્ય ના ભોગથી છુટી પડેલી, શત્રુઓએ રોળી નાખેલી મહારાજની શ્રીહીન મૂર્તિ, કારાવાસમા પીડાતા દેવ જેવા હૃદયવાળા બ્રાહ્મણની સાથે તેના હૃદયમા જાગ્રત થઇ, રાણીનુ અત કરણ વલોવવા લાગ્યુ રાણી શોક દબાવી ન શકી, તેનાથી રડી પડાયુ

એ વખતે પાસેના જંગલમાં પાંદડાં ખખડયાં. રાણીએ ચોતરફ જોયું, નારાયણીને ઉડાડવાનો પ્રયત્ન કર્યો પરંતુ રાણી ઉડે તે પહેલાં ચાર બળવાન પહેરેગીરોએ તેઓને ઘેરી લીધાં સાથે મુકુંદ હતો.

મુકુંદને જોઇ રાણીએ કહ્યું, "શું મુકુંદ! અમને વનવાસિની કર્યાં છતાં તારા પિતાને સંતોષ ન વળ્યો? આ ભયંકર જંગલમાં શું તું અમારી ઇજ્જત લેવા આવ્યો છે?"

રાણીની સ્થિતિ જોઇ, તેની વાત સાંભળી, મુકુંદ જરાપણ લજવાયો નહિ, એ નરાધમે જવાબ આપ્યો, 'તમે જાતે તમારી ઇજ્જત ગુમાવી છે. મારા પિતાએ તો તમારે ખાતર પ્રાણ પાથર્યા હતા તેના ઇનામ તરીકે તમારા પતિએ તેનું બધું લુટી લીધું. હિતેચ્છુ મિત્રનું ભુંડુ કરવા જતાં છેવટે મૂર્ખ રાજાને બધું ગુમાવવું પડયું છે. તમને પણ આવી સ્થિતિમાં લાવી મૂકનાર એજ છે."

રાણી સમજી ગઇ કે હવે વધારે વાતચીત કરવામાં સાર નથી તેથી તેણે પૂછયું, ' તમે શું કરવા માગો છો?"

મુકુંદ—વીરચંદ્ર શાહી દેવની બધી મિલ્કત સરકાર બહાદુરની છે. તમે એક હાર છુપાવ્યો છે.

રાણી—હાર અમારી પાસે છે, એ તમને કોણે કહ્યું?

મુકુંદ—કહે કોણ? અમને બાતમી મળી છે બળવાખોર મહાશિવે કાલે આવી એ હાર તમને આપ્યો છે.

રાણી—જો ન આપીએ તો.

મુકુંદે પહેરેગીરોને બતાવી કહ્યું, "આ લોકો બળજોરીથી લઇ લેશે."

રાણી–હું આપવાની નથી. એ લોકો ભલે બળજોરીથી લે.

પહેરેગીરો હાર લેવા માટે રાણીપર બળજોરી કરે એ અસંભવિત હતું તેઓ અંતઃપુરની રાણીની ઈજ્જત બરાબર સમજતા હતા મુકુંદે હાર લેવા માટે એક પહેરેગીરને ઈસારો કર્યો, એટલે તેણે કહ્યું, "હજુર ! આપ પોતેજ એ કાર્ય કરો હું રાણીજીના શરીરે હાથ અડકાડી શકું તેમ નથી "

એક બીજાએ કહ્યું કે "માહેબે હાર લેવાનું આપને ફરમાવ્યું છે ! અમારા વડે રાણીની ઇજ્જત લેવાનો તેમનો ઇરાદો ન જ હોય "

ત્રીજાએ કહ્યું, "આપ વનમા વિપત્તિમા આવી પડો તો અમે તમારૂં રક્ષણ કરીએ એ ખાતરજ માહેબે અમને મોકલ્યા છે "

ચોથાએ રાણી આગળ આવી ઘુંટણભર બેસી કહ્યું, "રાણીજી હાર ફેંકી દો રાજ્ય, ઐશ્વર્ય, સ્વામી પુત્ર બધું ગુમાવ્યા પછી તુચ્છ હારનો લોભ શા માટે રાખો છો ? સરદાર બહાદુરને બાતમી મળી છે, તો પછી આપ એ ક્યાં સૂધી સાચવી શકશો ?

રાણીએ જવાબ આપ્યો કે, "બાપ ! તું ખરૂં કહે છે હાર નહિ રાખું, તમને જ આપીશ થોડીવાર થોભો." એમ કહી તેણે નારાયણીને જગાડી

નિદ્રાદેવીના કબજામા પડી નારાયણી બધું દુ ખ ભૂલી ગઇ હતી તેથી જાગ્યાબાદ વર્ત્તમાન સ્થિતિનો અનુભવ કરતા તેને જરા વાર લાગી

મુકુંદથી વિલંબ સહન થતો નહોતો રાતે પડેલો માર હજુ તેને સાલતો હતો સંધ્યાકાળ પહેલા જંગલ ન છોડાય તો કોણ જાણે શું થાય ગાલ કોણ જાણે કેટલી લાતોનો સ્વાદ ચાખી શકે તેની

કંઇ ગણતરી થઇ શકે ખરી ? વાર લાગતી હોવાથી મુકુંદે રાણીને કહ્યુ,–

"અમને રજા આપ્યાબાદ પૌત્રીને ઉઠાડજો !"

રાણીએ નારાયણીને ઢંઢોળી

નારાયણી બીજી દિશામા મુખ કરી સુતી હતી તેથી ઉઠી છતા મુકુંદ કે તેના સહચરોને જોઇ શકી નહિ તેણે દાદીને પૂછ્યુ, "કોણ દેખાતુ હતુ તે જણાયુ ?"

રાણી—હા, જો આ તારી પાછળ ઉભા

નારાયણીએ ઉલટી બાજુ જોયુ તે સામે મુકુંદને ઉભેલો જોઈ દિગ્મૂઢ બની પોતાનું ઉઘાડુ શરીર ઢાકવા લાગી

મુકુંદે ઘણા દહાડા થયા નારાયણીને જોઇ નહોતી રાજાએ તેની સાથે નારાયણીનો વિવાહ કર્યો નહોતો નારાયણીએ પોતે પણ મુકુંદ તરફ પ્યાર બતાવ્યો નહોતો આથી મુકુંદને એવી ઇચ્છા થઈ હતી કે નારાયણી મળે તો તેને એકાદ બે વાતો મભળાવી દઉ પરતુ તેને જોઇ એ ઇચ્છા કોણ જાણે કયા છુપાઈ ગઇ તે વખતે જેને તે બાલિકા જોતો હતો તે અત્યારે અપૂર્વ સુદરી બની ગઇ હતી ! મુકુંદ એ રૂપ જોઈ પ્રથમ કઇ બોલી શકયો નહિ !

મુકુંદને જોઇ નારાયણી સમજી ગઇ કે તે હાર લેવા આવ્યો છે પરતુ મનોભાવ છુપાવી બોલી, "શુ મુકુંદ ! હુ કેવી સ્થિતિમા છુ તે જોવા આવ્યા છો ?"

મુકુંદ—મારો તિરસ્કાર કરવો નકામો છે તારા મૂર્ખ પિતામહે તને આ સ્થિતિમા આણી મૂકી છે

નારાયણી—તેથીજ તમારા બુદ્ધિમાન પિતાએ પોતાના બુદ્ધિમાન પુત્રને અમારો ઉદ્ધાર કરવા માટે વનમા મોકલ્યો હશે ખરૂં ?

મુકુંદ—ગુસ્સાના આવેશમાં ગમે તે બોલ, મને પરણી હોત તો તું આજે પ્રસાદપુરની રાણી હોત

નારાયણી—મારૂં નસીબ બળવાન કે એમ ન બન્યું તમારા હાથમાં પડવા કરતાં વનવાસિની બનવું એ વધારે સારૂં છે

રાણીએ નારાયણીને વાતચીત કરવાની ના પાડી તેને બ્હીક લાગી કે કદાચ ગુસ્સાના આવેશમાં મુકુંદ નારાયણીનું અપમાન કરી નાખે તો !

પણ મુકુંદે ગુસ્સો ન કર્યો નારાયણી વિના તેને પોતાનું ઐશ્વર્ય અધુરૂં જણાવા લાગ્યું નારાયણીને તે હજુ કુમારિકા જાણતો હતો તેણે માન્યું કે તે રીસમાં બોલે છે, રાણીની વાત પરથી તેને એ વાતની ખાત્રી થઇ તેણે મધુર અવાજે રાણીને કહ્યું, " આપ જો હજુ નારાયણીને મારા હાથમાં સોંપો—"

" ચુપ રહે નરાધમ ! ભગવાને મને દેવ જેવા પતિના હાથમાં સોંપી છે " એમ કહી નારાયણી ઉભી થઇ તેણે દાદીનો હાથ પકડી કહ્યું, " ચાલ મા ! અહીંથી જતા રહીએ આ પિશાચનું મુખ જોતાં પાપ લાગશે !"

નારાયણી બેભાનની માફક દાદીને ઘસડતી ઘસડતી ચાલવા લાગી. મુકુંદે જોયું કે આતો બધું જવા બેઠું નારાયણી તો કોઇના હાથમાં જઇ પડી છે. પણ તે સાથે હાર પણ જાય છે સાહેબ મારો તિરસ્કાર કરશે એ કેવળ નફામાં રહ્યું ! ' એક સ્ત્રીના હાથમાંથી હાર લેતાં તને ન આવડ્યું તો પછી જાગીરને શી રીતે સાચવી શકશે ? ' એવો ઠપકો આપતા સાહેબની મૂર્તિ તેની નજર આગળ તરવા લાગી તેણે નક્કી ધારી લીધું કે જરૂર સાહેબ મારી જાગીર જપ્ત કરશે

એવા વિચારથી મુકુંદ પાછો નારાયણી પાછળ દોડયો સિપાહીઓ મુકુંદ પાસે ઉભા હતા, તેઓ પણ સાથે ચાલ્યા

નારાયણી જે તરફ જતી હતી, તે તરફ રસ્તો નહોતો બને જણા એક એવે સ્થળે આવી ઉભા કે ત્યાંથી એક ડગલું આગળ આગળ વધે તો પાચ સાત હાથ નીચે ગબડી પડે એ સ્થળ પેલા ઝરણુનો કાઠો હતો, પાચ સાત હાથ નીચે ઝરણુનો પ્રવાહ કલકલ કરતો વહ્યો જતો હતો

રાણી—અહી કયા આવી નારાયણી ?

નારાયણી—યોગ્ય સ્થળે આવ્યા છીએ મા ! અહીંથી પડી મરશુ એટલે આપણે નિશ્ચિત થશુ મા ! કેવુ ભયકર અપમાન ! હવે આપણે જીવવાની શી જરૂર છે ?

રાણી—મરણ જ શાતિ આપી શકે તેમ છે એ હુ જાણુ છુ પરતુ હિંદુની છોડી આત્મહત્યા કરી મરી શકે નહિ. ભોગ ભોગવવાના હોય તે આ જન્મમા જ ભોગવી લઇએ, આવતા જન્મ માટે બાકી શા માટે રાખવા ? તેઓ આવે છે, હાર ફેકી દે

નારાયણી—જીવ છે ત્યા સુધી તો નહિ જ તેઓ કેવી રીતે લઇ શકે છે તે જોઇ લઇશ ”

એ વખતે મુકુંદ પહેરેગીરો સાથે ત્યા આવી પહોચ્યો તે બોલ્યો, “ હાર આપ્યા સિવાય કયા જાય છે ? ”

(“ Hold ! wretch ! a step more and you are a dead man.”) ખબરદાર ! હવે એક ડગલુ પણ આગળ વધતા નહિ એક પણ ડગલુ આગળ વધ્યા તો મુઆ સમજજો ” જગલમાથી આ અશ્રુતપૂર્વ સ્વર આવ્યો બધાએ ફરી જોયુ તો

એક સાહેબ ઉભેલો જણાયો ભયથી, વિસ્મયથી, નીચે ઉતરવાની ઉતાવળથી રાણીનો પગ ખસ્યો ! તે સાત હાથ નીચે વહેતા ઝરણમા પડી ગઈ નારાયણી પણ તેની સાથે કુદી પડી

મુકુદ અને તેના નોકરો ભયકર બ્હીકથી બેબાકળા બની ત્યાથી નાસી છૂટયા

વાચકોને કહેવુ પડે તેમ નથી કે એ સાહેબ બ્રાઉન પોતે હતો બ્રાઉન સુવર્ણરેખા ઉતરી છેવટે જગલમા આડો ફાટી મહામહેનતે અહીં આવી પહોચ્યો હતો

પ્રકરણ ૧૪ મું

નદીને શરણે

નારાયણીએ શ્વાટો પાડયો–" મા ! " રાણીની આખો મીચાઇ ગઇ હતી, તે જમીન સાથે માથુ ચાપી પડી હતી–તેણે જવાબ ન આપ્યો, નારાયણીએ વળી બૂમ પાડી–" મા ! " જવાબ ન મળ્યો તેણે તેને ઢઢોળી કહ્યુ, " અહીં કેમ સૂતી મા ! '

વારવાર બે ત્રણ વખત ઢઢોળતા છતા રાણી ન ઉઠી એટલે તે ઝરણમાથી પાણી લાવી દાદીના મુખ પર છાટવા લાગી પણ રાણીએ ચેતનનુ ચિહ્ન ન દર્શાવ્યુ

હવે નારાયણી સમજી કે દાદીમા હવે મનુષ્યના પ્રશ્નનો જવાબ નહિ આપે તે તેને ખોળા પર લઇ રૂદન કરવા લાગી.

મુકુદ અને તેના સહચરોને હાકી કાઢી બ્રાઉન નારાયણીની શોધમા નદી કિનારે આવી પહોચ્યો તેણે જોયુ કે તે દાદીની છાતી

પગ મ્હો રાખી બેઠી છે. તેના છુટા વાળ વીખરાઇ જઇ મ્હો પર ઢળી પડયા છે રાણી જમીનપર પડી છે તેની અવસ્થા અને નારાયણીનો ક્રિયાકલાપ બ્રાઉન દૂરથી સમજી શકયો નહિ વખત છે તે ગજકુમારીની ઇજ્જત હલકી પડે એવી બ્હીકથી તેણે દૂર બૂમ પાડી, " રાજકુમારી ! "

નારાયણીએ માથુ ઉચુ કરી જોયુ કે એક સાહેબ ઉભો છે તેણે કઇ જવાબ ન આપ્યો ગળામાથી હાર કાઢયો અને નદીના પ્રવાહ તરફ ફેંકયો હાર પાણીમા ન પડયો પ્રવાહ પાસેના રેતીના ઢગમા જઇ પડયો બ્રાઉન તેના મનનો વિચાર સમજી ગયો. તેણે હાર લઇ લીધો અને નાગયણી પાસે જઇ તે તેની પાસે જમીન પગ મૂકી કહ્યુ, "હુ હાર લેવા આવ્યો નથી જેઓ લેવા આવ્યા હતા, એ નરાધમોને મે હાકી કાઢયા છે "

નારાયણી નવાઇ પામી આ શુ અભવિત છે ? કે મને આવી દશામા જોઇ એ દુષ્ટ મારી મશ્કરી કરે છે ? તેણે પૂછયુ, " આપ કોણ છો ? "

બ્રાઉન તુલસીએ લખેલુ પાદકુ નાગયણીને આપવા ગયો

નારાયણીએ પાદકુ જમીન પર ગખવાનો ઇસારો કર્યો પાદકુ વાચી તેણે બ્રાઉનના મુખ તરફ જોયુ

બ્રાઉન–મે આપનુ બહુ બુરૂ કર્યું છે મે જ આપને આ દશામા આણ્યા છે

નારાયણી–આપ શા માટે એમ કરો ? જેને આપે દૂર હાકી કાઢયા તેણે તથા તેના દુષ્ટ પિતાએ જ અમારી આ સ્થિતિ કરી છે

બ્રાઉન–હાર ?

નારાયણી—આપ ગખો આપ તો જાણો છો કે તે જાળવી

રાખવા જેટલી મારામા શક્તિ નથી હુ તે નદીમા નાખવાના ઇરાદાથી અહી આવતી હતી

બ્રાઉન—આપ સાચવી શકો એવી વ્યવસ્થા કરીશ

નારાયણી–જેણે આપને પત્ર આપ્યો તે ક્યા છે ?

બ્રાઉન—તેને મે મહેલમા જોયા છે તે આપને શુ થાય ?

નારાયણી—શુ થાય ? એ સમજાવવાની તાકાત મારામા નથી ! તે દેવી છે, કોઇ સ્વર્ગમાથી મને સાન્ત્વના આપવા માટે, મારી સાથે દુ ખ ભોગવવા માટે આ મૃત્યુ લોકમા આવી છે

બ્રાઉન—હવે, મને શો હુકમ કરો છો? મને આપનો નોકર માનજો !

નારાયણી—ના સાહેબ ! એ વાત મને ન સભળાવતા દુ ખી પર દયા બતાવવા આવ્યા છો એ જ યથેષ્ટ છે મારી અવસ્થા ગુલામડીથી પણ અધમ છે ગુલામડીને પણ રહેવાની જગ્યા હોય છે, મારે તો એ પણ નથી ”

બ્રાઉન—તો પછી મિત્ર માનજો

નારાયણી—શુ કરશો ! હવે શો ઉપકાર કરવાનો છે સાહેબ !

બ્રાઉન—રાણીજી શુ ઉઘે છે ?

નારાયણી દાદીનુ માથુ જમીન પર મૂકી ઉભી થઈ કેડ બાધતી બાધતી કહેવા લાગી ‘ ઉઘે છે, પણ આ ઉઘમાથી ઉઠાડવાને કોઇ પણ મનુષ્ય શક્તિમાન નથી ”

બ્રાઉન બધુ સમજ્યો, પણ વાતચીત કરી શકયો નહિ તે એકી નજરે રાણીના શબ તરફ જોઇ રહ્યો

નારાયણીએ પેલો હાર લઇ ગળામા પહેર્યો, પછી દાદીને ખભા પર ચઢાવવાનો પ્રયત્ન કર્યો બ્રાઉને કહ્યુ, “મને આજ્ઞા આપો તો આપ કહો ત્યા લઇ ચાલુ ”

નારાયણી—તેમ ન બને ! અમારા શબને પરધર્મીનો સ્પર્શ ન થવો જોઇએ

બ્રાઉન—આટલો ભાર ખાંધે ચઢાવી આ ભયંકર વનમાં કયાં જશો ?

નારાયણી—ક્યાં જઇશ તે કહી શકતી નથી. સાહેબ, તમે મારી સાથે આવતા નહિ જોતા નથી, ચોતરફથી અંધકાર ઘેરાતો આવે છે ! હું ઘણા દિવસોથી અંધકારમાં ડુબી છું અંધકાર મને પ્રિય છે તમે મારી સાથે આવી સુખી થશો નહિ

નારાયણી દાદીનું શબ લઈ નદી તરફ ચાલવા લાગી, બ્રાઉન એક સ્થળે ઉભો ઉભો જોવા લાગ્યો બાલિકા પિતામહીના શબને લઈ આગળ ચાલી જ્યાં ઝરણું સુવર્ણરેખાના પ્રવાહને જઇ મળ્યું હતું, ત્યાં આવી તે થોડી વાર ઉભી રહી. ત્યાર પછી ! એક ક્ષણમાં બાલિકા દાદીના શબ સાથે પ્રવાહમાં કુદી પડી.

બ્રાઉન ગાંડાની માફક કુદ્યો, નારાયણીની પાછળ નદીમાં પડયો.

પ્રકરણ ૧૫ મું

પતિવ્રતાને શરણે

જાનકીએ આનંદદેવને પૂછયું કે " બળવાખોરોને પકડવા માટે મારા પતિને સાહેબ સાથે કેમ મોકલ્યા ?

આનંદદેવ પુત્રવધૂને બહુ ચાહતો હતો ! તેનો પ્રશ્ન સાંભળી તે એમ સમજ્યો કે તેને મુકુંદ માટે ભય પેદા થયો છે તેથી તેણે આશ્વાસન આપતાં કહ્યું, "તેને માટે કંઇ ચિંતા રાખશો નહિ બેટા !"

જાનકી—કેવી રીતે જાણ્યુ ?

આનદદેવ—સાથે સાહેબ છે, બાર હથિયારબધ પોલિસો છે

જાનકી—બળવાખોરોને બીજા કોઇના પર ગુસ્સો નથી કેવળ આપના પર ને આપના પુત્ર પર જ ગુસ્સો છે

આનદદેવ—હોય તોપણુ તેઓ શુ કરી શકવાના છે ?

જાનકી—શુ કરવાના છે ? તેઓ જો કઇ કરવા માગતા હગે તો સાહેબ કે તેના બાર સિપાહીઓ તેમને અટકાવી શક-વાના નથી

આન દદેવ—તમે બૈરી માણસો કહેવાઓ પતિને માટે બ્હીક રાખો છો, તેથી એમ કહો છો બીજા કોઇ આ વાત સાભળે તો ન માને

જાનકી—કારણુ કે બીજા કોઇએ બળવાખોરોની શક્તિ જોઇ નથી જોઈ હોત તો તેઓ જરૂર માનત મે એ લોકની શક્તિ જોઈ છે, માટે કહુ છુ

આન દદેવ—તમે શુ જોયુ છે ?

જાનકી—એકવાર નહિ પણુ ઘણીવાર, પણુ હવે હુ સ્પષ્ટ કહુ છુ કે આપ કે આપના પુત્ર કદી પણુ નિશ્ચિતપણે આ ઐશ્વર્ય ન ભોગવતા હોત, જો તેઓએ આપને ઈરાદાપૂર્વક ન જતા કર્યા હોત તો ! બળવાખોરોને હાથે અત્યાર સુધીમા તમારે જીવન વિસ-ર્જન કરવુ પડત એ વાત નક્કી છે

બીકણુ આન દદેવ ચકિત નેત્રે જાનકી સામુ જોઇ રહ્યો જાનકી કહેવા લાગી, “ અત્યાર સુધીતો કોઇ પણુ રીતે બચાવ્યા છે પરતુ વારવાર એ લોકોને પીડશો તો આપને કોણુ બચાવશે ? ”

આનંદદેવ—એ લોકો અમારા ખૂન કરવા ક્યારે આવ્યા હતા? મને લાગે છે કે મારા શયનગૃહમાં એક દિવસે હથિયાર પડ્યું હતું તે પરથી તમને આ શંકા ઉત્પન્ન થઇ છે.

જાનકી—મેં મારી છતી આંખે જોયું છે. હથિયાર માગી લઇ મેં આપને બચાવ્યા છે.

આનંદદેવ—શું કહો છો?

જાનકી—વધારે શું કહું! આટલી મહેનતે મેળવેલું ધન મૂકી આત્મહત્યા શા માટે કરવા બેસો છો, શા માટે પુત્રની હત્યા કરવા તત્પર થયા છો!

આનંદદેવ—મારા ઘરમાં ક્યારે એ લોકો ઘૂસ્યા હતા.

જાનકી—જે દિવસે બ્રાહ્મણને કેદમાં નખાવી ઉલ્લાસ કરતા કરતા આપ રાત્રિએ આવ્યા હતા, તે જ દિવસે પ્રથમ તેને જોયો હતો, આપના પુત્રે જોયો નથી પણ તેની જાણ બહાર એ વાત નથી ગઇ. હજુ પણ તેનો ગાલ ચમચમતો હશે.

આનંદદેવ—તેને કોણે બચાવ્યો?

જાનકી—પહેલી વખત સદાશિવે ત્યાર પછી હું તેને નામે બચાવ કરતી આવી છું.

જાનકીએ ગઈ રાતની બધી બિના સસરાને કહી સંભળાવી. એ વખતે આનંદદેવની પત્ની ત્યાં દોડી આવી અને રડતાં રડતાં બોલી-સંધ્યાકાળ થયો સાહેબ તો પાછા ફર્યા, પરંતુ મારો પુત્ર હજુ આવ્યો નથી.

જાનકીએ એ તરફ લક્ષ ન આપ્યું.

આનંદદેવ—હવે શો ઉપાય?

આનદદેવની પત્નીએ કહ્યુ, "કઇ ઉપાય કરો નહિતો આપઘાત કરી મરીશ"

આનદદેવ—તને ખબર કેવી રીતે પડી ?

"નોકરે આવી બધા સમાચાર આપ્યા સાહેબ મુકુદને પાછળ મૂકી ચાલ્યા આવ્યા છે

આનદદેવે જાનકી સામુ જોયુ.

જાનકી—મને રજા આપો હુ અનતપુર જાઉ

આનદદેવની પત્નીએ કહ્યુ, "તુ જઇ શુ કરશે ?"

જાનકી—મારા સિવાય બીજુ કોઇ તેને બચાવી શકે તેમ નથી.

આનદદેવ—ચાલો બેટા, તમને બધી સગવડ કરી આપુ

આનદદેવની પત્ની આમાનુ કઇ સમજી નહિ તેણે પોતાના પતિને પૂછ્યુ તો જવાબ મળ્યો કે "પછી સાભળજે"

પ્રકરણ ૧૬ મું

બધા કઇ સરખા હોતા નથી

સદાશિવ રતનની ઝુપડી પાસેના સુવર્ણરેખાના ભાગ્યા તૂટયા ઘાટ પર ભીને લુગડે ઉભો હતો. સૂર્ય અસ્ત પામ્યો હતો, આકાશમા વાદળા ચઢયા હતા સધ્યાકાળ વખતે મધરાત જેટલો અધકાર છવાઇ રહ્યો હતો

ધીરે ધીરે તુલસી તેની પાસે આવી ઉભી

સદાશિવ—શુ કર્યુ તુલસી ? આટલા દિવસનુ કાર્ય એક દિવસમા વણસાડયુ ? નારાયણી ગઇ

તુલસી-હજુ આશા છે.

મદાશિવ—હજુ આશા મે ચોતરફ તપાસ કરી દિવસે તો પત્તો ન મળ્યો, હવે આ ઘોર અધકારમા શી આશા ? તુલસી આટલા દિવસ તારા વિના રહી શકયો હતો, આજે બે ઘડી માટે ન રહી શકયો !

તુલસી—હજુ મુન્ના પાછો ફર્યો નથી

મદાશિવ—મુન્ના પણ માણુમ છે જે મનુષ્ય જે કરી શકે તે મુન્ના કરતો આવ્યો છે, તેથી વધારે કરવાની તેનામા શક્તિ નથી મને લાગે છે કે તેને ભાળ નહિ લાગી હોય કદાપિ હમેશને માટે નહિ લાગે !

તુલસી—મુકુદ અથવા તેના પહેરેગીરો પાછા ફર્યા હોત તો તે આ રસ્તે જ પાછા ફરત

મદાશિવ—હુ તેની રાહ જોઇ ઉભો છુ તેઓ આવે એટલે તેઓના લોહીથી આજે નાગયણીનુ વેર વાળીશ

તુલસી—ના દેવ ! એમ ન કરતા

મદાશિવ—નકામી પ્રાર્થના ન કર નાગયણી જીવતી હશે તોપણ હું એ પામરને મારીશ, જીવતી નહિ હોય તો પણ તેનુ લોહી રેડીશ એ હુ દુષ્ટના ભારથી ધરતીને હેરાન થવા નહિ દઉ

તુલસી સ્વામીના પગમા પડી સદાશિવે કહ્યુ, "ગુરૂ આવી આ માગણી કરે તો પણ એમની વિનતિ માન્ય રાખુ કે નહિ એ વિષે મને આજે મોટો શક રહે છે તુલસી ! હું દેવ થઇ આવ્યો નથી હુ પણ માણસ છુ ! હવે કેટલુક સહન કરૂ ?"

તુલસી—હું તો આપને તેથી પણ અધિક જોઉ છુ દેવોમા પણ શુ આટલુ ધૈર્ય હોય ?

સદાશિવ—એટલે શુ સ્ત્રીનુ અપમાન સહન કરૂ ? ગજાનુ બધુ ગયુ છે, હું ભિખારી થઇ ગયો છુ છતા એક દિવસ પણ અશાત બન્યો નથી મે બધુ દુ ખ આનદપૂર્વક સહ્યુ છે તારી વિનતિ પરથી નાગાયણાએ મારા હાથમા હાથ મૂક્યો છે. કેમ, જાણે છે ' તે જાણુતી હતી કે તુલસીએ પણ એક દિવસ આ હાથમા હાથ મૂક્યો હતો તેના અપમાનનો બદલો ન લઉ તો વૈકુઠમા પણ હુ સુખી ન થઇ શકુ

દૂર ઝાડીમા મનુષ્યના પગલા સભળાયા કોઇ જાણે નાસી જતુ ન હોય એવુ જણાયુ, સદાશિવ તે તરફ દોડયો તુલસી બે પગવા બની ઉભી રહી, થોડીવાર પછી ઘુટણભર થઇ ભગવાનની પ્રાર્થના કરવા લાગી, " પ્રભુ ! મારા પતિને ખૂની બનવા દઇશ નહિ "

હવે તુલસીએ પણ સ્વામીની પાછળ જવાની ઇચ્છા કરી પરતુ બે ડગલા આગળ વધી કે તરત પાછળથી બ્રાઉને પોકાર કર્યો, " બ્હેન ! "

તુલસી—કોણ, સાહેબ ?

બ્રાઉન—આપ ઘેર જાઓ

તુલસી—મારી બ્હેન મળી ?

બ્રાઉન—હા, પરતુ હજુ બેભાન અવસ્થામા છે તે નદીમા ડુબી ગયા હતા તેથી હજુ ભાનમા આવ્યા નથી

તુલસી-આપનો ઉપકાર કેવી રીતે માનવો સાહેબ ?

બ્રાઉન-બીજી વાતોમા વખત ન વીતાડો, જેમ બને તેમ જલ્દી જઇ રાજકુમારીની સારવાર કરો હું ડાકટરને બોલાવવા શહેર જાઉ છુ, મે તેમને ઘરમા સૂવાડયા છે જલ્દી જાઓ.

એમ કહી બ્રાઉન તુલસીને સલામ કરી ચાલ્યો ગયો.

તુલસીએ રાણી વિષે પૂછ્યુ દૂરથી કઇ અસ્પૃષ્ટ જવાબ આવ્યો તેને બીજો પ્રશ્ન પૂછવાનો અવકાશ ન મળ્યો એક નિમેષમા બ્રાઉન અદૃશ્ય થઇ ગયો નાના પ્રકારના અશુભ સમાચાર કલ્પતી કલ્પતી તુલસી ઘરમા પેઠી

પ્રકરણ ૧૭ મુ

સદાશિવની પ્રતિજ્ઞા

જે વિશાળ વડ નીચે એક દિવસે રતનને પહેરેગીરો સાથે ઝૂઝી વિશ્રામ લેવો પડ્યો હતો તે વડ નીચે આવી મુકુદને તેના ચાર સોબતીઓએ અધારી રાતે વિસામો ખાવા બેઠા.

એક જણે કહ્યુ, " હજુર ! હવે બ્હીક નથી, અહીં થોડીવાર વિસામો લો

બીજાએ કહ્યુ, " આજે મુઆ નથી તો હવે લાબી મુદત જીવવાના એ નક્કી "

ત્રીજાએ કહ્યુ, " હજુ ભય દૂર થયો નથી, ચાલો, આ સ્થળ જેમ બને તેમ જલ્દી છોડી જઇએ

ચોથાએ કહ્યુ, " હવે તો ચાલવાની આય રહી નથી હવે તો સૂઇએ તો સારૂ

ત્રીજાએ કહ્યુ, " મારા મત મુજબ આ સ્થળ છોડવુ એજ ઠીક છે કારણ કે જેના હાથમાથી આપણે આજ છૂટયા છીએ તે મુન્ના હતો તેણે આજ સુધીમા જેના પર હથિયાર ઉગામ્યા છે, તેમાનુ

કોઇ કદી અક્ષત શરીરે પાછુ ફર્યું નથી. જો સુવર્ણરેખાના પ્રવાહમા રાણી ન જણાયા હોત તો આજે આપણુ આવી બન્યુ હોત પરતુ વાધે તેનો શિકાર જતો કર્યો છે એમ ન સમજશો તે તક મળતા જ આપણી પાછળ પડશે માટે કહુ છુ કે જો જીવવાની આશા હોય તો પ્રસાદપુર જઇ પહોચો

મુકુદ બહુજ થાકી ગયો હતો તેની વાચા બધ થઇ ગઇ હતી. તો પણ પોતે હજુ વિપત્તિમા છે એ સાભળી આગળ વધવાની પ્રાર્થના કરવા લાગ્યો તેણે કહ્યુ, મને ઘેર પહોચાડો. જો એના બદલામા પ્રસાદપુર માગશો તો તે પણ આપવા તૈયાર છુ

એ વખતે એક પ્રહરીના માથા પર લાકડી પડી તે મર્છા ખાઇ પડયો જોતજોતામા બીજા ઘાથી બીજો સિપાહી ચીસ પાડી નાઠો બાકીના બધા જેમ ફાવ્યુ તેમ નાઠા મર્છા ખાઇ પડેલો સિપાહી પડયો રહ્યો મુકુદ પણ એ લોકો સાથે નાઠો !

એક ક્ષણમા મુન્ના પેલા મૂર્છા ખાઈ પડેલા સિપાહી પાસે જઇ પહોચ્યો. તેણે પેલા સિપાહીને લાત મારી લાત વાગતા એ હતભાગ્યને ભાન આવ્યુ મુન્નાએ પૃછ્યુ, " વધારે વાતચીત કરવાનો વખત નથી બોલ, રાજકુમારીનુ શુ થયુ ? જૂઠુ બોલશે તો મુઓ સમજજે

પહેરેગીર—રાજકુમારી નદીમા પડયા હતા ત્યાર પછી શુ થયુ તે હુ જાણુતો નથી એક સાહેબ ત્યા આવી પહોચ્યો હતો તે આપને બધુ કહી શકશે

પાછળથી આવી સદાશિવે મુન્નાએ પકડયો

મુન્ના—હજુર ! રાણી અને રાજકુમારી બન્ને ને ગુમાવવા પડયા હોય એમ જણાય છે. મે રાણીનુ શબ નદી બહાર કાઢયુ છે,

પરંતુ રાજકુમારીનું શું થયું તે ન સમજાવ્યું ! આ પિશાચોએ તેમનું ખૂન કર્યું જણાય છે

સદાશિવ–તે ખાતર આ પામરને શામાટે મારે છે, તું પેલા દુષ્ટ મુકુંદને પકડી લાવ

મુન્ના—જો ન છોડી દો તો પકડી લાવું નહિ તો નકામી છોકરમત કરવાની ઉચ્છા નથી

સદાશિ—ના, હવે તેના પર દયા કરીશ નહિ.

મુન્ના—પ્રતિજ્ઞા લો

સદાશિવ—જો નાગાયણી મરી ગઇ હશે તો નહિ છોડું

મુન્ના—રાજકુમારી મરણ પામ્યા છે એ નક્કી છે

સદાશિવ—ત્યારે એ પિશાચને પકડી લાવ, હું મારે હાથે તેનું ખૂન કરીશ

મુન્ના દોડયો સદાશિવ પહેરેગીરને ખેચતો ખેચતો તળાવ પાસે લઇ ગયો તેણે તેને કહ્યું, "તને નહિ મારૂ, તું મુગો મુગો મારી સાથે આવ પરંતુ જો ચુંકારો કર્યો તો અહીં જ મરી પરવાર્યો સમજજે

ખંડ ૫ મો

પ્રકરણ ૧ લું

સંકેત

નારાયણી પોતાના ઓરડામાં એક ફાટીતૂટી ગોદડી પર સૂતી હતી પાસે તુલસી બેઠી હતી એક ઝાંખો દીવો એ વિશાળ ઓરડાના એક ખુણામાંથી મંદમંદ પ્રકાશ પ્રગટાવી ગાઢ અંધકારની સાથે લડાઇ કરવામાં પોતાની અશક્તિ બતાવી રહ્યો હતો તુલસીએ નારાયણીના મ્હો પાસે મુખ લઇ જઇ કહ્યુ, "નારાયણી!"

નારાયણી—કોણ, બ્હેન?

તુલસી—હું કયાં છું?

તુલસી—તું તારા પોતાના ઘરમાં છે

નારાયણીએ ઉઠવાનો પ્રયત્ન કર્યો તુલસીએ તેને બેઠી થવાની ના પાડી પણ નારાયણીએ તે ન માન્યું તે બે હાથ ટેકાવી ધીરેધીરે બેઠી થઈ

તુલસી—ઉઠીશ નહિ, તું હજુ બહુ દુર્બળ છે

નારાયણી–તે તો હું જાણું છું પણ બહેન, મને કોણે બચાવી?

તુલસી—પ્રભુએ

નારાયણી—મારે ખાતર હવે શા માટે દુઃખ વેઠે છે?

તુલસી–દુઃખ? એ શું નારાયણી? જીવનમાં જો કદી સુખ પામી હોઉં તો તે તારી સાથે રહીને જ.

નાગયણી—હવે અહીં રહેતી નહિ, હવે તુ સુખી થઇ શકીશ નહિ ઘેર જા બ્હેન ! બ્હેન તારો પુત્ર તારી માયાથી શા માટે વચિત રહેવો જોઇએ ?

તુલસી—તેને યોગ્ય સ્થળે રાખી આવી છુ મનુષ્યને સુખી રાખવા માટેના હજારો ઉપાયોમા સ્નેહની ગણુતરી થતી હોય તો મારા પુત્રના ભાગ્યમા એ સ્નેહનો અભાવ નહિ રહે પુત્રની વાત યાદ દેવડાવી મને મારા કર્તવ્યમાથી ન ચળાવ, તુ જ અત્યારે મારો પુત્ર છે

નારાયણી આ વચનોનો કઇ જવાબ આપી શકી નહિ. તેની આખોમાથી કૃતજ્ઞતાદર્શક આસુની રેલ ચાલી તુલસી તેના ધ્રૂજતા હાથે પોતાના એક હાથમા પકડી બીજે હાથે સાલ્લાના છેડા વડે તેના આસૂ લૂછવા લાગી

"બ્હેન ! રડીશ નહિ પ્રભુ જો આપણુને આવી અવસ્થામા મૂકી સુખી થતો હોય તો એ સુખને આપણે આપણુ કરી લેવુ જોઇએ મારા ઘરની અને પુત્ર જેવા દિયરની સ્થિતિ હુ જ જાણુવા છતા જાણુવા ઇચ્છતી નથી જે જાણુ છુ, અતરમા અનુભવુ છુ, તે જ મારા જેવી સ્ત્રીને માટે પુરતુ છે

નારાયણી—એવુ શુ બોલે છે બ્હેન ?

તુલસી—મને લાગે છે કે એ પુત્ર જીવતો નથી

નારાયણી—એવી ભયકર વાત મ્હો વડે ઉચ્ચારની નહિ તુ પતિ અને એ બાળક સાથે આનદ કર.

તુલસી—અને તુ ?

નાગયણી—મારી આશા છોડી દે.

નારાયણી—પ્રભુની આજ્ઞા એવી છે કે તારે મારો સાથ છોડી દેવો હું વટલાઇ છુ

તુલસી—દેવતાના સ્પર્શથી વટલાવાતુ નથી જેણે તારા શરીરને સ્પર્શ કર્યો છે તેને તુ સાધુપુરુષ માનજે

નારાયણીએ કઇ જવાબ ન આપ્યો, તે ધીરે ધીરે પથારી પર સૂવાનો પ્રયત્ન કરવા લાગી તુલસી સમજી ગઇ કે એ વાત નારાયણીને ગમી નથી તેને સુવાડવા જતા તેને જણાયુ કે તેનુ શરીર ઉનુ છે. નારાયણીને તાવ આવ્યો છે

તુલસી—બ્હેન ! ટાઢ વાય છે ?

નારાયણી—શરીર સળગી જાય છે

તુલસી—આખા દિવસની ભૂખી છે, કઇ ખાવાપીવાની ગોઠવણ કરૂ છુ

નારાયણીએ હાથ હલાવી ના પાડી. તેણે ધીમે ધીમે આખો મીચી દીધી તુલસી તેની પાસે બેસી રહી રાણીના સમાચાર જાણવાની તેને બહુ ઇચ્છા થઇ હતી પણ નારાયણીને એ શી રીતે પૂછવુ? નારાયણી ઉંઘતી હતી ઉઘ સિવાય તેને સુખ મળે તેમ નહોતુ. એ સુખ દૂર કરવાનુ સાહસ તો કરી શકી નહિ

નારાયણીને ગાઢ નિદ્રામા પડેલી જોઇ તુલસી તેને માટે ખોરાક શોધવા બ્હાર નીકળી ને સમજતી હતી કે આવી સ્થિતિમા પુષ્ટિકારક ખોરાક નહિ મળે તો તે બચવાની નથી, પરતુ એવો ખોરાક ક્યાથી કાઢવો ? એ દરમિયાન તેને સદાશિવ સાભર્યો, તેનુ શરીર ધ્રુજવા લાગ્યુ સદાશિવ મુકુદનુ ખૂન કરવા ગયો છે તે યાદ આવ્યુ. હુ અહીં છુ, એ અભાગિઆને કોણ બચાવશે ? મારા સિવાય મારા પતિને બીજુ કોણ સમજાવી શકે તેમ છે ?

તુલસીએ નિશ્ચય કર્યો કે નારાયણી ઉંઘે છે તે દરમિયાન પતિની ભાળ કાઢી આવું

બહાર નીકળતી હતી. એ વખતે તેણે જોયું કે અગાશીપર એક હથિયારબંધ પુરૂષ ઉભો છે વિસ્મય અને ભયગ્રસ્ત અવાજે તુલસીએ પૂછ્યું, "કોણ છે ?"

તે પુરુષે દૂરથી પ્રણામ કરી કહ્યું, "મા, ! હું આપનું નરાધમ સંતાન છું જરા પાસે આવશો એટલે મને ઓળખી શકશો હું મોટેથી વાત કરીશ નહિ

તુલસી તેના વચનો સાભળી આગળ વધી, પાસે જતા જ તે બોલી ઉઠી "કોણ, જમાદાર સાહેબ ?"

જમાદાર રૂપસિંગે જવાબ આપ્યો, "વાત કરવા જેટલો સમય નથી જે કોઈ હોય તેને લઇ હમણા જ જગલમા જઈ છુપાઓ વાર લગાડશો તો બધુ બગડશે મા ! પેટને ખાતર ગુલામી સ્વીકારી છે થોડી વાર પછી હુ કઇ ઉપકાર કરી શકીશ નહિ ઉભો ઉભો આપના પ્રિયજનને બધાતો જોઇશ કદાચ બાધવામા મદદ પણ કરવી પડે ! વાર લગાડતા અનિષ્ટ થાય તેમ હોવાથી હુ અહીં સુધી આવ્યો છુ

તુલસીએ રુપસિંગને પ્રણામ કરી કહ્યુ, "આપે પરમ મિત્રનુ કાર્ય કર્યું છે એ પ્રિયજન બીજુ કોઈ નહિ પણ મારા પતિ છે "

રૂપસિંગ નમસ્કાર કરી ચાલ્યો ગયો તુલસી પણ તેની સાથે નીચે ઉતરી

પ્રકરણ ૨ જું

મુકુંદ બચ્યો

ત્રણ વર્ષ પહેલા જે બગીચામા સદાશિવ પહેરેગીરના વેશમા પ્રવેશ કર્યો હતો, તે જ બાગમા આજે પેલા સિપાહી સાથે તેણે પ્રવેશ કર્યો ત્રણ વર્ષમા કેટલો ફેરફાર ! સદાશિવે અગાઉની જાહોજલાલી જોઇ હતી, એટલે તેનાથી એ પરિવર્તન અનુભવી શકાયુ બીજો કોઇ અજાણ્યુ તો એ સ્થળ પહેલા નંદનવન સમુ હતુ તે ખ્યાલમા પણ ઉતરી શકે તેવુ રહ્યુ નહોતુ, એ સ્થળે એક વખત દિવાન આનંદદેવ રાજા વીરચંદ્રનુ ઐશ્વર્ય ભોગવતો હતો. બગીચાના દરવાજા આગળ વિચિત્ર વેલથી છવાએલો સુંદર સ્તંભ નહોતો, એ જાહોજહાલીના ચિહ્નો આનંદદેવ મૂળમાથી ઉખેડી પ્રસાદપુર લઇ ગયો હતો ચો તરફ ખંડિયેર સિવાય કંઇ જણાતુ નહોતુ જે સ્થળે એક વખતે નાના નાના આરસના પત્થરો, નાના નાના ફુલઝાડોને વીટળાઇ, જોનારના પ્રાણના પ્રતિબિંબ ધારણ કરી નાના બાળકોની માફક, મુગા મુગા હસી રહ્યા હતા ત્યા અત્યારે કબ્રસ્તાનના દેખાવ મનને વિષાદ સાગરમા ડૂબાડી રહ્યો હતો ઘણાખરા ફુલઝાડો ઉખેડી નાખવામા આવ્યા હતા, કાપી નાખવામા આવ્યા હતા જે ઝાડો દીર્ઘકાળ ટકનારા હતા તે જ અત્યારે નિર્લજ ભિખારીની માફક ભયંકર અપમાન સહેતા સહેતા જોનારને માથુ હલાવી, હાથ ડોલાવી દર્શનરૂપી દયાની ભીખ માગી રહ્યા હતા

આ બગીચામા પેસતા જ સદાશિવનુ મન દિલગીરીમા ડુબી ગયુ ત્રણ વર્ષ પહેલાની વાત યાદ આવી. તે મનમા બબડયો,

"ત્યારે હુ કેવો હતો, અને અત્યારે કેવો છુ આ બગીચાની સાથે મારા મનના પણ ટુકડે ટુકડા થઇ ગયા છે

વિષાદની સાથે તેની સ્વાભાવિક કોમલતા હૃદયમા ઘર કરવા લાગી તેણે વિચાર કર્યો કે જિદગીનુ એક પણ કાર્ય પાર ન પડયુ તો પછી એક સાધારણ સિપાહીની હત્યા કરી હાથ શા માટે ખરડવા ? સદાશિવ પેલા હતભાગી સિપાહીને છોડી દઇ બોલ્યો " અધારામા છુપાતો છુપાતો અહીંથી ચાલ્યો જા જો તે મુન્ના ન જોઇ જાય જો તે જોઇ જશે તો હુ તને બચાવી શકીશ નહિ " સિપાહી સલામ કરી ઉભી પુછડીએ નાઠો

જે આરસના ઓટલા પર સદાશિવ એક દિવસે સુતો હતો, તે અત્યારે ભાગીતૂટી હાલતમા હતો આનદદેવ તેના ઉપરથી પત્થરો ઉખેડી ગયો હતો સદાશિવ એ સ્થળે જોઇ બેઠો

તેના વિચારો ફેરવાઇ ગયા નોકરના વેશમા પણ તે વખતે કેટલો આનદ હતો ! કર્તવ્ય પાલનમા સુખ માની તે વખતે તે કેટલો સુખી હતો ! અત્યારે એ સ્થિતિ પલટાઇ છે બધી આશા ગઇ છે, પ્રતિપ્રાણા સાધ્વી સ્ત્રી પાસે છતા તે વિયોગી છે, સ્વતત્ર છતા સમાજથી છુટો છે, જગલી જાનવરોથી ભરપૂર અરણ્યમા બદીવાન છે

તે દિવસના જેવી રાત્રિય નહોતી. એ ચદ્રસમાન ગગનમડલ, મલય પવનની સેવાતી તરૂલતા, પુષ્પની ગધથી સેવાતુ જગલ–કઇ નથી ચાદનીથી પ્રતિફલિત થતા એ સુદર મકાનનુ ચિહ્ન પણ નહોતુ

ચોતરફ ફેલાયલો અંધકાર વિશાળ મેદાનમા પણ પોતાનુ વિશાળ શરીર સમાવી શકતો નહોતો, તેથી તે ગાઢ બની સદાશિવના હૃદયમા પ્રવેશ કરવા લાગ્યો

સદાશિવ વિચારવા લાગ્યો "જીવવામાં સુખ નથી. દુ:ખના હાથમાંથી મુક્ત થવા મરવું એ પણ યોગ્ય નથી બીજા કોઇનું મરણ ઇચ્છવાથી શું છૂટકો થશે ખરો ? " સદાશિવ વિચાર કરવા લાગ્યો. એટલામાં વિચાર આવ્યો કે—"રાજા ! રાજા તો મરવા માટે રાતદહાડો ઝંખ્યા કરે છે, તેના મરણથી મને શો લાભ ? તુલસી ? તે પણ મારા મુખ સામું જોઇ બેઠી નથી મારા પર આધાર રાખી અનંતપુર આવી નથી પારકા પર હિત કરવા ખાતર તેણે બધું છોડયું છે ! નારાયણી ?" દૂર તળાવનું પાણી કલકલ નિનાદ કરવા લાગ્યું વિસ્મય પામી સદાશિવે જોયું કે તળાવનું પાણી એ ગાઢ અંધકારમાં પણ એકાદ બે તારાનું પ્રતિબિમ્બ હૃદયમાં નચાવતું નચાવતું તેના ભણી જોઇ રહ્યું છે અગાઉ મકાન આડું આવી જતું હોવાથી બગીચામાંથી એ તળાવ નજરે પડતું નહિ અત્યારે તો સર્વત્ર સપાટભૂમિ છે. સદાશિવ બબડવા લાગ્યો, "ના નારાયણી, તું જીવતી રહેજે જો કોઇને મરવાનું હોય તો તે મુકુંદનેજ"

"તેને ક્ષમા કરો, કૃપા કરી ક્ષમા કરો" કોઇનો કોમળ કંઠ સંભળાયો.

સદાશિવે ચમકી પાછું વાળી જોયું—"આપ કોણ છો ?"

"અવગુંઠનવતી જાનકી તેના પગ આગળ ઘુંટણ વાળી બેઠી

સદાશિવ—હું બધું સમજ્યો આપ ઉઠો

જાનકી—પહેલાં અભય આપો

સદાશિવ—એ નરાધમને ક્ષમા કરવાની માગણી કરશો નહિ.

જાનકી—પરંતુ કરું શું ? એ મારા પતિ છે આપે એક દિવસ મારી ઇજ્જત બચાવી હતી, આજે મારું સૌભાગ્ય બચાવો.

સદાશિવ મુશ્કેલીમા આવી પડયો તે બોલ્યો–" સુંદરિ ! હુ પ્રતિજ્ઞાથી બધાઇ ચૂકયો છુ હવે તમારી માગણી સ્વીકારી શકતો નથી

બીજુ કઇ ન બોલતા જાનકી સદાશિવ પાસેથી ચાલી ગઈ અને પાસેના એક થાભલાને પકડી મ્હો ફેરવી ઉભી રહી

સદાશિવ—અહી ઉભા રહેવાથી કઇ લાભ નથી આપ ઘેર પધારો

જાનકી ન ગઇ, તે ચૂપ ઉભી

સદાશિવ—જૂઓ, મે મહન કરવામા બાકી રાખ્યુ નથી

જાનકી મુગી ઉભી સદાશિવ મુઝાયો તેણે વિચાયુ કે આ સ્થળ છોડવુ જોઇએ એ એટલા પરથી ઉભો થયો એ ચાર ડગલા દૂર ગયો એટલે જાનકી બોલી, " એક બીજી પ્રાર્થના છે "

સદાશિવ—શી પ્રાર્થના છે ?

જાનકી—પતિની જીદગી માગતી નથી શુ મ્હો લઇ માગુ ? તેણે આપનુ જે અનિષ્ટ કર્યું છે તે તરફ જોતા દયા માગવાનો મારો અધિકાર નથી ! તોપણ–મારી એક માગણી છે

સદાશિવ—જે હોય તે કહો

જાનકીએ આગળ આવી સદાશિવના પગ પકડયા

સદાશિવ—પગ પકડશો નહિ, જે માગવુ હોય તે માગો હુ બની શકશે ત્યા સુધી તમારી માગણી નહિ તરછોડુ

જાનકીએ સદાશિવના મુખ તરફ જોયુ તેનુ અવગુઠન ખસી ગયુ. તે સાથે એક ક્ષણને માટે અધકાર પણ એ ખડિયર–બગી-

ચામાથી દૂર થયો હોય એવો ભાસ થયો ! સદાશિવે જોયુ કે ચોતરફ વળી ફૂલ વિકાસી રહ્યા છે અને એ ફુલની વચ્ચોવચ કોઇએ બે ખજન પક્ષી એક પ્રફુલ્લ કમળ પર બેસાડયા છે

સદાશિવ—સુદરિ ! શુ કહેતુ છે ?

જાનકી—એક દિવસે દૈવયોગે આપને આજ સ્થળે એટલા પગ જોયા હતા તે વખત મને બહુજ સતોષ થયો હતો ખરૂ કહુ તો એવો સતોષ મને જિદગીભરમા કદી મળ્યો નથી તે દિવસે દેવતાઓએ પણ એ તૃપ્તિ મેળવવામા મને ચોતરફથી મદદ આપી હતી આકાશમા ચદ્રમા હાસ્ય કરી રહ્યો હતો, બગીચામા ફૂલો વિકસી રહ્યા હતા પરતુ આજે તો અધકાર છવાઇ રહ્યો છે ! તે દિવસે તો આપને દેવતા રૂપે નીહાળ્યા હતા પરતુ આજે આખોની અપૂર્ણતાને લીધે કઇ નિહાળી શકતી નથી

સદાશિવ–મને શી આજ્ઞા કરો છો તે જલદી કહો !

જાનકી—તેથી જ કહુ છુ કે જો મારા સ્વામીનો વધ કરવો એજ તમારો અભિપ્રાય હોય તો આ બગીચામા એ કાર્ય કરશો નહિ.

સદાશિવ—જા સુદરી, તુ તારા પતિને લઇ જઇ સુખી રહે, હુ તેને નહિ મારૂ

જાનકી—તેને જોતા જ આપને ગુસ્સો ચઢે એ સભવિત છે

સદાશિવે જાનકીના હાથમા હથિયાર આપી દીધા. એ વખતે મુન્ના પણ મુકુંદને પકડી ત્યા હાજર થયો. હતભાગી મનુષ્ય ! ભયથી શબ જેવો બની ગયો હતો, તેની વાચા બધ થઇ ગઈ હતી

મુન્ના—વાર ન લગાડો, આ દુષ્ટને હમણા જ મારી નાખો.

સદાશિવ—ભાઇ, હવે ખૂન કરવાની જરૂર નથી એ નરાધમને જવા દે !

મુન્ના—પ્રતિજ્ઞા કરી છે ને ?

સદાશિવ—એક તુચ્છ કીટને મારવાની પ્રતિજ્ઞા ન રાખી તોએ શું !

જાનકીએ મુન્ના આગળ આવી ઘૂંટણભર થઈ ખોળો પાથર્યો

મુન્ના—કોણ છો ? બ્હેન કે ?

જાનકી—તેની આશ્રિતા બાદી ! ભાઇ, જેનું નામ લઇ આજ સુધી સ્વામીને બચાવતી આવી છું, આજે દેવતાને શરણે આવી છું તો પછી મારો પતિ શું મરી શકે ?

મુન્ના—લઇ જા તું ભાગ્યવતી છે ! મારા માલીકની પ્રતિજ્ઞા તેની સ્ત્રી પણ તોડી શકત કે નહિ એ શંકાભર્યું છે ! પરંતુ તેં પ્રતિજ્ઞા તોડાવી. કેવળ તોડવી જ નહિ પણ કાલરૂપિણી બની તે વચ્ચે પડી અગાઉથી બધું પેટમા પચાવી દીધું છે, તું નહોત તો તારો આ પતિ, તેનો બેઈમાન બાપ–તારો સસરો અને તેના મદદગારોમાનું કોઈ આ દેશમા રહી શકત નહિ દેવીનું મંદિર ધૂળમા મળ્યું નહોત ગામોગામ ઘેર ઘેર દેવીના પ્રતિષ્ઠા થઇ હોત લઇ જા, આ રહ્યો તારો પતિ હવે અહીં ન ઉભી રહેતી

જાનકીના હાથમા મુકુંદને સોપી મુન્નાએ સદાશિવને કહ્યું, "ચાલો હજુર, રાણીના શબનો સત્કાર કરીએ વિલંબ થશે તો તેનું શરીર શિયાળ ને કુતરાના પેટમા જશે "

પ્રકરણ ૩ જું

ઘરના તરંગ

બંને ગયા એટલે જાનકીએ પતિને કહ્યું " હવે શા માટે ઉભા છો, ઘેર ચાલો "

મુકુંદ ચુપ થઇ ઉભો જાનકી તેનો હાથ પકડી ચાલી થોડે દૂર ગયા બાદ મુકુંદે કહ્યું, " મને શા માટે બચાવ્યો જાનકી ? "

જાનકી—મારા પર બહાદુરી દર્શાવવા ખાતર.

મુકુંદ—હવે મને લાગે છે કે મારૂં મરણ થયું હોત તો એજ વધારે સારૂં હતું.

જાનકી—મરણથી શું મુક્તિ મળત ? મૃત્યુથી મુક્તિ મળતી હોત તો આપણે બંને એકી સાથે મરત! જો જીવતા રહી કરેલા પાપો નુ પ્રાયશ્ચિત કરી શકીએ તો ચાલો આપણે આજથી પશ્ચાત્તાપ કરીએ

મુકુંદ—મે જે પાપો કર્યા છે, તેનુ પ્રાયશ્ચિત નથી મે છેવટે તારા જેવી સ્ત્રીનુ પણ અપમાન કર્યું છે.

જાનકી—હું તો આપની સ્ત્રી છુ. મારી વાત શા માટે ઉચ્ચારો છો ? આ લોકોને બચાવવાનો શુ કઇ પ્રયત્ન નહિ કરી શકો ?

મુકુંદ—કેવી રીતે કરૂં ? તુ બધુ જાણે છે જાનકી ! ચાલો આપણે તેઓને શરણે જઇએ. દાસદાસી થઇ એ લોકોની ચાકરી કરીએ અનુચર થઇ તેઓની સાથે જગલમા ભમીએ હવે મને ઐશ્વર્યથી સુખ નહિ મળે જાનકી ! એ લોકો કોણ છે ? રાજાના અન્નથી અમારૂં–પિતાપુત્રનુ અંગ પુષ્ટ થયુ છે, અમે રાજાના અન્નવડેજ શક્તિ મેળવી છે. શક્તિનો ઉપયોગ એ શક્તિ આપનારને હણવામાજ કર્યો !

અને તેઓ ! તેઓ કોણ જાણે ક્યા અજ્ઞાત પ્રદેશમાથી રાજાને બચાવવા દોડયા આવ્યા છે, અને આ નીચ રાક્ષસી શક્તિ સામે ઝૂઝી રહ્યા છે. તેઓ કોણ છે જાનકી ?

જાનકી—એ જ ઠીક છે, ચાલો આપણે તેઓને શરણે જઇએ, તોજ આપણા પાપોનુ પ્રાયશ્ચિત થશે

મુકુંદ–તે દેવના તો દર્શન કર્યા છે, પણ દેવીના કર્યા નથી હુ ત્યારે આંધળો હતો, તેથી જોઇ શકયો નહિ, બહેરો હતો તેથી વચનામૃત સાભળી શકયો નહોતો

જાનકી–ચાલો દેવીના દર્શન કરી આવીએ

અકસ્માત અનતપુર પ્રકાશિત થઇ ગયુ અને એ નદીને કીનારે આવેલા જગલ તરફ જોયુ

જાનકી–રાણીની ચિતા સળગી

મુકુંદ—ના, દેવી પધારે છે તેના રૂપથી સ્મશાનભૂમિ પ્રકાશિત થઇ રહી છે

તુલસી સ્વામીને શોધતી શોધતી એ સ્થળે આવી ઉભી મુકુંદ દોડતો દોડતો જઇ તેના પગમા પડયો જાનકીએ પણ તુલસીને પ્રણામ કર્યા

તુલસી—બ્હેન, તારો પતિ મળ્યો છે, હવે મારા પતિને સોપી દે !

જાનકી આ વચનનો અર્થ સમજી શકી નહિ શો ઉત્તર આપવો તે સમજી ન શકવાથી તે બોલી, “ તેણે મારા પર કૃપા કરી મારા પતિનુ જીવન બચાવ્યુ છે ”

તુલસી–તુ કૃપા કરી મને મારો પતિ સોપ !

મુકુંદ—મા ! હું નરપિશાચ છું આપની સામે શું મ્હો લઇ ઉભો રહું ? તો પણ આપ દયાળુ છો આપ બધા અપરાધ ક્ષમા કરી આપના ચરણમાં સ્થાન આપો

તુલસી—તું રાજેશ્વરી છે–ભિખારિણીની સાથે આવી મશ્કરી ન શોભે, મારો પતિ—

તુલસી આગળ બોલી શકી નહિ

જાનકી–આપના પતિને શું થયું છે ?

તુલસી—શું થયું છે તે હું નથી જાણતી સુંદરી ? મારા પતિએ મારી માગણી સ્વીકારી નહોતી, પણ હવે મને જણાય છે કે તારી માગણી તેઓ અસ્વીકારી શક્યા નથી તારી આટલી બધી શક્તિ છે, તેના પર આટલું બધું ચલણ છે, તો પછી તેને પકડવા માટે બીજી કોઇ શકિતની મદદ શા માટે લીધી છે ? કુલીનની સ્ત્રી થઇ જાસૂસ બની છે ?

જાનકી—આ તમે શું કહો છો મા ! હું તો કંઇ જાણતી નથી

તુલસી—' મા ' શબ્દ સાંભળી ખસિયાણી પડી બોલી " જાણતી નથી ? "

એ વખતે સદાશિવ ઉન્મત્તની પેઠે ત્યાં આવી પહોંચ્યો

સદાશિવ—સુંદરિ ! મારા હથિયાર ?

જતી વેળા સદાશિવ હથિયાર લેવા ભૂલી ગયો હતો, જાનકીએ પણ કોણ જાણે ક્યાં ફેંક્યાં હતાં, બીજી ચિંતામાં મન પરોવાયું હોવાથી તેનું તેને ભાન રહ્યું નહોતું તે ચો તરફ શોધવા લાગી.

તુલસી—હવે હથિયારની શી જરૂર છે, હજુ વખત છે, અંધકારમાં છુપાઇ જાઓ

સદાશિવ—ચોગની માફક નાસુ ?

એ વખતે લાકડીને ટેકવતો ટેકવતો મુન્ના આવી પહોચ્યો

મુન્ના—ચોરની પેઠે શા માટે, ચાલો ગૃહસ્થની માફક નાસીએ ઘણા લોકો છે—હાથમા બદુકો છે—

મદાશિવ—સુદરિ ! મારા હથિયાર આપ

મુન્ના—ત્યારે આપ હથિયાર લો, હુ આ લાકડી અને આ બે પગોની મદદ લઉ છુ ચોરને હાથે મરી શકીશ નહિ—

એક ક્ષણમા મુન્ના ચાલ્યો ગયો જાનકીએ દૂરથી કહ્યુ, "હથિયાર મળ્યા છે !"

જમીનપરથી હથિયાર ઉપાડી જાનકી ઉભી થઇ કે તરત એક ગોળી તેની છાતીમા પેસી ગઈ "બાપરે" કહેતી તે જમીન પર પટકાઇ સદાશિવે પાસે આવી જેયુ કે એ સ્વર્ગીય કુસુમ ચીમળાઇ ખરી પડયુ છે

મુકુદ "જાનકી જાનકી" કહેતો આવી પહોચ્યો તેની છાતી પર પછાટ ખાઇ પડયો આ આકસ્મિક વિપત્તિથી આઘાત પામી, તુલસીએ દોડી આવી જાનકીનુ શબ ખોળામા લીધુ આઘાત મભાળી લઇ હથિયાર પકડતા ન પકડતા તો સદાશિવે પોતાને બદીવાન થયેલો જેયો હથિયાર બધ પોલિસોએ તેને ઘેરી લીધો હતો

પ્રકરણ ૪ શું

ખરી ગૃહસ્થાઇ

બીજી વાગની ઉંઘ ઉડતા નારાયણીએ બૂમ પાડી-'બ્હેન" જવાબ ન મળ્યો વળી પોકાર કર્યો—"બ્હેન!" જવાબ ન મળ્યો ચોતરફ જોયુ તે વખતે પણ ઝાંખો ઝાંખો દીવો બળતો હતો તે ધીમે ધીમે પથારી પર બેઠી થઇ, ધીરેધીરે ડગલા ભરતી બહાર આવી પણ તુલસીને જોઇ શકી નહિ હવે તે એક પછી એક પગથિઆ પકડી નીચે ઉતરવા લાગી નીચે ઉતરી મોટેથી ઘાટો પાડી બોલી "બ્હેન, ઘરમા છો કે? "જવાબ ન મળ્યો એટલે તે સમજી ગઈ કે તુલસી બહાર ગઇ લાગે છે

ઉપરથી નીચે સુધીના બધા બારણા ઉઘાડા હતા, આવી સ્થિતિમા પોતાને એકલી મૂકી તુલસી નજીવા કારણસર ચાલી જાય એ નારાયણીને સંભવિત જણાયુ નહિ ને મુખ્ય દ્વાર પાસે આવી તુલસીને બોલાવવા લાગી તેનો અવાજ સાભળી જાણે કોઇ આવતુ હોય એવો તેને ભાસ થયો પણ એ માણસ વૈરી જેવુ તો ન જણાયુ નારાયણીને બ્હીક લાગી તેનુ–દુર્બળ શરીર ધ્રુજવા લાગ્યુ પેલો માણસ પાસે આવવા લાગ્યો તે આ દેશનો વતની હોય એવુ જણાતુ નહોતુ બિચારી નારાયણી પાછી ફરી અદર જવાનો પ્રયત્ન કરવા લાગી, પણ પગ ન ઉપડયા. તે બારણુ પકડી બેસી ગઇ

પેલો માણસ બારણા પાસે આવી ઉભો નારાયણીએ જોયુ કે એ તો મને બચાવનાર સાહેબ છે

નારાયણી—સાહેબ, વળી શા ઇરાદાથી અહીં આવવાની મહેનત લેવી પડી ?

બ્રાઉન—રાજકુમારી ! હવે ઠીક થયું ?

નારાયણી—હા !

બ્રાઉન—પ્રભુનો આભાર ! હું ડૉકટરને બોલાવવા ગયો હતો

નારાયણી—પાછા કેમ આવ્યા ?

બ્રાઉન—આપની બ્હેનની આજ્ઞાથી

નારાયણી—તે ક્યાં છે ?

બ્રાઉન—તે આજની રાત અહીં આવી શકશે નહિ

નારાયણી—કેમ ?

બ્રાઉન—તેમને મ્હોએ સાંભળજો

નારાયણી—બોલતા અચકાઓ છો શા માટે ?

બ્રાઉન—તેમના પતિ વિપત્તિમાં છે

આ સાંભળી નારાયણી થોડી વાર ચુપ રહી બ્રાઉન પણ કંઇ ન બોલતાં આમતેમ ફરવા લાગ્યો થોડી વાર પછી નારાયણીએ કહ્યું

" હવે ઉભા ઉભા શા માટે દુઃખ વેઠો છો ? "

બ્રાઉન—આ ઘોર રાત્રિમાં, આ નિર્જન અરણ્યમાં આપ એકલાં છો,

નારાયણી—ભલે ને એકલી રહી, આપ હવે મારે માટે દુઃખ વેઠશો નહિ

બ્રાઉન—એમાં દુઃખ નથી માનતો રાજકુમારી ! હું આ પ્રહરીના કાર્યથી બહુ આનંદ પામું છું

નારાયણી—આપ સજ્જન છો-કોઇ શાપભ્રષ્ટ દેવ છો. તો પણ સાહેબ-

બ્રાઉન—શુ કહો છો ?

નારાયણી—કહેતા અચકાઉ છુ

બ્રાઉન—સમજ્યો-મેં તે દિવસે આપની બ્હેનને મ્હોએ સાભળ્યુ હતુ વારુ, હુ દૂર રહું તો આપને કઇ અડચણ છે ?

નારાયણી—હુ અભાગિની છુ આપ આ દુખિની પર દયા કરવા આવ્યા છો, છતા મે આપના મનને કષ્ટ આપ્યુ છે

બ્રાઉન—આપ ઘરમા જઇ વિશ્રાતિ લો

નારાયણી—અને આપ ?

બ્રાઉન—હુ એક ઝાડની નીચે બેઠો બેઠો રાત ગાળીશ. આપને આ સ્થિતિમા મૂકી જતા મારૂ મન માનતુ નથી, મને આ સ્થળ તજી જવાની ફરજ પડશે નહિ

નારાયણી—જેવી આપની મરજી

બ્રાઉન—આપ ઘરમા જાઓ

નારાયણી—જાઉ છુ

બ્રાઉન સલામ કરી ગયો નારાયણી બારણામા બેસી રહી. તેનામા ઉઠી ઉભા થવાની શકિત પણ રહી નહોતી બ્રાઉન થોડે દુર ગયો એટલે તેણે ઘાટો પાડયો-" સાહેબ ! "

બ્રાઉનનુ હૃદય કપી ઉઠયુ તેમણે ઝપાટબધ પાછા આવી પૂછ્યુ-" શુ છે રાજકુમારી ? "

નારાયણી—ધનસપત્તિ ગુમાવી ભિખારિણી બની છુ સમય જોઇ સુવર્ણરેખાએ દાદીમાને ખોળે લીધા છે, હુ પણ સુવર્ણરેખાના

ખોળામા આશ્રય લેવા ગઇ હતી, આપે મને કેમ બચાવી ? આપના જેવા સજ્જન દુનિયામા કેટલાક હશે ? મારી ઇજ્જત હવે કોણ બચાવશે '

બ્રાઉન—વારૂ, રાજકુમારી, આપની ગરિબાઇનો ઇલાજ હુ કરી શકુ તો ?

નારાયણી માથુ નીચુ કરી બેઠી તેણે જવાબ ન આપ્યો તો પણ બ્રાઉન કહેવા લાગ્યો " મારી પાસે પુષ્કળ દોલત છે તેમાની અર્ધી દોલત આપ સ્વીકારો તો હુ મને કૃતાર્થ થયો માનીશ "

નારાયણીએ જવાબ ન દીધો બ્રાઉન કહેવા લાગ્યો–

આપ ડરો છો કે એમ કરતા હુ ગરીબ બની જઇશ ખરૂ ' મારી પાસે જે દોલત છે તેની આવક ત્રણ લાખ રૂપીઆ થાય છે

વેમિત નારાયણીએ સાહેબના મુખ સામુ જોયુ બ્રાઉન કહેવા લાગ્યો–

" પચીસ લાખ રૂપીઆ રોકડા હુ બધા પૈસા આપને ભેટ કરીશ

નારાયણી—આપ બધી મિલ્કત ગુમાવો તો પણ ગરીબ બનવાના નથી કારણ કે આપ દયારૂપી રત્નના માલીક છો પરતુ સાહેબ મારા દાદા પાસે પણ પુષ્કળ દોલત હતી, છતા હુ ભિખારિણી કેમ '

બ્રાઉન—આપ તો રાજકુમારી જ છો ?

બ્રાઉન વળી સલામ કરી જવાની તૈયારી કરવા લાગ્યો, એ વખતે નારાયણીએ કહ્યુ, " જો આજની રાત અનતપુર રહેવાનો જ આપનો વિચાર હોય તો નીચેના ઓરડામા વિશ્રામ કરો હુ ઉપરથી પથારી લાવી આપુ

બ્રાઉન—ના રાજકુમારી, મારે માટે ચિંતા કરતા નહિ

નારાયણી—બ્હાર જંગલી જાનવરોની બ્હીક છે

બ્રાઉન—અંગ્રેજ મરણથી ડરતો નથી તેમા પણ કર્તવ્ય પાલનને ખાતર તે વિપત્તિને વહોરી લે છે

નારાયણી—મને લાગે છે કે આપે આખો દિવસ ભોજન કર્યુ નથી

બ્રાઉન—કાલ સવારમા ખાઇશ

બ્રાઉન ચાલ્યો ગયો, થોડી વારમા દેખાતો બધ થયો નારાયણી ઉપર ચાલી ગઇ

પ્રકરણ ૫ મું

મરણનો સાદ

ઉપર જઇ નારાયણી સૂતી પરતુ તેને ઉંઘ ન આવી થોડી વાર પથારીમા આળોટયા પછી તે અગાશીપર ચઢી અગાશીમા પગ મૂકતા જ મેઘગર્જના સભળાઇ પશ્ચિમ દિશામા વાદળ ચઢયા હતા વિજળી ચમકતી હતી વરસાદ તૂટી પડવાની તૈયારીમા હતો. નારાયણીને સાહેબની ચિંતા થઇ આવી સ્થિતિમા તેને ઘરમાં આશ્રય ન આપવો. એ નીચનુ કામ ગણાય રાજકુમારી આવી નીચતા મનમા આણી શકી નહિ. તે અગાશીની પાળ પાસે ઉભી રહી ચો તરફ જોવા લાગી. વિજળી ઝબકી, નારાયણીએ જોયુ કે સાહેબ બગીચામાના એક ઝાડ નીચે બેઠો છે તે વળી નીચી ઉતરી.

એક દિવસે જે આંબા નીચે વૃદ્ધ રતન સાથે હરણના બચ્ચાને પોતે રમાડતી હતી, તે જ ઝાડ નીચે બ્રાઉન દૈવયોગે જઇ ચઢયો હતો આખા દિવસના ઉપવાસથી તથા સખત પરિશ્રમથી તે થાકી ગયો હતો ઝાડ નીચે આડે પડખે થતા જ તેને ઉંઘ આવી ગઇ હતી

ઉંઘતા પહેલા બ્રાઉને બહુ વિચાર કર્યો કે રાજકુમારીની ગરિબાઇ દૂર કરવાને શુ કરવુ રાજકુમારી તો કોઇ પણ રીતે મારૂ દાન સ્વીકારશે નહિ પણ ગમે તે રીતે આપવુ તો જોઇએ જ રોકડા રૂપીઆ ન લે તો કનકત્તાની કોઈ બેંક સાથે તેને રૂપીઆ આપવાનો બંદોબસ્ત કરવો પડશે ત્યારબાદ ગમે તે ઉપાયે તેની બ્હેનના પતિને છોડાવવાની વ્યવસ્થા કરવી પડશે સારા સારા વકીલો તેનો બચાવ કરવા રાકવા પડશે તેમ છતા ન છૂટે તો ! બ્રાઉન સદાશિવને બચાવવા માટે વિચાર કરવા લાગ્યો સદાશિવની સાથે નારાયણીને શો સબંધ છે તે બ્રાઉન જાણતો નહોતો નારાયણીએ તે વિષે કઈ જણાવ્યુ નહોતુ, તુલસીએ પણ કઇ કહ્યુ નહોતુ

ઉંઘમા સ્વપ્ન જોઈ રહ્યો હતો એ વખતે નારાયણી ત્યા આવી પહોચી તેણે જોયુ કે સાહેબ ઝાડના થડને અઢેલી ઉંઘે છે તેની સ્થિતિ જોઇ નારાયણી રડી પડી જેને ત્રણ લાખ રૂપીઆની આવક છે, જેની પાસે પચીસ લાખ રૂપીઆ રોકડા છે, તેની આ દશા ! કેમ ? સાહેબના હૃદયમા આટલી બધી દયા !

નારાયણી સાહેબને બોલાવવા જતી હતી કે " સાહેબ ! ઉઠો આ ઝાડ નીચે આપના જેવા રાજકુમારને પડી રહેવુ ન શોભે " પરંતુ વચનો ઉચ્ચારે તે પહેલા તેણે સાંભળ્યુ કે સાહેબ કઇ બબડે છે

પ્રથમ તો તે એમ સમજી કે સાહેબ જાગ્યા તેની છાતી ધડકવા લાગી ! " ચોતરફ અંધકાર છે, આવા નિર્જન પ્રદેશમાં કુલવધુ થઇ હું આ માણસની સમક્ષ ક્યાંથી આવી ચડી ? જો કોઇ જોઈ જશે તો ? જો પતિદેવ આ વખતે આવી ચડે, રાજા જોઇ જાય તો ? "

થોડીવારમાં નારાયણી સમજી ગઇ કે સાહેબ ઉંઘમાં બબડે છે ! તેણે કાન માંડી સાંભળવાનો પ્રયત્ન કર્યો પ્રથમ કંઇ સમજી શકી નહિ ભાષા અસ્પષ્ટ, અપરિચિત અને અર્થહીન જણાઇ

બ્રાઉને ખીસામાં હાથ નાખ્યો, એક નોટબુક બહાર કાઢી, તે ઉઘાડવાનો પ્રયત્ન કર્યો પાણીથી પલળેલા પાના ચોટી ગયા હતા તેથી તે ઉખડયા નહિ નોંધબુક સાથે એક પેન્સિલ હતી તે કહાડી લઇ પાછી તે ગજવામાં નાખી ગજવામાંથી હાથ બહાર નીકળ્યો તે સાથે એક કાગળનો ટુકડો પણ બહાર આવ્યો નારાયણી ઉભી ઉભી આ બધું જોવા લાગી

લખવાની તૈયારી કરતો હોય તેમ કાગળ ડાબા હાથમાં ને પેન્સિલ જમણા હાથમાં પકડી બ્રાઉને પૂછ્યું, " આપનું શું નામ રાજકુમારી ? "

નારાયણી ચમકી—સાહેબ શું આંખો મીંચ્યા છતાં મને જોઈ શકો છો

બ્રાઉને વળી પૂછ્યું, " શું કહો છો—ના—ના—નારા—યણી ?

નારાયણીનું શરીર ધ્રુજવા લાગ્યું—આ શું મ્લેચ્છ વેશધારી દેવતા છે !

બ્રાઉન—કેવું મધુર નામ ! આપ મને ચાર્લિ કહી બોલાવશો

બ્રાઉને કાગળમાં નામ લખ્યું વળી વરસાદ ગાજ્યો ! નારાયણીએ જોયું કે વાદળાં મધ્ય આકાશમાં આવી વિકટ હાસ્ય હસે

છે ! તેણે સાહેબને જગાડવા માટે બૂમ પાડી–" સાહેબ !" સાહેબની ઉંઘ ન ઉડી વળી તેણે ઘાંટો પાડ્યો, " સાહેબ ! " સાહેબની ઉંઘ ગાઢતર બની ગઇ, તેનો હાથ જમીનપર પડ્યો " ચાર્લિ !" એકજ અવાજે સાહેબની ઉંઘ ઉડી ગઇ સામે નારાયણી ઉભી હતી. તે એકીટસે સાહેબ સામુ જોઈ રહી હતી

નારાયણી–વરસાદ ચઢ્યો છે–ઉઠો

બ્રાઉન—પહેલા કંઇ ભેટ સ્વીકારવાનુ કબુલ કરો

નારાયણી—એ વખત ગયો, હવે અત્યારે ભેટ લઇ શુ કરૂ ?

બ્રાઉન લુંટણભર થઇ બોલ્યો, " રાજકુમારી ! આપના પર કંઇ ઉપકાર કરી શક્યો નહિ કેવળ આપનુ સત્યાનાશ વાળી પાછો જાઉ છુ ! "

નારાયણી—આપ મ્લેચ્છના રૂપમા દેવતા છો મરણના સુગમ રસ્તો બતાવો તો આપની હુ ઘણીજ આભારી થઇશ

બ્રાઉન—હુ પણ તેનીજ શોધમા છુ

નારાયણી—આપ ઘરમા પધારો

બ્રાઉન—ના, અહી હુ મજામા છુ

નારાયણી—હમણા મુષલધાર વરસાદ પડશે

બ્રાઉન—તેથી તો વધારે મઝા આવશે

નારાયણી-વારૂ, ચાર્લિ ! હુ તમારૂ દાન સ્વીકારીશ

બ્રાઉન—આપે મારૂ નામ શી રીતે જાણ્યુ !

નારાયણી—તમે શુ મારૂ નામ જાણતા નથી ?

બ્રાઉન—ના મે આપનુ નામ કદી સાભળ્યુ નથી

મકાન તરફથી કોઇની બૂમ આવી, " નારાયણી ! "

બ્રાઉન—આજ તમારૂ નામ આ નામ મે ક્યાંક સાભળ્યુ છે!

નાગયણી—મારા યમ કહ્યું છે

બ્રાઉન—યમ કોણ ?

નારાયણી—તમે નહિ સમજો

વળી અવાજ સભળાયો—" નાગયણી ! " ગભીર, વૃદ્ધાવસ્થાથી વિકૃત થએલો અસ્પષ્ટ અવાજ સભળાયો

બ્રાઉન—કોણ બોલાવે છે નાગયણી ?

નારાયણી—એ પણ મારો યમ જણાય છે ચાલિ ! તમે થોભો હુ સાભળી આવુ વાર લાગે તો તપાસ કરજો

નાગયણી ચાલી ગઈ

પ્રકરણ ૬ ઠું

બલિદાન

ધ્રુજતી ધ્રુજતી નારાયણી ઘેર ચાલી અતિ પરિશ્રમથી તેનુ શરીર લથડતુ હતુ મકાન પાસે આવતા તેણે જોયુ કે બાગણાને અઢેલી કોઈ એક વૃદ્ધ ઉભો છે ! એ વૃદ્ધ તે ગજા વીગ્ચદ્ર હતો. તેણે નારાયણીને જોઇ, પૂછ્યુ,:

" ક્યા ગઇ હતી બ્હેન ? "

નારાયણી—કોણ મહારાજા !

વીરચદ્ર—કોની સાથે વાત કગ્તી હતી ?

નારાયણીએ જવાબ ન આપ્યો તેને દાદાને ભેટવાનુ મન થયુ, પણ પગ ન ઉપાડયો તે દિવાલને પકડી ઉભી રહી, રાજાએ કહ્યુ—તારા પતિની સ્થિતિ જાણે છે ?

નારાયણી સાભળ્યુ છે કે તે વિપત્તિમા છે

વીરચદ્ર—તે જીવતા ફરે એવો સભવ નથી સાહેબ તેને પકડી લઇ ગયો છે તેને ફાસી મળશે હુ પણ પકડાઇ જવા જાઉ છુ

નારાયણી—આપ પકડાઓ તોપણ તે છુટવાના નથી એ આપ જાણો છો છતા શા માટે આત્મસમર્પણ કરો છો ?

વીરચદ્ર—મારુ ઠેકાણુ જણાવવા ખાતર તેનાપર જુલમ ગુજરશે હુ જાણુ છુ કે તે બહાદુર નર મરણ સુધી પીડા ભોગવશે પણ મારૂ ઠેકાણુ નહિ જણાવે તોપણ જાણતા છતા આ તુચ્છ પ્રાણને માટે શા માટે છુપાઇ રહેવુ બેટા ? તે સાધુપુરુષ છે ! મારી દુર્દશાનો સગી છે, હુ શુ તેના મરણનો સોબતી ન થઈ શકુ ?

નારાયણી—આવી સ્થિતિમા સોબતી થવુ એજ કર્તવ્ય છે પરતુ આપ શુ એકાદ બે દિવસ નહિ થોભી શકો ?

વીરચદ્ર—કેમ ?

નારાયણી—હુ તેમને બચાવવાનો પ્રયત્ન કરી શકુ

વીરચદ્ર—તુ બધુ કરી શકે, કદાચ તારા પતિને બચાવી પણ શકે પરતુ નારાયણી ! તારા સ્વામીનો પવિત્ર પ્રાણ શુ એ મ્લેચ્છની કૃપાથી અજીઠો બનશે ?

નારાયણી સમજી ગઇ કે દાદાએ બધુ જોયુ છે તોપણ તેણે પોતાનો બચાવ ન કરતા કહેવા લાગી—"ત્યારે જાઓ "

વીરચદ્ર—જઇશ, પરતુ તને ક્યા રાખી જાઉ ?

નારાયણી-આપે શો વિચાર કર્યો છે તે કહો

વીરચદ્ર—તારી દાદીએ જ્યા આશ્રય લીધો છે તે મમતામયી સુવર્ણરેખાની છાતી પર

નારાયણી—ત્યારે આપજ મને તેની છાતી પર સુવાડી દો. હુ દુર્બળ બની ગઇ છુ, એટલે બધે દૂર જઇ શકીશ નહિ

વીરચંદ–ત્યારે અત્યારસુધી ક્યાં ફરતી હતી, કેવી રીતે ફરી શકતી હતી ?

નારાયણીએ વિચાર કર્યો "ખરી વાત ! અત્યારસુધી હું કેમ ચાલી શકી ? ઉપર, નીચે બગીચામાં હાલવા ચાલવાની શક્તિ મને કોણે દીધી ?"

તેને ચુપ જોઇ વીરચંદ વળી કહ્યું, "નહિ આવી શકે ?"

નારાયણી—આવી શકીશ–સાથે આવો

નારાયણીએ ઘરમાં પ્રવેશ ન કર્યો, દાદાના મ્હો સામુ પણ ન જોયુ તે નદી તરફ ચાલી રાજા તેની પાછળ ચાલ્યો ધીમી છતાં મક્કમ ગતિએ બાલિકા અંતપુરના ઘાટ તરફ ચાલી તેના પગ ધ્રુજતા નહોતા, લથડતા નહોતા દાદા પાછળ આવે છે કે નહિ તે તરફ એનુ ધ્યાન નહોતુ ઘાટ પર આવી બિસ્માર હાલતમાં આવી પડેલા પગથિઆ પકડી નીચે ઉતરવા લાગી પાણીમાં ઉતરી, વીરચંદ ઘાટ પર ઉભો ઉભો આ બધુ જોઈ રહ્યો થોડે દૂર ગયા પછી નારાયણી બોલી "દાદા ! મા મને ખોળામાં લેવા માગતી નથી હજુ ઘુંટણ ભર પાણી આવ્યુ છે—કેવી રીતે મરૂ ?

વીરચંદનુ કઠોર હૃદય આ વખતે ધડકવા લાગ્યુ "મા, બ્હેન, હું ન સમજ્યો, હવે તારે મરવાનુ ન હોય, પાછી આવ, બેટા !"

નારાયણી પાછી ન ફરી, આગળ વધી—એક ક્ષણમાં પાણી માથાપર ફરી વળ્યા તે સાથે નારાયણીનો ક્ષીણ અવાજ સંભળાયો —

"દાદાજી ! હવે પાછુ નહિ ફરવુ પડે, મા, હવે મને ખેંચે છે" એ વખતે વીજળી ચમકી રાજાએ જોયુ વિસર્જન થવા તત્પર થઇ રહેલી પ્રતિમા નદીની છાતીપર ધ્રુજે છે તે ચિત્કાર કરી બોલ્યો— "નારાયણી ! મારી બ્હેન, હુ વૃદ્ધ ગાંડો છુ, ત્રણ વરસના જંગલી પશુ

ઓના સહવાસથી મમતાહીન ઉન્મત્ત બની ગયો છુ મે અણસમજમા તને આ આજ્ઞા આપી છે કૃપા કરી પાછી આવ, આવ ' રાજાએ પાણીમા પગ મૂક્યો

કડકડ શબ્દ કરતુ આકાશ તટી પડયુ હોય એવો ભાસ થયો સળગતી આગ જેવી વિદ્યુલ્લતા સુવર્ણરેખાની સપાટી પર રમતી રમતી ઘસડાવા લાગી હતભાગી વીરચદ્રે જોયુ કે સુવર્ણરેખાએ હજારો પ્રવાહરૂપી બાહુ વડે એ બાલિકાને ખોળામા લીધી છે

વીરચદ્ર બૂમ પાડી ઉઠયો "કોણ છેરે, મારી બેટીને બચાવો બચાવો "

અધારામા તેને કેવળ નદીની સપાટીપર કઇ ભારે ચીજ પડી હોય, એવો અવાજ સાભળ્યો એ અવાજ સાથે વરસાદની ઝડી શરૂ થઇ

પરોઢિઆમા ભાગી ગયેલા હૃદય વાળો મુન્ના પોતાના અગરુ નિવાસમા ફરતો હતો તેણે જોયુ કે નદીના કિનારા પાસે પડેલી શિલા પર ત્રણ શબો એકી સાથે જકડાઇ પડયા છે તેણે તપાસ કરી તપાસ કરતા જણાયુ કે એક સાહેબની બાથમા નારાયણી છે, અને એ બનેને બાથમા લઇ રાજા વીરચદ્રનુ શબ પડયુ છે કોઇની મદદ ન મળતા ઉન્મત્ત વીરચદ્ર પૌત્રીને બચાવવા પોતેજ નદીમા પડયો હતો મુન્નાએ રાજાના શબને છુટુ પાડયુ, પરતુ સાહેબની બાથમાથી નારાયણીને છુટી કરવાનુ તેનાથી ન બન્યુ. છુ તેણે છેવટે એ બને શબોને એ જ સ્થિતિમા રહેવા દીધા

તેઓના સત્કારનો કોઇ ઇલાજ ન હોવાથી તેણે એ શબોને એક ઝાડપર ચડાવ્યા અને એક ડાળી સાથે મજબુત રીતે બાધી પાતે ચાલ્યો ગયો

પરિશિષ્ટ

જેલમાંથી છુટયાબાદ રતન થોડા દિવસ પોતાને ગામ ગયો. અનતપુર આવવાની તેની ઇચ્છા નહોતી, સાહસે નહોતુ કારાગારના દુ ખથી તેનુ શરીર નખાઇ ગયુ પરતુ જન્મભૂમિમા તે ઘણા દિવસ રહી શકયો નહિ તીર્થવાસી થવા માટે ને કેટલાક દિવસ કાશીમા રહ્યો કાશીમા પણ મન ન ટકયુ અદષ્ટમા હજુ દુ ખ સહન કરવાનુ બાકી રહ્યુ છે, એવા વિચારથી તે પાછો અનતપુર આવ્યો

ત્યા આવી તેણે જે જોયુ તે વાચકોને સમજાવવાની જરૂર નથી અનતપુરની શોભા જોઇ તેનુ હૃદય ફાટુ ફાટુ થઇ રહ્યુ બળવાની તો તેણે વાતજ સાભળી હતી રાજા બળવામા ભળ્યો હતો એ તેની જાણમા નહોતુ આથી અનતપુરની આવી સ્થિતિનુ કારણ તે કલ્પી શકયો નહિ

રાજાનુ શુ થયુ તે જાણવાની તેને બહુ ઇચ્છા થઇ પરતુ એ સબધી સમાચાર આપે કોણ ? તે રાજાના મહેલમા ગયો જેટલા ઓરડા અક્ષત રહ્યા હતા, તે બધા ઉઘાડા પડયા હતા. માણસનુ નામ જણાતુ નહોતુ. દરેક ઓરડામા રાણી અને નારાયણીના એકાદ બે ચિહ્નો પડયા છે "રાણી, નારાયણી, તુલસી " કહેતો કહેતો બ્રાહ્મણ ચોતરફ ભટકવા લાગ્યો કોઇએ જવાબ ન આપ્યો છેવટે પોતાની નિર્જન પર્ણકુટી જોવા નીકળ્યો ! તેણે જોયુ કે પર્ણકુટી તો જગલમા ઢકાઇ ગઇ છે

તો પણ બ્રાહ્મણ ઘરની માયા ન તજી શકયો બારણા તોડી ઘરમા પેઠો તેણે જોયુ કે પોતાનુ શયનગૃહ હજુ પણ કાળ સાથે લડાઇ ચલાવી રહ્યુ છે. તેણે ઘરમા પ્રવેશ કરી "ડોશીમા, ડોશીમા"

કહીબૂમ પાડી શબ્દના આઘાતથી દિવાલમાની કેટલીક ઇંટો ખસી પડી અને તેમાથી એક કોથળી નીચે પડી કોથળી જોતાજ રતન સમજી ગયો કે એ ડોશીમાને આપેલી સોનોમહોરોજ હોવી જોઇએ કોથળી લઇ તે બહાર આવ્યો. સોનામહોરો ગણી જોઈ, ડોશીએ તેમાની એકેય વાપરી નહોતી

ગણવાનુ કામ પુરૂ થયુ કે તરત ભયકર શબ્દ કરતુ મકાન તૂટી પડયુ બ્રાહ્મણ નવાઈ પામ્યો વરમા ચોતરફ ડોશીની તપાસ કરવા લાગ્યો છેવટે મકાનના એક ખુણામા એક હાડપિંજર પડેલુ જણાયુ

મહોરની કોથળી લઇ તે બહાર નીકળ્યો પણ જવુ કયા? આટલી ઉમરે આટલા બધા પૈસાનુ શુ કરવુ?

તેણે કાશીપુર જવાનો નિશ્ચય કર્યો તેણે ધાર્યુ કે કદાચ ત્યા કોઇ મળે તો મળે નારાયણીને ન જોવાથી તે એટલો તો વ્યાકૂળ બની ગયો હતો કે કયારે જવુ તે નક્કી કરવાનો પણ અવકાશ મેળવી શકયો નહિ દૈવયોગે તેની પાસે કઇ ખાવાનુ હતુ, તેથી તે ખાઇ તરતજ તે સ્થળ છોડી નીકળ્યો ચાલતા ચાલતા રસ્તામા મધ્યાકાળ થઈ ગયો સામેજ નાનુ ભયકર વન સુવતુ હતુ। બ્રાહ્મણ રસ્તાની બાજુએથી કેટલાક સુકા લાકડા એકત્ર કરી એક બીજા સાથે વસી અગ્નિ પ્રજવલિત કરવા લાગ્યો અને તેના પ્રકાશને આધારે એ ભયકર જગલમા જવા લાગ્યો

વક્રગામિની સુવર્ણરેખા અનતપુર પાસે થઇ, જનાના જગલને વીટાઇ વહી જતી હતી ગચિથી પુરુલિયાને રસ્તે તે નદી બે વાર ઉતરવી પડે છે.

જંગલ પસાર કરી જ્યારે તે પાછો નદી કિનારે આવ્યો, ત્યારે મધરાત થઇ હતી. શુક્લપક્ષ ચાલતો હતો ચંદ્ર ધીમે ધીમે અસ્ત પામતો હતો

બ્રાહ્મણે એક વાર આકાશ તરફ જોયું સામે પાર પણ વન હતું પણ તે થોડું હતું તેણે ધાર્યું કે ચંદ્ર અસ્ત પામે તે દરમિઆન એટલું જંગલ પસાર થઇ જાઉં તો ઠીક

એવા વિચારથી તે નદીનો પ્રવાહ ઉતરવાની તૈયારી કરવા લાગ્યો

નદીની રેતીમાં રમતી જ્યોત્સ્ના હજુ સુધી ઝાડ પર રમી રહી હતી તમરાના અવાજથી ગર્જના કરતો સામો કિનારો પ્રવાહની સાથે પોતાનું અંગ મેળવી દઇ રૂપેરી મેદાનની માફક શોભતો હતો

બ્રાહ્મણે પાણીમાં પગ મૂક્યો, એ વખતે દૂરથી–બહુ દૂરથી ઝાડની ડાળીને અથડાતો, અરધો દબાતો વીણાના ઝણકાર જેવો કોમળ કંઠધ્વનિ સુવર્ણરેખાને કિનારે આવી પહોંચ્યો–"વીરચંદ્ર શાહી દેવ !"

આ શબ્દ સાંભળી બ્રાહ્મણ ઘાટોપાડી ઉઠયો–"નારાયણી !" જવાબ ન મળ્યો વળી ઘાટો પાડયો જનમાનવ શૂન્ય મેદાનમાં રહેતા અણઘડ પડઘાએ એ કંઠનું અનુકરણ ન કર્યું. જવાબ ન મળ્યો

વિષાદમય વદને બ્રાહ્મણ નદી ઉતરવા લાગ્યો

અકસ્માત દૂરથી ઘોડાના પગલાનો અવાજ સંભળાયો જનાના જંગલમાંથી જાણે કોઇ ઘોડેસ્વાર નદી તરફ આવતો નહોય એવો ભાસ થયો બ્રાહ્મણ એ તરફ જોઇ રહ્યો ચંદ્ર વૃક્ષો પાછળ છુપાઇ

ગયો હતો, કંઈ જણાયું નહિ બ્રાહ્મણ કાન માંડી શબ્દ સાંભળવાનો પ્રયત્ન કરવા લાગ્યો શબ્દ પાસે આવતો આવતો છેવટે દૂર જતો હોય તેમ જણાયું. અંતે સંભળાતો બંધ પડયો એ સાથે બંદુકનો અવાજ થયો બ્રાહ્મણ પાછો ફરી નદી કિનારે જવા લાગ્યો પણ તે પહોંચે ત્યાં કિનારા પર અંધકાર છવાઈ ગયો વળી અવાજ સંભળાયો–" વીરચંદ શાહી દેવ ! "

અવાજ સાંભળી આ વખતે રતન સમજ્યો કે આ સ્વર નારાયણીનો નથી પણ તુલસીનો છે

કિનારે કિનારે રતન થોડે દૂર ગયો પરંતુ દરેક ડગલે અડચણ નડવા લાગી. વધારે દૂર જવું મુશ્કેલ જણાતાં તે એક શિલા પર ચઢયો અને પેલી તરફ મ્હો ફેરવી બોલ્યો, " તુલસી ! " દૂરથી આવેલા એક ધીમા પડઘાએ એ જ અવાજ પાછો ફેરવ્યો છેવટે તે એજ શિલાપર બેઠો અને વિચારવા લાગ્યો કે " હવે સવાર પડવાને વાર નથી પૂર્વ તરફ શુક્રનો તારો જણાય છે થોડી વાર પછી એ અવાજ કોણ કરે છે તેની તપાસ કરીશ "

શિલાપર બેઠા બેઠા તેણે જોયું કે જંગલમાં કોઈ ફરે છે થોડી વારમાં દીવો ઝબકે ને, ને વળી પાછો હોલાઈ જાય છે આ વખતે પ્રકાશ તેના તરફ આવતો હોય એવું જણાયું પ્રકાશ ધીમે ધીમે વધતો જતો હતો એકાએક પ્રકાશ બંધ પડયો બ્રાહ્મણ ચમક્યો આશું ભૂત છે ? તેણે પૂછયું, " કોણ છે ? " કંઈ જવાબ ન મળ્યો. થોડીવાર ચુપ રહી વળી તેણે પૂછયું, " કોણ પ્રકાશ બતાવે છે ? "

એક અપરિચિત સ્વર જંગલમાંથી આવ્યો " તું કોણ છે ? "

રતને જોયુ કે અધારામા એક હથિયારબધ માણસ મારા તરફ આવે છે,

તેના હાથમા બદુક હતી તે પાસે આવ્યો એટલે રતને જવાબ આપ્યો ' જો તો નથી હુ તો એક દુર્બળ વૃદ્ધ છુ "

તેણે પૂછ્યુ, " અહીં શુ કરે છે ? "

રતને જવાબ આપ્યો " કઇ કરતો નથી–અધારામા રસ્તો ભૂલી ગયો છુ ! તેથી બેઠો બેઠો સવાર પડવાની રાહ જોઉ છુ તુ કોણ છે ? "

" પેલા માણસે જવાબ આપ્યો–" હુ શિકારી છુ જીલ્લાના મોટા સાહેબ સાથે હરણનો શિકાર કરવા આવ્યો હતો "

" સાહેબ કયા છે ? "

"તે લટારાને જોઇ તેને પકડવા ગયા છે "

"તુ શુ કરે છે ? "

"હજુરને આવતા વાર લાગો જોઇ હુ તેને ખોળુ છુ "

રતને વિચાર્યુ કે તેના હાથમા એક અધારીઉ ફાનસ છે તેની મદદવડે તેણે દૂરથી મને જોયો હશે અને પાસે આવી એ ફાનસનુ મ્હો બધ કરી દીધુ હશે આવા પ્રકાશની સગવડ છતા અહીં બેસી રહેવાની શી જરૂર ? આ માણસ પાસે તુલસીની શોધ કરાવુ તો શુ ખોટુ ? એવા વિચારથી તેણે પેલા માણસને પાસે આવવાની આજ્ઞા કરી.

તે ન આવ્યો, પણ કઠોર ભાષામા કહેવા લાગ્યો કે "તુ શુ મારો માલીક છે કે તારા હુકમથી હુ તારી પાસે આવુ "

રતને બીજીવાર પાસે આવવાની આજ્ઞા કરી. આ વખતે તેનો શબ્દ જરા ગભીર બની ગયો. સુવર્ણરેખા, અરણ્ય, મેદાન અને

પર્વતની સપાટી તરફથી આવેલો એક ભયંકર શબ્દતરંગ એકી સાથે શિકારીના કાનમાં પેઠો. હવે તે સમજ્યો કે મામો માણસ કોઈ જેવો તેવો નથી. એ તો નરવ્યાઘ્ર જણાય છે. અંધકારમાં રતનની મૂર્તિ તેને અસ્પષ્ટ જણાતી હતી, હવે એ મૂર્તિ સ્પષ્ટ અને મહાન જણાવા લાગી. મંત્રથી ચાલતા પુતળાની માફક તે બ્રાહ્મણની પાસે આવ્યો.

રતને તેને આશ્વાસન આપી ફાનસ આપવાનું જણાવ્યું. તેના જમણા હાથમાં ફાનસ હતું ને ડાબા હાથમાં બંદુક હતી. પરંતુ તે એવો બેભાન બની ગયો હતો કે કંઇ ચીજ ક્યાં છે તે નક્કી કરી શક્યો નહિ. તેણે ફાનસને બદલે બંદુક રતન પાસે ધરી. બ્રાહ્મણ તેના મનની સ્થિતિ સમજી ગયો હોવાથી બીજા હાથમાંથી ફાનસ લઇ બંદુક પાછી આપી ફાનસનું ઢાંકણું ઉઘાડતાં જ દૂર સુધી પ્રકાશ પડ્યો.

એ પ્રકાશની મદદથી રતન જોઇ શક્યો કે દૂર પર્વતમાંથી ઝરતા એક નાના ઝરણની પાસે આવેલી શિલાપર એક સ્ત્રી બેઠી છે. સ્ત્રી પ્રકાશ તરફ જોઇ રહી હતી.

રતન બેભાનની માફક બરાડી ઉઠ્યો—"તુલસી!" કેવળ એક પડઘો સંભળાયો, જવાબ ન મળ્યો. વળી તેણે વારો પાડ્યો, પણ સ્ત્રીએ જવાબ ન આપ્યો. તે કાષ્ઠની પુતળીની માફક સ્થિર થઇ બેઠી હતી. રતને તેના મુખ પર આગ્રહનું ચિહ્ન પણ જોયું નહિ.

શિકારીએ પણ એ મૂર્તિ જોઇ હતી. તેણે એને કોઇ ડાકેણ માની લીધી. તે તેને જોતાં જ મનમાં દેવતાનું નામ લેવા લાગ્યો. બ્રાહ્મણને તેનું નામ લેતો જોઈ તેણે ધારી લીધું કે એ ડાકેણ આ ડોસાએ સાધી હશે. આ ડોસો ડાકેણોનો સરદાર લાગે છે.

રતને જોયુ કે એ સ્ત્રી શિલા તજી અધકારમા છુપાઇ ગઇ. હવે તે શાત રહી શક્યો નહિ તેણે પેલા શિકારીને કહ્યુ, "ભાઇ! પુરતો બદલો આપીશ, તુ ફાનસ લઈ મારી સાથે આવ"

ભાઇનુ સબોધન સાભળી શિકારી ગળી ગયો તેણે કહ્યુ, "હજુર! આજ્ઞા આપો તો હુ ડાકેણના મુખમા જવા તૈયાર છુ"

રતન પહાડ તરફ જવા લાગ્યો પર્વત પાસે આવી તેણે એક-વાર "તુલસી" કહી ઘાંટો પાડયો

બાજુના જગલમાથી જવાબ આવ્યો "મહારાજ!"

રતને પાછુ વાળી જોયુ તો તુલસીને ઉભેલી જોઇ! બ્રાહ્મણે નવાઇ પામી પૂછ્યુ, "ત્યારે પહાડ પર કોણ હતુ?"

તુલસી–હુ જ હતી પ્રકાશ જોઈ ત્યાથી અહી આવી છુ.

રતન—અહી કેમ?

તુલસી—હવે મારો અહીજ વાસ છે હુ વનેવન ભટકતી ફરુ છુ

બ્રાહ્મણ સમજી ગયો, રડી પડયો. તુલસી તેના પગમા પડી

પૂર્વદિશા રગાઇ ગઇ હતી એકાદ બે વાદળા લાલ રગથી રગાઇ ગયા હતા તુલસી પ્રણામ કરી ઉભી થઇ એ વખતે બે શિખરોની વચ્ચે થઇ પ્રકાશનુ એક કિરણ તેના મુખ પર પડયુ. રતને જોયુ કે સુવર્ણકમલ પરથી પદ્મરાગમણિ ઝરે છે

રતન—મા તુલસી! તારા પતિ ક્યા?

તુલસી—પરમ દહાડે સવારમા તેઓ ફાસીએ લટકવાના છે.

તુલસી—તારા પિતા?

તુલસી—નથી.

રતન—પુત્ર?

તુલસી—નથી

રતન—પિયેર ?

તુલસી—કંઈ બાકી રહ્યું નથી ધૂળમાં મળ્યું છે

રતન—નાગયણી ?

તુલસી—તેની શોધ કરતી ફરૂં છું મને લાગે છે કે તે બાગથી છુપી આ જંગલમાં વાસ કરી રહી છે

રતન—રાજાનું નામ તું જ પોકારતી હતી ?

તુલસી—મારા પતિએ કહ્યું હતું કે રાજા અહીં કોઇ સ્થળે છુપાઇ રહ્યા છે મને લાગે છે કે નાગયણી તેની પાસે જ છે

“ ચાલો ત્યારે આપણે બંને તેને ખોળીએ ” એમ કહી રતન તુલસીનો હાથ પકડી આગળ ચાલ્યો શિકારી સાથે આવતો હતો, તેને તેણે ના પાડી, અને વચન આપ્યા પ્રમાણે ઇનામ આપી રજા આપી

થોડે દૂર જતા વનમાં કોઇ મરવા પડેલા માણસનો આર્ત્ત-નાદ સભળાયો. બંનેએ જઇ જોયું કે મુન્ના એક ઝાડીમાં એક શિલાને અઢેલી મરવા પડયો છે

રતન—આ શું મુન્ના ?

મુન્ના—કોણ આપ—મહારાજ !

એવી અવસ્થામાં પણ મુન્નાએ હાથ લાંબો કરી રતનનો ચરણ સ્પર્શ કર્યો મુન્નાએ કહ્યું, “ આટલે દિવસે આપ લોકોના સત્યાનાશનું વેર વાળી પરમ સુખે મરૂં છું

રતન—વેર ? મુન્ના ! તારા જેવો ધર્મવીર નીચ માણસની પેઠે વેર વાળવા તૈયાર થાય એ યોગ્ય નથી હજુ તારી વાચા બંધ

પડી નથી તે શું કર્યું છે તે કહે તારો આત્મા સ્વર્ગમાં ઉચ્ચ સ્થાન મેળવો

મુન્નાએ હાથ લંબાવી એક સ્થળ બતાવી કહ્યું "પેલી ગુફામાં જઈ તપાસ કરો "

તુલસીને મુન્નાની સારવાર માટે રાખી રતન ત્યાં ગયો

પ્રથમતો કંઇ ન જણાયું થોડીવાર પછી તેણે જાણ્યું કે જમીનમાંથી એક ઉંડો આર્ત્તનાદ સંભળાય છે શબ્દ આવતો હતો તે તરફ લક્ષ આપી તેણે એક પ્રચંડ ગુફા શોધી કાઢી તેમાં એક સાહેબ પડયો હતો તેને જોતા જ રતન બધું સમજી ગયો સાહેબને મુન્નાએ અહીં જીવતો દાટયો હતો રતને તેને બહાર કાઢયો એ સાહેબ તે બીજો કોઇ નહિ પણ ક્રીડ પોતે હતો

\+ + + + +

રતન પાછો આવે તે પહેલા મુન્ના મરી ગયો રતન આવ્યો એટલે તુલસીએ કહ્યું, " ચાલો હવે રાજા અને નારાયણીને જોઇ આવીએ "

રતન—તેઓ છે ?

તુલસી—છે ? પિતા ! હવે તેઓ હોય તો મને તેના પર ગુસ્સો ચઢશે !

રતન—તો પછી તેને જોવાની જરૂર નથી ચાલ બ્હેન ! તને તીર્થમાં લઉં જાઉં

તુલસી—પતિની કર્મ ભૂમિ કરતાં પવિત્ર સ્થાન દુનિયામાં બીજું કયું છે બ્રાહ્મણ ?

રતન—ત્યારે મારી પર્ણકુટીમાં ચાલ !

\+ + + + +

ત્રીજે દિવસે સવારમા ગચિની જેલમા સદાશિવને ફાસી મળી. ગ્રીડ ત્યા હાજર હતો શિષ્યની અન્તેષ્ઠિત ક્રિયા માટે બ્રાહ્મણ જાતે શબ લેવા હાજર થયો હતો

સાહેબે તેને જોયો. પ્રથમ ઓળખી શક્યો નહોતો, હવે ઓળખી શક્યો પોતાને બચાવ્યા પહેલાની બધી વાત તેને યાદ આવી રતન સદાશિવનુ શબ ખાધ પર ચડાવતો હતો એ વખતે તેણે પાસે આવી પૂછ્યુ–

“ આ માણસ આપને શુ થાય ? ”

“ મારો પુત્ર, શિષ્ય, ગર્વ, ધર્મ—”

“ અગાઉથી શા માટે ન કહ્યુ ? ”

“ હવે વધારે ન પૂછતા સાહેબ ! મારી પાસે આવશો નહિ– હુ મનુષ્ય છુ મને આટલી ઉમરે નરઘાતી બનાવશો નહિ ”

સમાપ્ત.